

# અનેકાન્તવાદ



• પ્રવચનકાર •

પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી
(પંડિત મ.સા.)



સ્વ. મુનિરાજશ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મહારાજ)

# અનેકાન્તવાદ

**આશીર્વાદદાતા**

ષડ્દર્શનવિદ્, પ્રાવચનિકપ્રભાવક
સ્વ. પ.પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી મ.સા. (મોટા પંડિત મહારાજ)

**વિવેચનકાર**

સિદ્ધાંતમહોદધિ, કર્મસાહિત્યનિપુણ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ, સુવિશાલગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન સૂક્ષ્મતત્ત્વવિવેચક, દર્શનપ્રભાવક પ.પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા. (નાના પંડિત મહારાજ)


વી.સં. ૨૫૨૭ * વિ.સં. ૨૦૫૭ * ઇ.સ. ૨૦૦૧ * નકલ - ૩૦૦૦ * આવૃત્તિ - ૨

**મૂલ્ય** - ૨૦-૦૦

**પ્રકાશક**

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચંટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

## 卐 પ્રાપ્તિ સ્થાન 卐

**❋ અમદાવાદ**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચંટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎(૦૭૯)-૬૬૦૪૯૧૧, ૬૬૦૩૬૫૯

**નટવરભાઈ એમ. શાહ, (આફ્રીકાવાળા)**
૯, પરિશ્રમ બેંક ઓફ ઇન્ડીયા સોસાયટી,
વિજયનગર ક્રોસીંગ પાસે, અમદાવાદ-૧૩.
☎ (૦૭૯)-૭૪૭૮૫૧૨, ૭૪૭૮૬૧૧

**❋ મુંબઈ**

**નિકુંજભાઈ ર. ભંડારી**
વિષ્ણુમહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦.
☎(૦૨૨)-૨૮૧૪૦૪૮, ૨૮૧૦૧૯૫

**શ્રી ચીમનભાઈ ખીમજી મોતા**
૯ / ૧, ગજાનન કોલોની,
જવાહરનગર,
ગોરેગામ (વેસ્ટ), મુંબઈ-૬૨.
☎(૦૨૨)-૮૭૩ ૪૫ ૩૦

**લલિત ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ, જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથ નગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.
☎(૦૭૯)-૫૬૮ ૦૬ ૧૪, ૫૬૮ ૬૦ ૩૦

**❋ સુરત**

**શૈલેષભાઈ બી. શાહ**
શ્રીનાથજી એપાર્ટમેન્ટ, છટ્ઠે માળે,
હરિપરા, હાથ ફળીયા, સુરત-૧.
☎(૦૨૬૧) - ૪૩ ૯૧ ૬૦, ૪૩ ૯૧ ૬૩

**❋ રાજકોટ**

**કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦ ૦૦૧.
☎(૦૨૮૧) - ૨૩૩૧૨૦

**❋ બેંગલોર**

**વિમલચંદજી**
C/o, J.NEMKUMAR & COMPANY,
Kundan Market, D.S.Lane,
Chickpet Cross,
Bangalore-560 053,
☎(O) 2875262, (R) 2259925.

**❋ જામનગર**

**ઉદયભાઈ શાહ**
C/o, મહાવીર અગરબત્તી વર્ક્સ,
C- 9, સુપર માર્કેટ,
જયશ્રી ટોકીઝની સામે, જામનગર.
☎(૦૨૮૮) - ૬૭૮૫૧૩

**: મુદ્રક :**
મુદ્રેશ પુરોહિત
સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઇટ-બોપલરોડ, અમદાવાદ-૫૮.

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ.પૂ.આ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, પરંતુ કામ સમય માંગી લે તેમ છે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી મ.સા. તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી ઉપર્યુક્ત વિનંતી લક્ષ્યમાં રાખીને પ્રધાન કાર્ય જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે પૂરક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે તેવી આશા સહિત-

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટી ગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# આમુખ

અનેકાંતવાદ એ જૈનદર્શનનો મૌલિક સિદ્ધાંત છે. ચરાચર વિશ્વને યથાર્થ સ્વરૂપે જોવા માટે દિવ્ય ચક્ષુ છે. નૈયાયિક આદિ ષડ્દર્શનને તટસ્થભાવે નિહાળીને, તે સૌમાં રહેલાં સત્યનો સમન્વય અનેકાંતવાદ કરી આપે છે. બધી નદીઓ જેમ સમુદ્રમાં સમાઇ જાય છે, તેમ છ એ છ દર્શનો અનેકાંતવાદમાં સમાઇ જાય છે.

'સ્યાત્' એટલે 'સાપેક્ષપણે' અને 'વાદ' એટલે 'વચનપદ્ધતિ' - સાપેક્ષતાથી વચનપદ્ધતિનો પ્રયોગ તે જ સ્યાદ્વાદ. જેમ પિતાને બધા પુત્રો પર સમાનભાવ હોય છે; તેમ અનેકાંતવાદ બધા નયોને સમાનભાવે લેખે છે. અનેકાંતવાદનું ધ્યેય બધાં દર્શનો પર મધ્યસ્થભાવ પ્રાપ્ત કરાવવાનું અને સત્યને શોધીને સ્થિર કરવાનું છે. સાચો સ્યાદ્વાદી કદી અસહિષ્ણુ નહીં બને. તે બીજાના સત્ય સિદ્ધાંતોને સન્માનપૂર્વક જ જોશે અને પોતાના આત્મવિકારો પર વિજય મેળવશે. ખાસ ધ્યાન રાખવાનું કે સ્યાદ્વાદ એ સંશયવાદ નથી, એ સંદિગ્ધવાદ નથી, દુર્નયવાદ નથી, અનિશ્ચિતવાદ નથી, દહીં-દૂધિયોવાદ નથી અને સમાનવાદ પણ નથી; પણ તે તો નિત્યાનિત્ય વગેરે વિવિધ પ્રકારના વિરોધાભાસયુક્ત ધર્મોનો એક જ વસ્તુમાં સમન્વય કરનાર વાદ છે. તેમાં તો પરસ્પર વિરોધી ધર્મોનું એક જ વસ્તુમાં સાપેક્ષપણે એકીકરણ છે. તેમાં અતિ ઉત્તમ વિશાળતા, ગુણગ્રાહિતા અને સાચું તત્ત્વજ્ઞાન છે. ટૂંકમાં સ્યાદ્વાદ તો મોક્ષનું અનુપમ સાધન છે.

પ્રસ્તુત પુસ્તકમાં પ.પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મહારાજ સાહેબનાં 'અનેકાંતવાદ'નાં વ્યાખ્યાનોનું સંકલન કરેલ છે, જેમાં મોક્ષાભિલાષી જીવો માટે અનેરું તત્ત્વજ્ઞાન પથરાયેલું છે.

મુખપૃષ્ઠ પરનું હાથી અને છ જન્માંધો તથા એક દેખતા મહાવતનું ચિત્ર, ષડ્દર્શનો કઇ કઇ રીતે એક જ મતને પકડીને ચાલે છે, અને જૈનદર્શનની નિર્મળ દૃષ્ટિ ધરાવનાર મહાવત, કઇ રીતે તેમને અંકુશમાં લે છે અને સર્વમતોનો સમન્વય કઇ રીતે કરે છે તે બતાવે છે. દા.ત. હાથી એકાંતે દોરડા જેવો નથી, પણ તેનું એક અંગ જરૂર દોરડા જેવું છે. ષડ્દર્શનો પદાર્થને એકાંગી દૃષ્ટિથી પકડીને ભૂલે છે, અને જેમ મહાવત હાથીના સ્વરૂપને સાંગોપાંગ જાણે છે, તેમ જૈનદર્શનનો અનેકાંતવાદ બધાં દર્શનોને કાબૂમાં રાખીને તેમનો સમન્વય કરીને તત્ત્વને-પદાર્થને સાંગોપાંગ જાણે છે, અને સર્વમતોની સમુચિત સંગતિ કરાવે છે.

તો ચાલો... સ્યાદ્વાદનું આ પરમ રહસ્ય પામવા પૂ. ગુરુદેવનાં વ્યાખ્યાનોનું સ્પષ્ટ, સાંગોપાંગ અવલોકન કરીએ.... અને મોક્ષમાર્ગમાં આગળ પ્રયાણ કરીએ...

# ૧

રવિવાર તા. ૧૭-૦૭-૯૪, સ્થળ : બિરલા હોલ, ચોપાટી.

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા પ્રભુ મહાવીરે આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે જગતના હિતને કરનારા એવા ધર્મતીર્થની સ્થાપના કરી છે.

તીર્થંકરો જ્યારે જ્ઞાન-દર્શન-ચારિત્રથી પરિપૂર્ણ થાય છે, પછી તેઓ આ ધર્મતીર્થની સ્થાપના કરે છે. જે જીવો લાયક હોય છે તેમને જ આ શાસનમાં પ્રવેશ મળે છે, અને તેમાં આપણા પુણ્યનો પ્રચંડ ઉદય છે કે આપણને તેનો વારસો મળ્યો છે.

અત્યારે આ શાસનમાં ઘણા જીવો એવા છે કે તેમને પૂછો કે તમે મહાવીર પ્રભુના અનુયાયી કેમ છો ? તેમને જ સમર્પિત થવાનું મન તમને કેમ થયું ? આ દુનિયામાં બીજા ધર્મપ્રણેતા છે, છતાં તે બધાને છોડીને તમે આ જ ધર્મને કેમ અપનાવ્યો છે ? તેમાં કારણ શું છે ? તો આ બધા પ્રશ્નોના તેઓ જવાબ આપી શકશે ખરા ? આપણા ધર્મના સિદ્ધાંતો શું છે ? તેઓનો ઉપદેશ શું છે ? તમે શેના માટે આ ધર્મનો ગર્વ લઈ શકો છો ? આ બધામાં કારણ શું છે ? તમારામાંથી મોટા ભાગના આનો જવાબ આપી શકશે ખરા ?

આપણા ધર્મના મૂળભૂત સિદ્ધાંતોની ઓળખ લેવા જ તમે અત્યારે તૈયાર નથી. જેમ કે કોઇ સારા વેપારીને પૂછો કે તમે કઇ લાઇનમાં બીઝનેસ કરો છો ? અને તે કહે કે 'મને ખબર નથી' તો તમે આ વેપારીને કેવો કહેશો ? તમે દુકાનમાં માલનું ખાલી સારું પેકીંગ, રંગબેરંગી બોક્સ જોઇને જ માલ ખરીદો ખરા ? સંસારના ક્ષેત્રમાં તમે વગર જાણે કાંઈ અપનાવતા નથી, પરંતુ ધર્મના ક્ષેત્રમાં જ તમારે અબૂઝ રહેવું છે. ધર્મતત્ત્વને પામવા માટે મંદિરો, મૂર્તિઓ, ધર્મસ્થાનો વગેરે બધાં સાધનો છે, પરંતુ આ બધા માળખામાં તત્ત્વ કે માલ શું ? તીર્થંકરે પ્રરૂપેલા, પ્રદર્શિત કરેલા સિદ્ધાંતો એ જ ખરો માલ છે, અને તેને જ તમે જાણો, સમજો, ઓળખો, નહિતર ખાલી પેકિંગ લઇને ફરનારા થશો.

હવે તીર્થંકરની વિશેષતા કઇ રીતે ? તેમની આગવી ખૂબીઓ કઇ છે ? દુનિયાની બધી ફિલોસોફીમાં જો કોઇ મૂળભૂત સિદ્ધાંત હોય તો તે તેમણે આપેલ અનેકાન્તવાદ છે. આપણા તીર્થંકરોએ જે અનેકાન્તવાદની સ્થાપના કરી છે, તેના આધારે તીર્થંકરોની વિશ્વશ્રેષ્ઠ અદ્વિતીયતા ગણી શકાય. આ અનેકાન્તવાદ એક સારભૂત મર્મગ્રાહી સિદ્ધાંત છે.

**અનેકાન્તવાદ એટલે શું ? ભગવાનની વાણીનું સર્વસ્વ, ક્રીમનું પણ ક્રીમ, સારનો પણ સાર, તત્ત્વનું પણ તત્ત્વ, જો કોઇ દોહન હોય તો આ અનેકાન્તવાદ છે.** આખી જૈન ફિલોસોફી આના ઉપર છે. જો જૈનશાસ્ત્રમાંથી અનેકાન્તવાદને કાઢી લઇએ તો શાસ્ત્રોની વિશેષતા નામશેષ થઈ જાય. બધા પ્રભાવક ધર્માચાર્યોએ સ્યાદ્વાદની બે મોઢે સ્તુતિ કરી છે, તેનાં ગુણગાન ગાયાં છે. આ સિદ્ધાંતથી તેઓ ખૂબ પ્રભાવિત થયા છે.

અગિયારે ગણધરોને પ્રભુની વાણીનું બહુમાન થયું, તેમાં કારણ અનેકાન્તવાદ છે. તમે કલ્પસૂત્રમાં ગણધરવાદને સાંભળો છો. તે બધા ગણધરો જન્મથી બ્રાહ્મણ છે, જૈન નથી, પરંતુ પાછળથી તેઓ જૈન ધર્મને પામ્યા છે. સારા વિદ્વાનોમાં અગ્રણી ગણી શકાય તેવા પંડિતો છે.

આ બધા ઠાઠથી યજ્ઞ કરાવી રહ્યા છે. આ યજ્ઞમાં તેઓને બધાને પસંદ કરીને જ યજમાને બોલાવ્યા છે. એક એકથી ચઢે તેવા પંડિતો છે. હજારોની સંખ્યામાં સારા વિદ્વાનોને આમંત્રિત કર્યા છે. તેથી હજારો વિદ્વાનો આવેલા છે અને તેમાં આગળની હરોળના ગણી શકાય તેવા આ અગિયાર પંડિતો છે. હવે આવા વિદ્વાનોને જો પ્રભાવિત કરવા હોય તો કેવું જ્ઞાન જોઈએ ? અને તેઓ પાછા પ્રભુ પાસે જ્યારે આવ્યા ત્યારે કાંઈ ભક્તિ કે સમર્પણ ભાવથી આવ્યા નથી. આવતી વખતે તેઓનો અભિગમ પણ કેવો છે ! નકારાત્મક અભિગમથી આવ્યા છે. તેમને એમ જ છે કે " મારી હાજરીમાં બીજો કોઇ સર્વજ્ઞ હોઈ શકે જ નહિ". તેમને બધાં શાસ્ત્રોનો અભ્યાસ છે. તેમનું બૌદ્ધિક જ્ઞાન પણ ઘણું જ છે.

**સભા :-** *તો તેમણે જૈનશાસ્ત્રોનો અભ્યાસ નહિ કરેલો હોય ?*

**સાહેબજી :-** તેમણે જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરેલો છે. માટે જ સમવસરણ ચઢતાં જ ઊહાપોહ કરતાં યાદ આવી ગયું કે જે ૨૪મા તીર્થંકરની વાત આવે છે તે જ આ હોવા જોઇએ. પરંતુ તેઓને જૈનધર્મનો મર્મવેધી અભ્યાસ નથી. નહિતર તો તે વખતે જ તેમની શ્રદ્ધા બદલાઇ ગઈ હોત. જન્મથી મળેલ ધર્મની ઇમેજ(છાપ) તેમના પર એટલી ઊભી થઇ ગઈ છે કે તેઓ બીજાં શાસ્ત્રોનું સાચું મૂલ્યાંકન ન કરી શકે, તટસ્થતાથી વિચાર ન કરી શકે. પાછો સાથે વિદ્વત્તાનો પાવર છે. જે શાસ્ત્રો ગુરુગમથી ભણવાં જોઇએ તે પ્રમાણે ભણ્યા નથી. આમ તો કયું શાસ્ત્ર તેઓ ભણ્યા નથી કે વિચાર્યું નથી તે આપણે વિચારવું પડે, અને આવા વિદ્વાન પણ પ્રભુની એક જ દેશનામાં પામી ગયા. તમને બધાને એમ જ કે આ બધા ગણધરોને ફક્ત આત્માની, પુણ્ય-પાપની, સ્વર્ગ-નરકની, મોક્ષની, વગેરેની શંકા હતી. જેમ આજના નાસ્તિકોની સામે મૂળભૂત તત્ત્વોની વાત આવે તો કહેશે કે "અમને આ બધુ દેખાતું નથી માટે અમે માનવા તૈયાર નથી," અને અનેક કુતર્કો કરે છે. જ્યારે આ બધા

* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

ગણધરો તો કાંઇ આવા વક્ર નહોતા. તમે સાચા અર્થમાં ગણધરવાદને સમજ્યા નથી. તેમને પોતાનાં શાસ્ત્રો ઉપર પરમ શ્રદ્ધા છે. "જીવનમાં ધર્મતત્ત્વોને ન માનવાં કે ન આચરવાં અને સ્વચ્છંદી જીવન જીવવું", એવા આ ઇન્દ્રભૂતિ આદિ પંડિતો નથી. પરંતુ તેઓ બધા ગડમથલમાં છે. શાસ્ત્રો ન મળવાથી તેઓને શંકા નથી થઇ, પરંતુ જે શાસ્ત્ર પર શ્રદ્ધા છે, આસ્થા છે, તેમાં જ પરસ્પર વિરોધી વિધાનોના કારણે શંકા થઇ છે કે આ સાચું છે કે તે સાચું છે ? આત્મા છે કે આત્મા નથી ? આ બેમાં તથ્ય શું ?

તેમને શાસ્ત્રો પ્રત્યે શ્રદ્ધા હોવાને કારણે જ આ બધું બન્યું છે. તેઓ જ્યારે સમવસરણમાં આવ્યા, તે વખતે તેમના ઠસ્સાનો પાર નથી. અહંકાર સાથે આવ્યા છે, પરંતુ પ્રભુની મુખમુદ્રા જોઇને ઠરી ગયા છે. અતિશયો જોઇને અચંબો પામ્યા છે. છતાં પણ એમને ઊંડે ઊંડે આશા છે કે "હું જ જીતીશ". પણ પ્રભુની વાણી-સ્વર-ગંભીર મુખમુદ્રા જોઇને થાય છે કે આ જ ચોવીસમા તીર્થંકર પ્રભુ મહાવીર હોઇ શકે. પણ સાથે મનમાં થાય છે કે એમની સર્વજ્ઞતાની ખાત્રી શું ? હા, જો મને મારા નામથી બોલાવે તો માનું. ત્યાં તો પ્રભુએ તેમને નામ દઇને બોલાવ્યા. ત્યારે પાછું એમ થયું કે હું તો જગપ્રસિદ્ધ છું, મને તો બધા જ જાણે છે, માટે તેઓ પણ જાણતા હોય; પરંતુ જો મારા અંતરની જે શંકા છે તે જો પોતાના સ્વમુખે કહી આપે તો હું તેમને સર્વજ્ઞરૂપે માનું. ત્યાં તો પ્રભુએ તરત જ તેમની શંકાની વાત કરી. તેનાથી તેમની પ્રથમ છાપ જ બદલાઇ ગઇ. તેમને થયું કે આ ખરેખર જ્ઞાની વ્યક્તિત્વ છે.

હવે તમે વિચારો કે તેઓએ વૈદિક ધર્મમાંથી જે ફિલોસોફી જાણી છે, તેનાથી વિશેષ ફિલોસોફી ન જણાય તો કોઇ પ્રભાવ પડે ખરો ? અહીયાં પ્રભુએ એમ ન કહ્યું કે તમારાં શાસ્ત્રો ખોટાં છે. કોઇપણ ગણધરને તેમ કહ્યું નથી. કોઇને પણ પર્ષદામાં ખોટા ઠરાવ્યા નથી. કોઇ શાસ્ત્રોનું ખંડન કર્યું નથી. પરંતુ એમ કહ્યું કે, તમે આ જ વાક્યનો અર્થ ખોટી અપેક્ષાથી કરો છો. આને જ જો સાચી અપેક્ષાથી જોડી દો તો સાચો અર્થ પકડી શકાય. અને આનું નામ જ અનેકાન્તવાદ છે.

પ્રભુએ પહેલી દેશનાથી જ સ્યાદ્વાદની વાતો કરી છે. તીર્થંકરની બધી જ વાણી અનેકાન્તવાદમય જ હોય છે. વળી આ પંડિતોને આત્મા આદિની શંકા થઇ અને તેથી તેમને માત્ર દાખલા આપી સમજાવી દે તો તે માની જાય તેમ નથી. પરંતુ આપણા પ્રભુએ આ વાતોમાં જે અનેકાન્તવાદ સ્થાપિત કર્યો તેનાથી તેઓ પ્રભાવિત થયા છે. તેઓને એમ થયું કે "અમે પણ વેદો જાણીએ છીએ, ભણીએ છીએ, પણ આ અપેક્ષાએ નહીં." માટે જ તેઓ પ્રભાવિત થયા છે.

## દ્રવ્યાર્થિકનય, પર્યાયાર્થિકનય, નિશ્ચયનય, વ્યવહારનય :

આ અગિયારે ગણધરો જન્મથી બ્રાહ્મણના સંસ્કાર લઇને આવ્યા છે, છતાં પણ પ્રભાવિત થયા તેમાં કારણ અનેકાન્તવાદ જ છે.

સુધર્માસ્વામીને શંકા હતી કે માણસમાંથી માણસ, પશુમાંથી પશુ, તેમ દેવ મરીને દેવ જ થાય. આ શંકા પાછળ તેઓ વિચારતા હતા કે "જેમ આંબામાંથી આંબો જ થાય, તેમાંથી કાંઇ લીંબોળી ન થાય; કારેલામાંથી કારેલાં જ ઊગવાનાં, ઘઉંમાંથી ઘઉં જ ઊગવાના; જેવું જેનું બીજ તેવું તેનું ઉત્પાદન હોય છે, અને આ બધી વાત સમસ્ત સૃષ્ટિમાં પ્રત્યક્ષ છે, દરેકના જન્મની પ્રક્રિયા જોઇએ છીએ; માટે માણસ મરીને પશુ થાય તે સિદ્ધાંત લાગુ પડતો નથી. પાછું આ પ્રમાણે વેદવાક્ય પણ મળે છે કે "પશુ મરીને પશુ થાય, માણસ મરીને માણસ થાય." અત્યારે પણ આવું માનનારા ઘણા છે. અને સાથે એમ પણ વેદવાક્ય મળે છે કે, "જો ઘોર પાપ કરે તો માણસ મરીને નરકે જાય." આ તો કોન્ટ્રાડિક્ટ(વિરોધી વાક્ય) થયું." તેમની પાસે પ્રતિભા-વિદ્વત્તા ઘણી છે, પણ તેમને આ સ્ટેટમેન્ટ બેસતું નથી.

ત્યારે પ્રભુએ કહ્યું કે જો માણસ મરીને માણસ જ થાય, પશુ મરીને પશુ જ થાય તો શું મનુષ્ય બનવાનો ઇજારો મનુષ્યોનો જ છે? જો માણસ મરીને માણસ જ થાય તો તેમને પાપનો ડર રહેવાનો? તેમને તો મજા પડી જાય. પછી તો તમારે કીડી, મંકોડા-આદિ જેવા ક્ષુદ્ર ભવોમાં જવાનું જ નહિ ને?

**સભા :-** *તો તો અમને હિંમત આવી જાય.*

**સાહેબજી :-** કુદરતમાં તમે જ માનીતા, અને તેઓ બધા કેમ અણમાનીતા છે? સમસ્ત જીવસૃષ્ટિને ત્રાસ માણસ જ આપે છે. અત્યારે તો માણસને હેવાન કહેવાય તેમ છે. હા, કૂતરાની વફાદારી માટે શંકા ન થાય, પણ માણસની વફાદારી માટે શંકા થાય તેમ છે. કેમ કે તમે બધાએ વિકાસ ઘણો સાધ્યો છે ને ! તેથી તમારી ક્વોલીટી બદલાઇ ગઇ. તમે માણસ બન્યા એટલે બીજી જીવસૃષ્ટિ પર ગમે તેટલો કાળો કેર વર્તાવો તો પણ તમે માણસ જ બનવાના ને? પણ એ વાત કુદરતના ન્યાયમાં બંધબેસતી નથી.

પ્રભુએ કહ્યું કે "માણસ મરીને માણસ જ થાય" આ વિધાન નિશ્ચયનયથી છે, અને બીજે ઠેકાણે વેદોમાં જે લખ્યું કે "માણસ મરીને બીજી યોનિમાં જાય" તે વ્યવહારનયથી લખ્યું છે. માટે દરેક નય યોગ્ય રીતે જોડવાના છે. **નિશ્ચયનયને આંતરિક દૃષ્ટિ છે; વ્યવહારનયને બાહ્ય દૃષ્ટિ છે.** નિશ્ચયનય તમને પૂછશે કે તમે અંદરથી માણસ છો કે ફક્ત બહારથી જ તમારો

માણસનો આકાર છે ? તમારામાં માનવીય સદ્‌ગુણો છે ? જો તમારામાં પાશવીય વૃત્તિઓ ભરેલી હોય, પછી તમે ભલે આકારથી માણસ હો, પણ પશુતુલ્ય જ છો.

આવા પંડિતોને શું આ વાક્યોના શબ્દાર્થ કે ભાવાર્થ કરતાં નહોતા આવડતા ? તેઓનું ઉત્તમ કક્ષાનું જ્ઞાન છે, પરંતુ તેમાં અનેકાન્તવાદની સાપેક્ષતા નહોતી. એક-એકને જોડી આપે તેવા નય તેમની પાસે નહોતા. માટે એમ થયું કે જો સાચો અર્થ પકડવો હોય તો આ સિદ્ધાંત જ બરાબર છે. એટલે આ વિધાન નિશ્ચયનયની અપેક્ષાએ લખાયું છે. નિશ્ચયનય અંદરની ભૂમિકા જુએ છે. બહારથી તમે માણસ હો, અને અંદરથી જો તમારામાં કરુણા, સૌજન્ય, ઉપકારિતા વગેરે દેવાંશી ગુણો હોય તો મરીને દેવ થવાય. આમ આ વ્યાખ્યા નિશ્ચયનય ઉપર ગઈ.

તીર્થંકરે ધર્મતીર્થની સ્થાપના કરી તેના પહેલા દિવસથી તેમણે ગણધરોને અનેકાન્તવાદથી પ્રભાવિત કર્યા છે. ગણધરો ઝૂકી પણ કેવા ગયા ! સમર્પણ પણ કેવું આવ્યું ! તમારી જેમ "સાહેબજી, શાતામાં છો ? કાંઇ કામકાજ હોય તો જણાવશો" તેવું તેમનું સમર્પણ નથી. અગિયારમાંથી એક પણ આ તત્ત્વને સમજીને ઘરે પાછા ગયા નથી. બધા શિષ્ય થઇ ગયા છે. અહીંયાં જીવનસમર્પણ પરાણે કરવાનું નથી. સામાન્ય માણસને શ્રદ્ધા-સમર્પણ રખાવવાં સહેલાં છે, પણ મૂળથી વિરોધી અને બીજાનાં માથાં ફેરવી શકે તેવા ઉપર પ્રભાવ પાડવો તે જુદી વસ્તુ છે.

તો પછી આમાં મૂળ કારણ શું ? તો કહે છે- આ અનેકાન્તવાદ જ. અહિંસા-સત્ય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ વગેરેનું વર્ણન બધા ધર્મોમાં આવે છે. ઇસ્લામ ધર્મમાં પણ આ બધું વર્ણન છે. મોટાં ભાગના ધર્મો આ વાત કરે છે. પણ તે ધર્મોના પાયામાં એકાન્તવાદ છે, માટે એમની વાતો ઉપરછલ્લી બની જાય છે. સત્યને પામવા માટે તો અનેકાન્તવાદ એક જ માર્ગ છે. સ્યાદ્વાદ વગર તત્ત્વરુચિ નથી. સ્યાદ્વાદ વગર સમકિત નથી. સ્યાદ્વાદ વગર ચારિત્ર નથી. સ્યાદ્વાદ વગર સમતા નથી. ભાવચારિત્રને સ્પર્શ કરીને સમતાના સુખને પામવું હોય તો આ સ્યાદ્વાદ સિવાય છૂટકો નથી.

પરંતુ તમારે તો એમ જ કે, શાસ્ત્રો તો સાધુ જ ભણે ને ? આપણે તો પૂજા-સામાયિક જેવી આરાધના કરીએ એટલે બસ. પછી કાંઇ કરવાનું બાકી રહેતું નથી. પરંતુ તમે ભલે આવાં બધાં ગહન શાસ્ત્રોનું પારગામી જ્ઞાન ન મેળવી શકો, પણ તેનું પ્રાથમિક જ્ઞાન તો મેળવવું જ જોઇએ; જેથી કરીને જે તીર્થંકરો મળ્યા છે તેમના માટે અંદરથી મગરૂરી-ખુમારી થાય કે અમને જે મળ્યું છે તે અદ્વિતીય છે. તમને આ બધાનું ગૌરવ ખરું ? કરોડપતિ બન્યાનો તમને જેટલો ગર્વ છે તેટલી જૈન ધર્મ પામ્યાની ખુમારી છે ? સત્તા-સંપત્તિ મળે એટલે રુઆબથી ફરો ને ?

**સભા :-** *અમને તો સાહેબ પૈસા જ દેખાય છે.*

**સાહેબજી :-** કારણ તમે પૈસાને જ મૂડી માનો છો. પણ આ અદ્‌ભુત વારસો જે આચારવિચાર રૂપે મળ્યો છે, તે અદ્વિતીય લાગે છે ? જૈન શબ્દ બોલતાં તમારું મોં પહોળું થઈ જવું જોઈએ.

મોટા માણસની ઓળખાણ આપતાં તમને કેટલો ઉત્સાહ આવી જાય છે ! દસ માણસને પાછા કહેતા ફરશો કે અમારે તો તેમની સાથે ઘર જેવો સંબંધ છે. મિનિસ્ટરનો છોકરો પણ જ્યાં જાય ત્યાં કહેતો ફરે કે "હું મિનિસ્ટરનો છોકરો છું." જ્યારે તમને તો ખબર પણ નથી કે પ્રભુ મહાવીર કોણ ? તેમના સિદ્ધાંતો શું ? તમે તો ખાલી પેકિંગ લઈને ફરો છો.

આ સિદ્ધાંત તો શાસનનું રહસ્ય છે, શાસનનું હૃદય છે, આખા શાસનના પ્રરૂપેલા સર્વ સિદ્ધાંતોનો સાર છે. તમે જૈન તરીકે ફરો છો, તે ધર્મને આચરો પણ છો; છતાં તમને તેનો પરિચય નથી. કોઇ હીરાના વેપારીને પૂછે કે તું શાનો ધંધો કરે છે ? તો કહેશે 'હીરાનો'. તારી ઓફીસ વગેરે ક્યાં છે ? તો પણ બરાબર જવાબ આપે. પણ ઘરાક પૂછે કે; આ હીરા કેવા કહેવાય ? કઈ ક્વોલિટીના છે ? કઈ સાઇઝના છે ? તો જવાબ આપે કે "મને ખબર નથી." બસ તેના જેવી તમારી દશા છે. આના જેવી બીજી દીનદશા કઇ કહેવાય ? પૂ. આ. શ્રીહરિભદ્રસૂરિએ સ્યાદ્વાદની ઘણી જ પ્રશંસા કરી છે.

**સભા :-** *સાધનને સાધ્ય માની બેસી ગયા છીએ.*

**સાહેબજી :-** સાધનને સાધ્ય માનીને કેમ બેસી ગયા છો ? અઠવાડિયું કોઇ ડોક્ટર પાસે સારવાર લો અને ફાયદો ન થાય તો ડોક્ટર બદલો તેમ છો, પછી ભલે તે મોટા ડોકટર હોય. ધંધામાં પણ બાર મહિના પછી નફો ન દેખાય તો શું કરો ? સંસારમાં ક્યાંય સાધનનું પૂંછડું પકડો તેમ નથી. અહીંયાં જ બધાં નખરાં છે. **એકાંતે વ્યવહારનય નથી, એકાંતે નિશ્ચયનય નથી.** એકલા નિશ્ચયનયમાં ગયા તો ગબડી પડશો. માટે બન્ને નયને પકડવાના છે. એટલે સાધનને વખોડવાનાં નથી, બન્ને પકડવાના છે.

**સભા :-** *સાહેબજી ! આશ્રવતત્ત્વને તો એકાંતે હેય કહ્યું છે.*

**સાહેબજી :-** નવતત્ત્વમાં આશ્રવને હેય કહ્યો છે કે ઉપાદેય કહ્યો છે ? છતાં તીર્થંકરનામકર્મ બાંધવા લાયક કે છોડવા લાયક ? જો તે બાંધવા લાયક હોય તો તે વખતે આશ્રવ ખરો કે નહીં ? પછી તેને હેય કહેવો કે ઉપાદેય કહેવો ? નીચલી ભૂમિકામાં અમુક આશ્રવ ઉપાદેય છે. જે એકાન્તે આશ્રવને હેય કહે છે તેની દૃષ્ટિ એકાંતવાદથી ઘેરાયેલી છે.

**એક નયનો અભિપ્રાય તે વ્યવહાર નય છે, સર્વ નયનો અભિપ્રાય તે નિશ્ચયનય છે.** પણ તેના હજાર ભેદ છે.

**સભા :-** *પુણ્યાનુબંધી પુણ્ય સમકિત પામેલા જીવો જ પામી શકે ?*

**સાહેબજી :-** જે જીવો મોક્ષમાર્ગમાં આવી ગયા છે, તે બધા આ પુણ્યને પામી શકે. બોધિબીજ, અપુનર્બંધક અવસ્થાથી મોક્ષમાર્ગ છે.

**વ્યવહારનય પહેલા ગુણસ્થાનકથી અધ્યાત્મને માને છે, જ્યારે નિશ્ચયનય પાંચમા ગુણસ્થાનકથી અધ્યાત્મને માને છે; જ્યારે સમકિત તો તેમાં વચમાં આવે છે. નિશ્ચયનય તો સમકિતીને પણ ખરેખર ધર્માત્મા નથી કહેતો, એ પણ ધર્મશૂન્ય છે.**

નમુથ્થુણંમાં ધમ્મદયાણં આવે છે. પણ તે ક્યારે ? પહેલાં અભયદયાણં પદમાં યોગની પહેલી દૃષ્ટિ આવે છે, ચક્ખુદયાણં પદમાં યોગની બીજી દૃષ્ટિ આવે છે, મગ્ગદયાણં પદમાં યોગની ત્રીજી દૃષ્ટિ આવે છે, સરણદયાણં પદમાં યોગની ચોથી દૃષ્ટિ આવે છે, બોહિદયાણં પદમાં યોગની પાંચમી દૃષ્ટિ આવે છે. યોગની પાંચમી દૃષ્ટિએ સમકિત આવે, પછી ધમ્મદયાણં આવે છે અને તે વખતે સાચો ધર્મ આવે છે.

સમકિત તો ફક્ત ધર્મની શ્રદ્ધા છે, માટે સમકિતીમાં હજુ ધર્મ આવ્યો નથી. એટલે એમ ને એમ વેતરશો નહિ. માટે શ્રીમદ્ કે કાનજી સ્વામીની વાતો કરવી હોય તો વિચારીને બોલજો. તેમની પણ જે સાચી વાતો છે તે અમને માન્ય છે, પણ જે વાતો બરાબર નથી તેના માટે વિચારવું પડે. અમને અંગત રીતે તેમની સાથે કોઈ દ્વેષ નથી. અમે તો પ્રભુની આજ્ઞા સાથેનું અન્ય ધર્મમાં રહેલું પણ લેવા તૈયાર છીએ. તો પછી આ તો આપણા ધર્મની વાત છે, તો શું કામ ન વિચારીએ ? પરંતુ તેમાં શાસ્ત્રની દૃષ્ટિએ ઘણી જ ભૂલો છે અને તેનો તો અસ્વીકાર કરવો જ પડે.

નિશ્ચયનય અને વ્યવહારનય બન્ને પકડવાના છે. નિશ્ચયનય પણ ઘણા છે અને વ્યવહારનય પણ ઘણા જ છે. મોક્ષમાર્ગની પહેલી ભૂમિકામાં આ બધા નયોના શબ્દો વાપર્યા વગર, આચરણ અને વિચાર કેવા રાખવા તે અમે સમજાવી દઈએ છીએ.

**આચરણ એટલે વ્યવહારનય, વિચાર એટલે નિશ્ચયનય.**

જે ભૂમિકા પામો તેમાં બન્ને નય આવી જવા જોઈએ. પ્રભુએ ઉપદેશેલા સિદ્ધાંતોમાં કેન્દ્રબિંદુ આ અનેકાન્તવાદ છે, માટે તેને જાણવો જ જોઇએ. આ એક ગહન સિદ્ધાંત છે. તેનો વર્ષોનાં વર્ષો સુધી અભ્યાસ કરવો જોઈએ. તમે આમાં નિષ્ણાત બનો તેવી મારી અપેક્ષા નથી, પણ જૈનને ઝાંખી રૂપે તો આનો પરિચય જોઇએ જ.

આપણા તીર્થંકરો કોણ ? તેમના ઉપદેશમાં આગવી અદ્વિતીયતા કઈ ? વગેરેનો થોડો પરિચય તો જોઈએ જ. જેમ વિજ્ઞાનના ક્ષેત્રમાં ઊંડાણમાં ઊતરીએ તો ગ્રંથોના ગ્રંથો ભરાય તેટલી માહિતી હોય છે, છતાં પણ તમને સ્કૂલમાંથી જ થોડો પરિચય તો અપાય જ છે ને ? તેમ અનેકાન્તવાદના પરિચયની જ અપેક્ષા છે. તે જાણશો તો પ્રભુ માટે વિશિષ્ટ બહુમાન જાગશે. ગણધરો આનાથી જ પ્રભાવિત થયા છે.

પૂ.આ. શ્રીહરિભદ્રસૂરિને દીક્ષા લેતાં પહેલાં જૈન ધર્મની એટલી એલર્જી છે કે "હાથીના પગ નીચે ચગદાઇ જવું સારું પણ જિનમંદિરમાં જવું નહીં," આવી તેમની માન્યતા હતી. પરંતુ જ્યારે ગુરુમુખે પદ્ધતિસર તત્ત્વ જાણ્યું તો પરિણામ શું આવ્યું ? તેમનું કાંઈ સાધારણ વ્યક્તિત્વ નહોતું. તત્કાલીન બધાં શાસ્ત્રોનું તેમને જ્ઞાન હતું. અવતરણો-કોટેશનોનો તેમની પાસે પાર નથી, તેવું તેમનાં લખાણો પ્રથમ દૃષ્ટિએ જ જણાવે છે.

**સભા :-** *તો પછી એક શ્લોકનો અર્થ કેમ ન સમજ્યા ?*

**સાહેબજી :-** બસ, તમે ત્યાં જ થાપ ખાઓ છો. ભાષાની દૃષ્ટિએ તો તેઓ અર્થ કરી આપે તેમ છે, પરંતુ પરિભાષા હરેક ક્ષેત્રમાં હોય છે. માટે જે ક્ષેત્રની પરિભાષા સમજવી હોય તે ક્ષેત્રના નિષ્ણાત પાસે જવું પડે. તેવી જ રીતે સાધ્વીજી જે શ્લોકનો સ્વાધ્યાય કરતાં હતાં, તે જૈન ધર્મની પરિભાષા સામે રાખીને લખાયેલ હતો. માટે તેને સમજવા તેના નિષ્ણાત પાસે જવું પડે.

'યાકિની મહત્તરા' રાતના સ્વાધ્યાય કરે છે. તે વખતે આ રાજમાર્ગ ઉપર ઊભા છે. રાત્રિની નીરવ શાંતિમાં સ્વાધ્યાયનો અવાજ બહાર જનારને પણ સંભળાય તેમ છે. આ એક રાજપુરોહિત છે. આ શ્લોકના શબ્દો તેમના કાને પડ્યા. શ્લોક નવો લાગ્યો, એટલે તેમને જાણવાનું મન થયું. તેમને એક વખત સાંભળીને યાદ રહી જાય છે. ઊહાપોહ કરે છે. મંથન કરે છે. પણ પરિભાષાના કારણે તત્ત્વ પામી શકતા નથી. આમ તો તેમનું લેવલ ઘણું ઊંચું છે. તેમણે એવું નક્કી કરેલ છે કે જે શ્લોકને તે ન સમજી શકે અને તેને જે સમજાવી આપે તેના શિષ્ય થવું. અત્યારે આ નિર્ણયની વાત કોઈને ન કરે તો ચાલે તેમ છે. છતાં પણ સરળતાથી અહીં આવીને કહે છે કે "આ શ્લોકનો અર્થ સમજાવો. હું તમારો શિષ્ય છું." આવું કહેતાં પણ એમ નથી માનતા કે હું તો વિદ્વાન છું. તેઓ પરિભાષાના કારણે અર્થ સમજી શક્યા નથી અને આ બાજુ પૂ. સાધ્વીજી મહારાજ વિચારે છે કે, જો આવા મોટા માણસને હું બરાબર સમજાવી નહીં શકું તો ઉપાધિ થશે. માટે પોતાના ગુરુને સોંપે છે.

તેમના ગુરુ પણ વિચક્ષણ છે. આવું વ્યક્તિત્વ જો જૈન શાસનને મળે તો બન્નેનું કામ થઈ જાય. માટે કહ્યું કે "આ શ્લોકને સમજવા માટે તો દીક્ષા લેવી પડે." ગુરુ મહારાજે તેમની Honesty(પ્રમાણિકતા)-સરળતા જોઇ લીધી છે. આ જીવ જો જૈન શાસ્ત્રો ભણશે તો ચોક્કસ પ્રભાવિત થશે. જૈન શાસ્ત્રોમાં એટલી તાકાત છે કે જે તેનો બરાબર અભ્યાસ કરે તેનાં મસ્તક ડોલાવી શકે તેમ છે.

પ્રમાણિકતાથી, તટસ્થતાથી, ધીરજપૂર્વક જો જૈન ધર્મનો અભ્યાસ કરે તો, તેને બુદ્ધિથી હૃદયથી સ્પર્શ્યા વગર રહે જ નહિ, તેવું આ શાસ્ત્રજ્ઞાન છે. તેમાં મૂળ સિદ્ધાંત અનેકાન્તવાદ છે. **અનેકાન્તવાદ કાઢી નાંખો તો ધર્મ નિષ્પ્રાણ થઈ જાય.**

પૂ.આ. શ્રીહરિભદ્રસૂરિ એમ બોલે છે કે "અમને જો આ સિદ્ધાંતો, શાસ્ત્રો ન મળ્યાં હોત તો અનાથ એવા અમારું શું થાત ?" તેમની જાતને તેઓ આના વગર અનાથ માને છે.

જો સ્યાદ્વાદને સમજ્યા હો તો હૃદયમાં અસર થયા વગર રહે જ નહીં. ખાલી નિશ્ચયનયમાં આખો સ્યાદ્વાદ આવી જતો નથી. અમે તમને જેટલું બનશે તેટલું સરળ કરીને સમજાવીશું, પણ તમારે થોડા નવા શબ્દોથી તો પરિચિત થવું પડશે અને તો જ આ અદ્‌ભુત ગ્રંથની મજા આવશે. હવે આનો શાબ્દિક અર્થ :-

**અનેકાન્તવાદનો પર્યાયવાચી શબ્દ : સ્યાદ્વાદ-સાપેક્ષવાદ છે.**

**આમાં બધાં વિધાનો સાપેક્ષપણે જ છે, ક્યાંય નિરપેક્ષવાદ નથી.**

આ બધું શ્રાવકો ભણી શકે છે. પહેલાંના શ્રાવકો ભણતા હતા. દા.ત. નળ-દમયંતી. દમયંતી પરમ ધર્માત્મા શ્રાવિકા છે. જ્યારે નળ જુગારમાં હારીને વનવાસમાં ગયા પછી ત્યાં તે વખતે તેમને લાગે છે કે, આ દયમંતી આ રીતે નહિ જીવી શકે. જંગલોમાં તેને ઘણું જ કષ્ટ પડશે, પણ હું જો તેનો ત્યાગ કરી દઈશ તો તે તેના પિયર જતી રહેશે. માટે તેનો ત્યાગ કર્યો. કર્મ હોય તો મહાસતીને પણ ઉદય આવે, પણ તેઓ પિયર જતાં નથી. ફરતાં-રખડતાં એક તાપસના આશ્રમમાં ગયાં છે. તેમનું વ્યક્તિત્વ જાજરમાન છે. ખાનદાન કુટુંબનાં હોય તેવું દેખાઈ આવે છે. આમ પાછાં અત્યારે ચીંથરેહાલ છે, છતાં તાપસો તેમને ત્યાં આશ્રય આપે છે. તે જિનશાસનને સમજેલાં ધર્માત્મા છે. તત્ત્વને પામેલાં છે. ત્યાં આશ્રમમાં ૫૦૦ સંન્યાસી છે. તેઓ તેમનાં શાસ્ત્રો ભણતા હોય, વિચારતા હોય, ત્યારે આ આવીને ત્યાં બેસે છે. અતિથિ તરીકે આવેલ હોવાના કારણે તેને બરાબર સાચવે છે. તાપસો તેમના પોતાના ધર્મની વાતો કરે છે, ત્યારે દમયંતી પણ પોતાના જૈન ધર્મની વાતો કરતી જાય છે. તે સ્યાદ્વાદની ખાણ છે. માટે બધા તાપસોને બોધ કરાવ્યો. તેઓ બધા જૈન ધર્મ પામી ગયા અને ૫૦૦ એ દીક્ષા લીધી. આવા જીવોને તે ધર્મ કેમ પમાડી શકી ? કારણ તેની પાસે સ્યાદ્વાદનું જ્ઞાન છે.

અત્યારે તમારો પ્રભાવ ક્યાંય પડે ખરો ? વ્યક્તિગત નહીં પણ તમારા ધર્મનો પ્રભાવ પણ ક્યાંય પાડી શકો ખરા ? કારણ તમારી પાસે બોધ નથી.

**સભા :-** *સાહેબ ! નિમિત્ત ઘણાં છે, પણ ઉપાદાન નથી.*

**સાહેબજી :-** તત્ત્વ કહેનારા ઘણા છે, ત્યાં સાંભળનારા નથી; અને જ્યાં તત્ત્વ કહેનારા નથી ત્યાં સાંભળનારા છે. તેવું બંને પ્રકારે છે. અત્યારે એવાં ઉપાદાન છે, પણ તેમને કોઇ કહેનાર-સમજાવનાર નથી મળતું. જો નિશ્ચયનયની દષ્ટિને પકડીએ તો ખરું ઉપાદાન જ છે, નિમિત્ત તો ઠીક છે. અનંતીવાર આપણે સમવસરણમાં ગયા, શાસન પામ્યા, ધર્મ પામ્યા, પણ શું થયું ? આ એક Angle(દષ્ટિકોણ) છે, પણ તે સર્વાંગી સત્ય નથી. ઘણાં યોગ્ય ઉપાદાનો સારા નિમિત્તના અભાવના કારણે પણ એળે ગયાં છે.

નિશ્ચયનયને પહેલાં પકડવાનો નથી, તેને તો પ્રારંભમાં હૃદયમાં જ રાખવાનો કહ્યો છે. વ્યવહાર સાધન છે કે સાધ્ય ? સાધન છે. તો સાધ્ય પહેલું આવે કે સાધન પહેલું આવે ? માટે બન્ને વચ્ચેનો તફાવત સમજો. સાધનામાં ક્રમ ગોઠવવો મહત્ત્વની વસ્તુ છે. દિગમ્બર પહેલાં નિશ્ચયનય માને છે, પછી વ્યવહારનય માને છે. તેમની ૮૪ ભૂલો કાઢી છે. તેમાં આ પણ એક ભૂલ છે. શીર્ષાસન છે. ઊંધો માર્ગ છે. માટે બરાબર પકડીને-સમજીને બોલો.

ઉપાદાનનું જ મૂલ્ય આંકતા હો અને નિમિત્તને ગૌણ કરતા હો, તો કેટલાંય ઉપાદાન નિમિત્ત વગર એળે ગયાં છે. હા, અમુક ભૂમિકામાં નિમિત્તની અપેક્ષા નથી, પણ આ કાળમાં એ ભૂમિકા છે જ નહિ. વીતરાગસંયમ આવ્યા વગર કોઈ જીવ નિમિત્ત વગર આગળ વધી શકતો નથી. તીર્થંકરોને પણ આગળ ત્રીજા ભવે સરાગસંયમની સાધના છે. તેઓ જન્મોજન્મના સાધક છે.

નંદનમુનિના ભવમાં (૨૫ મો ભવ) પ્રભુ મહાવીર મહાન સમ્રાટ હતા. ૮૩ લાખ વર્ષ સામ્રાજ્ય ભોગવી દીક્ષા લીધી છે. પછી ૧ લાખ વર્ષ નિરતિચાર ચારિત્ર, મન-વચન-કાયાથી પાળ્યું છે. માસખમણના પારણે માસખમણ કરેલ છે. ૧૧ લાખથી પણ વધારે માસખમણ કર્યાં છે. સાથે સ્વાધ્યાય, વિનય, વૈયાવચ્ચ બધા જ ગુણો છે. એક મિનિટનું પણ આર્તધ્યાન નથી, છતાં પણ તે વખતે સરાગસંયમી છે, તે પણ નિમિત્તથી પર નથી. છઠ્ઠું ગુણસ્થાનક છે, નિર્ગ્રંથ છે, છતાં પણ જ્યાં સુધી સરાગ હોય ત્યાં સુધી શુભ નિમિત્તની જરૂર છે.શાસ્ત્ર પણ નિમિત્ત છે કે ઉપાદાન છે ?

અત્યારે કોઇ એવું કહેનાર સાધુ મળે ખરા કે મને આ શાસ્ત્રજ્ઞાનની જરૂર નથી ? જ્યારે શુદ્ધ સમતામાં આવેલા આત્માઓ એક શાસ્ત્રનું પાનું પણ હાથમાં લેતા નથી. અત્યારે કેવલી

થવાનો દાવો થાય ખરો ? અત્યારે આ માર્ગ જ ખુલ્લો નથી, નિમિત્તથી પર દશાના માર્ગની ભૂમિકાનો જ ઉચ્છેદ છે. જ્ઞાતા-દ્રષ્ટાભાવનો વર્તમાનમાં વિચ્છેદ છે. માથાં પછાડીને મરી જાઓ તો પણ આ માર્ગ આ ભવમાં પામી શકવાના નથી. માટે ૨૪ કલાક શુભ નિમિત્તની આપણને જરૂર છે.

નવકાર પણ પુદ્ગલ છે. તે નિમિત્ત ખરું કે નહીં ? ભગવાનના દર્શનની જરૂર કોને ? વીતરાગ દશામાં ગયેલા જીવો કદી પ્રભુદર્શન કરે નહીં. માટે ઉપાદાન ક્યાં ? નિમિત્ત ક્યાં ? તેની અસરો ક્યાં ? બધું જ શાસ્ત્રમાં છે. આ બધું નહીં સમજો તો ભીંત ભૂલશો.

**પહેલા ગુણસ્થાનકથી છઠ્ઠા ગુણસ્થાનક સુધી નિમિત્તપ્રધાન ભૂમિકા છે.**

જો ધર્મનો પરિચય ન હોય, દેવ-ગુરુનું આલંબન ન હોય તો એકલા ઉપાદાનથી કેટલું પામી શકાય, તે તમારી જાતને પ્રામાણિકતાથી પૂછી જોજો. તમને જડ જ વધુ અસર કરે છે. ખાવાની સારી વાનગીઓ જડ ખરી કે નહીં ? ટી.વી. પર આવતાં બધાં દશ્યો જડ ખરાં કે નહીં ? તે બધાની કેવી અસર થાય છે ? જે નિમિત્તની અસરથી પર હોય તેને બીજું કાંઈ કરવાની જરૂર નથી, તે માત્ર આત્મરમણતા કરે.

અત્યારે તમે એક માળ ચઢી શકતા નથી, અને પચાસમે માળે જવાની વાત કરો છો. મગનું પાણી પચતું નથી અને બાસુદી ખાવાની વાત કરો છો. સીધા હોસ્પીટલમાં જ જશો ને ? અમને તમને પાડવામાં રસ નથી. અમારા કરતાં તમે વહેલા મોક્ષે જાઓ તો અમને પસંદ છે, અમે રાજી છીએ, અનુમોદના કરીએ છીએ; પણ તે ભૂમિકાનું લેવલ તો સમજવું પડે ને. અત્યારે તત્ત્વના નામથી, નિમિત્તના નામથી ઘણી વાતો ચાલી છે, જે Out of way(આડે રસ્તે) ચાલી ગઇ છે. અમારી દૃષ્ટિએ ઉચ્ચ ભૂમિકા પામવી હોય તો લેવલ જોઈએ. અમારે તો તમને અનેકાન્તવાદનો પરિચય કરાવવો છે. અત્યારે તમારી જે ઘણી બુદ્ધિ સંસારમાં જાય છે, તેમાંથી થોડી બુદ્ધિ અહીંયાં પણ દોડાવો.

## ૨

તા. ૨૪-૦૭-૯૪, રવિવાર.

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા મહાન એવા સ્યાદ્વાદના સિદ્ધાંતનો પ્રબોધ કરનારા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટિએ એવું કોઈ વચન, વિધાન નથી કે જેમાં સ્યાદ્વાદની છાંટ ન હોય. તીર્થંકરની વાણી સર્વ નયથી પરિપૂર્ણ છે. આજ દિવસ સુધીમાં થઈ ગયેલા મહાપુરુષોમાં જૈન શાસનમાં જન્મેલા, કે નિમિત્તવશથી બહાર જન્મીને જૈન ધર્મ પામ્યા હોય તે બધા પૂર્વાચાર્યો, વિશિષ્ટ પુરુષોએ, તીર્થંકરોએ ઉપદેશેલા સ્યાદ્વાદની પ્રશંસા કરી છે. તીર્થંકરની પ્રજ્ઞા ઉપર ઓવારી જવા માટેનું જો કોઈ શ્રેષ્ઠ તત્ત્વ હોય તો આ એક માત્ર અનેકાન્તવાદ છે.

જેઓ જન્મથી અન્ય ધર્મમાં છે, જેમને ગળથૂથીમાં જ અન્ય ધર્મના સંસ્કાર છે, તેમના જ ધર્મશાસ્ત્રોથી જેઓ પરિચિત છે, તેમના ધર્મોના સંસ્કારોથી જેમનો આત્મા સંસ્કારિત થયેલ છે, તેવા આત્માઓ પણ પાછળથી જૈન શાસનને પામીને આ અદ્ભુત સિદ્ધાંત પર ઓવારી ગયા છે.

અનેકાન્તવાદ શું છે? તેનો મહિમા શું છે? શાસ્ત્રોમાં કહ્યું છે કે "જેને સમકિત પામવું હોય, પૂર્ણ સત્યને સમજવું હોય તો આ એક જ ઉપાય છે." **સ્યાદ્વાદની રુચિ એ જ સમકિતબીજ છે.** માટે તેની શ્રદ્ધા-અભિરુચિ હરેકે કેળવવી પડશે, અને તે માટે આ સિદ્ધાંતને બરાબર સમજવો જરૂરી છે.

અનેકાન્તવાદ એ એકાન્તવાદનો પ્રતિસ્પર્ધી છે. એકાન્તવાદ અને અનેકાન્તવાદને ટૂંકમાં વાદ તરીકે સ્થાપિત કરાય છે. એકાન્તવાદ એ એક તરફી દૃષ્ટિકોણ છે, જ્યારે સત્યનો વિચાર, તેનું મૂલ્યાંકન એક દૃષ્ટિકોણથી થાય નહીં; **અનેક દૃષ્ટિકોણથી સત્યને વિચારાય, સમજાય તેનું જ નામ અનેકાન્તવાદ.**

કોઈપણ વસ્તુને સમજવી હોય તો તેને વિચારવા માટે બુદ્ધિ દોડાવવી પડે, પણ જો એકપક્ષીય અભિગમ હોય તો આપણે તે વસ્તુનું પૂર્ણ સત્ય પામી શકતા નથી. એક પાસાથી મૂલ્યાંકન કરીએ તો આંશિક સત્ય હાથમાં આવે, પૂર્ણ સત્યને પામવું હોય તો સર્વ પાસાંઓથી વિચારવું પડે. જ્યાં સર્વાંગી દૃષ્ટિ હશે ત્યાં અનેકાન્તવાદ હશે.

આ બધી વાતો ભારે લાગે તો કહેજો, આપણે વધારે દોહરાવીશું, વધારે ખુલાસા સાથે સરળ કરીને સમજાવીશું.પરંતુ જૈન માત્રે આ સિદ્ધાંતને સમજવો જ જોઇએ. જૈન કુળમાં જન્મ્યા, જૈન શાસનને પામ્યા, પછી આનો પરિચય ન થાય તો આપણે વિશિષ્ટ રૂપે કંઈ પામ્યા નથી તેમ કહેવાશે. જૈનમાત્રમાં પ્રભુ મહાવીરના અનુયાયી તરીકે એટલી જિજ્ઞાસા તો જોઈએ જ કે પ્રભુના ઉપદેશમાં શું વિશેષતા છે. તે જાણી શ્રદ્ધા, સમજણ કેળવો; પ્રસંગે સાંભળો, વિચારો, મનન કરો. સ્યાદ્વાદ ભણવા બેસો તો આખી જિંદગી પૂરી થઈ જાય. તેમાં ઘણાં રહસ્યો ભરેલાં છે, પરંતુ તમારે તો અત્યારે પૂર્વભૂમિકારૂપ પરિચય કેળવવાનો છે. માટે પહેલાં એકાન્તવાદ, અનેકાન્તવાદ શબ્દો સમજવા પડે.

## અનેકાન્તવાદ ફેરફુદરડીવાદ નથી :

અત્યારે ઘણા આ અનેકાન્તવાદને વાંચતા હોય છે, તેના વિષે લખતા પણ હોય છે, પ્રવચન પણ તેના પર આપતા હોય છે; પરંતુ અમારે દુઃખ સાથે કહેવું પડે છે કે તેમાંથી ઘણા ઓછાને આનો સાચો પરિચય થયો હોય છે. જૈનો સુધ્ધાંમાં પણ આ વિષે જુદી-જુદી માન્યતાઓ હોય છે. જૈન ધર્મ ઉપર લેક્ચર આપનારા એક પ્રોફેસર મને કહે કે "આ તો વ્યાવહારિક સિદ્ધાંત છે. સમગ્ર વ્યવહારમાં તેને ગોઠવી શકાય. બે વાક્યમાં હું આ સિદ્ધાંતને સમજાવી શકું. "કોઇપણ વસ્તુનો આગ્રહ રાખવો, જેમ કે આ વસ્તુ આમ જ છે, તેને જ પકડી રાખવું તે એકાન્તવાદ. કોઇપણ વસ્તુને પકડી નહિ રાખવી, બંને બાજુથી સ્વીકાર કરવો એટલે અનેકાન્તવાદ." આમ કહેનાર આ હિન્દી પ્રોફેસર હતા. માટે છેલ્લે કહે કે "યહી હૈ, એ એકાન્તવાદ; યહ ભી હૈ, એ અનેકાન્તવાદ." હું તો આ સાંભળીને આભો જ બની ગયો. જો આવો અનેકાન્તવાદ સ્વીકારીએ તો કોઇપણ સિદ્ધાંત નિશ્ચયરૂપે સિદ્ધ ન થાય. પછી તો પરમાત્માની પૂજા કરવી સારી જ છે, એમ પણ ન બોલાય; નહિતર એકાન્તવાદ થઇ જશે. એના બદલે પરમાત્માની પૂજા કરવી સારી પણ છે, એમ બોલો તો અનેકાન્તવાદ થાય. માટે નહિ સમજેલા આવા બધા ગોટાળા કરે છે.

અમે પણ જો કોઇ વિધાનો મક્કમતાથી કહીએ, જેમ કે વ્યસનો સેવવાં પાપ જ છે, તે દુર્ગુણો છે; આ રીતે મક્કમતાથી વર્ણન કરીએ તો અમે એકાન્તવાદી થઇ ગયા તેમ માને. એક વાતને ખોટી જ કહી, બીજી વાતને સાચી જ કહી એટલે શું એકાન્તવાદ આવી જાય ? આનો મતલબ તો શું થયો ? કોઇ વસ્તુનો આગ્રહ તે એકાન્તવાદ, કોઇ વસ્તુનો આગ્રહ નહિ તે અનેકાન્તવાદ. પરંતુ જૈન શાસનમાં અનેકાન્તવાદનો આવો અર્થ નથી કે

બધામાં હા ને સ્વીકાર. તેઓ મહાવીરના સિદ્ધાંતોને ભણ્યા નથી, તેને સમજ્યા નથી, માટે જ આવા ગોટાળા કરે છે. સ્યાદ્વાદ એ કાંઇ ફેરફુદરડીવાદ નથી.

ઘણા અત્યારે એમ કહે છે કે પ્રભુએ અનેકાન્તવાદ સ્થાપ્યો છે, તો આપણે બધા શું કામ ખોટા ઝઘડામાં પડીએ છીએ ? બધા જ જો અપેક્ષાએ સાચા હોય તો તેમાં આપણે જ સાચા છીએ તેમ પકડવાની શું જરૂર ? મૂર્તિપૂજા સાચી જ છે એમ કહીશું તો એકાન્તવાદ આવી ગયો કહેવાશે. આ વિધાનો ઘણા સારા લેવલના લોકો કરતા હોય છે.

ડો. રાધાકૃષ્ણને ઇન્ડિયન ફિલોસોફીમાં જૈન દર્શનના અનેકાન્તવાદના સિદ્ધાંત ઉપર પૃથક્કરણ કર્યું છે. પરંતુ તેમના લખાણ ઉપરથી દેખાય કે પોતે જ આ સિદ્ધાંત સમજ્યા ન હતા. આમ પાછી તેમની વૈશ્વિક સ્તરના વિદ્વાન તરીકેની નામના ગણાતી. તેની જેમ ગાંધીજીના લખાણ ઉપરથી પણ સમજાય કે તેઓ પણ આ સિદ્ધાંતને સમજી શક્યા નહોતા.

એકાન્તનો અર્થ એવો નથી કે એક જ તરફી આગ્રહ, અને બધી વસ્તુનો સ્વીકાર તે અનેકાન્તવાદ, તેવું નથી. એકાન્ત એટલે એકતરફી દૃષ્ટિકોણ.

જેવી રીતે એક સિક્કાની એક બાજુ જોઈને આખા સિક્કાનો અભિપ્રાય આપો તો તે ખોટો ઠરે, જેમ મકાન પણ ફકત આગળથી જોઇને સ્ટેટમેન્ટ કરો, તો મકાનની પૂરેપૂરી માહિતી આવે ખરી ? એક દૃષ્ટિકોણથી આંશિક સત્ય આવે, પરંતુ સર્વાંગી દૃષ્ટિકોણથી જુઓ તો જ પૂર્ણ સત્યને પામી શકાય. દરેક વસ્તુમાં એક-બે ગુણધર્મ નથી, પ્રત્યેક પદાર્થ અનંતા ગુણધર્મોથી પરિપૂર્ણ છે, માટે સાચું મૂલ્યાંકન કરવા માટે એક દૃષ્ટિકોણ ન ચાલે.

## પદાર્થોમાં સમાનતા અને અસમાનતા બંને એક સાથે રહેલા છે :

દા.ત. આ બે થાંભલા ઊભા છે. તેને તમે ગંભીરતાથી કહી શકો કે તે બન્ને જુદા છે. કારણ કે તે જુદા જુદા જ ઊભા છે. તમે આગળ કહેશો કે જુદા કહેવાનું કારણ શું ? તો કહેશો કે તેમાં અસમાનતા છે. અસમાનતા કઇ રીતે ? તે એ કે જે ઇંટચૂનાથી એક થાંભલો બન્યો છે, તેના સિવાયના બીજા ઇંટચૂનાથી બીજો થાંભલો બન્યો છે.

તેવી જ રીતે ધારો કે બે ચિત્રો છે. એક મંદિરનું છે, બીજું કુદરતી દૃશ્યનું છે. આ બંને ચિત્રો જુદાં છે. એકમાં મંદિરનું વર્ણન છે, જ્યારે બીજામાં નદીનું, પર્વતનું વગેરેનું વર્ણન છે. બન્નેનું પૃથક્કરણ કરી શકાય તેવો તફાવત છે. આ ખાલી જુદાં જ છે કે, સાથે તેમાં સમાનતા પણ છે ? જેમ કે બનાવનાર એક જ ચિત્રકાર છે, તેણે બન્ને ચિત્રમાં એક જ સરખું કપડું, રંગો, પીંછીનો ઉપયોગ કર્યો છે, માટે તેમાં સમાનતા છે; કાંઈ તેમાં સંપૂર્ણ અસમાનતા નથી. તેની

જેમ બે થાંભલામાં સમાનતાની દૃષ્ટિએ બન્ને થાંભલાની ઊંચાઇ સરખી છે, રંગ પણ સરખા છે, આવી બધી સમાનતાનો તેમાં ભાવ છે. જ્યાં સમાનતાનો ભાવ છે ત્યાં એકતા છે, જ્યાં ભિન્નતાનો ભાવ છે ત્યાં જુદાઈ છે. તેથી થાંભલા કે ચિત્રો એક અપેક્ષાએ જુદા પણ છે અને એક અપેક્ષાએ સમાન પણ છે. એકનો સ્વીકાર કરો અને એકનો સ્વીકાર ન કરો તો વાસ્તવિકતાનો અસ્વીકાર થાય. માટે એક દૃષ્ટિકોણથી જોશો તો આંશિક સત્ય જ દેખાશે. માટે તેના વિવિધ દૃષ્ટિકોણો પણ ધ્યાનમાં રાખવા પડે.

દૃષ્ટાંત શું કહેવા માગે છે તે પકડજો. જુદા જુદા એંગલોનો સમન્વય છે. તમે જો બેધ્યાન થઈને સાંભળશો તો બધું બમ્પર જશે. આ વિષય કેવળ ફિલોસોફીનો છે. અમે બનશે તેટલું સરળ કરીને સમજાવીશું, તો પણ તેમાં તત્ત્વનું વિવેચન તો આવશે; માટે ધ્યાનથી સાંભળશો અને વિષયને અનુરૂપ પ્રશ્નો પૂછશો. જો વિરુદ્ધ પ્રશ્નો પૂછશો તો શ્રોતાને અંતરાય કર્યાનું પાપ લાગશે અને વિષયને અનુરૂપ પ્રશ્નો પૂછશો તો શ્રોતાઓને વધારે સ્પષ્ટીકરણનો બોધ થશે. પ્રભુના સમવસરણમાં ગૌતમ આદિ પ્રશ્નો પૂછતા. ભગવાને નાનામાં નાના માણસને પણ જવાબ આપ્યા છે. અમને પ્રભુએ શ્રોતાઓને બોલતા બંધ કરવાની ના પાડી છે. જો તેમ કરીએ તો તેના મનમાં પ્રશ્નની શંકા રહી જાય, જેથી બરાબર મગજમાં બંધબેસે નહિ; અને જિનવચન પ્રત્યેની શંકા કે અશ્રદ્ધામાં જો તેનો આયુષ્યનો બંધ પડી જાય તો દુર્ગતિ થાય, માટે અમને પાપ લાગે. અમારે અમારી બુદ્ધિ પ્રમાણે જિનાજ્ઞાનુસારે સંતોષ આપવાનો છે. ધર્મ હુંકમથી સમજાવવાનો છે કે પ્રતીતિ દ્વારા સમજાવવાનો છે ? માટે અમે અમારી શક્તિ પ્રમાણે વિશેષ ધ્યાનથી સમજાવીશું, માટે તમે વિષયને અનુરૂપ પ્રશ્નો પૂછશો. તેના માટે પ્રતિબંધ નથી. નહિતર બધાને અતંરાય થશે અને જ્ઞાનાવરણીય કર્મ બંધાશે.

અત્યારની સભા તો ઘણીખરી શ્રદ્ધાળુ હોય છે. જ્યારે ભૂતકાળમાં તો પર્ષદામાં જૈનેતરો પણ આવે, પાછા પ્રતિદિવસ આવે. તેમને જૈનધર્મ ઉપર આસ્થા ન હોય એટલે ઉપદેશકની વાત As per granted(સીધેસીધી)ન સ્વીકારે. વળી ઘણા તો જૈનધર્મ પ્રત્યેના દ્વેષથી "મહારાજની બોલત્તી બંધ કરવા" સભામાં આવતા હોય, અને પોતે વિદ્વાન હોવાથી જાહેરમાં ધારદાર પ્રશ્નોની ઝડી વરસાવે, ત્યારે સાધુ અકળાય કે ગુસ્સે થઇને જવાબ આપવાની ના પાડે, તો બહાર જઈને જૈન ધર્મની ફજેતી કરે.

આ કાળમાં તો વગર વિદ્વત્તાએ પણ વ્યાખ્યાન આપી શકાય. આ જમાનામાં અમારે શાસ્ત્રો ભણવાં પડે તેવું રહ્યું નથી. અત્યારે ગમે તે સાધુ સ્થાન ઉપર બેસી જાય છે. પહેલાં તો ગુરુ સામેથી પદવી માટે કહે તો પણ શિષ્ય ના પાડે; કારણ તેને ખબર છે કે મારી પાસે વિદ્વત્તા નથી માટે ફજેતી થશે. જેને સિદ્ધાંતોનું જ્ઞાન હોય, તત્ત્વનું સ્થાપન કરી શકે તેમ હોય, તેવા જ

ઉપદેશ આપે અને આ જ અમારું કર્તવ્ય છે. આ વિષય ઘણો અઘરો છે, સરળ કરીશું તો પણ અઘરો રહેવાનો છે. આ સામાન્ય પ્રવચન નથી. તેમાં ઊંડાણ આવશે જ.

એક તરફી દૃષ્ટિથી વિચારીએ તો બધાને બે કાન, એક નાક, બે આંખ તથા શરીરમાં બધાને લાલ રંગનું જ લોહી વહે છે. મનુષ્યત્વ સમાન છે, પણ લાખ માણસમાંથી બેનાં એકસરખાં મોંઢાં મળશે ? આકાર, રૂપ-રંગ, પ્રકૃતિ જુદાં છે; અને આ જુદાઇ છે, માટે અસમાનતા નથી તેમ માનશો તો એકતરફી દૃષ્ટિકોણ થશે.

એક અપેક્ષાએ સિદ્ધ ભગવંતના જેવા જ બધા જીવોના આત્મા છે. મૂળભૂત આત્મા શુદ્ધ, બુદ્ધ, નિરંજન-નિરાકાર છે. તેમના જેવું જ કેવળજ્ઞાન, કેવળદર્શન, સમતા, વીતરાગતાનો ભાવ બધા જીવોને સત્તામાં છે. અવ્યક્ત રીતે ગુણો સમાન હોય, પણ વ્યક્ત રીતે શું ? સિદ્ધભગવંત સંપૂર્ણ નિર્વિકારી છે, જ્યારે આપણે અત્યારે વિકારી છીએ. માટે બંને દૃષ્ટિકોણ અપનાવો. ભિન્ન-ભિન્ન દૃષ્ટિકોણ થી વાસ્તવિકતાને સ્વીકારો.

## અનેકાન્તવાદ એટલે સાપેક્ષવાદ :

હજુ આને વધારે સમજવા માટે પર્યાયવાચી શબ્દ આપે છે. અનેકાન્તવાદની બીજી ઓળખાણ સાપેક્ષવાદ છે. તીર્થંકરે કહેલા સિદ્ધાંતોનો ટૂંકમાં પરિચય એટલે સાપેક્ષવાદ. દરેક બાબતનું સાપેક્ષતાથી વિધાન કરવામાં આવે છે. તમે લોકો શ્રદ્ધાથી અનુષ્ઠાનો કરતા હો છો, પાળતા પણ હો છો, પણ આવા સિદ્ધાંતોનું મંથન કર્યું નથી. તમે તો આ બધી ઝંઝટમાં પડવા માંગતા જ નથી ને ? તમને તો એમ જ છે કે "સાહેબ, અમને કોઇ એવો સીધો અને સરળ રસ્તો બતાવો કે અમારો ઉદ્ધાર થઇ જાય. એકાદ પદની માળા આપી દો" પરંતુ જો આમ જ ઉદ્ધાર થઈ જતો હોત તો મહાપુરુષો આવાં શાસ્ત્રો લખત નહીં, ચિંતન-મનન કરત જ નહીં અને આટલો ઉપદેશ પણ આપત નહીં. ભગવાન પણ બધાનું આ રીતે જ કલ્યાણ કરી દેત.

**સભા :-** *અમે તો સાહેબ ! પ્રભુનાં ચરણોમાં બેસીને, પગ પકડીને બેસી જઈશું. બસ, તેથી અમે તરી જઈશું. માટે સ્યાદ્વાદની જરૂર ખરી ?*

**સાહેબજી :-** પરંતુ જિનેશ્વરે કહેલાં તત્ત્વને સમજશો તો જ વિકાસ થશે. જો કે આ તમારી શ્રદ્ધા પ્રાથમિક ભૂમિકામાં સારી ગણાય, પણ આગળ વિકાસ માટે આ સાધન બનશે જ તેવું જરૂરી નથી. એકલી ભક્તિ ન ચાલે, સાથે વિવેક અને જ્ઞાન જોઈશે જ. જો તમે તત્ત્વને સમજશો તો જ તેમાં પ્રાણ પુરાશે. ભક્તિ કરતાં કરતાં સમર્પણબળ ક્યારે આવશે ? ત્યારે જ,

જ્યારે આ તત્ત્વને સમજવાથી લાગશે કે, દુનિયામાં કોઈએ ન આપ્યો હોય તેવો ઉપદેશ આપણા પ્રભુએ આપ્યો છે. પૂર્ણ સત્યને પામવા માટે આ જ સિદ્ધાંતો છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજ સાહેબે કહ્યું છે કે આ બધા સિદ્ધાંતોનું જ્ઞાન શ્રેષ્ઠ યોગની પ્રાપ્તિનું સાધન છે, મૂલગત પાયો છે. જો આને બરાબર સમજશો તો સર્વજ્ઞ ભગવાન પર ફિદા થઇ જશો. સમકિતની શ્રદ્ધા પામવાનો એ અમોઘ ઉપાય છે.

**સભા :-** *સાહેબ ! અમે આ બધામાં બુદ્ધિ દોડાવીશું તો પાર નહીં આવે.*

**સાહેબજી :-** સંસારમાં બધે બુદ્ધિ દોડાવવી છે, એમાંથી થોડી બુદ્ધિ અહીંયાં દોડાવો. તમે પંચેન્દ્રિયપણું પ્રાપ્ત કર્યું છે, દુર્લભ એવો મનુષ્ય ભવ મળ્યો છે, પાછા બુદ્ધિજીવી પણ છો, 'આઇ ક્યુ લેવલ' પણ ઊંચું છે, વણિક તરીકે પણ તમારી બુદ્ધિ ઘણી છે, માટે અમે જૈનો પાસેથી અપેક્ષા રાખીએ છીએ કે તમે પાયાના સિદ્ધાંતો સમજો, જાણો.

## અપેક્ષા : સાપેક્ષતા-નિરપેક્ષતા :

હવે મૂળ મુદ્દા ઉપર આવીએ. કોઈપણ વસ્તુને બોલવી હોય તો, તેમાં અપેક્ષા મૂકીને બોલો તો સાપેક્ષવાદ. સ્યાદ્વાદનો શબ્દપ્રયોગ વાણી સાથે સંબદ્ધ છે. તીર્થંકરોનો ઉપદેશ વાણી દ્વારા છે. વાણીમાં સ્યાદ્વાદ છે. વાણીમાં સાપેક્ષતા છે. અપેક્ષા-સાપેક્ષતા-નિરપેક્ષતા શું ? તમે વ્યવહારમાં પણ સાપેક્ષ, નિરપેક્ષ રીતે બોલતા હો છો. પણ તમને ખબર નથી હોતી કે તમે કઈ દૃષ્ટિએ બોલ્યા. દા.ત. એક માણસ અજ્ઞાની છે, અબૂઝ છે. તેને તમે અજ્ઞાની કેમ કહ્યો ? તમે વિદ્વત્તાની બુદ્ધિશાળીની જે કક્ષા નક્કી કરી છે તેની અપેક્ષાએ આ માણસમાં ઓછું જ્ઞાન છે, માટે તેને તમે અજ્ઞાની કહ્યો છે. બીજાં દૃષ્ટાંતો દા.ત. આ આંગળી મોટી પણ છે અને નાની પણ છે. તો તે કઈ અપેક્ષાએ ? દા.ત. ટેબલ પડ્યું છે, તે મારી નજીક છે, માટે હું બોલું છું કે ટેબલ નજીક છે. જ્યારે તમે દૂર બેઠા છો, તમે કહેશો કે ટેબલ દૂર છે. જેમ ઓઘો મારી પાસે છે, તો કહીશ કે ઓઘો નજીક છે; જ્યારે તમે કહેશો કે ઓઘો દૂર છે. આવું તો વ્યવહારમાં ઘણું બોલાય છે. પણ આટલા માત્રમાં સ્યાદ્વાદ આવી જતો નથી. જેમ તમારો પચ્ચીશ વર્ષનો દીકરો બીજાના દીકરા કરતાં મોટો છે, પણ તમારા જ ત્રીસ વર્ષના દીકરા કરતાં નાનો છે. માટે એક બીજાની અપેક્ષાએ નાનો-મોટો કહેવાશે. કરોડપતિ માણસ લખપતિની અપેક્ષાએ શ્રીમંત છે, પણ અબજોપતિની અપેક્ષાએ ગરીબ છે. માટે બોલતી વખતે આ બધી અપેક્ષાઓ મનમાં ગોઠવાયેલી જ હોય છે. અપેક્ષાથી કોઇ પણ વ્યક્તિ નાની હોય, મોટી હોય; નજીક હોય, દૂર હોય; લાંબી હોય, ટૂંકી હોય; જ્ઞાની હોય કે અજ્ઞાની હોય છે.

પૂ.આ. શ્રીમાનતુંગસૂરિએ 'ભક્તામર સ્તોત્ર' રચ્યું છે. તેમનામાં ભાષાસર્જનશક્તિ અપાર હતી. તેના છઠ્ઠા શ્લોકમાં કહ્યું કે "પ્રભુ હું કેવો છું ? બહુ જ અલ્પ જ્ઞાનવાળો છું. શ્રુતસાગરના સ્વામીની અપેક્ષાએ પરિહાસનો વિષય બનું તેવો છું." તો આમ કોની અપેક્ષાએ કહ્યું છે ? આવું વીતરાગ સ્તોત્રમાં કલિકાલસર્વજ્ઞ પૂ. હેમચંદ્રસૂરિએ પણ કહ્યું છે કે "પ્રભુ આપની પાસે હું પશુથી પણ પશુ છું." માણસ પાસે જનાવર કેવા કહેવાશે ? મૂર્ખ, બુદ્ધિહીન. માણસજાત પશુને મૂર્ખ ગણે છે. "તેમ આપની પાસે હું પશુ કહેવરાવવાને લાયક પણ નથી." પ્રભુના જ્ઞાનની પાસે ૧૪ પૂર્વધરોને પશુ જેવા કહ્યા છે, જેઓ શ્રુતકેવળી કહેવાય. આ ચૌદપૂર્વનું જ્ઞાન કેવળજ્ઞાનની પાસે સમુદ્રના બિંદુ જેટલું પણ ન કહેવાય. આત્માના પૂર્ણજ્ઞાન પાસે તે અંશમાત્ર પણ નથી. આમની વિદ્વત્તા કેટલી છે ? સિદ્ધરાજ જયસિંહે તથા જૈનતર વિદ્વાનોએ આદરસત્કાર સાથે પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિને "કલિકાલસર્વજ્ઞ"નું બિરુદ આપ્યું છે. વળી સિદ્ધરાજ પોતે જૈન નથી. કુમારપાળ રાજા પહેલાં જૈનેતર હતા, પણ પછીથી પરમ શ્રદ્ધાળુ બારવ્રતધારી શ્રાવક બન્યા છે. એમની ઉપર પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિની પ્રતિભાનો પ્રભાવ પડ્યો છે, માટે જ "કલિકાલસર્વજ્ઞ"નું બિરુદ રાજસભામાં જાળવી રાખ્યું છે.

પૂ.આ. શ્રીહેમચન્દ્રસૂરિનું સાહિત્ય વાંચો તો તેમાં તેઓની પ્રતિભા દેખાશે જ. વિદેશી વિદ્વાનોએ પણ લખ્યું છે કે "ઓશન ઓફ નોલેજ" (જ્ઞાનનો સાગર છે). તેઓની કથાઓમાં પણ સમાજશાસ્ત્ર, અર્થતંત્ર, રાજનીતિ સાથે ધર્મશાસ્ત્રનું ઊંડાણ, વ્યવહારિક કલા-ભાષા આ બધા ઉપર તેમની પકડ હતી, તે સ્પષ્ટ દેખાય છે. આવી વ્યક્તિ પણ પ્રભુ પાસે શું કહે છે કે "હું પશુ કરતાં પણ પશુ છું." એમની પાસે જે શ્રોતા હતા તેની અપેક્ષાએ શું તેઓ મૂર્ખા હતા ? ના, પરંતુ પ્રભુ પાસે અજ્ઞાન હતા, તે અપેક્ષાએ તેમણે કહ્યું છે.

વ્યવહારમાં પણ કઈ રીતે બોલાય છે ? જેમ કે આ માણસ ઘરડો છે. પણ બીજો માણસ તેનાથી વધારે ઉંમરમાં હોય તો તેની અપેક્ષાએ પેલો માણસ ઓછો ઘરડો કહેવાશે. અપેક્ષા એટલે શું ? મનમાં કોઈ વસ્તુનો સંદર્ભ ટાંકીને વિધાન કરવું તેનું નામ અપેક્ષા. કોઈપણ અપેક્ષા જોડ્યા વગર જો વિધાન કરાય તો તે સત્યની બહાર છે. આત્મા છે, પુણ્ય-પાપ છે, મોક્ષમાર્ગ છે, તે બધામાં સાપેક્ષતા છે. આ તત્ત્વોને પણ અપેક્ષા વગર જાણશો તો ગડમથલમાં પડશો.

## આઈનસ્ટાઈનનો સાપેક્ષવાદ :

અત્યાર સુધી સાપેક્ષવાદનો વ્યવહારિક અર્થ શું થાય તે સમજાવ્યો. વિજ્ઞાનક્ષેત્રમાં સૌથી વધારે નામના 'આઈનસ્ટાઇન'ની છે. ૧૦૦ વર્ષમાં તેના જેવો કોઇ વૈજ્ઞાનિક પાક્યો નથી તેવી

તેના માટે પ્રસિદ્ધિ છે, તેનું કારણ શું? તો કહે છે કે તેણે સાપેક્ષવાદની થિયરી આપી છે. પરંતુ તેણે તો ફકત સમય, કાળ, ગતિ આ ત્રણ વસ્તુમાં સાપેક્ષતાની થિયરી બતાવી છે. આ સાચું છે કે ખોટું છે તેની હું અત્યારે સમીક્ષા નથી કરતો. પરંતુ તેણે આ ત્રણની સાપેક્ષતાથી સમીક્ષા કરી, તેમાં તો તાળીઓના ગડગડાટ થયા છે; જ્યારે ભગવાને તો તમામ પદાર્થોની સાપેક્ષતાથી સમીક્ષા કરી છે. આપણો સિદ્ધાંત જેટલો વ્યાપક છે તેની સામે આ તો બહુ જ સીમિત છે. આપણા સ્યાદ્વાદની દૃષ્ટિએ તેમની થિયરી ખોટી છે. અમે જો તેની સાથે સ્યાદ્વાદની સરખામણી કરીએ તો આપણા સિદ્ધાંતોનું અવમૂલ્યાંકન કર્યું કહેવાય. તેમના સાપેક્ષવાદની વાતોમાં મોઢું-માથું મળે તેમ નથી. છતાં જે ત્રણ વસ્તુને જ સાપેક્ષ બતાવે, તેના કરતાં સર્વ પદાર્થને સાપેક્ષ બતાવે તો તે સિદ્ધાંતમાં તત્ત્વની કેટલી ગહનતા હશે, તેટલા પૂરતી આ વાત છે. બાકી આઇનસ્ટાઇનની થિયરી સાથે આપણી એક પણ વાત માન્ય થાય નહીં. તેનું ખંડન કરવા માટે આપણી પાસે સેંકડો મુદ્દા છે. વાસ્તવિકતાની દૃષ્ટિએ તે થિયરીમાં ઘણી જ ખામી છે.

**સભા :-** *પણ સાહેબજી ! એકાદ દૃષ્ટાંત તો આપો ને ?*

**સાહેબજી :-** "લો ઓફ રીલેટીવીટી"માં સાપેક્ષતા સિદ્ધ કરી છે. તેનો મુખ્ય સિદ્ધાંત કાળ-ગતિ-સ્થળ સાપેક્ષ છે. એટલે સમય પણ સતત સાપેક્ષ છે. તેમાં સાપેક્ષનો તેણે શું અર્થ કર્યો છે ? જોનારનો જે દૃષ્ટિકોણ હોય તેની અપેક્ષાએ તે બરાબર, તે પ્રમાણે સાપેક્ષનો અર્થ કર્યો છે. દા.ત. તમે એક ઘટના જુઓ છો. તે સમયે તમારી ઘડિયાળ જે સમય બતાવે છે તે સમયે તમારે માટે તે ઘટના બની. એટલે કે નવને પાંચે તમે તે ઘટના જોઈ. ધારો કે એક માખી ટેબલ ઉપર બેઠી, ત્યારે તમારી ઘડિયાળમાં નવ ને પાંચ થઈ છે. માટે તમે કહેશો કે તે નવ ને પાંચે બેઠી. જ્યારે બીજો માણસ તેને નવ ને દસે જુએ છે. માટે તે કહેશે નવ ને દસે બેઠી. તેવી જ રીતે એક માણસ ઉપરથી નીચે પડ્યો. ત્યારે તમારી ઘડિયાળમાં નવ ને પાંચ છે. જ્યારે દૂર રહેલી વ્યક્તિ નવ ને દસે જુએ છે. એટલે જેણે નવ ને પાંચે જોઇ તેની અપેક્ષાએ તે રીતે ઘટના બની, જ્યારે નવ ને દસે જેણે જોયું તેની અપેક્ષાએ તે રીતે ઘટના બની. માણસ તો એક જ વખત પડ્યો છે. પડવાની ઘટના એક જ વખત થઈ છે. એક જ ઘટના બધાને જુદા-જુદા સમયે દેખાય છે. આમ જુઓ તો એક જ ઘટના એક જ વખત બની છે, માટે સાચી ઘટનાનો સમય એક જ કહેવાય. છતાં આઇનસ્ટાઇનના સિદ્ધાંત પ્રમાણે દ્રષ્ટાના ભેદથી કાળનો ભેદ હોવાથી એક જ ઘટના ઘટ્યાના અનેક સમય સત્ય ગણાશે; કારણ કે તેના સિદ્ધાંતમાં કોઇ યુનિવર્સલ ટાઈમનો કોન્સેપ્ટ નથી. તેથી આ બધી વાતો અવ્યવહારુ છે. કેમ કે તેમની સાપેક્ષતા અવલોકન આધારિત છે, જ્યારે આપણી સાપેક્ષતા વાસ્તવિકતા આધારિત છે. અહીં હું થિયરીને મહત્ત્વ

આપું છું. એની થીયરીને આધારે ઊભા થયેલા ઇન્સ્ટમેન્ટ કે predictionની વાત કરતો નથી. જૈનદર્શનને વાસ્તવિકતા સાથે સમન્વય છે, સત્યને સ્પર્શનારી આપણે ત્યાં સાપેક્ષતા છે. મારે મન તેમની વાતોનું મહત્ત્વ નથી. માટે અમારે આ તત્ત્વને એવી રીતે નથી સમજાવવું કે તમે મુંઝાઇ જાઓ.

સાપેક્ષતા એ સંદર્ભને સામે રાખીને કરાતું વિધાન છે. આત્માના વિકાસ માટે અધ્યાત્મની સાપેક્ષતા લેવાની છે. જ્યારે વિજ્ઞાન આત્માને માનતું નથી, માટે વિજ્ઞાનમાં ભૌતિક દષ્ટિએ સાપેક્ષતાની વાત છે.

અનેકાન્તવાદ પણ અનેકાન્તે છે. પૂ.આ. શ્રીહેમચન્દ્રસૂરિ મહારાજે સ્યાદ્વાદ મંજરીમાં છાતી ઠોકીને કહ્યું છે કે દીવાથી માંડીને વિશાળ આકાશ સુધીની બધી વસ્તુ સ્યાદ્વાદ મુદ્રાથી અંકિત છે. બધા પદાર્થોમાં અનેકાન્તવાદ જડાયેલો છે. અનેકાન્તવાદ સર્વવ્યાપી છે. અહીંયાં ઇતર દર્શનકારો પૂછે કે બધે અનેકાન્તવાદ છે, તો તે અનેકાન્તને તમે એકાન્તે માનો છો કે અનેકાન્તથી માનો છો ? તો તેના જવાબમાં આપણે અપેક્ષાએ અનેકાન્તવાદને સ્વીકાર્યો, તેથી અનેકાન્તવાદની પણ અનેકાન્તથી સ્થાપના સિદ્ધ થઇ.

**સભા :-** *સાહેબજી ! તીર્થંકરની વાણી તો છેવટનું નિરપેક્ષ સત્ય કહેવાય ને?*

**સાહેબજી :-** કઇ અપેક્ષાએ ? તીર્થંકરના સમવસરણમાં શ્રોતા તરીકે ઘણા આવતા. બારે પર્ષદામાં જૈનો-જૈનેતરો, શ્રદ્ધાળુ, જિજ્ઞાસુ આવતા; સાથે અશ્રદ્ધાળુ પણ આવતા, અનુયાયીઓ આવતા ને વિરોધીઓ પણ આવતા; ૩૬૩ પાખંડીઓ પણ આવતા. આ જગતમાં મિથ્યામત ૩૬૩ જ છે. શ્રેણિક તથા ઇન્દ્રો જે વાણી સાંભળતા, તે જ વાણી પાખંડી પણ સાંભળતા. તો તેમને વાણી સત્ય બની કે અસત્ય બની ? સમવસરણમાંથી નીચે ઊતરીને કહે કે, "મારો બેટો બોલવામાં ઉસ્તાદ છે. બાકી બોલે છે તો જૂઠું." આ વાણી તેમને સત્ય થઇ કે અસત્ય ? પાછું તેમને આમાંથી જાણવાનું મળે છે, તર્કો પણ મળે છે. માટે દોડી દોડીને સાંભળવા આવે છે. ગોશાળો પ્રભુની વાણી સાંભળીને જ નિષ્ણાત બન્યો છે. પ્રભુની વાણીના કારણે જ પોતાની જાતને સર્વજ્ઞ તરીકેનો પરિચય કરાવી શક્યો ને ? પરંતુ પછી તેણે આનાથી કામ તો વેતરવાનું જ કર્યું ને ? માટે તેને પ્રભુની વાણી સત્ય થઇ કે અસત્ય થઇ ?

માટે જ સાપેક્ષવાદમાં રસ લેશો તો કદી નહિ વિચાર્યા હોય તેવા એંગલો મળશે. અત્યારે તો હું હજુ બારાખડી જ ઘૂંટાવું છું. શબ્દો તમને અઘરા ન લાગે માટે પરિચિત કરાવવા પ્રયત્ન કરું છું. સાપેક્ષતા, નિરપેક્ષતા:-આ વિધાનો વ્યવહારમાં કઇ રીતે છે, તે સમજો. જેમ

કે, આ માણસ શ્રીમંત છે પણ મનનો ગરીબ છે એમ વ્યવહારમાં બોલાય છે ને ? આનો અર્થ તે પૈસાથી શ્રીમંત છે, પણ મનથી ગરીબ છે. માટે અહીંયાં અપેક્ષા આવી ને ? પરંતુ તમે વિચાર્યા વગર બોલો છો, તેથી તમને અપેક્ષાનો ખ્યાલ નથી આવતો. જૈનદર્શનના એકપણ વાક્યમાં અપેક્ષા ન હોય તેવું વિધાન નથી. રીલેટીવીટી(સાપેક્ષતા) હશે, હશે ને હશે જ. માટે એંગલ પકડો. તત્ત્વની દૃષ્ટિએ ગહન અને અઘરાં જો કોઇ શાસ્ત્રો હોય તો તે જૈન ધર્મનાં જ છે. માટે બુદ્ધિનું સ્તર સૌથી વધારે અહીંયાં જ જોઇએ. "હે પ્રભુ, આપના સિદ્ધાંતો અગાધ સાગર જેવા છે, તેમાં ગંભીરતા કેટલી ભરેલી છે !" અને એ વારસો આપણને મળ્યો છે. પરંતુ વારસાની કદર કરી શકો તેવું સ્તર તો જોઇએ ને ?

**સભા :-** *શાસ્ત્રના સિદ્ધાંતોની કદર કરી શકીએ તેવું સ્તર કઈ રીતે આવે ?*

**સાહેબજી :-** પહેલાં તો તેનો પ્રાથમિક પરિચય કેળવો. નવ તત્ત્વોને ભણવાં તે આવશ્યક છે, અનિવાર્ય છે, તેમ માનો છો ખરા ? નવ તત્ત્વોને ભણો તો કાંઈ વાંધો લાગે ખરો ?

**સભા :-** *પણ સાહેબજી ! અમારી ચેનલ જો સંસારમાં અટકે તો કાંઈ થાય ને ?*

**સાહેબજી :-** પરંતુ તમારી ચેનલ ધર્મમાં અટકેલી જ છે. તમારી ગાડી આ ક્ષેત્રમાં સ્પીડથી ચાલે છે કે સાવ અટકેલી જ છે ? અત્યારે અહીંયાં ગમે તેટલાં સ્ટેશન કરો તો વાંધો નહીં ને ? જૈનશાસનમાં જન્મ્યા પછી જો આટલું પણ ન ભણો તો કેમ ચાલે ? પૂ. ઉપાધ્યાયજી મહારાજે સજ્ઝાયમાં જૈન બનવા માટેનું ધોરણ બતાવ્યું છે કે "જૈન કહો ક્યું હોવે પરમ ગુરુ..." જૈનપણું પામવાનું ધોરણ શું ? તો "સ્યાદ્વાદ પૂરણ જો જાણે નયગર્ભિત જસ વાચા, ગુણ-પર્યાય-દ્રવ્ય જો જાને સો હિ જૈન હૈ સાચા..."

**સભા :-** *સાહેબજી ! તમે તો મેરુ પર્વત જેટલી જવાબદારી મૂકી દીધી.*

**સાહેબજી :-** તમને એમ લાગ્યું કે "અમે દબાઈ જઈશું." પણ સંસારમાં પહાડના પહાડ લઈને ફરો છો, તો પણ તેનો ભાર તમને લાગતો નથી ને ? ધંધામાં બધી વસ્તુના ભાવ-તાલ મોઢે હોય ને ? વારે ઘડીએ બદલાતા હોય તો પણ યાદ રહી જાય ને ? કયા ઘરાક ઉપયોગી છે ? ત્યાં કેટકેટલું સમજી શકો છો ? જ્યારથી કરવેરાના કોયડા ઊભા થયા ત્યારથી બધા હિસાબ-કિતાબ મોઢે ને ? આ તમારા ક્ષેત્રમાં મેરુ પર્વત જેટલી જવાબદારી લાગતી નથી, કારણ એમાં જ રસ પડેલો છે.

જૈન સિદ્ધાંતોને સમજી ન શકો, તેની રૂપરેખા પણ ખબર ન હોય, જેને મૂળભૂત શૈલી જ ખબર નથી તેને અમે શું કહીએ ? સ્યાદ્વાદની શૈલી છે, માટે જ આપણાં આગમ અદ્વિતીય છે. આગમનું એક વાક્ય એવું નથી કે જેમાં સાપેક્ષપણું ન હોય. તેનાથી જ સર્વાંગીપણું પામી શકાય છે. આજે અનેકાન્તવાદ, સ્યાદ્વાદ, સાપેક્ષવાદ; આ બધાની વ્યાવહારિક ભાષા સમજાવી છે, સાથે તેનો થોડો પરિચય આપ્યો છે અને ઉપયોગિતા બતાવી છે. તીર્થંકરે કહેલી ત્રિપદીમાં જ સ્યાદ્વાદ આવે છે અને તેના દ્વારા જ ગણધરોએ દ્વાદશાંગીની રચના કરે છે. **ત્રિપદી એ સ્યાદ્વાદરૂપ સિદ્ધાંતની ખાણ છે.** જેમ રત્નની ખાણમાંથી રત્ન નીકળ્યા જ કરે, તેમ ત્રિપદીમાંથી સર્વ પ્રકારનો સ્યાદ્વાદ નીકળ્યા કરે. આખું જગત અનેકાન્તવાદથી ભર્યું છે અને આના દ્વારા જ મૂળ હાર્દને પકડવાનું છે.

# ૩

તા. ૩૧-૦૭-૯૪, રવિવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માના મુખકમળમાંથી નીકળેલી સ્યાદ્વાદમય પવિત્ર વાણી આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

તેઓની વાણી સંપૂર્ણ સ્યાદ્વાદમય હોવાના કારણે તેમની વાણીમાં સાપેક્ષવાદ ન હોય તેવું બને જ નહીં. અને આ વાણીના સિદ્ધાંતને સમજવો હોય, વાણીના મર્મને સમજવો હોય તો સ્યાદ્વાદના સિદ્ધાંતને સમજવો જ પડે. જે આ સમજતા નથી તે કદી તેમની વાણીને સાચો ન્યાય આપી શકતા નથી. જૈન કે જૈનેતરોના તટસ્થ મહાપુરુષો કહે છે કે તીર્થંકરને સમજવા માટે સ્યાદ્વાદ જેવો બીજો કોઈ સિદ્ધાંત નથી. તેના દ્વારા જ ખરા મર્મને પકડી શકાય છે. ભલે તમે અત્યારે જન્મથી-કુલપરંપરાથી જૈન ધર્મને પામી ગયા છો, પણ આને સમજવા માટે બુદ્ધિ દ્વારા વિકાસ કરવાની જરૂર છે. માટે જ અનેકાન્તવાદની જરૂર છે, તેની સમજણની જરૂર છે.

**અનેકાન્તનો અર્થ શું ? સાપેક્ષનો અર્થ શું ?** બન્ને પર્યાયવાચી છે. ભાષાકીય દૃષ્ટિએ જુદા શબ્દ છે, જ્યારે સ્યાદ્વાદ એ શાસ્ત્રીય પરિભાષાનો શબ્દ છે, આગમમાં બતાવેલ છે. હવે સામાન્ય અર્થ વિચારીએ તો અનેકાન્તવાદ એટલે એકાન્ત નહિ, સાપેક્ષવાદ એટલે દરેક વસ્તુમાં સાપેક્ષતાથી વિચાર કરવો. સ્યાદ્ એ એક અવ્યય છે, અને સર્વ વિધાનોમાં સ્યાદ્ શબ્દનું જોડાણ એ સ્યાદ્વાદ છે.

જિનવાણીમાં અર્થાપત્તિથી બધે સ્યાદ્વાદ શબ્દ સમજી લેવાનો. એકાંતે કોઈપણ વસ્તુનું પ્રતિપાદન કર્યું નથી, માટે 'સ્યાદ્' શબ્દ લખ્યા વગર સમજી લેવાનો. બધી વાતમાં 'સ્યાદ્' શબ્દ જોડાયેલો જ હોય છે, પરંતુ કોઈ અપેક્ષાએ કે કોઈક તે દૃષ્ટિકોણથી જોડવાનું કારણ શું ? તમારે જે કહેવું હોય તે સીધું જ કહોને ? તેમાં અપેક્ષા જોડવાનું કારણ શું ? તો તેનો જવાબ એ છે કે, જેમ 'આ ભીંત છે, આ માણસ છે,' એવું વિધાન પણ નિરપેક્ષપણે કરશો તો તે અસત્ય થશે. તેનું કારણ એ છે કે દુનિયામાં જેટલા પણ પદાર્થો છે, તે બધાનું અસ્તિત્વ સાપેક્ષ જ છે, ક્યાંય નિરપેક્ષ અસ્તિત્વ શક્ય નથી. વસ્તુનું અસ્તિત્વ તમને નિરપેક્ષ દેખાય તો તેમાં તમારી અણસમજ કામ કરે છે.

જેમ આંગળી છે. આની અપેક્ષાએ મોટી, આની અપેક્ષાએ નાની; તેમાં સાચું કયું ? અપેક્ષાએ બોલીએ તો બરાબર લાગે, પણ જો અપેક્ષા વગર નાની છે, મોટી છે એમ બોલીએ

તો બરાબર લાગે ? તમે સંદર્ભ ન પકડો તો સત્યાંશ ઊડી જશે. સાપેક્ષતા છે ત્યાં સંદર્ભ પકડી રાખવો પડે. એક માણસ શ્રીમંત છે, તે ગરીબની અપેક્ષાએ; એક માણસ જ્ઞાની છે, તે અજ્ઞાનીની અપેક્ષાએ; એક માણસ મોટો છે, તે નાનાની અપેક્ષાએ. બધે તમારા વ્યવહારમાં આ પ્રચલિત છે. માટે તમે આવી અપેક્ષા પકડવા ટેવાયેલા છો, તેથી ત્યાં તમને અજુગતું લાગતું નથી. જૈન દર્શનની સાપેક્ષતા સર્વવ્યાપી છે. કોઇપણ વસ્તુનું પ્રતિપાદન કરવા સાપેક્ષતા જોઇએ. વસ્તુનું અસ્તિત્વ સાપેક્ષ છે. નિરપેક્ષ કોઇ અસ્તિત્વ નથી. નિરપેક્ષ અસ્તિત્વનો તમે એક દાખલો નહિ આપી શકો. કોઇ કહે સાપેક્ષતા માટે શું આટલો આગ્રહ વાજબી છે ? હા, દા.ત. આ ટેબલ છે, આ પુસ્તક છે, આ રીતે વ્યવહારમાં બોલીએ ત્યારે તે સત્ય છે, અસત્ય નથી; પરંતુ જ્યારે બોલો છો 'પુસ્તક છે, માણસ છે,' ત્યારે અંતરમાં અપેક્ષા પડી છે. માણસ કાયમનો છે કે આ ભવ પૂરતો છે ? વર્તમાનની અપેક્ષાએ માણસ છે, પણ કાયમ ખાતે માણસ નથી. આ મનુષ્ય છે, તેનું અસ્તિત્વ નિરપેક્ષપણે સ્વીકારીએ તો ખોટું થઇ જાય. ભૂતકાળની અપેક્ષાએ એ મનુષ્ય પશુમાંથી પણ આવ્યો હોય, એટલે ભૂતકાળની અપેક્ષાએ તે મનુષ્ય નથી, વર્તમાનની અપેક્ષાએ તે માણસ છે, અને ભવિષ્યમાં કોઇપણ ગતિમાં જાય. માટે અપેક્ષા ન જોડો તો 'આ મનુષ્ય છે' તે વિધાન ખોટું પડે.

બીજું દૃષ્ટાંત જોઇએ. ફલાણા ભાઇ આવીને પૂછે કે શાંતિભાઇ છે ? ત્યારે ઘરેથી કહે કે ઓફીસે ગયા છે. હવે શાંતિભાઇ છે તો ખરા, પણ એરિયાની અપેક્ષાએ અસ્તિત્વ છે. ઓફિસના એરિયાની અપેક્ષાએ અસ્તિત્વ છે, ઘરના એરિયાની અપેક્ષાએ અસ્તિત્વ નથી, માટે તે વ્યક્તિ બધે નથી; જે ક્ષેત્રમાં વિદ્યમાન છે ત્યાં જ છે. માટે કાંઇક ને કાંઇક સંદર્ભ ઉમેરવા પડશે, નહિતર બધાં વિધાનો મિથ્યા સાબિત થશે. સાપેક્ષતા સમજવા માટે આ બધાં વ્યાવહારિક દૃષ્ટાંતો છે. જેમ આ મકાન સિમેન્ટ-કોન્ક્રીટનું બનેલું છે, પણ પથ્થરનું બનેલું નથી. એટલે પથ્થરની અપેક્ષાએ તેનું અસ્તિત્વ નથી, પણ સિમેન્ટ-કોન્ક્રીટની અપેક્ષાએ છે. માટે કંઇપણ બોલવું હોય તો અપેક્ષા જોડવી પડશે.

ક્યાંક ભાવાત્મક અપેક્ષા હોય છે, ક્યાંક અભાવાત્મક અપેક્ષા હોય છે, પણ અપેક્ષા તો જોડવી જ પડશે. નિરપેક્ષ થઇને વાણીનો પ્રયોગ કરો તો હંમેશાં ખોટો જ થશે. જૈન દર્શનનો આ સિદ્ધાંત સર્વવ્યાપી હોવાના કારણે તમારા વ્યવહારનો કોઇ પ્રસંગ એવો નહિ હોય કે જેમાં સ્યાદ્વાદ-અનેકાન્તવાદ ન સમાયેલો હોય. સાપેક્ષતા સિવાય કોઇ પદાર્થ કે તેના ગુણધર્મ સ્થિર થઈ શકે નહિ. તે ઉદાહરણ દ્વારા સમજવા જોઇએ. દા.ત. ચશ્મા છે, પણ તે આવી ફ્રેમના છે, આવી ફ્રેમના નથી. આ ઘડિયાળ છે, પણ તે આ કંપનીનું છે, આ કંપનીનું નથી; આ ક્વોલિટીનું છે, આ ક્વોલિટીનું નથી. કપડું સુતરાઉ છે, વુલન નથી. સુતરાઉની

અપેક્ષાએ અસ્તિત્વ છે, વુલનની અપેક્ષાએ અસ્તિત્વ નથી. માટે ક્યાંક ને ક્યાંક તો અપેક્ષા જોડાયેલી રહેવાની જ. સાપેક્ષતા સર્વવ્યાપી હોવાના કારણે કોઇપણ પદાર્થ સ્યાદ્વાદના સિદ્ધાંતને અતિક્રમી શકે તેમ નથી, માટે સર્વવ્યાપી વિશ્વવ્યાપી સાપેક્ષતા સમજવી જોઇએ. અત્યારે વ્યાવહારિક દાખલાથી સમજ્યા પછી આધ્યાત્મિક ક્ષેત્રે સાપેક્ષતા વિચારીશું. આત્મા-પરમાત્મા, મોક્ષમાર્ગની ભૂમિકામાં પણ સ્યાદ્વાદમય વાણી બતાવેલ છે. અત્યારે તો વાક્યપ્રયોગમાં સ્યાદ્વાદ બતાવવા માગું છું. તમે જો પરિચિત વાતોમાં સાપેક્ષતા પકડી શકશો, તો આગળની વાતો ગહન નહિ લાગે. ઊલટાનો વધારે આનંદ આવશે અને તીર્થંકરની બુદ્ધિ પર અહોભાવ થશે.

## વાસ્તવિક સાપેક્ષતા-આભાસિક સાપેક્ષતા :

કોઇ વ્યક્તિના સંબંધની દૃષ્ટિએ સાપેક્ષતા સમજવી હોય તો, જેમ કે આ ભાઇ આમનો દીકરો છે; એટલે તેનો અર્થ એમ થયો કે તેમની ઓળખાણ પુત્ર તરીકે અપાઈ, અમુકનો તે સંતાન છે; પરંતુ જો તેને પોતાનો દીકરો હશે તો પોતે પોતાના દીકરાની અપેક્ષાએ બાપ છે. તેની જેમ જ ભાઈની અપેક્ષાએ ભાઈ છે. જેટલા સંબંધ તેટલા સંદર્ભ એક જ વ્યક્તિમાં હોય છે. છતાં પણ ક્યાંય અવાસ્તવિકતા છે ? જૈન ફિલોસોફીની સાપેક્ષતા વાસ્તવિકતા આધારિત બતાવી છે.

જ્યારે આભાસિક સાપેક્ષતા એટલે કે જેની અંદર જોનાર છે, જ્ઞાતા છે, તેની બુદ્ધિમાં જે જ્ઞાન થાય તેના હિસાબે માની લીધું કે આ આમ છે. જેમકે એક માણસ થોડે દૂરથી પાંચ ફૂટનો દેખાય છે, જ્યારે તે માણસને તમે દસમે માળેથી જુઓ તો તે થોડો વધારે નાનો દેખાશે. જ્યારે તે માણસને તમે ૫૦મે માળેથી જુઓ તો કેટલો નાનો દેખાશે ? અને જો પહાડ ઉપરથી તેને જુઓ તો કેવો વહેંતિયો લાગશે ? હકીકતમાં તે કાંઇ વહેંતિયો નથી, પણ જે દેખાય છે તે પણ હકીકત છે; અને આ ભ્રમ પણ બધાને એક સરખો થાય છે, આ વહેંતિયો છે તેવો આભાસ જ થાય છે. તેની જેમ રેલ્વે લાઇનમાં દૂર દૂર ગાડીના પાટા જોડાઇ જતા દેખાય છે. હકીકતમાં એક પાટા ઉપર કાંઇ ગાડી ચાલે નહિ, અને પાટા કદી ભેગા થતા જ નથી. ગાડી બે પાટા ઉપર જ ચાલે છે, પણ આંખ શું દેખાડે છે ? ત્યાં ઊભેલાની અપેક્ષાએ જુદા પાટા, જ્યારે દૂર ઊભેલાની અપેક્ષાએ પાટા એક થઇ ગયેલા છે. આ આભાસિક અપેક્ષા છે. જૈન દર્શનને આભાસિક સાપેક્ષતા સાથે સંબંધ નથી. આવા તો કેટલાય દાખલા છે. આકાશ-પૃથ્વી દૂર ક્ષિતિજ પાસે મળી જતાં લાગે છે, તેમ ઝાંઝવાનાં જળમાં પણ શું છે ? આ બધો એક પ્રકારનો આભાસ છે. અહીંયાં ઊભેલાને એક જ્ઞાન છે, દૂર ઊભેલાને તે જ વસ્તુ માટે જુદું જ્ઞાન છે. આ

બધી આભાસિક સાપેક્ષતા છે. વર્તમાન આધુનિક વિજ્ઞાનનો સાપેક્ષતાનો સિદ્ધાંત આવી આભાસિક સાપેક્ષતા પર રચાયેલો છે. ઘણાને એવી બુદ્ધિ હોય કે પાંચ લાખ મળી ગયા એટલે જીવનમાં ઘણું થઈ ગયું. જ્યારે બીજાને ૧૫ લાખે ઘણું થયું અને કોઇને કરોડ મળે ત્યારે ઘણું થયું. આમ બધાને પોત-પોતાની સ્વતંત્ર ગણતરી છે. માટે તેઓ સૌ સૌની અપેક્ષાએ સાચા છે. પણ આવી આભાસિક અપેક્ષાને જૈન દર્શનમાં સ્થાન નથી.

જૈન દર્શનને વાસ્તવિકતા-સત્ય સાથે સંબંધ છે. માટે જે સાપેક્ષતાને વાસ્તવિકતા સાથે સંબંધ નથી, તેને મિથ્યા-સાપેક્ષતા કહી છે. નહિતર એકની અપેક્ષાએ આ સારું, બીજાની અપેક્ષાએ બીજું સારું, જ્યારે ત્રીજાની અપેક્ષાએ ત્રીજું સારું, તો આ બધામાં હકીક્ત શું ? આમાં જે વસ્તુ જોનારે જેવી કહી તેવી જ હકીકત હોય તો પછી બધા જ સાચા કહેવાશે. તો પછી ગાંડો માણસ પણ પોતાની અપેક્ષાએ સાચો કહેવાશે. કારણ ગાંડો પણ પોતાની જાતને ડાહ્યો માને છે અને એટલા માત્રથી તેનું ગાંડપણ કાંઇ ચાલ્યું જતું નથી. વાસ્તવિક્તા સાથે વિરોધ થાય તેવી વાતો જૈનદર્શનને મંજૂર થતી નથી. સત્યનો નક્કર આધાર આ સ્યાદ્વાદ છે. તેથી જ સૃષ્ટિનાં પૂર્ણ સત્યોને સમજવા સ્યાદ્વાદ બતાવ્યો છે.

પરંતુ વૈજ્ઞાનિક ક્ષેત્રે આભાસિક સાપેક્ષતા છે, વિશ્વ કેવું છે ? વિજ્ઞાનના ક્ષેત્રમાં તેની રચનાનો જ પ્રશ્ન છે. સૂર્ય-ચંદ્ર બે છે કે એક છે ? સૂર્ય-ચંદ્ર જંબૂદ્વીપમાં બે છે, પણ તેની બહાર તો અસંખ્ય છે. પૃથ્વી ગોળ છે, ફરે છે, આ બાબતમાં પણ ઘણા જ વિવાદો છે. પૃથ્વીની ગતિ એકધારી હોય તો અંદર બેઠેલાને આંચકો ન આવે. જેમ સુપર ફાસ્ટ ટ્રેનમાં બેઠેલાને લાગે નહીં કે ટ્રેન ચાલુ છે, કેમ કે તેની ગતિ એકસરખી ચાલુ છે. પરંતુ જો જરાપણ ગતિમાં વધઘટ થાય તો આંચકો આવે જ, Velocityમાં Acceleration (ગતિ પ્રવેગ) થાય એટલે જર્ક (આંચકો) આવે જ. તેઓ પૃથ્વીની ગતિમાં વધઘટ માને છે. પૃથ્વી સર્કલમાં નહિ પણ લંબગોળ ફરે છે, અમુક એરિયામાં ગતિ વધે અને અમુક એરિયામાં ગતિ ઘટે, તેથી આમાં જર્ક આવે જ. પણ હજુ સુધીમાં પૃથ્વીના Accelerationથી પેદા થતા જર્ક દુનિયાની કોઇપણ પ્રયોગશાળામાં નોંધાયા નથી, જે બહુ આશ્ચર્યકારી છે. વિજ્ઞાનની વાતોમાં પૂર્ણ સત્ય નથી.વિજ્ઞાનના ક્ષેત્રમાં પણ રાજકારણ અને વેપારી તત્ત્વ ઘણું ઘૂસી ગયું છે. રાજકારણ સાચી વાતોને બહાર આવવા ન દે, અને વેપારી તત્ત્વ પોતાનો સ્વાર્થ સધાય તે રીતે જ સંશોધન કરે. માટે આ બધા ક્ષેત્રમાં તત્ત્વજિજ્ઞાસાથી પ્રવૃત્તિ થાય જ નહીં. વળી તે ક્ષેત્રમાં કલ્પના, મતભેદોનો પણ પાર નથી. છતાં આજે પુરવાર કરશે અને કાલે જ આઉટડેટેડ કહેશે. આવી માન્યતાઓ સ્વીકારી લેવી વાજબી નથી.

## સ્યાદ્વાદ સાચા-ખોટાનો શંભુમેળો નથી :

કેટલાક કહે છે કે દુનિયાની બધી જ વાતોનો સમન્વય કરો એટલે સ્યાદ્વાદ. પરંતુ સાચું-ખોટું બધાનો શંભુમેળો કરો એટલે સ્યાદ્વાદ ? પણ આવો સ્યાદ્વાદ ભગવાને બતાવ્યો નથી. ઘણા શું માને છે કે ભગવાન મહાવીરે અનેકાન્તવાદ બતાવ્યો છે, માટે ઝઘડા સમાપ્ત થઈ જવા જોઈએ, છતાં પણ હજુ આપણે ઝઘડા પકડીને બેઠા છીએ, જો ખરા અર્થમાં આપણે સ્યાદ્વાદને સમજ્યા હોઈએ તો ઝઘડા રહે જ નહીં. પરંતુ શું આ સાચું છે ? ભગવાનને બધાની સાથે મતભેદ હતો કે સમન્વય થઈ ગયેલો હતો ? જ્યાં જ્યાં પ્રભુને ખોટું લાગ્યું ત્યાં ત્યાં તેની સમીક્ષા, ખંડન ભગવાને કર્યું છે. ગોશાળો ખોટો છે તેમ પ્રભુએ કહ્યું છે. માટે શું ભગવાનને સ્યાદ્વાદ લગાડતાં ન્હોતો આવડતો ? પોતાના સગા ભાણેજ પોતાના જમાઈ છે, તેની સાથે જ મતભેદ પડ્યો છે, જેનું મરતાં સુધી સમાધાન ન થયું. અનેકાન્તવાદ સ્વીકારો એટલે બધું પતી જાય ? કોઈ કહે આત્મા છે, કોઈ કહે આત્મા નથી; કોઈ કહે દાન આપવું તે ધર્મ છે, કોઈ કહે તે અધર્મ છે; કોઈ કહે સત્કાર્ય કરવાં તે ધર્મ છે, કોઈ કહે તે અધર્મ છે. આમ, તમે ગમે તે રીતે સ્યાદ્વાદને જોડશો તો જંગલીવાદ થઈ જશે. અત્યારે સ્યાદ્વાદના નામથી ઘણી જ ગેરસમજો ફેલાવાય છે; જેમકે વિજ્ઞાન એની અપેક્ષાએ સાચું છે, આપણે આપણી અપેક્ષાએ સાચા છીએ. મકાન લંબચોરસ છે, ગોળ પણ છે, સમચોરસ પણ છે, અને કોઈ કહે મકાન ઊંધું પણ છે. આ બધામાં શું બધું જ સાચું ? જો બધા પોત-પોતાની અપેક્ષાએ સાચા, તો મિથ્યાવાદ થશે.

આપણી પાસે અનેકાન્તવાદ હોવાને કારણે જ આપણે ક્યાંય પણ રહેલા સત્યને તારવી શકીએ છીએ. આપણી ઉદાર બુદ્ધિ હોવાના કારણે બીજાના સિદ્ધાંતો પણ જો દૃષ્ટિકોણથી સાચા હોય તો સ્વીકારવામાં વાંધો નથી. સ્યાદ્વાદના કારણે ઉદાર-વિશાળ બુદ્ધિ આવે છે, પરંતુ તત્ત્વ-અતત્ત્વનો શંભુમેળો તે સ્યાદ્વાદ નથી, સાપેક્ષતા પ્રત્યેક ઉદાહરણમાં લઈ જવાય છે. એક જ વ્યક્તિમાં દીકરો, બાપ, ભાણેજ બધા જ સંબંધો અપેક્ષાએ બંધબેસતા છે, ક્યાંય કલ્પનાને અવકાશ નથી. સ્યાદ્વાદ ચોક્કસ દૃષ્ટિકોણથી વાસ્તવિક રજૂઆત કરવા માટેની શૈલી છે. માટે જ સાપેક્ષવાદના સિદ્ધાંતને જે પકડશે તેને વ્યવસ્થિત દૃષ્ટિ મળશે, પરંતુ કોઈપણ વાતની ખોટી પકડ કે કદાગ્રહ નહીં આવે.

## નયવાદ :

સ્યાદ્વાદ સાથે જોડાયેલો બીજો શબ્દ નયવાદ છે. નય શબ્દ વ્યવહારમાં વપરાતો શબ્દ નથી, પરંતુ શાસ્ત્રમાં ઘણો જ પ્રચલિત છે. નિશ્ચયનય, વ્યવહારનય-આ બધા શબ્દો ઘણા જ

ઠેકાણે વપરાય છે. પરંતુ તેનો ભાવાર્થ શું ? નયવાદ એ દાર્શનિક વિશેષતા છે. નયવાદ એટલે એક એંગલ(દષ્ટિકોણ) છે. જ્યારે પદાર્થનું મૂલ્યાંકન કરવા જાઓ કે તેની વિચારણા કરવા જાઓ, ત્યારે ચોક્કસ દષ્ટિકોણથી બુદ્ધિ દોડાવવી તેને નયજ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન વાસ્તવિકતાને પકડવા ઉપયોગી છે. નયજ્ઞાન એટલે આંશિક સત્ય જ્ઞાન. પ્રમાણજ્ઞાન એટલે પૂર્ણ સત્ય જ્ઞાન, તે જ સ્યાદ્વાદ છે. આ વાદને સમજવા માટે આપણે એક દષ્ટાંતથી તેને વિચારીએ.

## એક હાથી અને છ આંધળાનું દૃષ્ટાંત :

એક હાથી છે અને છ આંધળા માણસ છે તથા એક દેખતો માણસ છે. આ દૃષ્ટાંતનો મર્મ ઘણો જ ઊંડો છે. હવે સામાન્ય રીતે આંખથી આંધળો જોઈ શકતો નથી. આમાં સંપૂર્ણ આંધળો લેવાનો છે, જેને કોઈપણ વસ્તુનું જ્ઞાન કરવું હોય તો સ્પર્શ કરીને અનુમાન દ્વારા તે કરી શકે છે. તે હાથ ફેરવીને પદાર્થોના આકાર, સપાટીઓ તથા તેનાં ગુણધર્મોને નક્કી કરી શકે છે. ઉદાહરણમાં છ આંધળાને મૂક્યા છે. વસ્તુમાં એક વિશાળ કાયાવાળો હાથી લીધો છે. સાતમો એક દેખતો માણસ છે. નિર્મળ ચક્ષુથી તે જોઈ શકે છે. ઉપમારૂપં આ દૃષ્ટાંત છે. કોઈપણ વસ્તુનું સાંગોપાંગ જ્ઞાન કરવા પૂર્ણ દૃષ્ટિ જોઈએ તે આપણી પાસે નથી, માટે આપણે આંધળા કહેવાઈએ છીએ. સામાન્ય માણસ ચામડાની આંખથી જુએ છે, જ્યારે કેવળજ્ઞાની મહાત્માં વસ્તુને પૂર્ણતાથી પામી શકે છે, જાણી શકે છે, સમજી શકે છે. આ સાચી દૃષ્ટિ છે. આમાં વિશિષ્ટ જ્ઞાની લેવાના છે, જે દર્શન સાંગોપાંગ કરે છે; જેમ આંખોવાળો હાથીને બરાબર જુએ છે, પરંતુ આંધળો તે રીતે જોઈ શકતો નથી. તે આંધળાઓને હાથી કેવો છે તે જાણવું છે. તેમને મહાવતે કહ્યું કે આજે હાથી મૂડમાં છે, માટે થોડી રમત તેની સાથે કરશો તો વાંધો નથી. માટે છએ જણા હાથીનો આકાર કેવો છે તે નક્કી કરવા નજીક ગયા છે. તેમાં એકે સૂંઢ પકડી, તેને હાથી કમાન જેવો લાગ્યો; જ્યારે બીજાના હાથમાં પૂંછડું આવ્યું, તેને હાથી દોરડા જેવો લાગ્યો; ત્રીજાના હાથમાં પગ આવ્યો, તેને હાથી થાંભલા જેવો લાગ્યો; જેના હાથમાં કાન આવ્યા, તેને હાથી સૂપડા જેવો લાગ્યો; અને જેના હાથમાં પેટ આવ્યું, તેને પટારા જેવો લાગ્યો; જેનો હાથ પીઠ ઉપર આવ્યો તેને હાથી સપાટ શીલા જેવો લાગ્યો.

બધાએ પોતપોતાની રીતે સ્પર્શ દ્વારા અવલોકન કરીને સ્ટેટમેન્ટ કર્યું છે. બધા બુદ્ધિથી વિચારીને બોલ્યા છે. જેના હાથમાં પૂંછડું છે તે એમ જ બોલે છે કે હાથી દોરડા જેવો લાગે છે. જાત અનુભવની હકીકતને રજૂ કરે છે, પણ કોઈના હાથમાં આખો હાથી આવ્યો નથી. એક એક અંગ આવ્યું છે, માટે તેટલા અંશમાં સત્ય છે. આ બધાનાં વિધાનો આંશિક સત્ય છે, પરંતુ આ ક્યારે આંશિક સત્ય કહેવાય ? જો સાપેક્ષતા જોડો તો આંશિક સત્ય કહેવાય.

સૂંઢની અપેક્ષાએ હાથી કમાન જેવો છે, પરંતુ પગની અપેક્ષાએ હાથી કમાન જેવો નથી, પેટની અપેક્ષાએ હાથી કમાન જેવો નથી. આ બધાનો અર્થ શું ? જેમ અપેક્ષા ન જોડવાથી વિધાન સત્ય ન બની શકે, તેમ વાસ્તવિક અપેક્ષા જોડ્યા વિના પણ સત્ય નક્કી ન થઇ શકે, તેથી સમ્યગ્ અપેક્ષા ઉપર જ સત્ય નિર્ભર છે; અને નિરપેક્ષ હોય તો બધાં વિધાનો ખોટાં ઠરે.

આપણે કોઈપણ વસ્તુનું અસ્તિત્વ એક સાથે સંપૂર્ણ જોઈ શકતા નથી, એકી સાથે બધા સંદર્ભને પકડવાની આપણી તાકાત નથી, જ્યારે પૂર્ણજ્ઞાની દરેક પાસાથી જોઈ શકે છે. આપણી પાસે તો વાણીની સીમા પણ ઘણી નાની છે અને આપણે જેટલું જાણીએ છીએ તેટલું પણ વાણી દ્વારા અભિવ્યક્ત કરી શકતા નથી, છતાં આપણે જે પણ વિધાન કરવું હશે તે વાણી દ્વારા જ થશે; અને શબ્દપ્રયોગમાં સાપેક્ષતા વગર ચાલે જ નહિ, નહિતર મૃષાવાદનું પાપ લાગશે. તેથી જે પણ અનેકાન્તદૃષ્ટિવાળા ન હોય તેને મૃષાવાદનું પાપ લાગે જ છે, કેમ કે સીધી અને સાચી વાતમાં પણ અપેક્ષા ન હોય તો તે ખોટી ઠરે છે. એટલે વાણીમાં સત્ય અને સાચી વાતનો પ્રયોગ કરવાનો અધિકાર અનેકાન્તવાદીને જ છે.

**સભા :-** *સત્ય-અસત્યને અનેકાન્ત સાથે શું સંબંધ છે ?*

**સાહેબજી :-** તમને ખબર નથી, સત્યમાત્ર સાપેક્ષ છે. સાપેક્ષતા ન જોડો તો તમે જગતમાં સત્યમાંથી બહાર નીકળી જાઓ છો, અને અસત્યમાં જોડાઈ જાઓ છો. ભગવાન મહાવીરના સિદ્ધાંતોમાં મૂળ મર્મ ક્યાં છે, તે તમે ઘરે જઇને મંથન કરો, ઊહાપોહ કરો, મનન કરો અને તેમાંથી પ્રશ્નો લઈને આવો, તો અમને પણ એમ થાય કે તમે સમજવા પ્રયત્ન કરી રહ્યા છો. એક પણ વાક્ય નિરપેક્ષ હોય તો શોધીને લાવો. જો નિરપેક્ષતા જોડશો તો અસત્ય થઈ જશે.

હાથી અને આંધળાની જે વાત ચાલે છે, તે બેસે છે ? આ આંધળાઓ જે બોલે છે તે વિચારીને બોલે છે. આ બધા ગાંડા નથી, સમજદાર છે, ભેજાં ખસી ગયેલા નથી; છતાં પણ છએમાંથી એકેનું વિધાન બીજાને મળતું આવતું નથી. વસ્તુ એક જ છે, પણ સાંભળનારને લાગે કે બધા જુદી વાત કરે છે. અંશની અપેક્ષાએ છએ છ સાચા છે, પરંતુ આખો હાથી કોઈએ કહ્યો તેવો નથી; પરંતુ અંશથી સત્ય છે, પણ સંપૂર્ણની અપેક્ષાએ ખોટા છે. **નયવાદ એટલે આંશિક સત્ય, સ્યાદ્વાદ એટલે પૂર્ણ સત્ય.** છએની વાતમાં કંઈક તથ્ય છે. ગાંડા કે વિભ્રમ થયો હોય તેવા શું બોલે ? જેમ કે જેના હાથમાં પૂંછડું આવે અને કહે કે "હાથી પટારા જેવો છે", સૂંઢ હાથમાં આવે અને કહે કે "હાથી સૂપડા જેવો છે". સૂઢમાં ક્યાંય સૂપડાનો આકાર છે ? માટે આમાં ક્યાંય આંશિક સત્ય પણ નથી.

* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

વાસ્તવિકતા સાથે થોડો પણ મેળ બેસે તો આંશિક સત્ય થાય. નય અંશને પકડે છે, માટે નયોને પકડીને પૂર્ણ સત્યને પામવાનું છે. પણ આનું વર્ણન આગળ લઈશું. વ્યવહારમાં પણ આગળ કહેલું બધું સાચું ક્યારે ? જો અપેક્ષાએ બોલો તો જ, અને વાસ્તવિકતા સાથે મેળ ખાય તેવું બોલો તો જ; જેમ કે સૂંઢની અપેક્ષાએ હાથી કમાન જેવો છે, કાનની અપેક્ષાએ હાથી સૂપડા જેવો છે. હું તમને પૂછું છું કે તમારા જીવનમાં સાપેક્ષતા છે ? તમારે તીર્થંકરના સિદ્ધાંત સાથે લેવાદેવા ખરી ? એમના સિદ્ધાંતોને પકડો છો ? સમજો છો ? અપનાવો છો ? કે પછી બધું લોલં લોલ ચાલે છે ? કે પછી સાચું જૈનત્વ પામવામાં રસ નથી ? દુનિયા જે રીતે જાણે અને સમજે, તેના કરતાં જૈનની મનોદશા-વિચારધારા જુદી હોવી જોઈએ.

## હિંસા-અહિંસામાં અનેકાન્તવાદ :

ઘણા બેવકૂફો એવું બોલે છે કે "મહાવીરની વિશેષતા એ છે કે તેમણે આચારમાં અહિંસા બતાવી છે, અને વિચારમાં અનેકાન્તવાદ બતાવ્યો છે." ગાંધીજી -રાધાકૃષ્ણન, અરે ! ઘણા અમારા સાધુઓ પણ તથા આચાર્યો પણ આવું બોલે છે. ખબર નહિ આવું કયા શાસ્ત્રમાંથી પકડી લાવ્યા છે. આચારમાં અહિંસા પણ એકાન્તે છે કે અનેકાન્તે છે ? કોઈ એવો આપણા ધર્મનો આચાર નથી કે જેમાં અનેકાન્તવાદ ન હોય. પ્રત્યેક પ્રવૃત્તિમાં અનેકાન્તવાદ છે. ભગવાને કહ્યું કે એક કંથવાની પણ જો સ્વાર્થ ખાતર હિંસા કરો તો પાપ છે, કર્મ બંધાય છે; અને જો તે વખતે તીવ્ર ભાવ હોય તો અસંખ્ય ભવ સુધી દુર્ગતિમાં જવાનું થાય. અહિંસાને જયારે સ્થાપિત કરવાની આવી ત્યારે નાનામાં નાની હિંસાને વખોડી, પરંતુ જયારે ન્યાય-નીતિ-ધર્મનો પ્રશ્ન આવે ત્યારે હિંસાનો વિચાર કરવાનો નથી તેમ કહ્યું.

**સભા :-** *સાહેબજી ! એકાદ દાખલો આપો.*

**સાહેબજી :-** પ્રસંગ આવે ધર્મ ઉપર આપત્તિ આવતી હોય, જેમ કે ગુંડા-બદમાશ દહેરાસર લૂંટવા આવી રહ્યા છે, અને તમને ખબર પડી, તો તે વખતે તમારે શું કરવાનું ? કહ્યું કે દોડી જવાનું; તે વખતે મારામારી પણ કરવી પડે. અહીંયાં કાંઈ અહિંસા પાળવાની ? જો એકાન્તે હોય તો બધે અહિંસા પાળવાની આવે. હિંસાની પ્રવૃત્તિ ધર્મમાં કરાય કે નહિ ? વખત આવે તલવાર પણ ખેંચાય ? શાસ્ત્રમાં આવે છે કે પૂ.આ. શ્રીકાલિકાચાર્યે સાધ્વીજીના શીલની રક્ષા ખાતર યુદ્ધ ખેડ્યું હતું. લાખો માણસો મરે તેવું યુદ્ધ ખેડ્યું હતું. પોતે પાછા મોખરે ઊભા હતા. આ પ્રવૃત્તિને ક્યાંય અધર્મ કહ્યો નથી, પાપ કહ્યું નથી, પણ ધર્મ કહ્યો છે. આમ અહિંસામાં

પણ અનેકાન્તવાદ છે. વિચારમાં પણ અનેકાન્તવાદ છે, આચારમાં પણ અનેકાન્તવાદ છે. ધર્મ એટલે આચાર-વિચારોનો સમન્વય છે. પ્રત્યેક પ્રવૃત્તિમાં અનેકાન્તવાદ છે.

**સભા :-** *સાહેબજી ! પાણી ગરમ કરીને પીએ તો તેમાં અહિંસા થાય ખરી ?*

**સાહેબજી :-** શ્રાવક પાણી ગરમ કરે છે તો પાપ લાગે છે, પણ સીધું કાચું પાણી પીએ તો શું પાપ નથી લાગતું ? લાગે જ છે. પણ પાણી ગરમ કરવા પાછળનો ઉદ્દેશ શું છે ? કાચું પાણી વિકારી છે, ઉકાળેલું પાણી નિર્વિકારી છે. અને બીજા ઍંગલથી વિચારો તો તમે સજીવને સીધું મોંમાં નાખો તો શું ભાવ થશે ? અને નિર્જીવ કરીને નાંખશો તો ભાવમાં ઘણો ફેર પડશે. અને ત્રીજા દૃષ્ટિકોણથી વિચારીએ તો જે શ્રાવક ઉકાળેલું પાણી જ પીએ છે, તેના માટે દુનિયાના બધા જ કાચા પાણીનો ત્યાગ થશે. જે ઉકાળેલું પાણી નથી પીતો તેના દ્વારા તમારાં બધાં ઘરોમાં ટાંકી આદિના પાણીના જીવોને કેટલું જોખમ ? ગમે તે સગાના ઘરે જઈને પાણી પીઓ, માટે આ બધા જીવો તમારાથી અસલામત છે, આ બધા જીવોની તક મળે તો હિંસા કરવાની તમારી તૈયારી છે. માટે આ બધા કારણોસર ઉકાળીને પાણી પીવું હિતાવહ છે.

**સભા :-** *આ બધા જીવોની હિંસા અમે ક્યાં કરવા જવાના ?*

**સાહેબજી :-** પ્રવૃત્તિથી જ પાપબંધ થાય તેવું નથી, પણ પાપ કરવાનો ભાવ પડ્યો હોય તો પણ પાપ બંધાય છે. જો હિંસા કરો તો જ તે પ્રવૃત્તિથી પાપ બંધાતું હોય તો હિંસા કરનારને મજા પડી જશે. વિચારો, તમારી પાપ કરવાની તાકાત કેટલી ? એક કસાઈ પણ મારી મારીને કેટલા જીવ મારશે ? શાસ્ત્રમાં કાલસૌરિકનું દૃષ્ટાંત આવે છે કે તે દિવસના દરરોજના ૫૦૦ પાડા મારતો. જો તેણે ૫૦૦ની જ હિંસા કરી તો બીજા બધા જીવોની અહિંસા પાળી કહેવાશે. માટે તેને પાપ વધારે બંધાય કે પુણ્ય વધારે બંધાય ?

તેવી જ રીતે તમે જુઠું દિવસમાં કેટલી વખત બોલશો ? પણ જો તક મળે તો ૧૦૦ વખત પણ બોલવાંની તૈયારી ખરી ને ? કારણ જુઠ્ઠું બોલવાનું વલણ, ભાવના પડ્યાં છે. માટે બોલો કે ન બોલો પણ પાપબંધ ચાલુ જ છે.

જે ઉકાળેલું પાણી પીએ છે, તેને તો પચ્ચક્ખાણ છે, માટે તે ક્યાંય પણ જશે તો કાચું પાણી પીવાનો નથી, માટે તેને પાણી પીવાની હિંસામાં મર્યાદા આવી જાય છે. આમ જુઓ તો પાણી ઉકાળવામાં બેવડી હિંસા છે. એક તો પાણીના જીવો, અને બીજા અગ્નિકાયના જીવો બંને મરશે. પરંતુ જીવોની હિંસા ઓછી છે, માટે ઉકાળેલું પાણી પીવું તેવું નથી, પરંતુ તેમાં

નિર્વિકારિતા આદિ બીજા પણ ઘણા લાભો છે. અહિંસામાં એકાંત નથી, પણ અનેકાન્ત મૂક્યો છે. ભગવાનના શાસ્ત્રનું એક પણ પાનું-પાસું સ્યાદ્વાદ વગર વિચારાય નહિ.

**સભા :-** *એક પાટીવાળો છે, તે સામાન ઉપાડીને બીજે મૂકે છે. તે બોજો ઉપાડે છે અને આ તેનો ધંધો છે, તેમાં સાપેક્ષતા કઈ રીતે ?*

**સાહેબજી :-** ધંધોમાત્ર જ કમાવાની સાપેક્ષતા. હવે તેમાં તેણે મજૂરી કરી તે પારકી કરી કે પોતાની કરી ? તેણે પારકાની મજૂરી કરી છે. પણ તે કઈ અપેક્ષાએ કરી ? પૈસાની અપેક્ષાએ કરી તેમ કહી શકાય. હવે વર્તમાનની અપેક્ષાએ મજૂરી કરી, પણ બીજા કાળની અપેક્ષાએ મજૂરી કરી નથી; આમ, બધામાં કાળની અપેક્ષા તો લાગશે જ.

ધારો કે પરોપકારી માણસ હોય તે પાડોશીનું કામ કરી આપશે. માટે તે કામ તેણે બીજા માટે કર્યું છે, તે પણ નિઃસ્વાર્થ ભાવે, કોઇ પણ લાભની આશા વગર, પરોપકારની દૃષ્ટિએ મજૂરી કરી છે; જ્યારે બીજો આ જ કામ પોતાના સ્વાર્થ માટે કરતો હોય, તો તે સ્વાર્થની અપેક્ષાએ મજૂરી કરી ગણાશે. માટે જેવો જેનો પરિણામ હશે, તેવો બંધ થશે.

**સભા :-** *પણ તેમાં પુણ્યબંધ નથી ?*

**સાહેબજી :-** અમુક અપેક્ષાએ પુણ્યબંધ છે, અમુક અપેક્ષાએ પુણ્યબંધ નથી. તેમાં પણ સાપેક્ષતા આવશે. પુણ્ય મુક્તિનું સાધન છે, તેમ પુણ્યને સંસારનું બંધન પણ કહ્યું છે. પરંતુ કઈ રીતે છે, તે સમજવું પડે. તેમાં ભૂમિકા-ભાવ આદિની અપેક્ષા આવશે, પરોપકારની બુદ્ધિથી કરે તેટલા માત્રથી પુણ્ય મુક્તિનું સાધન નથી બનતું. તમને અપેક્ષાનો ઉઘાડ થતો જશે, તેમ તર્કો સમજાશે.

જૈનશાસનમાં આચારના ક્ષેત્રમાં પણ સાપેક્ષતા છે જ. અહિંસાની બાબતમાં એક અપેક્ષાએ સાધુને શું કહ્યું ? કે જીવમાત્રની રક્ષા કરવાની, અને બીજી બાજુ લાભાલાભનું કારણ હોવાના કારણે નદી પાર કરવા હોડીમાં બેસવાની પણ છૂટ આપી. પ્રભુ મહાવીર ગંગા નદી પાર કરવા હોડીમાં બેઠા, જ્યારે તેમને ઉપસર્ગ થયેલો. પ્રભુ તો અહિંસાના હિમાયતી છે, છતાં હિંસા કરી. બધે સાપેક્ષતા છે. હિંસામાત્ર પાપ છે, તે ફક્ત વ્યવહારથી બોલાય છે; પરંતુ અમુક હિંસા ધર્મનું સાધન બને છે, અમુક હિંસા અધર્મનું સાધન બને છે. સ્વ અને પરના હિતમાં હિંસા જરૂરી હોય ત્યાં પણ તમે અહિંસક બનો તો પાપ લાગે છે. દા.ત. જેમ વ્યવહારમાં સભ્ય તરીકે તમારી ફરજ આવે છે કે, રાતનો સમય છે, તે વખતે રસ્તે જતો કોઇ પુરુષ સદાચારી સ્ત્રીની છેડતી

કરી રહ્યો છે, અને તમારી નજર પડે છે, તો તમારી શું ફરજ આવશે ? વખત આવે બદમાશ માણસ સાથે ઝઘડવું, લડવું પડે, મારામારી કરવી પડે. આવા વખતે અહિંસાની વાત કરો તો પાપ લાગે. તેનું રક્ષણ કરવા હથિયાર પણ લેવું પડે. સાગરીતોને લઈને પ્રતિકાર કરવો પડે. કદાચ આમ કરતાં સામેના માણસને વાગી પણ જાય, હિંસા પણ થાય.

આ નિ:સ્વાર્થ ભાવે ફરજ રૂપે હિંસા થઈ તો પાપ લાગે કે પુણ્ય બંધાય ? પુણ્ય જ બંધાય. ધર્મના રક્ષણના, આરાધનાના પ્રસંગે આ જ હિંસા સાધન રૂપ થતી હોય છે, માટે ત્યાં હિંસા વાજબી છે. તેથી વિચારજો કે મહાવીરે એકાન્તે અહિંસા માની કે અનેકાન્તે અહિંસા માની ?

**સભા :-** *ભગવાને તેમને ઉપસર્ગ આવ્યો તો પ્રતિકાર કેમ ન કર્યો ?*

**સાહેબજી :-** સ્વરક્ષણમાં કઈ ભૂમિકામાં પ્રતિકાર વાજબી અને ક્યારે પ્રતિકાર ગેરવાજબી, તેનું પણ વિશ્લેષણ છે. તમને કોઇ લૂંટવા આવે ત્યારે પ્રતિકાર કરો તે ધર્મ નથી. તમે પૈસા-ટકા-સત્તા-કુટુંબ બધું લઈને બેઠા છો, અત્યારે તમે બધું લૂંટાવી દો તેમ નથી, પણ જાતનું રક્ષણ કરો ત્યારે ભાવ શું જોઈએ ? તમારે પરોપકાર કે આરાધનાના ઉદ્દેશથી રક્ષણ કરવું છે ? કે પછી સ્વાર્થ ખાતર સંસારમાં રહીને મોજ-મજા-આનંદ-પ્રમોદ કરવા સ્વરક્ષણ કરવું છે ? જ્યારે સ્વાર્થબુદ્ધિથી સ્વરક્ષણ કરો છો, તે અશુભ ભાવ છે, માટે ત્યાં પાપ બંધાય છે; ધર્મબુદ્ધિથી કરો તો પુણ્ય બંધાય છે. આના ઉપર શાસ્ત્રમાં એક દૃષ્ટાંત છે, તે વિચારીએ.

ચાંપો નામે વાણિયો એક આદર્શ શ્રાવક છે, ગુજરાતમાં પાટણ બાજુનો છે. ચાવડા વંશના રાજાઓ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. ધર્મપ્રેમી બાર વ્રતધારી છે. ધનસંપત્તિ માટે ગામ છોડી પરદેશ કમાવા ગયેલ છે. પુરુષાર્થ અને સ્વબળથી લાખોની સંપત્તિ ભેગી કરી છે. પહેલાં નંગદ નાણું હતું, તે ભેગું કરીને ગામ આવવા નીકળ્યો છે. હવે ગુજરાતના જંગલમાં પેઠો ને હાકોટો પડ્યો કે "આગળ વધતા નહિ, જ્યાં છો ત્યાં જ ઊભા રહેજો, અને પાસે જે છે તે બધું આપી દો; નહિતર જીવતો નહિ જવા દઇએ". વાણિયો બધી પરિસ્થિતિ જુએ છે. સામે ત્રણ જણા છે, તેથી વિચારીને બોલે છે કે "હું સત્યવાદી છું માટે ખોટું નહિ બોલું. પરદેશથી ધન કમાઈને લાવેલ છું, પરંતુ તમે આ સંપત્તિ દાનમાં માંગો છો ? જો દાનમાં માંગતા હો તો આપવા તૈયાર છું, કારણ હું ઉદાર છું; પણ જો બળજબરીથી માંગતા હો તો હું રાતી પાઈ આપવા તૈયાર નથી." વિચારજો, ખુમારી કેટલી હશે ? અત્યારે આવું બને ત્યારે સામેનો શું કહેશે કે "ભાઇ, દાન તો દાન આપી દે." જ્યારે આ તો બહારવટિયો રાજવંશી વનરાજ ચાવડો છે. કહે છે. "અમે ભિખારી નથી કે અમે દાન માંગીએ, બાવડાના જોરથી પૈસા

* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

લઈશું." ત્યારે પેલો કહે છે કે "તો પછી પહેલાં મારું બાવડાનું જોર જોવું પડશે." શ્રાવકમાં નિર્ભયતા-હિંમત કેટલી હોય ? તમારી જેમ હેં હેં કરવા લાગે કે પોલિસ - પોલિસ કરે ?

**સભા :-** *અમે તો આ વખતે બધું જ કાઢીને આપી દઈએ.*

**સાહેબજી :-** પછી પાછા શું કહો કે " હાશ, જાન છૂટી, બલા ટળી". પરંતુ આ રીતે આપો તેમાં કાંઈ તમને દાનનો લાભ ન મળે. હવે ચાંપા પાસે જે બાણ હતાં તેમાંથી તેણે બે બાણ તોડી નાંખ્યાં. માટે બહારવટિયાઓ વિચાર કરે છે કે, વાત પરથી આ માણસ બાહોશ લાગે છે, પણ વર્તન ઉપરથી ચક્રમ લાગે છે; કારણ તેણે પોતાનું શસ્ત્ર લડતાં પહેલાં તોડી નાખ્યું. તેથી પૂછ્યું "તેં આમ કેમ કર્યું ?" જવાબ આપે છે. "તમે મને ઓળખતા નથી. મારે બાર વ્રત છે. તેમાં પહેલાં તો બની શકે ત્યાં સુધી નિર્દોષ નિરપરાધી જીવોની, જાણી જોઈને હિંસા કરવી નહીં; પણ જ્યારે કોઇ વ્યક્તિ આક્રમણ કરે, લૂંટવા આવે, હલ્લો કરે, ત્યારે મારે સ્વરક્ષણ કરવું આવશ્યક છે. પણ તે વખતે મારે નિયમ છે કે એક વ્યક્તિ સામે એક જ બાણ વાપરવું. હવે તમે સામે ત્રણ જણા છો, અને મારી પાસે પાંચ બાણ છે; અને કદાચ લડતાં જો એકાદ બાણ પણ નિષ્ફળ ગયું તો તે વખતે મને કદાચ જીવવાનો લોભ લાગે, અને ચોથું બાણ ઉપયોગમાં લઈ લઉં તો મારું પચ્ચક્ખાણ ભાંગે; માટે મારા વ્રતની સલામતી ખાતર બે બાણ મેં પહેલાં તોડી નાંખ્યાં છે. તમારા ત્રણ માટે ત્રણ બાણ બસ છે." ત્યારે વનરાજ વિચારે છે કે આવાની સાથે વેર ન હોય; આની સાથે લડવું પણ નથી, પણ તેની શસ્ત્રવિદ્યાની પરીક્ષા તો કરવી જ છે. માટે કહે છે કે સામે રહેલા હરણને વીંધી આપ. પરંતુ તેણે વ્રતના કારણે ના પાડી. તેથી કહે છે કે તો પછી સામેના ઝાડમાં રહેલું પત્તું છે તેને વીંધી આપ. તે વીંધી આપે છે, ત્યારે વનરાજ કહે છે "તું અમારી સાથે મૈત્રી કર." તે વખતે ચાંપો જવાબ આપે છે "લુંટારા સાથે મિત્રતા શેની ?" પછી વનરાજ તેની ઓળખાણ આપે છે "હું ગુજરાતના જયસિંહનો પુત્ર વનરાજ છું." આ સાંભળતાં ઘોડા પરથી નીચે ઊતરી પગમાં પડી ચાંપો કહે છે "અન્નદાતા ! આપ અમારા માલિક કહેવાઓ. તમારે જે જોઈતું હોય તે લઈ લો. આવો સ્વામીભક્તિનો અવસર અમને ક્યાંથી મળે ?" હિંમત, સાત્ત્વિકતા, ઉદારાતા આદિ અનેક ગુણો સાથે સ્વરક્ષણ કરે છે. છતાં આવો માણસ પણ સ્વરક્ષણ માટે લડે અને હિંસાદિ થાય તો પાપ અવશ્ય લાગે, તો પછી તમારી શું વાત કરવી ?

તમારે પોતાની સંપત્તિને બચાવીને આરાધનામાં ઉપયોગ કરવો છે કે તેના દ્વારા મોજ-મજા કરવી છે ? સ્વાર્થ માટે ઉપયોગ કરો છો તેથી પાપ તો અવશ્ય લાગે, માત્ર મંદભાવ હોય તો ઓછું પાપ લાગે. તો પછી પ્રશ્ન થાય કે પાપ કોને ન લાગે ? તો જે વ્યક્તિ પોતાનાં જીવન-

સંપત્તિનું સ્વરક્ષણ કેવળ શુભ ભાવથી કરે, તેને હિંસા છતાં પાપ લાગતું નથી. અમે તમને મોજ-શોખ માટે સંપત્તિનું રક્ષણ કરો તો નાલાયક નથી કહેતા, પણ એટલું તો ચોક્કસ કહીશું કે અશુભ ભાવ હોવાને કારણે પાપ તો લાગશે જ.તમારા જીવનના આનંદ ખાતર બીજાનું જીવન લૂંટી લેવાનો તમને કોઈ અધિકાર નથી. તમારા જીવનના આનંદ ખાતર બીજા જીવોને મારો અને કહો કે 'અમને પાપ ન લાગે' તે કેમ બને ?

**સભા :-** *તો પછી બધુ લૂંટાવી દઈએ ?*

**સાહેબજી :-** લૂંટવાં આવે ત્યારે રક્ષણ કરો, પણ શુભ ભાવથી કરો; અને શુભ ભાવથી કરવું હોય તો તમારે તમારા જીવનમાં પવિત્ર ધ્યેય ઊભાં કરવાં પડશે. "સંપત્તિ દ્વારા હું સત્કાર્ય કરીશ." જો આ ભાવ હોય તો પાપ ન લાગે.

ગાંધીજીના જીવનનો દાખલો વિચારીએ. ગાંધીજીને જૈન ધર્મનો પરિચય ન હતો. સ્યાદ્વાદને તેઓ સમજી શક્યા નહોતા, છતાં તેમને અહિંસાની વાતોમાં ઊંડો રસ હતો. એક વખત શ્રીમદ્ રાજચંદ્રને તેઓ પ્રશ્ન પૂછે છે. જો કે તેમનો જવાબ બરાબર ન હતો, ગડબડ હતી. પણ તેમાં શાસ્ત્રીય તથ્ય શું છે ? તે હું તમને કહું છું. ગાંધીજી પૂછે છે કે ધારો કે "હું રૂમમાં બેઠો છું, બારીબારણાં લગભગ બંધ જેવાં છે, એવામાં એક ઝેરી નાગ ધસમસતો મારી સામે આવે છે. તેનું લક્ષ્ય હું જ છું, મારી ગૃહસ્થની ભૂમિકા છે, વળી સાપ છે તે કાતિલ ઝેરવાળો છે. અહીંયાંથી છટકીને ભાગી શકાય તેટલો સમય કે અવકાશ નથી. આ સમયે મારા હાથમાં લાકડી છે. તો તે વખતે અહિંસાના સિદ્ધાંતને પકડીને મારે મરી જવું કે પ્રતિકાર કરવો ? શું કરવું ?" તમારા જીવન ખાતર તેનું બલિદાન લેવું ? કે તમારા જીવનના બલિદાન પેટે એનું જીવન બચાવવું ? કોનું જીવન વ્હાલું ગણવું ? જો તમારું, તો શું કામ ?

**સભા :-** *પણ સાહેબ, એ તો બીજાને પણ મારશે ને ?*

**સાહેબજી :-** તમે બચીને બીજાને નહિ મારો ? તમારા કરતાં શું સાપ વધારે હિંસક છે ? તમે ટ્રેનમાં બેસશો અને માણસ આદિ તેની હડફેટમાં આવી જાય તો શું મરી નહિ જાય ?

**સભા :-** *"પણ અમે જીવીશું તો અહિંસા પાળીશું અને એ જીવશે તો હિંસા કરશે"*

**સાહેબજી :-** તેવો એકાન્ત નથી. અત્યારે તમારું જીવન પણ અનેક હિંસાઓથી ખદબદે છે. જ્યારે સાપ, ભલે તે આક્રમક છે છતાં તે અણસમજુ છે, ઓછો વિકસિત છે;

પરંતુ તમે તમારું જીવન વધારે મહત્ત્વનું ગણો છો અને તેનું જીવન તમે ગૌણ ગણો છો. શાસ્ત્ર કબૂલ કરે છે કે સાપ આક્રમક છે પણ તમે તમારું જીવન બચાવવા તેને મારો તો તમે પણ આક્રમક થયા ને ?

**સભા :-** *અમારે આક્રમક થવું ન્હોતું, પણ સ્વરક્ષણ માટે પ્રતિકાર કરીને જીવન બચાવવું છે.*

**સાહેબજી :-** ચાલો બચાવવું છે અને બચી પણ ગયા. હવે પછી શું કરશો ? ધર્મ-આરાધના-આત્મકલ્યાણ દ્વારા પવિત્ર જીવન જીવશો કે સ્વાર્થ ખાતર મોજ-મજા-આનંદપ્રમોદ માણવાં છે ? ભૌતિક સ્વાર્થ ખાતર જ જીવન બચાવવું છે, છતાં મનમાં માનો કે પાપ ન લાગે, તો તેવું બને ખરું ? તમે કહેશો એ કરડવા આવ્યો, હું કાંઈ સામે મારવા ન્હોતો ગયો; એનો મતલબ એમ કે તમને જે મારવા આવે તે બધાને મારવાનો તમને પરવાનો છે, બાકી બીજાને નહિ, કેમ ? આ કાંઈ સાચા માપદંડ છે ? માટે જો પવિત્ર જીવન જીવવા માંગતા હો તો જ હિંસા થવા છતાં પાપ નહીં લાગે. આરાધના કરી, સાચી સાધના કરી સ્વ-પરનું હિત કરી શકું, એવી ભાવના હોય અને આવું કાંઈ બને ત્યારે એમ થાય કે 'મારી આરાધના લૂંટાઈ જશે' માટે જો સ્વરક્ષણ માટે હિંસા કરુણાબુદ્ધિથી કરે તો પાપ નથી લાગતું. નહિતર આ જ હિંસાથી ચોક્કસ પાપ લાગશે.

આગળ કહેશો કે સાહેબજી ! "મારાથી રહેવાયું નહિ, બીજા જીવોનું જીવન હજુ મને મારા જીવન જેટલું વ્હાલું લાગતું નથી, અને એટલો હું ઉદાર પણ નથી; અને કમોતે મરવાથી આર્ત-રૌદ્ર ધ્યાન થવાથી મારી ભાવિ દુર્ગતિ થાય, તો હું ભવ હારી જાઉં"; આ આશયથી રક્ષણ માટે હિંસા કરે તો પાપ બંધાય, પણ હળવું પાપ બંધાય છે; પરંતુ સ્વાર્થશૂન્ય જીવન જીવતા થાઓ તો વળી પાપ લાગતું જ નથી.

**સભા :-** *પણ સાહેબ ! એ તો છેલ્લી કક્ષાની વાત છે.*

**સાહેબજી :-** ના, જરાય નહિ. છેલ્લી કક્ષામાં તો પ્રતિકાર હોતો જ નથી. ભગવાનનું સ્ટેજ છેલ્લી કક્ષાનું હતું, માટે મારવા આવે ત્યારે તેઓ પ્રસન્નતાથી ઊભા રહે છે. પરંતુ આરાધના કરવાના લક્ષ્યથી રક્ષણ કરવું તે કાંઈ છેલ્લું સ્ટેજ નથી. માટે ભૂમિકાભેદ તો પડશે જ. પ્રભુએ અમારા માટે પણ કાંઈ એવું નથી કહ્યું કે કોઈ મારવા આવે ત્યારે મરી જજો. હું અત્યારે એ ભૂમિકામાં છું કે ન ભાગું તો પાપ લાગે. અમને સાધુ તરીકે પણ સ્વરક્ષણની

છૂટ આપી છે. અને એટલે સુધી કહ્યું કે સર્વના ભોગે પણ આત્મરક્ષણ કરવું, અને વખત આવે ત્યારે સંયમના ભોગે પણ સ્વરક્ષણ કરવું. જો વધારે જીવશો તો આરાધનાનો લાંબો લાભ મેળવી શકશો. કાઉસ્સગ્ગમાં પણ આગાર મૂક્યા છે. તે વખતે આગ લાગે તો ભાગી જવાનું છે. નીચલા સ્ટેજ વખતે સ્વરક્ષણની ના નથી, પણ સ્વરક્ષણ વખતે ભાવ શુભ જોઈએ.

તે જ રીતે બીજાનું રક્ષણ કરતી વખતે પણ એમ થાય કે હું લોકોને બતાવી આપું, મારી નામના થાય, છાપામાં નામ આવી જાય; પરરક્ષણ રૂપ પરોપકારની પ્રવૃત્તિ પણ આવા અશુભ ભાવથી કરો તો પાપ લાગે. વળી તે રક્ષણ કરવા યોગ્ય વ્યક્તિ તમારા સગપણવાળી નીકળે, અને તે સંબંધ ખાતર જ તમે મમત્વથી લડો તો પણ પાપ લાગે. પ્રવૃત્તિ એની એ જ છે, પણ તમે બધે અશુભ ભાવ રાખ્યો છે, માટે જ પાપથી લેપાઓ છો. બધે જીવનમાં તમને સ્વાર્થ નડે છે. તમારું જીવન સ્વાર્થ ખાતર વહાલું કરાતું હોય છે માટે પાપ લાગે છે, પણ શુભ ઉદ્દેશથી કદાચ લાખો કરોડોની હિંસા કરો તો પણ પાપ ન લાગે.

વસ્તુપાળ-તેજપાળે નીતિ ખાતર યુદ્ધ ખેડ્યું છે. ન્યાય આપવા યુદ્ધ કર્યું છે. છતાં પણ તેમને ક્યાંય શાસ્ત્રમાં ગેરવાજબી નથી કહ્યા, કારણ તેમાં અશુભ ભાવ નથી. જો તમારા સ્વાર્થને દફનાવીને પ્રવૃત્તિ કરશો તો પાપ નહિ લાગે. પરોપકારની પ્રવૃત્તિ શુભ ભાવથી કરશો તો ધર્મ બનશે, માત્ર ભૂમિકા પ્રમાણે પરોપકાર જોઈએ. અમે સાધુ છીએ, સ્વરક્ષણ કરીએ છીએ પણ અહિંસક પદ્ધતિથી. મને ખંધકમુનિની જેમ શાંત ઊભા રહેવાનું ભગવાને કહ્યું નથી. કારણ કે આર્તધ્યાનાદિમાં મરું તો આરાધના હારી જાઉં. પરંતુ અમારે સ્વરક્ષણ કરવાનું આવે ત્યારે શું હું કાંઈ હાથમાં તલવાર લઉં ? અહિંસક પદ્ધતિથી બચાવ કરું તો ચાલે. કૂતરું કરડવા આવે ત્યારે અમારા હાથમાં દંડો હોય તો પણ તેને અમે મારતા નથી, પણ વારંવાર બતાવીને ડરાવીને અમે અમારું રક્ષણ કરીએ. અમે હિંસક પદ્ધતિથી રક્ષણ કરીએ તો ન ચાલે, કારણ અમે મહાવ્રતો લીધાં છે; જ્યારે તમે આવાં મહાવ્રતો લીધાં નથી. તેથી બધે ભૂમિકાભેદે પ્રવૃત્તિ કરવાની આવશે, માટે બરાબર સમજો.

હવે મારી સામે બીજો નબળાને મારતો હોય તો અમારી તે વખતે શું ફરજ આવે ? ઉંદરને બિલાડી મારતી હોય તે વખતે તેનું રક્ષણ કરવાની અમારી ફરજ છે, કારણ કે અમે અમારું સ્વરક્ષણ કરીએ છીએ. જ્યારે અમારાથી ઊંચી ભૂમિકાવાળા સાધુને તેમ કરવાનું આવતું નથી. તમે શ્રાવક થઈને હાથમાં હથિયાર લો તે વાજબી થાય, પરંતુ મારા પરોપકારના પ્રયત્નમાં ફેર આવશે. હિંસક પ્રતિકાર સાધુ ન કરી શકે. અત્યારે તમને ભૂમિકાજ્ઞાન નથી,

માટે કઇ ભૂમિકાએ તે જ પ્રવૃત્તિ કર્તવ્ય થશે, કઈ ભૂમિકાએ અકર્તવ્ય થશે; આ ખ્યાલ ન હોવાના કારણે જ ગોટાળા કરો છો.

તમારા અધિકાર ઉપર કોઈ તરાપ મારે તો તે શાંતિથી સહન કરવું તે ગુણ છે, જ્યારે બીજાના અધિકાર ઉપર કોઈ તરાપ મારે તે વખતે તમે શાંત રહો તો દોષ છે. પ્રશ્નથી વિષયાંતર થઇ ગયું છે, પણ સ્પષ્ટતાથી સમજવા બીજું દૃષ્ટાંત વિચારી લઈએ.

પાંડવચરિત્ર-મહાભારત-રામાયણ વગેરે ગ્રંથોમાં પાંડવ-કૌરવ વગેરેનું યુદ્ધ પ્રસિદ્ધ છે. રામ-રાવણ, પાંડવ-કૌરવ ધર્માત્મા સજ્જનો હતા. આ બન્નેનાં યુદ્ધ લડાયાં, પણ તેમાં તફાવત કયાં પડ્યો ? આ વાત આપણે જૈન શાસન પ્રમાણે કરીએ છીએ.

રામ-રાવણનું યુદ્ધ તે ધર્મયુદ્ધ હતું. કારણ શું ? રાવણ મહાસતી સીતાને અપહરણ કરીને ઉપાડી ગયો છે. શીલની રક્ષાનો પ્રસંગ છે, માટે તેને છોડાવવી જ પડે, ન છોડાવે તો તે ફરજ ચૂકે છે. લાખો મરે છતાં યુદ્ધનો સ્વીકાર કરવો જ પડે. પણ જો રામે આ મારી પત્ની છે, તેવી મમતાથી યુદ્ધ કર્યું હોત તો પાપ લાગે, પણ તેમણે મમતાથી યુદ્ધ નથી કર્યું.

જ્યારે પાંડવ-કૌરવના યુદ્ધમાં તો પાંડવોનું સામ્રાજ્ય જુગાર દ્વારા કૌરવોએ પડાવી લીધું છે, શરત તરીકે જંગલમાં મૂક્યા છે, ૧૨ વર્ષ પછી પણ કૌરવો રાજ્ય આપવાની ના પાડે છે. જો તેઓ એમ ને એમ આપી દે તો પાંડવો લડવા તૈયાર નથી, પરંતુ દુર્યોધને યુદ્ધની જ વાત કરી છે. અહીંયાં સ્વાર્થ ખાતર યુદ્ધ હોવાને કારણે તેને ધર્મયુદ્ધ ન કહેવાય. ધારો કે તમારા ઘરમાં ભાડુઆત માલિક બનીને બેસી જાય, અને તે વખતે તમે કોર્ટમાં જાઓ, તો શું ધર્મ કર્યો કહેવાય ? તમને કોઇએ અન્યાય કર્યો, અને તેની સામે મચક ન આપવી અને લડવું તેનું નામ ધર્મ ?

**સભા :-** *તેમાં સાંસારિક ફરજો આવે ને ?*

**સાહેબજી :-** પોતાના પ્રત્યેની ફરજ કે બીજાના પ્રત્યેની ફરજ ? હા, પણ તમે એમ કહો કે " મને સંપત્તિ ન મળે તો મંજૂર છે, પણ મારા આશ્રિતો ન સિદાય તે માટે લડીએ છીએ, બાકી બીજા ઉદ્દેશથી લડતા નથી", છતાં પણ ફરજ આવે ક્યાં ? ફરજ એટલે શું ? ફરજ પણ ક્યાં સુધી આવે ? આ બધાના ખુલાસા છે. તમે ગમે તેમ ફરજના નામે ઘાલમેલ ન કરો. ધર્મની વ્યાખ્યા શું ? પરાર્થ કે પરમાર્થ ધર્મ છે, સ્વાર્થ ક્યાંય ધર્મ નથી. તમને અન્યાય થાય ત્યારે ઊકળી ઊઠો ખરા ?

**સભા :-** *લોહી ગરમ છે, માટે અમે ઘણી વખત ઊકળી ઊઠીએ છીએ.*

**સાહેબજી :-** તમારું ઘર લૂંટાય ત્યારે ફરજ અને બીજાનું ઘર લૂંટાય ત્યારે ફરજ નહિ ? તમારા સ્વાર્થ ઉપર પ્રહાર થાય ત્યારે ઊકળી ઊઠો, સ્વાર્થ માટે તો કૂતરાં પણ લડે છે. તો શું તેમણે ધર્મ કર્યો કહેવાય ? પરાર્થ-પરમાર્થથી જ ધર્મની શરૂઆત થાય છે.

**સભા :-** *કોઈ વ્યક્તિ ખરાબ હોય અને તેને ન કાઢીએ તો કેમ ચાલે ?*

**સાહેબજી :-** તે તમને હેરાન કરે છે કે આખી સૃષ્ટિને હેરાન કરે છે ? પાંડવો જ્યારે વનમાં ગયા ત્યારે આખું રાજ્ય ચોધાર આંસુએ રડ્યું હતું, પણ પછીથી દુર્યોધને ૧૨ વર્ષમાં એવી નીતિથી રાજ્ય કરીને લોકોનાં દિલ જીતી લીધાં છે, સવાઈ નીતિ પાળી છે. તેને વેર તો ખાલી પાંડવો સાથે જ હતું. વળી કોઈને દુર્જનમાંથી સજ્જન બનાવવા માટે ઘણા ઉપાયો છે, સીધી હિંસા જ ઇમ્પ્લીમેન્ટ(અમલ) કરવા જેવી નથી. પરાર્થ કે પરમાર્થ માટે અવસરે હિંસાની અમે ના નથી પાડતા. આખા સમાજને હેરાન કરનાર હોય તો તેની સામે પરાર્થ માટે કરેલી હિંસાની પ્રવૃત્તિ તેને(તે પ્રવૃત્તિ કરનારને) ધર્મ માટે થાય છે, પરંતુ ધોરણ તો નક્કી કરવાં જ પડે.

**સભા :-** *ગાંધીજી લડ્યા તે કેવી પ્રવૃત્તિ કહેવાય ?*

**સાહેબજી :-** ગાંધીજી અંગ્રેજો સામે લડ્યા તેમાં દેશના હિત માટે, સ્વરાજ્ય માટે લડ્યા, પરંતુ દેશનું હિત થાય તેવું તે લઈ આવ્યા હોત તો અમે સાધુ તરીકે તેમને અભિનંદન આપીએ, પણ સ્વરાજ્ય તે કેવું લાવ્યા ? તમારો ૪૦ વર્ષનો અનુભવ શું બોલે છે ? ચોકઠું જ એવું ગોઠવ્યું છે કે સારો માણસ ત્યાં કામ જ ન કરી શકે, ખરાબ માણસ ત્યાં ફાવે.

લોકશાહી માટે ગાંધીજીએ પોતે શું લખ્યું છે કે તે વેશ્યા છે, વાંઝણી છે. પાર્લામેન્ટ સીસ્ટમ શું ? જેનો કોઈ ધણી ખરો ? સત્તાનો કોઈ ધણી ખરો ? પાંચ વર્ષ દહાડે ધણી બદલાય ને ? જે સત્તાધીશ આવે તે ભૂખ્યા ડાંસ જેવા ને ? સારો માણસ આમાં ચૂંટાઇને આવી શકે ખરો ? સ્વરાજ્ય પહેલાં વાઇસરોય ઓફ ઇન્ડિયા ચક્રવર્તી રાજગોપાલાચાર્યે લખ્યું છે કે "લોકશાહી બંધારણથી આખો દેશ ભ્રષ્ટાચારથી ખદબદી જશે. પાણી પણ મફત નહિ મળે." કેટલું ગણિત માંડી શકે છે ! સ્વરાજ્યનો ઢાંચો જ બરાબર નથી. લોકશાહી જો વાજબી હોત તો ટીકા-ટિપ્પણ કરવાની શી જરૂર ? પરંતુ લોકશાહી પ્રજાનું હિત કરી

શકે તેમ નથી. લોકશાહીમાં 'ટકે શેર ભાજી ટકે શેર ખાજા'નો સિદ્ધાંત છે. સત્તા માટે ચૂંટણીમાં નિયમ શું ? મતાધિકારની વ્યવસ્થા કેવી ? એક ગામડિયાનો અભિપ્રાય અને સુપ્રીમ કોર્ટના જજનો અભિપ્રાય સમાન, બંનેના સરખા રાઈટ્સ ને ? બંનેના અભિપ્રાયનું એક સરખું મૂલ્ય ને ? ગાંધીજીને દેશનું ભલું કરવાની ભાવના હતી, પણ ભોળો માણસ પણ ભાવનાથી દાટ વાળી જાય છે. ચળવળ, આંદોલન એવાં હોય કે વધારે ખાડામાં જ જવાય.

ભગવાનની આજ્ઞા દરેક ભૂમિકાએ જુદી આવશે. તમે જે ભૂમિકામાં હો તે પ્રમાણે પરોપકાર આવશે. બિલાડીને બચાવું તે અમુક ભૂમિકામાં વિચાર કરાય, પણ ઊંચી ભૂમિકામાં વિચાર ન કરાય. બધુ બરાબર સમજો તો તીર્થંકરના ઉપદેશ ઉપર આફરીન થઈ જશો, મસ્તક ઝૂકી જશે.

# ૪

તા. ૦૭-૦૮-૯૪. રવિવાર.

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને સર્વ શાસ્ત્રના સારરૂપ અને સમુચિત સમન્વયવાદનું શ્રેષ્ઠ સાધન એવા સ્યાદ્વાદને સમજાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ જગતમાં જેટલા પણ અજ્ઞાનથી, ગેરસમજથી તથા મિથ્યાજ્ઞાનથી ઊભા થયેલા ધર્મો કે મતભેદો છે, તેને નિવારવાની શક્તિ આ સ્યાદ્વાદમાં છે. એટલે કે જેટલા ગેરસમજથી ઊભા થયેલા મતભેદો છે તેને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવાની અને નિવારવાની શક્તિ આ સ્યાદ્વાદમાં છે.

સત્યને જુદા જુદા અનેક દૃષ્ટિકોણથી સ્યાદ્વાદ સમજાવે છે. તફાવત-મતભેદનું સમજણપૂર્વક નિરાકરણ કરવું હોય તો સ્યાદ્વાદ સમન્વયની શક્તિ ધરાવે છે, પરંતુ જ્યાં સત્ય-અસત્યનો શંભુમેળો છે તેનું નિરાકરણ કરવાની શક્તિ સ્યાદ્વાદમાં નથી. શંભુમેળો એટલે સત્ય-અસત્યનું મિશ્રણ, બધાને એક કક્ષામાં મૂકવા તેનું નામ શંભુમેળો. જ્યારે સ્યાદ્વાદમાં આવું નથી, પણ બધા સાથે સમુચિત સમન્વય કરવો તે સ્યાદ્વાદ છે.

સ્યાદ્વાદ, અનેકાન્તવાદ, સાપેક્ષવાદ આ બધા પરસ્પર સમાન અર્થવાચી શબ્દો છે. પહેલાં આગળ આનો સામાન્ય અર્થ થઈ ગયો છે.

તીર્થંકરોએ સ્થાપેલા જે સિદ્ધાંતોનું આ વર્ણન કરીએ છીએ, તેમાં વિશિષ્ટ તત્ત્વદર્શન કરાવવાની અગાધ શક્તિ છે. સત્યને સચોટ અને વેધકતાથી સ્થાપિત કરવાની તેમાં અપાર શક્તિ છે. તેમાં ખૂબી એ છે કે એક જ વાતને જો જુદી અપેક્ષાએ મૂકવામાં આવે તો તથ્ય ફરી જાય છે.

આગળ જે હાથીનું દૃષ્ટાંત આપેલું તે વિચારીશું. તેમાં આંખથી જોનાર વ્યક્તિ આખા હાથીને જુએ છે. તેના મનમાં જે રેખાચિત્ર છે, તેના કરતાં છએ આંધળાઓનું રેખાચિત્ર જુદું છે, પરસ્પર જુદું વિધાન કરે છે. એક જ હાથીના આકારમાં વિધાનો જુદાં છે. એક કહે દોરડા જેવો છે, એક કહે કમાન જેવો છે, એક કહે થાંભલા જેવો છે. બધાના અભિપ્રાયમાં તફાવત છે. વસ્તુ એક જ છે; એટલે કે હાથીના આકારની જ ખાલી ચર્ચા છે, કાંઇ તેની તાકાતની કે

તેના રંગની એમ જુદા જુદા વિષયની ચર્ચા નથી. એક કહે થાંભલા જેવો છે, એક કહે સૂપડા જેવો છે. આ બે આકારનો મેળ ખાય ખરો ? વિરોધાભાસી વિધાન છે, છતાં પણ પોતપોતાની વાતને સાપેક્ષતાથી મૂકે તો સાચી થઈ શકે છે. પૂંછડાની અપેક્ષાએ હાથી દોરડા જેવો લાગે છે, કાનની અપેક્ષાએ હાથી સૂપડા જેવો લાગે છે. એટલે અપેક્ષાએ બધાની વાત સાચી ઠરે છે, માટે બધે અપેક્ષા લગાડવાની છે.

## સમ્યગ્ સાપેક્ષતા - મિથ્યા સાપેક્ષતા :

અપેક્ષાથી બોલો તો સાચું, નિરપેક્ષતાથી બોલો તો ખોટું. અપેક્ષા વગરનું વિધાન સત્ય થઈ શકે તેમ નથી. આ વિધાનને ઊંધી અપેક્ષાએ બોલો તો, જેમ પગ પકડીને થાંભલાને બદલે સૂપડા જેવો કહો તો વિધાન ખોટું ઠરે છે. માટે સાપેક્ષ વિધાન પણ સમ્યગ્ જોઈએ.

ઊંધી અપેક્ષાથી વિધાન કરો તો વિધાન અસત્ય ઠરે. નિરપેક્ષ વિધાન પણ અસત્ય જ છે, તેમાં શંકા નથી. આ સર્વવ્યાપી સિદ્ધાંત છે. પદાર્થમાત્રનું અસ્તિત્વ સાપેક્ષતાથી ભરપૂર છે. માટે પદાર્થમાત્ર વિષયક વાણી સાપેક્ષ જ હોવી જોઈએ.

આપણને સાપેક્ષતાનો આગ્રહ છે પણ સાપેક્ષતા સમ્યગ્ જોડવાની. તેનું વર્ગીકરણ આ રીતે થશે.

સમ્યગ્ સાપેક્ષવાદ (સમ્યગ્ અનેકાન્તવાદ)

મિથ્યા સાપેક્ષવાદ (મિથ્યા અનેકાન્તવાદ)

સમ્યગ્ એકાંતવાદ (સુનય)

મિથ્યા એકાંતવાદ (દુર્નય)

સમ્યગ્-મિથ્યાની ભેદરેખા સમજવી પડે. મિથ્યા સાપેક્ષવાદ તીર્થંકરોએ ઉપદેશેલો નથી, તેમનો તે વિષય જ નથી. આ બધા નવા શબ્દો તમને અઘરા લાગતા હશે, કારણ તમે યાદ રાખવા ટેવાયેલા નથી. માટે થોડી મહેનત કરીને ટેવાવાની જરૂર છે, નહિતર ધર્મમાં ઊંડા નહિ ઊતરી શકો. પાણીમાં ડૂબકી મારશો તો જ મજા આવશે, દરિયામાં ઊંડે ડૂબકી મારે તેને જ રત્નો મળે છે. તેમ તમે ધર્મમાં ડૂબકી મારશો તો જ ધર્મનાં રહસ્યોને-તત્ત્વોને પામી શકશો, જેથી તમને આનંદ આવશે.

આપણે જગતમાં પરમ આરાધ્ય તરીકે તીર્થંકરને મૂકીએ છીએ. તમે જ્યારે આ બધાં રહસ્યોને પકડી શકશો ત્યારે જ આ તીર્થંકરો પર અનન્ય બહુમાન પ્રગટશે. તેમના આચારો, વિચારો, ગુણો અપ્રતિમ લાગશે. વળી જ્યારે તમને તેમના માટે અનન્ય આદર-બહુમાન

પ્રગટશે, ત્યારે જ તમે તેમને તમારું જીવન સમર્પિત કરી શકશો. અત્યારે જીવન સમર્પિત કરવાની વાત તો ક્યાં; અરે તમે શ્રદ્ધા પણ સમર્પિત કરી શકો તેમ નથી. અત્યારે તમે ભલે સંસારમાં રહો છો, પણ શ્રદ્ધાથી ભગવાનને સમર્પિત ખરા ?

**સભા :-** *હવે થઈશું.*

**સાહેબજી :-** આ વડીલ અમને આશા આપે છે, આશા અમર છે. ચાર મહિના પૂરા થાય એટલે પરીક્ષા લઉં ને ?

**સભા :-** *ચાર મહિના થતાં તો ભૂલી જવાશે.*

**સાહેબજી :-** આ મનુષ્યભવમાં લાખેણી તક મળી છે, તેમ લાગે છે ? અને જો લાગતી હોય તો ચૂકવાનો અફસોસ કેટલો થાય ? પછી તમારા હાથમાં હોય તો ચૂકો ખરા ? બજારમાં જો તમને લાખનો સોદો થાય તેમ હોય તો અગિયારને બદલે દસ વાગે જઈને ઊભા રહો ને ? જ્યારે આને તમે અમૂલ્ય તક માનતા જ નથી. અને જો તેને અમૂલ્ય તક માનતા હો તો ઝડપવા તમે કેટલા જાગ્રત રહો ? તમારા સંસારમાં બધું કામ છોડીને મહત્ત્વના કામને પ્રથમ અગ્રતા આપો છો ને ? તેમ જીવનમાં સૌથી વધારે ધર્મને મહત્ત્વ આપી પ્રથમ અગ્રતા આપવી જોઈએ.

આપણે લીધેલું દૃષ્ટાંત બુદ્ધિમાં બેસે તેવું છે. હાથી એ વિશાળ કદનું પ્રાણી છે, માટે આંખ વગરના આંધળા માણસને તેનું અવલોકન કરવામાં મર્યાદા આવી જાય છે; પરંતુ તેઓ અપેક્ષાથી બોલે તો પરસ્પર વિધાન સાચાં ઠરે, પણ નિરપેક્ષપણે બોલાય તો ખોટાં ઠરે, બીજાના દૃષ્ટિકોણમાં ગેરલાયક ઠરે. તેથી જીવનમાં હરેક ઠેકાણે આપણે સાપેક્ષ રહી શકીશું તો તીર્થંકરોએ કહેલાં તત્ત્વોને, તેનાં રહસ્યોને અને સિદ્ધાંતોને સમજવાની તાકાત આપણે ટકાવી શકીશું.

## કદાગ્રહ - પૂર્વગ્રહ :

કોઈપણ વિધાનને તમે તમારી અપેક્ષાએ વિચારો, છતાં પણ બીજાને સમજીને તેની વાતમાંથી, સત્ય હોય તો તે સત્ય તારવવાની લાયકાત તો આપણામાં જોઈશે જ. બીજાની વાતમાં તથ્ય છે કે નહીં, તે સમજવા માટેનો જો આપણામાં આશય જ ન હોય, તો તેને કદાગ્રહ કે પૂર્વગ્રહ કહ્યો છે અને આ ભયંકર દોષ છે.

બધા ગુણો આવવા છતાં જો તમારામાં કદાગ્રહ હશે, તો તમારી તમામ આરાધના નિષ્ફળ છે; પછી ભલે તમે મહાત્મા થઈને ફરતા હો. એક બાજુ કદાગ્રહ મૂકો અને બીજી બાજુ આત્માના

તમામ દોષો મૂકો તો તેમાં કદાગ્રહદોષ ચડી જાય, કારણ કે કદાગ્રહ દોષ એ ભારે દોષ છે. સત્ય તત્ત્વને સમજવા માટે કે સાચી આરાધના કરવા માટે, આ કદાગ્રહવાળી વ્યક્તિ ગેરલાયક ઠરે છે. આનાં શાસ્ત્રમાં હજારો દૃષ્ટાંતો છે. કદાગ્રહના કારણે જીવો પતિત થઈને તળિયે પહોચ્યા છે. ક્રોધ-અહંકાર-રાગ-દ્વેષ-ઈર્ષા એટલા ભયંકર નથી; પરંતુ આ કદાગ્રહ તો બહુ જ ભારે દોષ કહ્યો છે. આના કારણે જ અનંત આત્માઓ સંસારમાં રખડે છે. "હું જે કહું તે જ સાચું" તેમાં અપેક્ષા જોડવાની નહિ, તે ચાલે ખરું ? પણ જો અપેક્ષા સાચી જોડો તો વાંધો નહિ.

આંધળાને પગની અપેક્ષાએ હાથી થાંભલા જેવો છે. અહીં પગની અપેક્ષા સાથે રાખીને બોલો તો બરાબર છે, પણ નિરપેક્ષપણે આ વિધાન કરો તો ખોટું ઠરે. એક આમ કહે, અને બીજા આમ કહે, તો ઝઘડા જ થાય ને ? તેની જેમ છએ આંધળાઓએ જુદું જુદું કહ્યું છે; પણ તેમાં સાથે અપેક્ષા ન લગાડી હોત તો અંદર અંદર ઝઘડી પડે અને મરતાં સુધી પણ હાથીના આકારને સમજી શક્યા ન હોત. માટે તમે નિરપેક્ષ બનો તો કદાગ્રહ આવે છે.

સ્યાદ્વાદદૃષ્ટિ કેળવવી હોય તો સ્વભાવ કેવો કેળવવો જોઈએ ? જૈન શાસ્ત્રો ભણ્યા પછી પણ, બીજા ધર્મોની કોઈપણ વાત સાચી હોય તો વિચાર કરવાનો, અને ખોટી હોય તો જ તેનું ખંડન કરવાનું છે; પરંતુ બધાનો શંભુમેળો કરવાની આપણા શાસ્ત્રમાં વાત નથી. કોઇની પણ વાતમાં તથ્ય શું છે, તે સમજવાની તૈયારી રાખવાની. દુશ્મન પણ જો સાચી વાત કરે તો સ્વીકારવાની છે. તમને ભલે વ્યક્તિ સાથે વિરોધ હોય પણ સત્ય સાથે વિરોધ તો ન જ જોઈએ; કેમ કે આવો આત્મા કદી પણ સ્યાદ્વાદની દૃષ્ટિ પામી શકતો નથી, કારણ કે તેનામાં પૂર્વગ્રહ નક્કી થઈ જાય છે.

**સભા :-** *પૂર્ણ સત્યની પ્રતીતિ થઈ ગયા પછી, આંશિક સત્યને પકડવાની શું જરૂર ?*

**સાહેબજી :-** તમે વિચારો, પૂર્ણ સત્યની પ્રતીતિ ક્યારે પામશો ? જયારે કેવળજ્ઞાન પામશો ત્યારે. અત્યારે આપણે અજ્ઞાની છીએ, માટે આપણને આંધળાની ઉપમા આપી છે. કેવળજ્ઞાની જ પૂર્ણ છે. આપણે આંશિક સત્યને જ સમજી શકીએ, પૂર્ણ સત્યને સમજવા આપણી પાસે એકમાત્ર માધ્યમ પૂર્ણ જ્ઞાનીનું વચન જ છે; પછી ભલે આપણે જ્ઞાની છીએ તેમ ફાંકો લઈને ફરીએ તે જુદી વાત છે. આ દુનિયા ઘણી વિશાળ છે, તેમાં દેખાતી દુનિયા વિષે પણ તમારું જ્ઞાન વધારે કે અજ્ઞાન વધારે ? અને તે પણ પાછું કેટલા ગણું ?

**સભા :-** *અજ્ઞાન જ વધારે ને ?*

**સાહેબજી :-** જે તમે જોયું નથી તેનું તો અજ્ઞાન જ છે, તે તો તમે સમજી શકો છો. એક

વિજ્ઞાનક્ષેત્રમાં જ કેટલી શાખા છે અને તેમાં તમે કેટલી લાઇનમાં પારંગત છો ? આમાં તો કોઇ પણ બુદ્ધિશાળી કહે કે અજ્ઞાન જ વધારે છે. આપણી પાસે સમુદ્રના બિંદુ જેટલું પણ જ્ઞાન નથી. અત્યારે તો ઢબ્બુ છે તે જ રાઈ લઈને ફરે છે. માટે જ્ઞાની હોવાનો દાવો ન કરાય પરંતુ પૂર્ણ જ્ઞાનીના વચનમાં જ પૂર્ણ સત્ય છે, તેમ દાવો કરી શકાય.

હવે પૂંછડાની અપેક્ષાએ હાથી દોરડા જેવો છે, તે વિધાન કોઈ આંધળાએ જાત અનુભવથી તપાસીને કર્યું છે, માટે આ અપેક્ષાએ હાથી દોરડા જેવો છે, આ સમ્યગ્ વિધાન છે. પરંતુ મારા કહેલા વિધાન સિવાય બીજામાં તથ્ય છે જ નહિ એમ માનશો, તો નિરપેક્ષ થઈ ગયા કહેવાશો. નિરપેક્ષતાને સત્યથી વિરોધ છે.

**સભા :-** *મિથ્યા એકાંતવાદ અને કદાગ્રહમાં અંતર ખરું ?*

**સાહેબજી :-** ના, આ બેમાં તફાવત નથી, કદાગ્રહ આવે ત્યાં મિથ્યા એકાંતવાદ આવે; જ્યારે સાપેક્ષપણે સુનિશ્ચિત વિધાન કરો તો તે સમ્યગ્ એકાંતવાદ, તેમાં કદાગ્રહ ન આવે.

નિશ્ચયનયથી આત્મા શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર છે. મારા, તમારા, કેવળજ્ઞાનીના કે તીર્થંકરોના આત્માઓ આ નયની અપેક્ષાએ સરખા છે. નિશ્ચયનયની અપેક્ષાએ પણ પકડ નહિ રાખવી અને ઢચુપચુ બોલો તો ચાલે ખરું ? આત્મા શુદ્ધ પણ છે અને આત્મા અશુદ્ધ પણ છે, આમ બોલાય નહીં; પરંતુ આ અપેક્ષાએ તો આત્મા શુદ્ધ જ છે, તેમ જકાર સાથે બોલો. યહ ભી હૈ, યહ ભી હૈ; આવું વેવરીંગ માઇન્ડ કાંઇ સ્યાદ્વાદ છે ? બધા એંગલથી સાચું જોવું અને બીજાના વિધાનમાં જે તથ્ય આવે તેનો સાચી રીતે સ્વીકાર કરવો, તેનું નામ સ્યાદ્વાદ છે.

## સમ્યગ્ સાપેક્ષતા :

જૈનશાસનમાં એકાંતવાદનો પણ સંપૂર્ણ વિરોધ નથી; માત્ર સમ્યગ્ એકાંતવાદ જોઈએ; માટે જ સાપેક્ષતા અનિવાર્ય છે, નહિતર સત્યાનુરૂપ દૃષ્ટિ નહિ આવે. વળી મિથ્યા સાપેક્ષતા પણ નહિ ચાલે.

આપણે લીધેલ દૃષ્ટાંતમાં કોઇપણ આંધળો નિરપેક્ષપણે બોલે તો તે વિધાન જુઠું થાય, તથા કોઈપણ આંધળો સાપેક્ષપણે બોલે તે સાચું થાય તેવું પણ નથી; પણ જો અપેક્ષા સાચી હશે તો જ સાચું વિધાન થશે. આ અપેક્ષાએ સાચું છે તે બરાબર, પણ અપેક્ષા સિવાય આ આમ જ સાચું છે તે બોલવું બરાબર નથી. દા.ત. નિરપેક્ષપણે થાંભલો છે તેમ બોલો તો જુઠું.

આ માણસ સુખી છે તેમ બોલો તો ખોટું; પણ આ માણસ અપેક્ષાએ સુખી છે તેમ બોલો તો સાચું. આ દુનિયામાં કોઈ માણસ બધી રીતે સુખી ખરો ? કોઇને પત્ની સારી તો

દીકરો બરાબર નહીં; પત્ની-દીકરો બરાબર તો પાડોશી ખરાબ; આ ત્રણે સારા તો ભાગીદાર બરાબર નહીં; આ બધાં સારાં તો તેનાં બીજાં સગાંવહાલાંમાં કોઈ બરાબર ન હોય. આમ, કદાચ વ્યક્તિ તરીકે જો બધું અનુકૂળ હોય તો સંપત્તિમાં બરાબર ન હોય, અને એ પણ બરાબર હોય તો આરોગ્ય સારું ન હોય. વળી એ પણ સારું મળ્યું હોય તો શરીર બેડોળ મળ્યું હોય, એટલે બધી રીતે કોઇ સુખી ખરા ? આમ, વિચારતાં લીસ્ટ લાંબું દુઃખનું જ થશે. માટે જ નિરપેક્ષપણે આ માણસ સુખી છે તેમ ન બોલાય.આરોગ્યની અપેક્ષાએ સુખી, પત્નીની અપેક્ષાએ સુખી, દીકરાની અપેક્ષાએ સુખી, આમ સુખી બોલવા પર અપેક્ષા જોડવી પડે; તેમ દુઃખી બોલવા માટે પણ અપેક્ષા જોડવી પડે. જ્યાં તમે નિરપેક્ષ બન્યા એટલે સત્યમાંથી બહાર નીકળી ગયા, અને બહાર નીકળ્યા એટલે મૃષાવાદનું પાપ લાગે. જૈન શાસનને પામેલો જીવ ક્યાંય પણ બોલે તો તેના મનમાં તે વખતે સાપેક્ષતા હોય જ. અપેક્ષા નીકળી ગઈ એટલે અસત્ય થઈ જશે. માટે મનોવૃત્તિ કેવી રાખવી જોઈએ ? સમ્યગ્ સાપેક્ષતાની.

## પૂર્વગ્રહ - કદાગ્રહ :

પૂર્વગ્રહ-કદાગ્રહ છૂટવા જોઈએ. નહિતર તેવો જીવ પ્રભુના શાસનને સમજવાની લાયકાત ધરાવતા નથી. આ ખાલી ડોળ કરવાની વાતો નથી. તે જીવ કદાચ લાખ ગુણ કેળવે, જ્ઞાની બને, દયાળુ-કૃપાળુ-ધીર-ગંભીર-તપસ્વી બને, ગમે તેટલા ગુણો કેળવે, પણ હજુ તે વિરાધક છે; હજુ તેને આરાધકની કોટીમાં પ્રવેશ માટે સાચો પુરુષાર્થ કરવાનો બાકી છે. અને સાતે વ્યસનનું પાપ જેટલું ભારે નથી તેના કરતાં અનુબંધની દૃષ્ટિએ આ કદાગ્રહનું પાપ ભારે છે. સામાન્ય રીતે લોકો સાત વ્યસનો સેવતા હોય તેને વધારે પાપિષ્ટ માને, છતાં તેના કરતાં કદાગ્રહનું પાસું ભારે છે.

**સભા :-** *કદાગ્રહનો દાખલો આપો.*

**સાહેબજી :-** શાસ્ત્રમાં આના ઘણા દાખલા છે. મરીચિના ભવમાં શું બનેલું ? નાની સરખી વાતમાં મરીચિ અસત્ય બોલેલા અને આ દૃષ્ટાંત પણ કદાગ્રહના ફળનું દૃષ્ટાંત જ છે. મરીચિ તે ભગવાન આદિનાથના પૌત્ર, ભરતચક્રવર્તીના દીકરા છે. ભરયુવાનીમાં સંયમ-દીક્ષા સ્વીકારી છે. પણ આવું કઠોર સંયમ સેંકડો વર્ષ પાળ્યા પછી શરીરની સુકોમળતાના કારણે તેઓ પોતે હવે સંયમનો વધારે ભાર લઈ શકે તેમ નથી. આમ પાછા પોતે વિકારી કે દુરાચારી નથી, લાખો ગુણ તેમના આત્મામાં મરતાં સુધી છે; પરંતુ શરીરની સુકોમળતાના કારણે સંયમજીવન જીવી શકે તેમ નથી, માટે જ તેમણે ત્રીજો માર્ગ અપનાવ્યો છે.

તેમને મહાત્માઓ માટે સદ્ભાવ છે. તેમની પાસે રૂપ-જ્ઞાન-શક્તિ બધું જ છે. શ્રોતાઓ તેમની પાસે આવે ત્યારે એવું તત્ત્વ સમજાવે કે સામેનો જીવ પાણી પાણી થઇ જાય. તેમને પ્રભુ માટે બહુમાન છે, માટે જ્યારે સામેનો જીવ સંયમની ભાવના પ્રદર્શિત કરે ત્યારે તેઓ તેમને ભગવાન પાસે સંયમ અપાવે. સંયમ માટે તેમને ખૂબ જ સદ્ભાવ છે. કોઈ આવીને તેમને પૂછે કે "તમે આટલી સંયમની વાત કરો છો તો તમે સંયમ શું કામ છોડ્યું?" ત્યારે કહે કે "તે મારી નબળાઈ છે. હું સંયમ પાળી શકું તેમ નથી, પરંતુ જો આત્માનું સાચું કલ્યાણ કરવું હોય તો આ જ માર્ગ છે." હવે વખત જતાં તેમને શિષ્યની જરૂર જણાય છે. એક વખત કપિલ તેમની પાસે આવે છે. તેને ત્યાગનો માર્ગ સમજાવે છે, પરંતુ આને તરત જચી જાય તેવું નથી. માટે વારેવારે પૂછે છે કે "અહીંયાં ધર્મઆરાધના નથી?" તે વખતે મરીચિને લાગે છે કે આ કોઈ ભારેકર્મી જીવ છે. મારો શિષ્ય બનાવવા લાયક છે. માટે કહે છે કે "હે કપિલ! અહીંયાં પણ ધર્મ છે, અને ત્યાં પણ ધર્મ છે" મરીચિ અત્યારે પાંચમા ગુણસ્થાનકે અને બારવ્રતધારી છે. તમે માનો તેવો ત્યાં શ્રાવકધર્મ ખરો કે નહિ? માટે તે વિધાન બોલ્યા તે ખોટું ન હતું, પરંતુ એ વિધાન તેઓ ખોટી અપેક્ષાએ બોલ્યા માટે ખોટું થયું. કપિલનો પૂછવાનો પ્રશ્ન એ હતો કે તમે જે ત્રિદંડીનો આચાર અને વેષ પાળો છો, તેમાં ધર્મ ખરો કે નહીં? અને મરીચિએ કપિલના પ્રશ્નનો આ ગર્ભિત ભાવ સમજવા છતાં પણ કહ્યું કે ત્યાં અને અહીં બધે ધર્મ છે, માટે ખોટી અપેક્ષા જોડી તેમ કહેવાય. કારણ કે કપિલે તેમના પ્રભુ ઋષભદેવકથિત શ્રાવકાચારના પાલનની અપેક્ષાએ "તમારી પાસે પણ ધર્મ તો છે ને?" તેવો પ્રશ્ન ન્હોતો પૂછ્યો, છતાં મરીચિએ તે અપેક્ષા મનમાં રાખીને જ જવાબ આપ્યો. વળી વિધાન કર્યું ત્યાં સુધી તો ઠીક, પણ પછી તેમને તેમાં પકડ આવી. હવે શું થાય છે કે કપિલને શિષ્ય બનાવ્યા પછી તે દરરોજ પૂછે છે કે આપણા મતમાં "તથ્ય શું છે, તત્ત્વ શું છે?" હવે આ કાંઈ ભગવાને કહેલું બધું તત્ત્વ છે તેમ કહી શકે તેમ નથી, તેથી તેમને દરરોજ નવું નવું સમજાવવું પડે, માટે નવા નવા સિદ્ધાંતો આવે, અને તેમાંથી નવો મત સ્થાપ્યો, અને તેમાં કદાગ્રહ આવી ગયો. અને આ જ કારણે પ્રભુ મહાવીરના અસંખ્ય ભવ વધી ગયા. કદાગ્રહનું આ તો મધ્યમ ફળ છે, ઉત્કૃષ્ટ ફળમાં તો અસંખ્ય ભવ નહિ, પરંતુ-અનંતા ભવ વધી જાય; જ્યારે પ્રભુને તો આ એક જ આરામાં પૂરું થઈ ગયું. આદિનાથ ભગવાનના વખતમાં બાંધ્યું અને ચોવીસી સુધી ભટકી મહાવીર ભગવાનના ભવમાં પૂરું કર્યું. માટે જ કદાગ્રહ કાઢ્યા સિવાય સાચી ઉન્નતિમાં ચઢી શકાતું નથી.

## કદાગ્રહ ભયંકર દોષ, સદાગ્રહ ઉત્તમ ગુણ :

કદાગ્રહ દૂર કરવા સ્યાદ્વાદ જ એક સિદ્ધાંત છે. કદાગ્રહ જેમ ભયંકર દોષ છે, તેમ સદાગ્રહ ઉત્તમ ગુણ છે. તમે કોઇ પણ વાત મક્કમતાથી કરો એટલે કાંઇ જક્કી ન કહેવાઓ.

જો છએ આંધળા એમ બોલે કે પગની અપેક્ષાએ હાથી થાંભલા જેવો જ છે, તો તે સાચું જ છે, આ સત્યમાં વાંધો નથી; પણ જો તેમાંથી અપેક્ષા છોડીને કહે તો ખોટું છે. નિરપેક્ષતાપૂર્વકની મક્કમતાં એ કદાગ્રહ છે, સમ્યગ્ સાપેક્ષતાપૂર્વકની મક્કમતા એ સદાગ્રહ છે. સત્યનો આગ્રહ ન રાખો તો સત્યના માર્ગે જ ન જઈ શકાય. ખોટાને ખોટું અને સાચાને સાચું સાત વાર કહેવું જ પડે. તમે જીવનમાં હરેક ક્ષેત્રમાં સદાગ્રહ કેળવો તો અમે રાજી છીએ. સદાગ્રહને ગુણ કહ્યો છે. તત્ત્વનો અભિનિવેશ તો ચોક્કસ રાખવો જ જોઈએ અને રખાવવો જ જોઈએ.

અભિનિવેશ એટલે આગ્રહ, ઢોલકી નહિ બનવાનું. આ જ સાચું, આ જ ખોટું; અપેક્ષાઓ જોડવાની. નિરપેક્ષતાપૂર્વકનો આગ્રહ કદાગ્રહ છે. કદાગ્રહ એ ભયંકર દોષ છે. કદાગ્રહને કાઢવો એ ઉન્નતિ માટેનો પ્રાથમિક પુરુષાર્થ છે અને સદાગ્રહ આગળની ઉન્નતિમાં ચોક્કસ ઉપયોગી જ થશે.

સમ્યગ્ અપેક્ષાપૂર્વકની દઢતા આવશે તો તે સમ્યગ્ એકાન્તવાદ બનશે; નિરપેક્ષતાપૂર્વકની દઢતા તે મિથ્યા એકાંતવાદ છે. કોઈ મને કહે કે વ્યવહારનયથી આત્મા અશુદ્ધ જ છે, કારણ કે વિકારો, દોષો, આસક્તિથી આત્મા ખદબદે છે. ત્યારે સાથે કોઈ કહે કે નિશ્ચયનયથી આત્મા શુદ્ધ જ છે. આમાં સાપેક્ષપણે સમ્યગ્ અપેક્ષાથી દઢતાપૂર્વકનું વિધાન કર્યું તે સાચું જ ઠરવાનું. પરંતુ વ્યવહારનયથી આત્માં શુદ્ધ છે તે વિધાન ખોટું થઈ જાય છે. કારણ કે અપેક્ષા ખોટી જોડી. વિરુદ્ધ સાપેક્ષતા પણ દોષ છે.

**સભા :-** *નિરપેક્ષ સત્યને અસત્ય કહી શકાય ખરું ?*

**સાહેબજી :-** આ દુનિયામાં નિરપેક્ષ સત્ય છે જ નહિં, તો નિરપેક્ષ સત્ય બોલશો કઈ રીતે ? દા.ત. સસલાને શિંગડું છે ? તો ના, છે જ નહિ. તે રીતે નિરપેક્ષ સત્ય પણ છે જ નહીં, તો તેનો વાણીમાં પ્રયોગ પણ ક્યાંથી હોય ? લાવી આપો, જે નિરપેક્ષ હોય છતાં સત્ય હોય, તો અમે વિચારવા તૈયાર છીએ. જગત આખાને તીર્થંકરોએ સાપેક્ષતાથી ગૂંથ્યું છે. આનાથી શ્રેષ્ઠ બીજી કોઇ દષ્ટિ છે જ નહિ. આ સિદ્ધાંત વ્યાપક છે. નિરપેક્ષતા ક્યાંય અસ્તિત્વ ધરાવતી નથી. દા.ત. આ ટેબલ છે અને આ ભાઈ બેઠા છે. તે એક અપેક્ષાએ બંને જુદા છે. જેમકે ટેબલ જડ છે, માણસ ચેતન છે; આ ટેબલ લાકડામાંથી બન્યું છે, જ્યારે આ માણસ આત્મદ્રવ્ય છે, માટે બંને જુદા છે; અને સ્થાનની અપેક્ષાએ પણ તે બન્ને જુદા છે. તેથી તમે કહો કે આમાં ક્યાંય અપેક્ષા જોડવાની જરૂર ખરી ? ટેબલ અને આ ભાઇ જુદા છે, આ તો નિરપેક્ષ સત્ય છે. પણ કોઈ પૂછે કે સંપૂર્ણ રીતે જુદા છે ? તો આ ટેબલ અને તમે સંપૂર્ણ જુદા નથી. જેમ જુદાઈ છે, તેમ સમાનતા પણ છે. જેમકે તમે દ્રવ્ય છો, તેમ ટેબલ પણ દ્રવ્ય છે. દ્રવ્યરૂપે બન્નેમાં સમાનતા છે.

સંપૂર્ણ અસમાનતા હોય, તેવી બે વસ્તુ દુનિયામાં જ નથી. જે અપેક્ષાએ સમાનતા છે, તે અપેક્ષાએ એક છે; જે અપેક્ષાએ અસમાનતા છે, તે અપેક્ષાએ જુદા છે.

**સભા :-** *સાહેબ, બીજું દૃષ્ટાંત આપો.*

**સાહેબજી :-** બે કપડાં છે, તે પણ બે શર્ટ છે. તે બન્ને જણાએ પહેરેલાં છે, માટે બન્ને જુદાં છે. એક હોય તો બે માણસ એકી સાથે પહેરી શકે નહિ, માટે તે બન્ને જુદાં છે. તે નક્કી જુદાં હોવા છતાં તેમાં સંપૂર્ણ ભિન્નતા નથી. તો પછી સમાનતા કઈ રીતે છે ? કપડાંની અપેક્ષાએ સમાન છે, શર્ટની અપેક્ષાએ સમાન છે; છતાં બન્નેના રંગો જુદા છે, ગુણવત્તા જુદી છે, તેના ભાવ પણ જુદા છે, મીલ પણ જુદી છે. તેથી બે શર્ટ વચ્ચેનો તફાવત બતાવવા કેટલીક અપેક્ષાઓ છે, તેમ સમાનતા બતાવવા કેટલીક અપેક્ષાઓ છે.

**સભા :-** *સમાનતા, અસમાનતા બતાડનાર અપેક્ષાની સંખ્યામાં વધઘટ હોઈ શકે ?*

**સાહેબજી :-** હોઇ શકે. ભિન્નતા, અભિન્નતા સાથે રહી શકે છે. આ વિરોધાભાસ લાગે છે. અજ્ઞાની-જ્ઞાની, શ્રીમંત-ગરીબ આ બધામાં જુદાઈ છે અને એક પણ છે. આમ તો આ ચક્રમ જેવી વાત લાગે છે ને ? પરંતુ સ્યાદ્વાદ પરસ્પર જુદાઇ પાડતાં વિધાનોનો સમન્વય કરી આપે છે; તે જ તેની ખરી ખૂબી છે, આ જ તેની આગવી શૈલી છે, દૃષ્ટિ છે. કઈ દૃષ્ટિથી તીર્થંકરે જગતનું તત્ત્વ રજૂ કર્યું છે તે વિચારજો. અને આ હકીકત છે, તેમાં કલ્પનાનો અવકાશ જ નથી. જેટલી પણ તમારી સમજણ-આવડત હોય, તેને તર્કબુદ્ધિથી જોડીને એકપણ નિરપેક્ષ વિધાન લાવી આપો.

**સભા :-** *સિદ્ધભગવંતનો આત્મા નિરપેક્ષ સત્ય બની શકે ?*

**સાહેબજી :-** સિદ્ધ ભગવંતો પોતે પણ વર્તમાનકાળની અપેક્ષાએ જ સિદ્ધ છે, જ્યારે ભૂતકાળની અપેક્ષાએ તેમનો આત્મા પણ ક્ષુદ્ર કે પામર જીવની જેમ નરક-નિગોદમાં રખડતો હતો, એટલે તેમનું પોતાનું જ અસ્તિત્વ કાળ નિરપેક્ષ નથી; તો પછી તેઓ પોતે નિરપેક્ષ સત્ય કઇ રીતે બની શકે ?

**સભા :-** *તો સાહેબ, આ દૃષ્ટિ તો અપૂર્ણ થઈ ને ?*

**સાહેબજી :-** ના, જોનારની દૃષ્ટિ સર્વાંગી છે, સિદ્ધોનો પણ તે સર્વ પાસાથી વિચાર કરે છે.

**સભા :-** *પણ પર્યાયની દૃષ્ટિથી જુએ છે ને ?*

**સાહેબજી :-** પર્યાયની દૃષ્ટિથી જોવું તે અધૂરી દૃષ્ટિ ક્યાં છે ? જે આવી વ્યાખ્યા કરે છે તે સાચા અર્થમાં સ્યાદ્વાદને ભણ્યા જ નથી. કાનજી સ્વામી માને છે કે દ્રવ્યદૃષ્ટિ પૂર્ણ છે, પર્યાયદૃષ્ટિ અપૂર્ણ છે. પરંતુ તે ઉચિત નથી, કારણ કે દ્રવ્ય પણ સત્ય છે, પર્યાય પણ સત્ય છે. પરિપૂર્ણ બોધાર્થે એકલી દ્રવ્યદૃષ્ટિ પણ અધૂરી છે, અને એકલી પર્યાયદૃષ્ટિ પણ અપૂર્ણ છે. વળી પર્યાય પણ સત્ય છે, તો તે જોનારને અસત્ય કેમ કહી શકો ? વસ્તુ એકલી પર્યાય છે કે એકલી દ્રવ્ય છે ? દ્રવ્ય અને પર્યાયનો સમન્વય તેજ પૂર્ણદૃષ્ટિ છે.

**સભા :-** *દ્રવ્ય ધ્રુવ છે, માટે તે સત્ય છે ?*

**સાહેબજી :-** અપેક્ષાએ દ્રવ્યનો પણ નાશ થાય છે.

**સભા :-** *તો શાશ્વતતા ક્યાં રહી ?*

**સાહેબજી :-** ધ્રુવ છે તે દ્રવ્ય છે, પરંતુ ધ્રુવતા પણ સાપેક્ષ છે. માટે પદાર્થમાં શાશ્વતતા પણ અપેક્ષાએ જ સ્થાપિત કરી શકાય. વળી સત્યનો શાશ્વતતા સાથે જ કંઈ અવિનાભાવ નથી, પરંતુ જેનું નક્કર અસ્તિત્વ છે તે શાશ્વત કે અશાશ્વત બધું સત્ય છે. વળી મોક્ષ પણ શાશ્વત હોવાથી સત્ય છે, તે માનવું ખોટું છે; કારણ કે સિદ્ધ પર્યાય પણ સંપૂર્ણ સ્થિર નથી. ઉત્પાદ-વ્યય નીકળી જાય તો વાસ્તવિકતા નીકળી જશે. શું મોક્ષમાં ત્રિપદી નથી ? જો છે, તો મોક્ષમાં ગયા પછી પણ પ્રતિક્ષણ પર્યાય ચાલુ જ છે. મોક્ષમાં પણ પ્રતિક્ષણ પરિવર્તન છે. અનુભવવા રૂપે પર્યાયોનો આનંદ છે, મોજ છે, સુખ છે. ત્યાં તેના ભોગો પણ છે. શાસ્ત્રની દૃષ્ટિએ સમજો તો ખબર પડે. માટે પર્યાયમાત્રને આપણે નકામા ગણ્યા નથી. ઉપરાંત મોક્ષ પણ સ્વયં પર્યાય છે અને સંસાર પણ આત્માનો પર્યાય છે. માટે પર્યાયને તમે જો અધૂરી દૃષ્ટિ માનતા હો તો તમારા અભિપ્રાયથી તો આખો મોક્ષ અધૂરો ગણાય.

**સભા :-** *સ્વદ્રવ્ય-પરદ્રવ્ય જુદા છે ?*

**સાહેબજી :-** ના, અપેક્ષાએ એક જ છે, અપેક્ષાએ જુદા છે.

**સભા :-** *સ્વદ્રવ્ય-પરદ્રવ્ય જુદા હોય તો દયાનો શું મતલબ ?*

**સાહેબજી :-** નિશ્ચયનયનો દયાધર્મ અને વ્યવહારનયનો દયાધર્મ જુદો છે. તમારે

પહેલાં નિશ્ચયનયની સ્વદયા-પરદયા સમજવી પડે. નિશ્ચયનયથી સ્વદયામાં પરદયા સમાયેલી જ છે. નિશ્ચયનય હિંસા કોને માને છે અને વ્યવહારનય હિંસા કોને માને છે, તે બધું સમજવું પડે. જેમ કે માખી પગ નીચે મરી ગઈ, તે વ્યવહારનયથી હિંસા થઈ. જ્યારે નિશ્ચયનય કહે છે કે આમાં જીવહિંસા શાની ? માખી પગ નીચે કચરાઈ ગઈ તો આત્મા મર્યો કે ખોળિયું મર્યું ? ખોળિયું તો આમેય નાશવંત હતું, તે કાંઈ શાશ્વત ન હતું. જેને તમે આત્મા તરીકે ચેતન માનો છો, તે મર્યો નથી. તે તો અજરામર છે. આવી તો તેની કેટલીય દલીલો છે. નિશ્ચયનય કહે છે કે કોઇ આત્મા બીજાના આત્માને મારી શકે જ નહીં. જે નાશ પામે છે તે તો જડ છે. તે વખતે ખોળિયાને દુઃખ થાય છે. ચેતનને દુઃખ થતું જ નથી. મર્યો તે તો તેનું આયુષ્ય પૂરું થયું માટે જ તે મર્યો છે.

**સભા :-** *પણ નિમિત્ત મળ્યું ને ?*

**સાહેબજી :-** નિશ્ચયનય નિમિત્તને માનતો નથી. એક જીવ બીજા જીવની હિંસા કરી શકતો નથી, આયુષ્ય પૂર્ણ થવાથી જ મરે છે.

નિશ્ચયનય કોને હિંસા કહે છે ? તમે તમારા આત્માને પીડા આપો, દુઃખ આપો, ત્રાસ આપો તે જ હિંસા છે. તમારા આત્માને પજવવો તે તમારા હાથમાં છે, સ્વયંનાં સુખદુઃખ પોતાના હાથમાં છે. જેમ કે તમે એક કલાક ગુસ્સો કર્યો, તો તમારા આત્માને કેટલું દુઃખ આપ્યું ? તમે એવા છો કે વગર કારણે આપ મેળે ચૂંટિયો ખણીને જાતને હેરાન કરો ? છતાં પણ ગુસ્સાથી આત્માને કેમ હેરાન કરો છો ? કારણ તમે ગુસ્સાને દુઃખરૂપ માનતા નથી. જો કોઇ તમને શરીર પર ચૂંટિયો ખણે તો રાડ પાડો, તેથી જાતે તો ખણો તેવા નથી; પણ ગુસ્સો કરો છો, તે આંતરિક દૃષ્ટિએ આત્માની હિંસા છે. પરંતુ તમે તેને હિંસા માનતા નથી. જેટલો તમારા આત્માને તમે હેરાન કરો, તેટલી હિંસા કરી જ કહેવાય. નિશ્ચયનયે જે બીજાને મારે છે, બીજાનું ખૂન કરે છે તે પોતાના આત્માની જ હિંસા કરે છે. જે ચોરી કરે છે, તે પોતાના આંતરિક ભાવો, સદ્‌ગુણોની ચોરી કરે છે. આ બધી વાતો તાજ્જુબ થઈ જવાય તેવી છે.

અપેક્ષાએ તમે જાતની હિંસા ચોવીસે કલાક કરી શકો છો. અપેક્ષાએ તમે જાતની અહિંસા ચોવીસે કલાક કરી શકો છો. હિંસા એટલે આત્માને પીડા આપવી. અહિંસા એટલે આત્માને શાંતિ આપવી.

આત્માને ત્રાસથી મુક્ત કરો એટલે આત્માની કરાતી હિંસા બંધ થઈ. આત્માને ત્રાસ આપવો એટલે આત્માની હિંસા ચાલુ થઈ. પરહિંસા કે પરઅહિંસા એ ઔપચારિક છે, તેમ નિશ્ચયનય માને છે. નિશ્ચયનયનું આલંબન લો તો પરદ્રવ્યની હિંસા કે અહિંસા નથી. પરદ્રવ્યની

હિંસા કે અહિંસા તો કાયમ વ્યવહારનયથી છે. સ્વદયા કરવી, સ્વહિંસાથી બચવું-આમ નિશ્ચયનય પ્રેરણા કરે છે.

ત્યારે વ્યવહારનય શું કહે છે ? જો એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર અસર ન થાય તો મારો ગાલ ઉપર થપ્પડ, શરીર ઉપર સોયો ખોસો; જો પરદ્રવ્યની અસર નથી તો કૂદકો કેમ મારો છો ? વ્યવહારનય કહે છે કે સૂફિયાણી વાતો ઘરે મૂકો, અમે તો અનુભવસિદ્ધ બોલીએ છીએ. આમ બંને નયની વાત સાચી છે, માટે બન્ને વાતમાં સાપેક્ષતા જોડવી જોઈએ. તેથી જ સ્યાદ્વાદ આવશે.

**સભા :-** *સાહેબ ! મોક્ષમાં નવા નવા આનંદ છે, તેનો નમૂનો દેખાડો ને.*

**સાહેબજી :-** તમે કેવી વાત કરી ? કંદોઈની દુકાને જઈને કહો કે "યાર પાકિટ ખાલી છે,પણ મારે તારી મીઠાઈ ચાખવી છે. માટે મને આપ" આ વખતે તે તમને મીઠાઈ ચખાડે કે કાન પકડીને બહાર કાઢે ? મફતમાં કાંઈ મળે ખરું ? તેની જેમ મોક્ષના સુખને ચાખવા માટે પણ તમારે કાંઇક સ્તર તો કેળવવું પડશે. મોક્ષનું સુખ મોક્ષમાં મળશે તેવું નથી. તેના સુખની ઝાંખી અહીંયાંથી જ મળશે. જેવા તમે મોક્ષમાર્ગમાં ચઢો એટલે તેનો સ્વાદ મળવાનો ચાલુ થઈ જશે. મોક્ષમાં જતાં પહેલાં તેના સુખનો અનુભવ અહીંયાંથી કરતા કરતા જવાનું છે, કાંઈ દુઃખ વેઠતાં કે કષ્ટ વેઠતાં મોક્ષે જવાનું નથી, મજા માણતાં માણતાં મોક્ષે જવાનું છે.

કષ્ટ કદાચ બાહ્ય દષ્ટિએ વેઠવું પડે, તે પણ કાંઈ બધા આત્માને વેઠવું પડતું નથી. જેને પાપનો ઉદય હોય તેને વેઠવું પડે. મલ્લીનાથ ભગવાન, મરુદેવા માતા કેવી રીતે મોક્ષે ગયાં ? તીર્થંકરોને પણ જેવું જેમનું કર્મ તેવું તેમને કષ્ટ આવે. સાધના કરવા નીકળો તો આંતરિક કષ્ટ તો રતીભાર પણ ન આવે, જેમ જેમ તમે સાધનામાં આગળ વધ્યા એટલે મોક્ષનો આનંદ વધવા માંડ્યો. બાહ્ય દષ્ટિએ પણ જેનો પાપનો ઉદય હોય તેને જ કષ્ટ.આવે.

**સભા :-** *તો તપસ્યાની શું જરૂર ?*

**સાહેબજી :-** આત્માના સુખને માણવાનું સાધન અનુભવ છે, અને તે આત્મસુખનો અનુભવ તપસ્યામાં છે. આત્માના સુખની વ્યાખ્યા કરવાની તમને કહે તો શું કરશો ? એકબીજાનું મોઢું જ જુઓ ને ?

**સભા :-** *બધા દુઃખથી રહિતપણું તે આત્માનું સુખ ?*

**સાહેબજી :-** ના, સુખ એ સ્વતંત્ર ચીજ છે, દુઃખનો અભાવ એ સુખ નથી. જો દુઃખનો

અભાવ એ જ સુખ હોય તો અમને એવો મોક્ષ જોઈતો નથી; કારણ કે સંસારમાં તો કૃત્રિમ-આભાસિક પણ સુખ છે, જ્યારે તેવા મોક્ષમાં તો સુખનું નામનિશાન જ નથી. ભલે સંસારમાં દુઃખનો પાર નથી, પણ કહેવાતું તો ક્ષણિક સુખ છે, કૃત્રિમ-આભાસિક પણ સુખ આપે છે; માટે જો મોક્ષમાં કાંઈ જ સુખ ન હોય તો તેવો મોક્ષ અમારે નથી જોઈતો.

તમે જડના ગુણમાં આસ્વાદ એટલે તેને સુખ માનો છો. તમને દૂધપાકની મીઠાશમાં ટેસ્ટ લાગે છે, શરબતની ખટાશ-મીઠાશ એ બધામાં સુખ લાગે છે; પરંતુ આત્માના ગુણોમાં પણ સ્વાદ છે, તે તમને મગજમાં ઊતરેલું છે ? સંસારમાં એવી કોઈ ક્ષણ નથી કે તમને કોઈ જાતની જરૂરીયાત ન હોય, અને એ કાંઈ એમ ને એમ પૂરી થતી નથી. તેના માટે કરાતો શ્રમ, તમને શ્રમ તરીકે દેખાતો નથી. અહીંયાં તમે શાંત બેઠા છો તે વખતે પણ હાર્ટ-કીડની બધાને ચાલુ રાખવાની જરૂરિયાત છે. અને આ કોણ ચલાવે છે ? આત્મા જ ચલાવે છે. ચોવીસે કલાક આત્મા જીવવા માટે મથી રહ્યો છે. આવા સંજોગોમાં પણ તમને બધે સ્વાદ આવે છે, પરંતુ તમને આત્માના ગુણોનો આસ્વાદ સુખ આપે છે ખરો ?

ગંભીરતા-સમતા-ધીરતા-પ્રશાંતતા-નિર્વિકારિતા આ બધા ગુણોનો સ્વતંત્ર સ્વાદ છે. પૂ. દેવચન્દ્રજી મહારાજે ગાયું કે "હે પ્રભુ આપ કેવા છો ? તો કહે તમે ગુણોના અગાધ સાગર જેવા છો." આ પહેલાં તેમણે આગલી કડીમાં સિદ્ધ કર્યું કે "આપ અનંત ગુણના ધણી છો. તેમાં એક એક ગુણનો અપાર આનંદ છે, અને એવા અનંતા ગુણો આપનામાં છે, અને તમે તે અનંતા ગુણોને ભોગવો છો, માણો છો. હે પ્રભુ તમે જાણે આનંદના પુંજ કે સાગર ન હો. તમે પરમાનંદમાં મગ્ન છો." ગુણોમાં સ્વતંત્ર આનંદ છે, જે એક પ્રકારની મજા ઊભી કરી શકે છે.

**સભા :-** *પર્યાય પ્રતિક્ષણ કઈ રીતે બદલાય ?*

**સાહેબજી :-** સિદ્ધ પરમાત્માનું જ્ઞાન પ્રતિક્ષણ બદલાય છે. જ્ઞાન બદલાય તો ગુણ બદલાય જ. પોતાના ગુણો જ બદલાય છે. સિદ્ધના પ્રતિક્ષણ આંતરિક ગુણો બદલાય છે. ભોગ-ઉપભોગ પ્રતિક્ષણે પરિણમે છે. તમે જ્યારે સાચી રીતે સંસારના સુખનું પણ પૃથક્કરણ કરી શકતા નથી, તો મોક્ષના સુખનો તો વિષય જ તમારા માટે તદ્દન નવો છે. છતાં દાખલા દલીલોથી સિદ્ધ કરી શકાય છે. અહીંયાં બેઠા તમે તે સુખને પકડી શકો તેમ છો ? સીધા જેણે બરફીપેંડા ચાખ્યા નથી અને કહે કે બરફીનો સ્વાદ બતાવો, પરંતુ સ્વાદ લેતાં પહેલાં થોડી બરફી તો મોંમાં મૂકવી પડે ને ? જો તે મૂકવાની ના પાડે તો તેનો સ્વાદ ચાખી શકાય ખરો ? આ

તો જડના સ્વાદ ચાખવા હોય તો તે પણ મોંમાં મૂકવાં પડે છે, સાથે જીભ પણ ચોખ્ખી જોઈએ અને તમારું ધ્યાન પણ તેમાં ભળેલું જોઇએ. ભૌતિક સુખ મેળવવા પણ તેની પ્રક્રિયામાં ઊતરો તો જ મળી શકે છે.

ભૌતિક સુખ મેળવવા મન-ઇન્દ્રિયો સાધન છે, પરંતુ મોક્ષમાં આત્માના ગુણોનો આનંદ છે અને તેને ભોગવવા કે અનુભવવા પૂર્ણ વિકસિત એવો આત્મા જ સાધન છે. મોક્ષમાં ગયેલ આત્માઓ સશક્ત છે, માટે તેમને મન-ઇન્દ્રિયરૂપ સાધનની જરૂર નથી.

**સભા :-** *તેઓ બધું જાણે છે, તો નવા અનુભવનું શું કામ ?*

**સાહેબજી :-** જોવું તે જુદું, જાણવું તે જુદું અને અનુભવ કરવો તે જુદી વસ્તુ છે. દા.ત. તમારા હાથમાં ઓચિંતી છરી વાગી ત્યારે તમને કાળી વેદના થાય છે. ત્યારે બીજો માણસ તમારી સામે ઊભો છે. તેણે આ જોયું તો ખરું, પણ અનુભવ કોને થયો ? જેને વાગ્યું તેને વેદનાનો અનુભવ થયો ને ? તમને જે વેદના થાય છે તે પેલો માણસ જુએ છે, જાણે છે, પણ અનુભવતો નથી. દુનિયા આખીના અનુભવો સિદ્ધ પરમાત્માઓ જાણે છે, જુએ છે પણ પોતે અનુભવતા નથી. નરકના જીવોની વેદના પણ જાણે છે. દેવલોકનાં સુખોનો ભૌતિક આનંદ જુએ છે, જાણે છે, પણ અનુભવતા નથી. તો પછી તેમનો અનુભવ ક્યાં ? તેમનું જ્ઞાન ક્યાં ? બરાબર સમજજો, નહિતર સર્વજ્ઞના નામથી વિચિત્રતા થશે.

**સભા :-** *પણ સાહેબ, જોયા જાણ્યા વગર અનુભવ ખરો ?*

**સાહેબજી :-** તમે આંખ મીંચીને ઊભા હો, અને કોઈ ચૂંટિયો ખણે તો વેદના થશે કે નહીં ? ઊંઘમાં કોઈ લાફો મારે તો ગુસ્સે થઈ જાઓ ને ? કોણ મારી ગયું તે ખબર નથી, માટે વગર જોયે, જાણે, અનુભવ થયો કે નહીં ? પ્રતિક્ષણનો અનુભવ સમજવો પડે. જેમ આપણે પુદ્ગલની દુનિયામાં જોઈએ છીએ, જાણીએ છીએ અને અનુભવ કરીએ અને ન પણ કરીએ; જ્યારે સિદ્ધ ભગવંતો ફક્ત પુદ્ગલની દુનિયા જુએ છે, જાણે છે, પરંતુ તેનો અનુભવ નથી કરતા; અનુભવ તો સ્વનો જ કરે છે, અર્થાત્ સિદ્ધ ભગવંતો પોતાના આત્મિક ગુણોનો જ અનુભવ કરે છે.

તમે દુનિયાને જોવા-જાણવા સાથે પુદ્ગલોનો અનુભવ પણ કર્યો, માટે જ દુઃખમાં પટકાયા ને ? અને સાથે રતિ-અરતિમાં પટકાયા, એટલે બીજું દુઃખ ઊભું કર્યું. શારીરિક દુઃખ ઊભું કર્યું, અને સાથે માનસિક દુઃખ ઊભું કર્યું.

જેમ એક આંગળીએ જરા ચપ્પુ વાગ્યું છે અને તે દુઃખને હળવું કરવા, બીજી બાજુની આંગળીને વધારે ચપ્પુ વગાડો, એટલે પેલી પીડા હળવી લાગશે; તેમ એક દુઃખને હળવું કરવા બીજું મોટું દુઃખ ઊભું કરો છો, જેથી પેલું દુઃખ હળવું થાય છે. એટલે જેટલા રાગ-દ્વેષ ઊભા કરો એટલાં નવાં દુઃખો ઊભાં થાય. પુદ્ગલના અનુભવથી થતાં દુઃખો જુદાં છે, અને તેમાં પાછાં રતિ-અરતિથી થતાં દુઃખો જુદાં છે. વીતરાગને મનનાં દુઃખ ન હોય. અશરીરીને મનનાં દુઃખ ન હોય, અને પુદ્ગલનાં દુઃખ પણ ન હોય. જ્યાં સુધી શરીરને પુદ્ગલનો અનુભવ છે ત્યાં સુધી પુદ્ગલનાં દુઃખ આવે. તેમાંથી મુક્ત ક્યારે થશો ? જ્યારે પરનો નાતો છોડશો ત્યારે. મનનાં દુઃખ નથી તે વીતરાગ છે, મનનાં અને શરીરનાં દુઃખ નથી તે સિદ્ધ છે.

## અનેકાંતવાદ વિશ્વવ્યાપી સિદ્ધાંત છે :

હવે આપણે મૂળ મુદ્દા ઉપર આવીએ. કદાગ્રહથી મુક્ત થશો તો જ વિકાસમાર્ગમાં આગળ વધી શકશો. અનેકાન્તવાદ એ જ સમકિત પામવાનું સાધન છે. સમકિત પામવાનો રાજમાર્ગ આ જ છે. સમતા પામવા માટે પણ આ જ રાજમાર્ગ છે. વિષમતામાંથી બહાર આવો એટલે સ્યાદ્વાદ. રાગ-દ્વેષ, વિષમતા એ એકાંતવાદજન્ય છે. પૂર્ણ રીતે જીવની દૃષ્ટિ અનેકાન્તમય બને તો જ તે જીવ કલ્યાણમાર્ગમાં ચઢી શકે છે. પૂ.આ. શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિએ કહ્યું છે કે "આ જગતની કોઈ પણ પ્રવૃત્તિ એવી નથી કે જે સ્યાદ્વાદના સિદ્ધાંત વગર થઈ શકે."

અહીંયાંથી ઊભા થવું હોય, કપડાં પહેરવાં હોય, રસોઈ કરવી હોય બધા માટે સ્યાદ્વાદ જોઈશે, કપડાં ધૂઓ તો પણ; જેમકે તમે એક કપડું લીધું, તે ગંદું છે કે ચોખ્ખું છે ? જો મૂળથી તે કપડું ગંદું હોય તો તેને લાખ વાર ધોશો તો પણ ચોખ્ખું નહિ થાય. ત્યારે તમે કહેશો કે મૂળથી ગંદું નથી પણ આગંતુક ગંદકી ધૂળ લાગવાથી આવી છે; માટે તે અપેક્ષાએ કપડું ગંદું છે અને મૂળની અપેક્ષાએ ચોખ્ખું પણ છે. મૂળથી ગંદું ન હોય પણ નૈમિત્તિક ગંદકી હોય તો ગંદકીને કાઢવી પડે. માટે કપડાં ધોતાં પણ અનેકાન્તવાદ સ્વીકારવો પડે.

જીવનની એકે એક પ્રવૃત્તિમાં સ્યાદ્વાદ વગર જીવન ચાલી ન શકે, અને તમારો આખો વ્યવહાર આ સિદ્ધાંત પર જ ચાલે છે; પણ તમે તત્ત્વથી અજ્ઞાન છો માટે સમજી

શકતા નથી. જો અનેકાન્તવાદને ન માનો તો એક પાંદડું પણ હાલી ચાલી ન શકે. માટે જ અનેકાન્તવાદ વિશ્વવ્યાપી છે. આ સિદ્ધાંત બરાબર સમજી જશો તો તીર્થંકરની બુદ્ધિ પર આફરીન થઈ જશો. તેથી વ્યવહારનય-નિશ્ચયનય બન્ને સ્વીકારવા પડે. બન્નેને તત્ત્વથી સમજવા પડે. દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનય પણ સમજવા પડે. અત્યારે તત્ત્વથી ઊંડાણથી સમજી શકે તેવો શ્રોતાવર્ગ જ નથી, છતાં અમે પરાણે પીરસીએ છીએ, બને તેટલું હળવું કરીને પીરસીએ છીએ.

**સભા :-** *નહિતર ઝોકાં આવે.*

**સાહેબજી :-** તમને ઝોકાં આવે તે રીતે જ તમે ટેવાયેલા છો. માટે અમે શું કરીએ ? પરંતુ જિજ્ઞાસા રાખી જેટલું સમજશો તેટલું આત્મકલ્યાણ કરી શકશો.

# ૫

તા. ૧૪-૦૮-૯૪, રવિવાર.

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને પૂર્ણ સત્ય પામવાના ઉપાય તરીકે અનેકાન્તદષ્ટિમય એવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ જેને પણ સત્યને પામવું છે, તે જો સત્યને અધૂરું પામશે તો તે પૂર્ણ વિકાસને પામી શકશે નહીં. પૂર્ણ સત્યને સમજવાનો, પામવાનો ઉપાય એક જ અનેકાન્તવાદ છે અને આ જ આખો મોક્ષમાર્ગ છે. મોક્ષની સાધના એ સત્ય પામવાની જ સાધના છે. પરમ તત્ત્વ અને આત્માના ગુણોને પામવા તેનું નામ જ મોક્ષ છે અને તેને અનુરૂપ તત્ત્વ સમજી શકાય તેવી જો કોઈ શૈલી હોય તો તે સ્યાદ્વાદ છે. જેમ જેમ સ્યાદ્વાદ સમજી શકશો તેમ તેમ કદાગ્રહ-અસદ્ગ્રહ-રાગ-દ્વેષ-અજ્ઞાનથી તમે મુક્ત થશો. આ બધા દોષો આત્મકલ્યાણમાં બાધક છે. પૂર્ણજ્ઞાની તથા વીતરાગ બનવામાં રાગ-દ્વેષ-અજ્ઞાન આ જ બધાં બાધક તત્ત્વો છે. રાગદ્વેષ કદી સત્યની પૂર્ણતાને પામવા દેતા નથી. અજ્ઞાન એ જ સમજણનો વિરોધી છે. સત્યને પામવા માટે સમજણ અને તટસ્થતાની વધારે જરૂર છે અને રાગદ્વેષના કારણે તટસ્થતા ચાલી જાય છે. જેટલી સમજણ-તટસ્થતા વધારે તેટલો ગુણોનો વિકાસ વધારે અને આ પામવાને માટે અનેકાન્તદૃષ્ટિ જબરદસ્ત સાધન છે. અનેકાન્તદૃષ્ટિ બને એટલે કદાગ્રહ, પૂર્વગ્રહ, અભિનિવેશ ચાલ્યા જાય અને સદાગ્રહ, મધ્યસ્થતા આદિ ગુણ પ્રગટે, સાથે સર્વાંગી દૃષ્ટિ પણ પ્રાપ્ત થાય છે.

અનેકાન્તમાં અનેકાન્ત દૃષ્ટિ છે. જેને પણ સાચી આરાધના કરવી છે તેને માટે આ દૃષ્ટિ બહુ જરૂરી છે. અત્યારે થોડા તપ-ત્યાગ-સદનુષ્ઠાન, આવી બીજી થોડી આરાધના કરી લઈએ, એટલે જાણે ધર્મ પામી ગયા; માટે આ બધી દૃષ્ટિઓની આપણને જરૂર લાગતી નથી. પરંતુ મહાપુરુષોએ કહ્યું છે કે વ્યવહારથી પણ સમકિત પામવું હોય તો સ્યાદ્વાદ અનિવાર્ય છે. જ્યાં સુધી સ્યાદ્વાદની રુચિ નથી, ત્યાં સુધી વ્યવહારથી પણ સમકિત પામી શકાતું નથી; જ્યારે નિશ્ચયનય એમ કહે છે કે સ્યાદ્વાદના પરિપૂર્ણ પારગામી બનો પછી જ સમકિત આવે. વ્યવહારનય સ્યાદ્વાદની રુચિરૂપે સમકિત માને છે, નિશ્ચયનય સ્યાદ્વાદની પૂર્ણ સમજણરૂપે સમકિત માને છે. એટલે જ સમતા માટે તો સ્યાદ્વાદનું સાંગોપાંગ જ્ઞાન અનિવાર્ય છે.

જે આત્માઓ સમતાને પામ્યા છે, તે આત્માઓ સ્યાદ્વાદનું પરિપૂર્ણ જ્ઞાન પામ્યા પછી જ સમતાને પામ્યા છે. મરુદેવા માતા, ઈલાતિપુત્ર, પૃથ્વીચંદ્ર, ભરત ચક્રવર્તી આ બધા જોતજોતામાં કેવળજ્ઞાન પામ્યા, તો તમને લાગે કે તેમણે થોડી ભાવના કરી તેમાં કર્મોનો ક્ષય થયો અને કેવળજ્ઞાન પામ્યા. પણ આ બધી ભૂલભરેલી તમારી સમજણ છે. તેઓ પણ મોક્ષમાર્ગનાં બધાં જ સોપાનો એક પછી એક ચઢ્યા છે. આંતરિક સ્ફુરણારૂપે શાસ્ત્રોનું બહોળું જ્ઞાન પામ્યા પછી જ ક્ષપકશ્રેણી માંડી છે. ક્ષપકશ્રેણી વગર કેવળજ્ઞાન આવે નહીં, પરંતુ એટલું ખરું કે આ બધાને વગર ભણે આપમેળે શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત થયું છે, જ્યારે આપણે ભણીએ ગણીએ ત્યારે જ્ઞાન પ્રાપ્ત થાય છે. મરુદેવા માતા હાથીની અંબાડી ઉપર પણ સ્યાદ્વાદના બધા દૃષ્ટિકોણને-નયોને પામી ગયા, પછી જ તેમને સમતાની ભૂમિકા આવી છે. હાથીની અંબાડી ઉપર પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. ઉચ્ચસ્તરીય જ્ઞાને પહોંચે પછી પૂર્વનું જ્ઞાન કહેવાય અને પછી જ ક્ષપકશ્રેણી આવે. આ તેઓને આપમેળે પ્રાપ્ત થયું છે. બાકી મોટે ભાગે મહેનત કરીને પામવું પડે. આત્મકલ્યાણની સાધનામાં સ્યાદ્વાદના જ્ઞાનની ઉપયોગિતા બહુ જ છે. જીવનના સાચા વિકાસનો માર્ગ આનાથી જ ખૂલે છે. જ્યાં સુધી એકાન્તદૃષ્ટિ છે, ત્યાં સુધી પૂર્વગ્રહ ઊભા થવાના જ. માટે જ અનેકાન્તદૃષ્ટિ ખૂબ જ ઉપયોગી છે.

હું તમને આ વાત વારંવાર કેમ દોહરાવું છું ? જો આ વાદ તમને નિરુપયોગી લાગશે તો તેમાં તમારો રસ ઓછો થઈ જશે. આ વાદને સમજયાવગર, પામ્યા વગર અમુક તબક્કા સુધી પહોંચી શકવાના નથી. માટે તમને જો તેની ઉપયોગિતા લાગશે તો જ તમારી જિજ્ઞાસા પ્રદીપ્ત થશે. જેવી સાપેક્ષ દૃષ્ટિ તમારામાં આવી અને નિરપેક્ષ બુદ્ધિનો ત્યાગ થયો, એટલે ખોટો આગ્રહ છૂટી જશે. માટે જ દરેક જગ્યાએ સાપેક્ષતાથી વિચારો, સમજો, અને સ્વીકારો. આપણને નિરપેક્ષતા ક્યાંય માન્ય નથી. નિરપેક્ષતા એ મિથ્યા એકાંતવાદ છે.

આજે આપણે ચાર વસ્તુ લેવી છે.

**(૧) સમ્યગ્ એકાંતવાદ** **(૨) મિથ્યા એકાંતવાદ**

**(૩) સમ્યગ્ અનેકાંતવાદ** **(૪) મિથ્યા અનેકાંતવાદ**

બેઉ વાદની વાત કરીએ ત્યારે પરસ્પર વિરોધી વાતોનો સમન્વય આવે. માટે જ સાપેક્ષતા જરૂરી છે. જેમ એક માણસને અપેક્ષાએ સુખી કહેવો છે, કેમ કે તે સંપૂર્ણ રીતે સુખી નથી. અપેક્ષાએ સુખી, અપેક્ષાએ દુઃખી, અપેક્ષાએ જ્ઞાની, અપેક્ષાએ અજ્ઞાની; માટે બધે સાપેક્ષતા જોઈએ. **જ્યાં સાપેક્ષતા આવશે એટલે અનેકાન્તમય દૃષ્ટિ આવવાની છે. વ્યક્તિ નિરપેક્ષ બની એટલે એનો મિથ્યા એકાંતવાદનો અભિગમ થયો.** નિરપેક્ષ ચિંતન, નિરપેક્ષ વિધાન, નિરપેક્ષ સ્વીકાર આ બધામાં મિથ્યા એકાન્તવાદ છે. આંધળો કહે પગની

અપેક્ષાએ હાથી થાંભલા જેવો છે, પણ અપેક્ષા છોડી દે અને કહે કે હાથી થાંભલા જેવો જ છે તો તે વિધાન ખોટું થાય છે. નિરપેક્ષતામાં અસત્ય સમાયેલું જ છે. અર્થાત્ અસત્ય વાતને નિરપેક્ષતા સાથે પરસ્પર ગૂંથણી છે, ઓતપ્રોતતા છે. અસત્ય આધારિત એકાન્તદૃષ્ટિ છે, તેને જ મિથ્યા એકાન્તવાદ કહેવાશે. જ્યાં સુધી તમારો અભિગમ ન બદલો ત્યાં સુધી સત્યને સમજવા માટે ગેરલાયક છો.

## ભાગ્યવાદ અને પુરુષાર્થવાદ :

હવે આગળ આપણે ધર્મના ક્ષેત્રમાં આ દૃષ્ટિથી ભાગ્યવાદ અને પુરુષાર્થવાદને વિચારીશું. કોઈને પણ જીવનમાં સફળતા મેળવવી હોય તો ભાગ્ય દ્વારા જ મળે છે અને ભાગ્યવાદની સામે પુરુષાર્થવાદ છે. બેઉ સામસામા દૃષ્ટિકોણ છે. બન્ને વિરોધી દૃષ્ટિ છે. ઘણા જીવો આત્મા-પરલોક-પુણ્ય-પાપ માનતા નથી હોતા, એટલે તેમની સામે જ્યારે કર્મની કે ભાગ્ય વગેરેની વાત આવે ત્યારે તેને વજૂદ વગરની કહીને કાઢી મૂકે છે અને સામે કહે કે માણસ જો મહેનત કરે તો ચોક્કસ સફળતા મેળવી શકે છે, હરેક બાબતમાં સ્વપુરુષાર્થથી આગળ વધી શકાય છે. પાછા દલીલોમાં દાખલા પણ બતાવે કે જો માણસ ઘરે બેઠો રહે તો કાંઈ તેને મળે નહિ, પણ જો મહેનત કરે તો તે ચોક્કસ મેળવી શકે છે. આવું તમારા જીવનમાં પણ બનતું હોય છે ને ? જ્ઞાન મેળવવા, ડિગ્રી મેળવવા-જો સ્કૂલમાં ન ગયા હોત તો કાંઇ મેળવી શકત ? ધંધા માટે, વ્યવસાય માટે દોડાદોડી કરવી પડે છે ને ? ઘરે બેઠાં કાંઈ પૈસા આવવાના છે ? માટે પુરુષાર્થનું ફળ પ્રત્યક્ષ દેખાય છે. પુરુષાર્થ ઊંધો કરો અને ઊંધું ફળ મળે તે તમારી આવડત અને સમજણની ખામી સૂચવે છે, પણ પુરુષાર્થવાદીની દલીલોમાં કસ નથી કે દમ નથી તેમ તો ન જ કહેવાય.

ત્યારે ભાગ્યવાદી કહેશે કે બધે નસીબ છે. દુનિયામાં ઘણા મહેનત કરે છે, તે બધા કાંઈ તેનું ફળ મેળવે છે ? મહેનત કર્યા પછી પણ ગુમાવીને આવતા હોય છે. બુદ્ધિશાળી પાકા ગણિત સાથે કામ કરે તો પણ ઘણી વખત નિષ્ફળ જાય છે. જ્યારે તેની સામે બીજો સામાન્ય પુરુષાર્થ કરે તો પણ ઘણું ફળ મેળવી જાય છે.

બેઉ એંગલથી વિચારશો તો ખ્યાલ આવશે. એક બાજુ ભાગ્યવાદીની દલીલો છે, બીજી બાજુ પુરુષાર્થવાદીની દલીલો છે. બન્ને તમે અવગણી શકો તેમ નથી.

લાખ્ખો લોકો લોટરીની ટિકિટ લે છે. તેમાં એક માણસને લોટરી લાગી. તો આ વ્યક્તિને જ કેમ લાગી ? ત્યાં કાંઈ પુરુષાર્થ દેખાતો નથી, ભાગ્ય જ દેખાય છે. નાસ્તિકને પૂછશો તો કહેશે કે લકીને જ મળે. પણ પૂછો કે લકી એટલે શું ? તો ભાગ્ય જ આવશે. ડગલેને પગલે દેખાય છે કે પુરુષાર્થ કાંઈક કર્યો અને મેળવ્યું કાંઈક. એક માણસ ફૂટપાથ ઉપર ચાલતો

હોય અને સામેથી આવતી ગાડીથી બચવા બાજુમાં ખસી જાય ત્યારે પાછળથી બીજી ગાડી આવીને ઉડાડી દે. તે વખતે મહેનત કરી બચવા માટે, અને પરિણામ શું આવ્યું ? તો મોત. માટે નસીબ જ આવીને ઊભું રહ્યું. જ્યારે બીજો જોયા વગર ચાલતો હોય તો પણ બચી જાય છે. તેવું બને છે ને ? જેમ ઘણા ઊંધું ઘાલીને ખા ખા કરતા હોય તો પણ માંદા ન પડે, અને ઘણા ચકાસી ચકાસીને ખાય તોય માંદા પડે છે. અહીંયાં પુરુષાર્થ ક્યાં આવ્યો ?

**સભા :-** *આપણા ભાગ્યમાં લખ્યું હોય તેવો જ પુરુષાર્થ થાય ને ?*

**સાહેબજી :-** આ તો તમે નવી વાત કાઢી. ભાગ્ય એ તો ભૂતકાળના પુરુષાર્થનું ફળ છે. ભાગ્ય એ શુભાશુભ પુરુષાર્થનું ફળ છે. તેનું સર્જન ભૂતકાળમાં થયું છે. અત્યારે જે ભાગ્ય છે, તે તમારો અત્યારનો પુરુષાર્થ નથી. જ્યારે તમે એવું નક્કી કરો છો કે, આ માણસ આમ જ પુરુષાર્થ કરશે, તેના જીવનના તમામ ભાવિ પુરુષાર્થ કર્મને જ આધીન છે, અને તેમાં જીવની કોઈ સ્વતંત્રતા નથી; એટલે જીવ જાણે ચાવી આપેલું રમકડું છે. એટલે તમારા હિસાબે આત્માના હાથમાં બાજી જ ન રહી ને ? ઊઠવાનું જો ભાગ્યમાં લખ્યું હશે તો ઊઠશો. ઘરે જવાનું, કમાવા જવાનું પણ ભાગ્યમાં હશે તો થશે, નહિતર ઊંઘી જશો. માટે બધે તમારે ભાગ્ય જ ને ? તમારો તો તેમાં કાંઈ હિસ્સો જ નહિ ને ? તમે આખું ચક્ર કર્મના હાથમાં મૂકી દીધું. તમારું આખું જીવન, આખું તંત્ર ભાગ્યને આધીન છે. બસ, આ જ તમારો એકાન્તવાદ થયો. કારણ તમે પુરુષાર્થનિરપેક્ષ થઈ ગયા. કર્મ કરે તેમ જ થાય. બધે તમે કર્મને જ જવાબદાર માનો છો. પરંતુ આ ખોટું છે, એકલા ભાગ્યને સ્થાન નથી પુરુષાર્થને પણ સ્થાન છે.

જો એકાન્તે ભાગ્ય માનશો તો પુરુષાર્થવાદી દલીલો કરશે કે એ તો નબળા માણસો જ ભાગ્યને માને. તમારામાં જોર હોય તો મહેનત કરો તો ચોક્કસ ફળ મળશે. મહેનત કરવાવાળો આકાશના તારા તોડી લાવે, તેમ તમારા વ્યવહારમાં કહે છે; અને જે બેઠો રહે તે કાંઈ મેળવી શકે નહીં. જેમ કે ગરમાગરમ ભાણું પિરસાય ત્યારે માને કે જો ભાગ્યમાં હશે તો મોંમાં આવશે; તેમ કેરીના ઝાડ નીચે ઊભો રહું અને માનું કે ભાગ્યમાં હશે તો આપમેળે કેરી મોંમાં આવશે; તો તે પ્રેક્ટીકલ છે ? તેથી તમે અહીંયાં એકાંતે ભાગ્યવાદ સ્વીકાર્યો જેનાથી સત્યનો અપલાપ થયો. પરંતુ જીવનમાં પુરુષાર્થની પણ જરૂર છે.

ત્યારે ભાગ્યવાદી પાછી દલીલ કરશે કે બધા પુરુષાર્થ કરનારા કેમ સફળ થતા નથી ? માટે જે સફળ થાય છે તેની પાસે જ બુદ્ધિ છે તેવું માનશો ? પરંતુ ઘણી વખત આળસુ અને બુદ્ધુ પણ સફળ થાય છે અને તેની સામે ઘણા બુદ્ધિશાળી પણ નિષ્ફળ થતા હોય છે. જેમ તમે જન્મ્યા છો તે પણ ભાગ્યથી જ. સારું મોઢું પણ ભાગ્યથી જ મળ્યું છે. ઈવન જે પુણ્ય-પાપ,

આત્મા, કર્મ નથી માનતા તેવા નાસ્તિકો પણ જ્યારે બિનસલામત થાય અને નાસીપાસ થાય ત્યારે પૂછો તો શું કહે ?-'કે ભાઈ મારું લક ખરાબ હતું.' અહીંયાં લક એટલે ભાગ્ય આવ્યું.

**પરંતુ સ્યાદ્વાદ દૃષ્ટિથી વિચારણા કરતાં બેઉનો સ્વીકાર કરવાનો આવે છે.** બધું જ જીવનમાં પુરુષાર્થનું જ ફળ છે તેમ પણ દાવા સાથે સ્થાપિત થઈ શક્તું નથી, અને બધું જ જીવનમાં ભાગ્યનું જ ફળ છે તેમ પણ કહી શકાય તેવું નથી. તેથી એકલા પુરુષાર્થવાદને કે એકલા ભાગ્યવાદને માની લો તો એકાંગી થયા કહેવાશો. **માટે અનેકાન્તવાદ આવશ્યક છે. છતાં પણ જો તમે એમ કહેશો કે ભાગ્યથી જ બધું જીવનમાં મળે છે, તો ત્યાં મિથ્યા એકાન્તવાદ આવ્યો કહેવાશે. બધે કર્મ જ કારણ છે, જેવું જેનું નસીબ તેવાં જ તેનાં ફળ મળે છે, આવું જે બોલે છે ત્યાં મિથ્યા એકાન્તવાદ કહેવાશે.** આ બધી વાતો ભગવાનના શાસનની બહાર છે.

**સભા :-** *પણ સાહેબજી ! સંસારમાં આમ જ બોલાય છે.*

**સાહેબજી :-** અપેક્ષાએ બોલો તો વાંધો નહિ, પણ જો નિરપેક્ષ થઈને બોલો તો એકાન્તવાદ થશે અને તે પણ મિથ્યા એકાન્તવાદ થશે. તમે જીવનમાં નસીબને ઓઠું બનાવો છો. વાસ્તવમાં તમે કોઈ પણ વાદને બરાબર પકડો છો ખરા ? તો પછી તમને કયો વાદ ફાવે ? ફાવતો વાદ જ ને ? ઘણી મહેનત કરીને નિષ્ફળ થાઓ ત્યારે નસીબને દોષ આપશો, અને સફળ થાઓ ત્યારે કહેશો કે મેં પોતે કર્યું, જ્યારે ભાગ્યની વાત પણ આપણે અપેક્ષાએ કરી છે. અને અપેક્ષાએ કર્મ પણ ફળ આપવામાં કારણ છે, અપેક્ષાએ પુરુષાર્થ પણ ફળ આપવામાં સાધન છે. જેને ઠસ્સો ભરાઈ ગયો છે કે બધું પુરુષાર્થથી જ થાય છે, તો તે ખાંડ ખાય છે. જીવનમાં બન્ને બાજુ અભિગમ સ્પષ્ટ જોઈએ.

નેપોલિયનના જીવનમાં ઈમ્પૉસિબલ શબ્દ તેની ડાયરીમાં ન હતો, છતાં તે છેલ્લે કૂતરાના મોતે મર્યો છે. તેણે સાત વર્ષ જેલમાં કેવી રીતે કાઢ્યાં છે, તે ખબર છે ?

## ભાવિ નિયત જ છે ? :

**સભા :-** *ધર્મના સિદ્ધાંત પ્રમાણે અબાધા કાળ પ્રમાણે કર્મ ઉદયમાં આવે. માટે ભગવાન તો જોઈ શકે છે કે આવું જ થશે.*

**સાહેબજી :-** આ બધી અત્યારે પ્રચલિત ભ્રમણા છે. તમે કેમ આવું બધું મગજમાં ભરો છો તે ખબર નથી. જ્ઞાનીના જ્ઞાનમાં દેખાય છે, માટે ભાગ્ય ચોક્કસ જ છે એવું કહી શકાય ? કારણ કે 'વિશ્વની પ્રત્યેક ઘટનાઓમાં જ્ઞાનીનું જ્ઞાન કારણ છે' તેવો જૈનધર્મનો

કોઈ સિદ્ધાંત છે જ નહિ. તે તો ઈશ્વરકર્તૃત્વવાદ માનનાર દર્શનોનો સિદ્ધાંત છે, જેનું ખંડન આપણા પૂર્વાચાર્યોએ સચોટ રીતે કરેલ છે. જૈનધર્મ પ્રમાણે તો પરમાત્મા ત્રિકાળજ્ઞાની છે. ભૂત-ભવિષ્ય-વર્તમાન બધું જ જોઇ શકે છે, પરંતુ તેમના જોવાના કારણે તે તે ઘટના બને છે તેવું ન કહી શકાય.

**સભા :-** *મરીચિના માટે શું થયેલું ?*

**સાહેબજી :-** હા, ભરત મહારાજાએ પૂછ્યું કે આ પર્ષદામાં કોઈ જીવ ખરો કે જે તીર્થંકર થવાનો હોય ? પ્રભુએ જવાબ આપ્યો "હા, ચોક્કસ છે, તારો જ પુત્ર ચોવીસમો તીર્થંકર થવાનો છે." હવે આ વાત બનવામાં અસંખ્ય ભવનો ગાળો છે, એક કોટાકોટી સાગરોપમનો વચમાં સમય બાકી છે, છતાં પ્રભુએ કહી દીધું માટે નક્કી જ હતું ને ? એટલે ભવિષ્ય નક્કી છે, તેમ તમારા બધાના મનમાં ઠસી ગયું છે. તેથી અબાધા કાળ પ્રમાણે કર્મ ઉદયમાં આવશે તેમ અસર થશે એવી તમારી માન્યતા ઘડાઇ ગઇ છે. જે પ્રમાણે જ્ઞાનીના જ્ઞાનમાં છે તેમ થશે; અથવા ભવિતવ્યતા જેમ છે તેમ થશે; માટે ભાવિ નિયત જ છે. જે કાળે જે રીતે બનવાનું છે તે જ રીતે બનશે, તે નિયત છે, માટે ભવિષ્ય ચોક્કસ છે. બસ, તમે આવું જ વિચારો છો ને ? પરંતુ મારે તમને એમ કહેવું છે કે તમે ભગવાનનાં ચરિત્રો હર વર્ષે સાંભળો છો, પણ તેના મર્મને બરાબર પકડતા નથી.

ભગવાને દીક્ષા લીધી પછી ગોશાળો તેમનો પહેલો શિષ્ય બન્યો છે, પણ તે ગળે પડેલો શિષ્ય છે. તે ભગવાન સાથે વર્ષો સુધી રહે છે. એક વખત એવી ઘટના બની કે તેનાથી તેણે નવો સિદ્ધાંત સ્થાપ્યો છે. ગોશાળો મહાબુદ્ધિશાળી, પુણ્યશાળી છે. તેમાં બન્યું એવું કે પ્રભુ મહાવીર સાથે તે વિહાર કરતો હતો. ભગવાને આને શિષ્ય તરીકે સ્વીકાર્યો નથી, પણ "ચમત્કારને નમસ્કાર" એ ન્યાયથી તે શિષ્ય બનેલો છે. પ્રભુ સાથે જ રહે છે. હવે સાથે વિહાર કરતી વખતે એક વખત રસ્તામાં એક નાનું તલનું છોડવું ઊગેલું જુએ છે. ત્યારે તેને ભગવાનનું જ્ઞાન સચોટ છે કે નહિ, તે ભવિષ્યવેત્તા છે કે તેમની પોતાની કોઈ શક્તિ છે, તેની તેને ચકાસણી કરવી છે. તેથી તલના છોડમાં શિંગ ઊગેલી છે, તે જોઈ પ્રભુને પૂછે છે કે "આ ઝાડ ઊગશે છે કે નહિ ? અને તેમાં તલના જીવ કેટલા જનમશે ?" આ બે પ્રશ્નો પૂછ્યા. અહીંયાં આશય શું છે ? જો પ્રભુ એમ કહે કે ઊગવાના છે, તો હમણાં ઉખેડી નાંખું. અને નથી ઊગવાના એમ કહે તો ચોકી પહેરો રાખીને ઉગાડું. એટલે પ્રભુ જે પણ વિધાન કરે તેનાથી તેને ઊંધું જ કરવું છે.

ભવિષ્ય નિશ્ચિત છે કે અનિશ્ચિત છે તેનો તેને નિર્ણય કરવો છે. તે બહુ જ બુદ્ધિશાળી

* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

છે માટે આવા પ્રશ્નો પૂછે છે.

અહીંયાં પ્રભુએ જવાબ આપ્યો કે "ઊગશે, અને તેમાં સાત જીવો ઉત્પન્ન થશે." એટલે તેણે તરત જ મૂળિયાંમાંથી છોડ ઉખેડી નાંખ્યો. પછી તેઓ વિહાર કરીને આગળ ગયા. પરંતુ પછી બન્યું એવું કે વરસાદ આવ્યો તેથી જમીન પોચી થઈ ગઈ. પછી એક ગાયના પગની ખરી નીચે તે છોડનું મૂળિયું દબાઇ ગયું. એટલે જમીન પોચી હોવાને કારણે મૂળિયું જમીનમાં ઊતરી ગયું. એટલે આપમેળે છોડવું ઊગવાનું ચાલું થયું. જે શીંગ પણ કરમાઈ ગઈ હતી તે ખીલી ગઈ.

હવે જયારે તે આ બાજું પાછો ફર્યો ત્યારે તપાસ કરી તો પેલો છોડ ઊગી ગયેલો, અને તેમાં શીંગના સાત દાણા હતા. માટે તેણે સિદ્ધાંત સ્થાપ્યો કે "જે કાળે જે બનવાનું હોય તે ચોક્કસ છે" પછી માથાં પછાડીને મરી જાઓ કે, ઊંધી મહેનત કરો કે સીધી મહેનત કરો પણ ભવિષ્ય ચોક્કસ છે. અને બીજું "જે આત્મા જે યોનિમાંથી મરે છે તે યોનિમાં જ જન્મે છે," તલની શીંગ કરમાઈ ગયેલી પાછા તેમાં સાત જીવોને જોયા, એટલે આ બીજો સિદ્ધાંત સ્થાપ્યો.

ગોશાળાએ પોતાના સ્વતંત્ર ધર્મ-આચાર સ્થાપ્યા છે. તેના પણ લાખો અનુયાયીઓ છે. તેનામાં ઘણી જ શક્તિ છે. તેણે આ ઝાડની પ્રક્રિયા પરથી તારવણી દ્વારા નિયતિવાદનો નવો સિદ્ધાંત સ્વીકાર્યો, અને તેના આ જ સિદ્ધાંતનું પ્રભુ મહાવીરે ખંડન કર્યું છે. સમવસરણમાં ગૌતમ મહારાજાએ પૂછ્યું કે "ગોશાળો સર્વજ્ઞ છે ?" તો પ્રભુએ ચોખ્ખી ના પાડી છે. અને એનો સિદ્ધાંત પણ ખોટો છે તેમ કહ્યું છે. ભગવાને જે સિદ્ધાંતનું ખંડન કર્યું, તે જ સિદ્ધાંત તમારે સ્વીકારવો છે ?

**એકાંતે નિયતિવાદ ખોટો છે.**

ભવિતવ્યતા પ્રમાણે જો ભાવિ ચોક્કસ હોય, અને પુરુષાર્થ પણ ચોક્કસ હોય તો ભગવાને જે ખંડન કર્યું તે બરાબર નથી ને ? તમે જન્મ્યા છો જૈન શાસનમાં, પણ તેના જ સિદ્ધાંતોને સમજવા બુદ્ધિ દોડાવતા નથી. ગોશાળો એકાન્તે નિયતિવાદ એવું નિરપેક્ષપણે કહે છે. ભવિષ્ય આખું ચોક્કસ જ છે એટલે મિથ્યા એકાન્તવાદ થયો. તો પછી ભગવાન મહાવીરના સ્યાદ્વાદ-અનેકાન્તવાદનું શું ? હવે આગળ બરાબર સમજો. **નિશ્ચયનયથી ભવિતવ્યતા નક્કી છે, વ્યવહારનયથી ભવિતવ્યતા અનિશ્ચિત છે.**

**સભા :-** *દાખલો આપી સમજાવો.*

**સાહેબજી :-** તમે બેઉ નયને સમજ્યા નથી. દા.ત. નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા શુદ્ધ છે, વ્યવહારનયની દૃષ્ટિએ આત્મા અશુદ્ધ છે. હવે આમાં કોઈ પૂછે કે ભાઇ આ બેમાં

* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

સાચું શું ? તો બંને સાચા. ધારો કે, એક કપડું ધોવાનું હોય અને પૂછે કે "કપડું સ્વભાવથી મેલું છે કે ચોખ્ખું છે ?" જવાબમાં કહે કે "મેલું છે", તો પછી જે સ્વભાવથી મેલું જ હોય તે કદી ચોખ્ખું થાય ખરું ? તો કહેશે "ના, કપડું મૂળથી ચોખ્ખું છે, માત્ર આગંતુક ધૂળથી અશુદ્ધ થયેલું છે, પણ સ્વભાવથી શુદ્ધ છે" તેમ આત્મા સ્વભાવથી શુદ્ધ છે, પરંતુ નિમિત્ત કર્મથી આત્મા અશુદ્ધ છે. એટલે એક અપેક્ષાએ શુદ્ધ છે, બીજી અપેક્ષાએ અશુદ્ધ છે. પણ આમાં જો એક જ પકડો તો તે મિથ્યા થશે. તેવી રીતે વ્યવહારનય બધું ભવિષ્ય અનિશ્ચિત માને છે અને આવા આવા સંયોગોમાં આવો પુરુષાર્થ કરશો તો આવું ફળ મળશે, એમ વ્યવહારનય કહે છે.

વ્યવહારનયથી સંસારનું તમારું પરિભ્રમણ નક્કી નથી. તેથી જો તમે સાધના બરાબર કરો તો તમે તમારા સંસારને જલદી ટૂંકાવીને મોક્ષ વહેલા પામી શકો છો, પરંતુ જો પાપમાં પડ્યા જ રહેશો તો તમે તમારો સંસાર વધારી દેશો. માટે તમારા પુરુષાર્થ પર નિર્ભર છે કે તમને કેવું ફળ મળશે. પુરુષાર્થ-ભવિતવ્યતા-કર્મ-કાળ-સ્વભાવની પરસ્પર સાપેક્ષતા છે. આવા સંયોગોમાં આવાં બીજાં પરિબળો મળશે તો આવાં ફળ મળશે.

હવે નિશ્ચયનય શું કહે છે ? ભાવિ બધું જ નક્કી છે. તેથી આદિનાથ પ્રભુએ મરીચિ માટે જે જવાબ આપ્યો કે "તે તીર્થંકર થવાના છે" આ જવાબ તેમણે નિશ્ચયનયથી આપ્યો છે. જો વ્યવહારનયથી પૂછ્યું હોત તો કહે કે "જેવો પુરુષાર્થ કરશે તે પ્રમાણે થશે." કેવળજ્ઞાનીને જે સંદર્ભથી પૂછે તે રીતે તે જવાબ આપે.

જો બધુ એકાંતે નિશ્ચિત હોય તો, તમારો ને મારો મોક્ષ જ્યારે થવાનો હશે ત્યારે થશે. તો પછી સાધના કરવાની શું જરૂર છે ? એટલે એક નય પકડો તો બધું અધૂરું થઈ જાય.

**સભા :-** *અર્ધ પુદ્ગલ પરાવર્તકાળમાં મોક્ષ નિશ્ચિત છે ?*

**સાહેબજી :-** સમકિત પામ્યા પછી અર્ધ પુદ્ગલ પરાવર્તકાળ નિશ્ચિત છે, પણ અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળ રખડીને પછી જ મોક્ષ થશે તેવું નક્કી નથી; ચાર ભવમાં પણ મોક્ષે જવાની શક્યતા છે. આ વિધાન કઇ અપેક્ષાએ છે તે સમજો. એક સેકન્ડ માટે પણ સમકિત પામ્યા પછી, જીવ દુનિયાનાં ભારેમાં ભારે પાપો પણ કરે તો પણ, તેને સમકિત ખાતરી આપે છે કે તે જીવનો મોક્ષ અર્ધ-પુદ્ગલ પરાવર્તકાળમાં નક્કી છે. પરંતુ સમકિત પામેલો જીવ જો સારો પુરુષાર્થ કરે તો તેનો વહેલો મોક્ષ થઈ શકે છે. તમારે વહેલા મોક્ષે જવું છે કે મોડા જવું છે તે તમારા પોતાના હાથમાં છે.

* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

**સભા :-** *મોક્ષ નિયત છે ?*

**સાહેબજી :-** જો મોક્ષ નક્કી હોત તો પછી ભગવાન ઉપદેશ શું કામ આપે ? અને અમે પણ વગર કારણે ગળાં ફાડીને શું કામ ઉપદેશ આપીએ ?

**સભા :-** *પણ ભવિ જીવ તો મોક્ષે જશે ને ?*

**સાહેબજી :-** જો આવું બને તો પછી સંસારમાં એકલા અભવિ જીવ જ રહેશે. પરંતુ જે જીવ મોક્ષે જાય તે ભવિ જ હોય, અભવિ મોક્ષે જાય નહિ.

**સભા :-** *અનંત કાળે પણ ભવિ મોક્ષે નહિ જાય ?*

**સાહેબજી :-** ભવિ જીવો હશે તેમાં પણ જે જીવ યોગ્ય પુરુષાર્થ કરશે તે જીવ મોક્ષે જશે. જો બધા જ ભવિ જીવો મોક્ષે જાય તો એક દિવસ એવો આવે કે સંસારમાં ખાલી અભવિ જ રહે. તેથી તરંગ-તુક્કાની જેમ વિચારો નહિ. પાયામાં સંસાર કદી આ રીતે ખાલી થવાનો નથી. જેટલા જીવો મોક્ષે ગયા છે તેના કરતાં અનંત-અનંત ગણા ભવિ જીવો કાયમ સંસારમાં રહેશે, કારણ કે એક નિગોદના અનંતમા ભાગની સંખ્યામાં જ જીવો મોક્ષે જશે તેવું શાસ્ત્રમાં વિધાન છે. માટે બધા ભવિ જીવો મોક્ષે જવાના છે તેવું બોલશો તો ઉત્સૂત્ર ભાષણ થશે.

**સભા :-** *સાહેબજી ! સમકિતનાં લક્ષણ બતાવો ને ?*

**સાહેબજી :-** આ વિષયને ચર્ચવા બેસીએ તો વિષયાંતર થઈ જશે.

**સભા :-** *સાહેબ ! થોડું તો બતાવો ને ?*

**સાહેબજી :-** હું કહીશ કે "સમકિતનું મુખ્ય લક્ષણ આસ્તિકતા છે." ત્યારે તમે કહેશો કે અમારામાં છે, પણ તમે પહેલાં સમજો કે આસ્તિકતા એટલે શું ? તો કહેશો આસ્તિકતા એટલે શ્રદ્ધા. પણ શ્રદ્ધા કેવી ? તો પૂર્ણ શ્રદ્ધા જોઈએ. તો પછી કઈ વસ્તુ પર પૂર્ણ શ્રદ્ધા જોઈએ ? વિશ્વાસ જોઈએ ? તમને ભગવાન પર વિશ્વાસ છે, કે ભગવાનના વચન પર વિશ્વાસ છે ?

**સભા :-** *અમને તો ભગવાન પર વિશ્વાસ છે.*

**સાહેબજી :-** એટલે તો કેવી વાત થશે કે બાપા ગમે છે, પણ બાપાની વાત ગમતી નથી. મા પર લાગણી છે, પણ માની વાતો સાથે બારમો ચન્દ્રમા છે.

**સભા :-** *થોડાં વચન પર શ્રદ્ધા હોય તો ચાલે ?*

**સાહેબજી :-** ભગવાનના કોઈપણ વચન સાથે પૂર્વગ્રહ કે વિરોધ હોય, તો સમકિતની ભૂમિકા નથી, સમકિત આવી શકતું નથી. એક પણ વચન સાથે વિરોધ ન જોઈએ.

**સભા :-** *ગૌતમસ્વામીને દીક્ષા લીધા પહેલાં શ્રદ્ધા ન હતી.*

**સાહેબજી :-** દીક્ષા લીધા પહેલાં તેમને પૂરી શ્રદ્ધા જન્મી, પછી જ દીક્ષા લીધી છે. ભગવાન મળ્યા તે પહેલાં મિથ્યાત્વ હતું, પણ તે સારું મિથ્યાત્વ હતું. મિથ્યાત્વના પાંચ ભેદ છે. તેમાં અમુક મિથ્યાત્વ સારું, અમુક મિથ્યાત્વ ખરાબ. આમાં ચર્ચા કરતાં બહુ જ વિષયાંતર થઈ જાય તેમ છે. માટે મૂળ મુદ્દા પર આવીએ.

**સભા :-** *ગોશાળાનો સિદ્ધાંત નિશ્ચયનય સાથે જોડી શકાય ?*

**સાહેબજી :-** ના, તેનો સિદ્ધાંત એકાન્ત નિયતિવાદ કહેવાય. **એકાન્ત નિયતિવાદ જુદો અને નિશ્ચયનય પણ જુદો.** કોઈપણ ઘટના ભાગ્યથી જ બને છે તેમ ભાગ્યવાદી કહે છે, જ્યારે પુરુષાર્થવાદી માને છે કે કોઈપણ ઘટના પુરુષાર્થથી જ થાય છે. તેમ ગોશાળો માને છે કે કોઈપણ ઘટના નિયતિથી જ બને છે. તમારી નિયતિ પ્રમાણે તમારું ભાવિ બને છે, આમની નિયતિ પ્રમાણે એમનું ભાવિ બને છે. તમે જો પડવાના હશો તો પડશો, નહિ પડવાના હો તો કોઈ આવીને તમને બચાવી લેશે.

કાળ-સ્વભાવ-ભવિતવ્યતા-કર્મ અને પુરુષાર્થ, આ પાંચે દ્વારા ઘટના બને છે; તેમાંના કોઈપણ એકથી જ નહિ, પરંતુ પાંચેના સમૂહથી. ઘટના બનવામાં આ પાંચે કારણો અનિવાર્ય છે. આ પાંચે કારણો સુબદ્ધતા સ્થાપન કરે છે. જ્યારે ગોશાળો એકલી નિયતિને સ્થાપન કરે છે.

**સભા :-** *પણ આ બધું નજીક નજીક કહેવાય ને ?*

**સાહેબજી :-** ના, ના, ઘણું દૂર કહેવાય. જૈન કોસ્મોલોજી પ્રમાણે વિશ્વનું સંચાલન કોના દ્વારા થાય છે ? સંચાલન, સર્જન, વિસર્જન ઈશ્વરના હાથમાં છે ? શું સુપર પાવર તરીકે ઈશ્વરને મૂક્યા છે ? એટલે એમ કે શું કોઈ વ્યક્તિના હાથમાં પાવર છે ? પરંતુ આ વાત જૈન અને બૌદ્ધ સિવાયના બધા જ ધર્મો માને છે. જ્યારે જૈન ધર્મ શું કહે છે ? આ વ્યવસ્થા, જગતનું સંચાલન ભગવાન દ્વારા થતું નથી, પરંતુ આગળ બતાવેલાં પાંચ કારણથી થાય છે. પાંચે

કારણોનું જોડાણ થાય ત્યારે જ ઘટના બને છે.

**સભા :-** *નિશ્ચયનય શું માને છે ? નિશ્ચયનય નિર્ણય આપે ?*

**સાહેબજી :-** નિશ્ચયનયથી પાંચે કારણો ચોક્કસ છે, પણ તે નિર્ણય પૂર્ણજ્ઞાની જ આપી શકે. તમને ખબર છે નિશ્ચયનયનું આલંબન કઇ ભૂમિકામાં લેવાય ? જ્યારે વ્યક્તિ સમભાવમાં જાય ત્યારે જ નિશ્ચયનય પકડાય. માટે ત્યાં સુધી તો વ્યવહારનય જ લેવાનો છે.

નિશ્ચયનયથી ક્રમબદ્ધ પર્યાય, વ્યવહારનયથી અક્રમબદ્ધ પર્યાય; આ બન્ને અનેકાન્તદષ્ટિએ માન્ય કરેલ છે. આ બધી વાતો બહુજ ગંભીર છે. નિશ્ચયનયની દષ્ટિથી પાંચ કારણનો સમન્વય ચોક્કસ માન્યો છે, જ્યારે ગોશાળાએ એકલી નિયતિને જ સૃષ્ટિના સંચાલકબળ તરીકે લીધી. બધા જ નય સાપેક્ષવાદના અંગ છે, પરંતુ નિરપેક્ષપણે તો એક જ પરિબળથી જગત ચાલે છે, તેવી નિયતિવાદમાં સ્થાપના કરાય છે.નિશ્ચયનય સમ્યગ્ એકાન્તવાદનું વિધાન છે, પરંતુ ગોશાળાનું વિધાન તો મિથ્યા એકાન્તવાદ છે.

**સભા :-** *નિશ્ચયનય એટલે નિશ્ચિત થઈ ગયું ને ?*

**સાહેબજી :-** ના, ના, નિશ્ચયનો અર્થ નિશ્ચિત નથી. નિશ્ચય એટલે ચોક્કસ એવો અર્થ નથી, નિશ્ચય એ એક દષ્ટિકોણ છે. સૂક્ષ્મ તત્ત્વને ગ્રહણ કરનાર નિશ્ચયનય છે, સ્થૂળ તત્ત્વને ગ્રહણ કરનાર વ્યવહારનય છે. માટે નિશ્ચયનય એટલે નિશ્ચિત તેવો અર્થ નથી. નિશ્ચયનય શ્રદ્ધાના વિષયમાં શું બોલે છે ? સાચી શ્રદ્ધા જો આચરણ રૂપે થાય તો જ નિશ્ચયનય માન્ય કરે છે, નહીંતર તે શ્રદ્ધા પોલી છે.

જ્યારે વ્યવહારનયનું સૂત્ર શું ? તે રુચિરૂપે શ્રદ્ધા પણ માને છે. વ્યવહારનયને મતે જ્ઞાનનું ફળ રુચિ છે, જ્યારે નિશ્ચયનયને મતે જ્ઞાનનું ફળ વિરતિ છે. નિશ્ચયનય દલીલ કરશે કે આ ખાંડો છે તે જાણ્યા પછી ભૂસકો મારો ખરા ? હાડકાં ભાંગે તેવા જ્ઞાનને શું કરવાનું ? જાણ્યા પછી સલામતી જાળવો તો જ જ્ઞાન કામનું. આગ છે તેમ જાણ્યા પછી તેમાં હાથ ન નાંખો તો જ જાણકારી બરાબર.

આખી દુનિયાનું વિશ્લેષણ વ્યવહારનય અને નિશ્ચયનયથી કરી શકાય. બન્ને નય જુદું જુદું કહે છે, પણ બેઉ નય સાચા છે; પરંતુ બધે ધર્મપ્રવૃત્તિ વ્યવહારનયથી છે. નિશ્ચયનયને પૂછો કે ભગવાન મંદિરમાં છે ? તો કહેશે કે ભગવાન કાંઈ મંદિરમાં રહેવાના ? તે તો હૃદયમાં

જ રહે. દલીલ કરશે કે "આત્મા સો પરમાત્મા". મૂર્તિ કાંઈ ભગવાન છે ? આવું દુનિયા જે પણ કાંઈ બોલે છે તે કોઈ ને કોઈ નયથી બોલે છે. રજનીશ પણ શું કહેતા કે "ધર્મ માટે ક્યાં જવાનું ? મંદિર, મસ્જીદમાં કાંઈ ભગવાન છે ?" આ વાત નિશ્ચયનયથી સાચી છે. પરંતુ તેમણે આ વાતને ટ્વીસ્ટ કરીને મૂકી કે જેથી અનર્થ થઈ ગયો.

ત્યારે વ્યવહારનય કહે છે કે મંદિરમાં ભગવાન નથી તો કાંઈ હોટલો - થિએટરોમાં છે ? ધર્મ તો ધર્મસ્થાનકોમાં જ મળશે. વીતરાગની ઝાંખી, વીતરાગની ઓળખાણ, વીતરાગનું આલંબન ક્યાં મળશે ? વિશુદ્ધ ભાવો વગેરે, આ બધુ ક્યાં જાગશે ? નહિંતર તો ગુંડાના હૃદયમાં પણ ભગવાન છે, તેમ નક્કી થશે. માટે બધે અપેક્ષા લગાડી સમન્વય કરવાનો છે. એકલા ભાગ્યથી મળે છે કે એકલા પુરુષાર્થથી મળે છે તેમ તમે કહેશો તો મિથ્યા એકાન્તવાદ થશે. આમ તો આમાં બેઉ વાત સાચી છે, પણ તમે નિરપેક્ષતા જોડશો તો મિથ્યા એકાન્તવાદ થઈ જશે, જે જૈન શાસનની બહાર છે.

હવે પ્રશ્ન થાય કે જો એકલા ભાગ્યથી થાય તેમ માનીએ કે એકલા પુરુષાર્થથી થાય તેમ માનીએ, તો સ્યાદ્વાદની દૃષ્ટિથી બહાર થાય; તો પછી તેમાં સાપેક્ષતા લાવવી કઈ રીતે ? તો બતાવશે કે, ભૌતિક જગતમાં પ્રધાનતાએ ભાગ્યથી સફળ થવાય, અને ધાર્મિક જગતમાં પ્રધાનતાએ પુરુષાર્થથી સફળ થવાય છે. એટલે અપેક્ષાએ વિધાનનો સ્વીકાર કર્યો એટલે સ્યાદ્વાદ થઈ ગયો. સાપેક્ષતા આવી તો અનેકાન્તવાદ આવી ગયો.

## કર્મ પર પુરુષાર્થની અસર :

આગળ વિચારો. કર્મ બાંધ્યું તે જ પ્રમાણે ફળ મળે તો પુરુષાર્થની જરૂર ખરી ? જેમ કે તમે માંદા પડ્યા તો કાંઈ મરજીથી માંદા પડ્યા છો ? ભાગ્યમાં હતું માટે માંદા પડ્યા ને ? કદાચ કહો કે વાતાવરણ બગડ્યું માટે. હા, તો દસ માણસમાંથી બે જ કેમ માંદા પડ્યા ? તો તમે કહેશો કે તેના શરીરે વાતાવરણની અસર પકડી લીધી, કારણ કે તેના શરીરમાં પ્રતિકાર શક્તિ ઓછી હતી. એટલે જેણે વાતાવરણને ન પકડ્યું તેનામાં રોગપ્રતિકારક શક્તિ વધારે હતી, તેમ જ આવશે ને ? પરંતુ જે માણસો માંદા પડ્યા તેમને શું રેઝીસ્ટન્ટ પાવર ન્હોતો જોઈતો ? અને માંદા ન પડ્યા તેમને જ રેઝીસ્ટન્ટ પાવર જોઈતો હતો ? તેથી અંતે આમાં ભાગ્ય આવશે. આપણે શરીર પણ નક્કી કરીને જન્મ્યા છીએ ? પણ જો પસંદ કરીને જન્મ લેવાનો હોત તો બધા દેવકુમાર જેવા જ જન્મત. પરંતુ બધા

પસંદગીથી નથી જન્મ્યા, તેમાં ભાગ્ય જ છે. માટે જો કર્મથી માંદા પડ્યા તો તો વેઠવાનું છે જ, તો પછી દવા કરવાની શું જરૂર ? વળી દવાને માટે જે હિંસા થાય છે તેમાં પણ પાપ છે, અને પાછું શરીર તગડું કરીને તમે શું કરશો ? પાપ જ ને ? માટે જો ભાગ્યથી જ માંદગી આવતી હોય અને પુરુષાર્થની અસર ન હોય તો પછી દવા લેવારૂપ પુરુષાર્થની શી જરૂર ? હા, જો દવા ન લો તો માંદગી દસપંદર દિવસ લંબાય અને દવા લો તો જલદી મટે. પણ આ બધામાં કારણ શું ?

હવે સમજજો. કર્મથી તાવ આવ્યો, પણ પુરુષાર્થથી રોગ જલદી કાબૂમાં આવે. કેમ કે જે આશાતા વેદનીય કર્મ આદિના કારણે રોગ આવ્યો, તે કર્મ જો નબળું હોય તો દવા લેવાથી આઘુંપાછું થઈ જાય અથવા સમય પૂરો થતો હોય તો ખરી પડે. વિપરીત પુરુષાર્થથી કર્મ ખપી જાય, વિપરીત પુરુષાર્થથી કર્મ આઘુંપાછું થાય, વિપરીત પુરુષાર્થથી કર્મમાં રૂપાંતર પણ થાય.

**સભા :-** *દવા ન લઈએ તો કર્મ આપ મેળે ખપે ને ?*

**સાહેબજી :-** કર્મ ખપાવાની રાહ જોતાં જો તમે શાંતિથી સહન કરો તો, તે કર્મ તો ખપે પણ સાથે બીજાં કર્મ પણ ખપે. જ્યારે દવાથી તે કર્મને હડસેલી નાંખો, પણ હાયવોય દ્વારા બીજાં ઘણાં નવાં કર્મો બાંધો. જેમ મહેનત કરીને ૧૦૦ કમાયા પણ ૧૦૦૦ ગુમાવો તો તેમાં શું ?

**(૧) સમ્યગ્ એકાંતવાદ** **(૨) મિથ્યા એકાંતવાદ**

**(૩) સમ્યગ્ અનેકાંતવાદ** **(૪) મિથ્યા અનેકાંતવાદ**

તેથી ભાગ્ય ઉપર પુરુષાર્થની અસર થાય છે. ફળ પ્રાપ્ત કરવામાં એકલું ભાગ્ય કે એકલો પુરુષાર્થ નથી. એકલું ભાગ્ય એટલે એકાન્તવાદ, એ મિથ્યા એકાન્તવાદ છે; એકલો પુરુષાર્થ પણ એકાન્તવાદ, તે પણ મિથ્યા એકાન્તવાદ છે. ભૌતિક જગતમાં પ્રધાનતાએ ભાગ્યથી સફળ થવાય, અહીંયાં સમ્યગ્ અનેકાન્તવાદ આવશે; ધાર્મિક જગતમાં પ્રધાનતાએ પુરુષાર્થથી સફળ થવાય, અહીંયાં પણ સમ્યગ્ અનેકાન્તવાદ આવશે. અને ધાર્મિક જગતમાં પ્રધાનતાએ ભાગ્યથી સફળ થવાય એમ બોલો તો મિથ્યા અનેકાન્તવાદ થશે; તેમ ભૌતિક જગતમાં પ્રધાનતાએ પુરુષાર્થથી સફળ થવાય એમ બોલો તો પણ મિથ્યા અનેકાન્તવાદ

થશે, કેમકે અપેક્ષાઓ મિથ્યા જોડી.

એટલે ભૌતિક ક્ષેત્રમાં બધે પુરુષાર્થ ગૌણ છે અને ભાગ્ય મુખ્ય છે, જ્યારે ધર્મના ક્ષેત્રે ભાગ્ય ગૌણ છે અને પુરુષાર્થ મુખ્ય છે. આનો અર્થ એમ થશે કે પ્રધાનતાની અપેક્ષાએ ભૌતિક જગતમાં ભાગ્ય મુખ્ય છે અને પ્રધાનતાની અપેક્ષાએ ધાર્મિક જગતમાં પુરુષાર્થ મુખ્ય છે; આ વિધાનોમાં સમ્યગ્ અનેકાન્તવાદ આવે છે. જ્યારે એમ બોલો કે ભૌતિક ક્ષેત્રમાં એકલું ભાગ્ય જ અને ધાર્મિક ક્ષેત્રમાં પણ એકલું ભાગ્ય જ કામ લાગે છે; અથવા ભૌતિક ક્ષેત્રમાં એકલો પુરુષાર્થ જ અને ધાર્મિક ક્ષેત્રમાં પણ એકલો પુરુષાર્થ જ કામ આવે છે; આ પ્રમાણે જો આગ્રહથી વિધાન કરશો તો મિથ્યા એકાન્તવાદ થશે. જ્યારે ભૌતિક જગતમાં પ્રધાનતાએ ભાગ્યથી જ સફળ થવાય અને ધાર્મિક જગતમાં પ્રધાનતાએ પુરુષાર્થથી જ સફળ થવાય, આમ દૃઢતા સાથે વિધાન કરશો તો સમ્યગ્ એકાન્તવાદ કહેવાશે.

# ૬

તા. ૧૮-૦૯-૯૪, રવિવાર.

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને શુદ્ધ સમભાવની પ્રાપ્તિ કરાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ જે કાંઈ પણ ધર્મની આરાધના, અનુષ્ઠાન કે ક્રિયા છે, તે આત્મા વિષમભાવમાંથી સમભાવદશામાં જાય તેના માટે જ છે. કોઈપણ આરાધનાનું અંતિમ ફળ સમતા છે. માટે જે આત્મા સમભાવમાં જઈ શકતો હોય તો તે તેની આરાધનાનું ફળ છે. સમતામાં પહોંચેલાને બીજા કોઈ આચાર પાળવાની જરૂર નથી. જ્ઞાનાચાર-દર્શનાચાર વગેરેનું પણ અંતિમ ધ્યેય સમભાવ છે, અને સમતા પછીનો મોક્ષમાર્ગ છે તેમાં તો સ્વાનુભવ આધારિત આંતરિક પુરુષાર્થથી પહોંચવાનું છે; પરંતુ સમતાએ પહોંચવા માટે તો આ જ આરાધના છે. સમતા અને વીતરાગતા વચ્ચે ભેદ છે. સમતા આવી ગઈ એટલે વીતરાગતા આવી જતી નથી. સમતા આવ્યા પછી કોઈ પણ શાસ્ત્રની સાધન તરીકે ઉપયોગિતા નથી. માટે અત્યારની આરાધના સમતા પામવા માટે જ છે.

મધ્યસ્થતા લાવવાની તાકાત સ્યાદ્વાદની દૃષ્ટિમાં છે. જેમ જેમ આત્મા સ્યાદ્વાદનું મંથન કરતો જાય તેમ એ આત્મા વિરોધાભાસ, મતભેદોનું તટસ્થતાથી સમાલોચન કરી શકે છે. જેનામાં કદાગ્રહ નથી તે યોગ્ય રીતે સત્યાસત્યને ન્યાય આપી શકે છે. તેવી વ્યક્તિ સ્યાદ્વાદ દ્વારા સમતાને પામી શકે છે. સમતા ભિન્ન મતો પ્રત્યે સંપૂર્ણ નિર્લેપતા, મધ્યસ્થભાવ સ્વીકારે છે. તેમાં સત્યનો સ્વીકાર જ નહિ પણ આચરણ પણ આવી જાય છે. સમકિત એ સમતાએ પહોંચવા માટેનો સેતુ અને દૃષ્ટિ બંને છે. સ્યાદ્વાદ શૈલીમાં જ એવી વિશેષતા છે કે તે વિરોધાભાસી વાતોનો પરસ્પર સમન્વય કરવાની શક્તિ ધરાવે છે. એક વાત સાચી માનીએ તો બીજી વાત સાચી મનાય નહિ, પણ સ્યાદ્વાદની દૃષ્ટિથી વિરોધી વાત પણ સાચી થઈ શકે છે. સમન્વયનો અર્થ શંભુમેળો નથી, સાચા-ખોટાનો સમન્વય નથી, પણ વિરોધાભાસનો સમન્વય છે અને આ સ્યાદ્વાદ દૃષ્ટિ જબરદસ્ત રીતે તે કરી શકે છે.

## બાંધેલું કર્મ ભોગવવું જ પડે ? કર્મફળમાં સ્યાદ્વાદ દષ્ટિ :

આપણાં શાસ્ત્રોમાં અને અન્ય ધર્મમાં વાત આવે છે કે બાંધેલું કર્મ ભોગવ્યા સિવાય છૂટે નહિ. હરેક વ્યક્તિએ બાંધેલાં કર્મો ભોગવવાં જ પડે. કુદરતમાં ન્યાય એવો છે કે કોઈપણ અપરાધ સજા ભોગવ્યા વિના છૂટે નહિ, કર્મ બાંધેલું અવશ્ય ભોગવવું જ પડે. પરંતુ આને તમે નિરપેક્ષપણે બોલો તો મિથ્યા એકાન્તવાદ થાય; જેમકે પુણ્ય કે પાપ બાંધ્યું તો તેનાં ફળ ચાખવાં જ પડે. તેમાં દાખલો આપે કે પ્રભુ મહાવીરને બાંધેલાં કર્મ ભોગવવાં જ પડ્યાં, ત્યાં સુધી કેવળજ્ઞાન કે મોક્ષ તેમનો પણ ન થયો. જો કર્મે તીર્થંકરને ન છોડ્યા તો શું આપણને છોડશે ? કર્મ કોઈની શેહશરમ રાખે તેમ નથી.

એક તરફી આ વાત ફીટ કરી દીધી હોય કે બાંધેલું કર્મ ભોગવવું જ પડે. આ મિથ્યા એકાન્તવાદનો નમૂનો છે. કર્મનું પૂંછડું એકાન્તે પકડી લીધું કે બાંધેલું કર્મ ભોગવવું જ પડે, તો પ્રાયશ્ચિત્ત કરવાનું મફતમાં બતાવ્યું છે ? બધા ધર્મોનાં શાસ્ત્રોમાં આ વિધિ છે. જો કર્મ બાંધ્યું તેમાં ફેરફાર ન થાય તો પ્રાયશ્ચિત્ત શું કામનું ? શું તમે નવરા છો માટે મહાપુરુષોએ તે બતાવ્યું છે ? ના, બાંધેલું પાપ વગર ભોગવે ખપાવવા માટેની પ્રક્રિયા તે પ્રાયશ્ચિત્ત છે. દૈનિક પ્રતિક્રમણ એ પ્રાયશ્ચિત્ત છે. બીજી મોટી વિરતિની ક્રિયાઓ, દાન-તપ-જપ વગેરે પ્રાયશ્ચિત્તની ક્રિયાઓ છે. માટે બાંધેલું કર્મ ભોગવ્યા સિવાય પણ પૂરું ખપાવી શકાય છે. જો ભોગવીને જ છૂટતું હોય તો પછી ધર્મસાધનાની શું જરૂર રહે ? માટે જક્કીની જેમ જો સિદ્ધાંત પકડો તો મૂળભૂત તત્ત્વ નાશ થઈ જાય છે. અમે તમને ઉપદેશ આપીએ છીએ તે દુષ્કાર્યમાંથી સત્કાર્યમાં સ્થાપિત કરવા માટે, અને જો તેનું કાંઇ ફળ ન હોય તો આ બધી પ્રવૃત્તિઓ શું કામની ?

જો બાંધેલું કર્મ ભોગવવું જ પડે, તેમાંથી કોઇને માફી નથી, છૂટકારો નથી, તો મિથ્યા એકાન્તવાદ થશે. અપેક્ષાએ બાંધેલું કર્મ ભોગવવું પડે, પણ અપેક્ષા કઇ લેવાની ? નિકાચિત કર્મો ક્ષપકશ્રેણી નહિ માંડેલા જીવોને ઉદયમાં આવે તો અવશ્ય ભોગવવાં પડે છે. કર્મો બે પ્રકારે છે. (૧) નિકાચિત કર્મ અને (૨) અનિકાચિત કર્મ. અનિકાચિત કર્મમાં પુરુષાર્થ દ્વારા પરિવર્તન શક્ય છે, જ્યારે નિકાચિત કર્મમાં પુરુષાર્થ દ્વારા પરિવર્તન શક્ય નથી અને એ કર્મો ક્ષપકશ્રેણીમાં જ ભોગવ્યા વગર ખપે છે; અને તે સિવાય તો નિકાચિત કર્મો ભોગવ્યા વગર છૂટકો નથી.

**સભા :-** *મહાવીરસ્વામી ભગવાન માટે શું કહેવાશે ?*

**સાહેબજી :-** પ્રભુ મહાવીરે ક્ષપકશ્રેણી માંડી તે પહેલાં તેમના આત્મા ઉપર અસંખ્ય નિકાચિત કર્મો હતાં અને વગર ભોગવ્યે તે ક્ષપકશ્રેણીમાં ખપ્યાં છે. આપણી કર્મવાદની

વ્યવસ્થા એવી છે કે જો ભોગવ્યા વગર એકે કર્મ ખપે નહિ તો જીવનો મોક્ષ થાય જ નહિ. કેમ કે તમે જેટલાં કર્મો ભોગવીને ખપાવો છો ત્યારે તે ભોગવતાં બીજાં નવાં કર્મો બાંધો છો; માટે સાઈકલ તો ચાલુ જ રહેવાની, જેથી જીવનો કદી મોક્ષ થાય જ નહિ. પરંતુ તેવું નથી. આપણો કર્મવાદ કહે છે કે અનિકાચિત કર્મોને તમે પુરુષાર્થ દ્વારા ભોગવ્યા વગર પણ ખેરવી શકો છો, હઠાવી શકો છો, રૂપાંતર પણ કરી શકો છો; પુરુષાર્થ દ્વારા તેમાં બધાં જ પરિવર્તન શક્ય છે. પરંતુ નિકાચિત કર્મો માટે કહે છે કે આ નિકાચિત કર્મોમાં તમે ક્ષપકશ્રેણી માંડ્યા પહેલાં પુરુષાર્થ દ્વારા કોઈ પણ રીતે પરિવર્તન લાવી શકતા નથી. જો તે કર્મો ક્ષપકશ્રેણી માંડ્યા પહેલાં ઉદયમાં આવી જાય તો ભોગવે જ છૂટકો છે. ફક્ત ક્ષપકશ્રેણી કાળમાં જ નિકાચિત કર્મો ભોગવ્યા વિના ખપે છે. માટે પછી પ્રભુ મહાવીર હોય તો પણ તેમને નિકાચિત કર્મો જો ક્ષપકશ્રેણી માંડે તે પહેલાં ઉદયમાં આવે તો ભોગવવાં જ પડે. પ્રભુ મહાવીરના જીવનમાં આ જ બન્યું છે. તમે ભલે દુનિયાના પેલા છેડે હો તો પણ કર્મ હિસાબ લે છે, પછી ગમે તેવો સત્તાધીશ, રાજા, મહારાજા કે તીર્થંકરનો જીવ હોય; પણ જો ક્ષપકશ્રેણી પહેલાં નિકાચિત કર્મ ઉદયમાં આવે તો ભોગવવું જ પડે; તે તો આના પાઈનો હિસાબ લે છે.

**સભા :-** *પણ કેવળજ્ઞાન પછી ભોગવ્યું તેનું શું ?*

**સાહેબજી :-** તે અચ્છેરું કહેવાય. વળી એમાં તો અઘાતી કર્મના ઉદયની વાત છે.

**સભા :-** *અત્યારે ક્ષપકશ્રેણી આવે ખરી ?*

**સાહેબજી :-** અત્યારે ક્ષપકશ્રેણી આવવાનો સવાલ જ નથી. અત્યારે તમારું કર્મ અનિકાચિત હોય તો તમે ફેરફાર કરી શકો છો, નહિતર અસ્થિમજ્જાવત્ જડાયેલું રહેશે. તેથી કર્મનાં ફળ ભોગવવાં જ પડે તેવો એકાન્તે નિયમ નથી.

કર્મવાદની વ્યવસ્થામાં એકાન્તવાદ નહિ પણ અનેકાન્તવાદ છે. કર્મની વ્યવસ્થા જો એકાન્તે સ્વીકારીએ તો, ધર્મ કરવાની જરૂર ખરી ? સત્કર્મનું ફળ ન હોય તો સત્કર્મ કરવાની જરૂર ખરી ? સદ્ગુણો તથા દુરાચાર વગેરેનાં ફળો છે, માટે જ સદ્ગુણો કેળવવા જેવા છે અને દુરાચારો છોડવા જેવા છે.

જેમ આત્મા પાયામાં છે, તેમ કર્મ પણ પાયામાં છે, માટે કર્મવાદનો સ્વીકાર અનિવાર્ય છે; પણ કર્મવાદ એકાન્તે સ્વીકારાય નહિ. માટે કર્મનો કાયદો અટલ જ છે તેમ બોલાય નહિ. હા, નિકાચિત કર્મની અપેક્ષાએ કહો તો સાચું, પણ અનિકાચિત કર્મની અપેક્ષાએ બોલો તો વિધાન ખોટું ઠરશે. (૧) કર્મનાં ફળ અનિવાર્યપણે ચાખવાં જ પડે, તે વિધાન નિકાચિત કર્મ

માટે આવશે. (૨) કર્મનાં ફળ બદલી શકાય છે, તે વિધાન અનિકાચિત કર્મ માટે આવશે; અનિકાચિત કર્મ ભોગવવાં જ પડે તેવો નિયમ નથી, માટે અનેકાન્તવાદ આવ્યો. બીજા ધર્મોવાળા પણ કર્મને સ્વીકારે છે, પણ તેમને પૂછીએ કે તમે કર્મને એકાન્તે સ્વીકારો છો કે અનેકાન્તે સ્વીકારો છો ? જો એકાન્તે સ્વીકારો તો આટલા-આટલા તેમાં પ્રશ્નો રહેશે, પરંતુ અનેકાન્તે સ્વીકારો તો બધું સુસંગત થઇ જશે. માટે જ સ્યાદ્વાદ વગર ડગલું પણ ભરાતું નથી, બધે જ સાપેક્ષતા જોઈશે.

નિકાચિત કર્મની અપેક્ષાએ ક્ષપકશ્રેણી નહિ માંડેલાને કર્મનાં ફળ અવશ્ય ભોગવવાં પડે, તે વિધાનમાં સમ્યગ્ અનેકાન્તવાદ આવશે. તેની સામે અનિકાચિત કર્મની અપેક્ષાએ ક્ષપકશ્રેણી નહિ માંડેલા જીવોને કર્મનાં ફળ અવશ્ય ભોગવવાં જ પડે, આ વિધાન ખોટું છે; કારણ સાપેક્ષતા ઊંધી છે, માટે મિથ્યા અનેકાન્તવાદ આવશે. તેથી ખોટી અપેક્ષાએ બોલાતું વિધાન મિથ્યા અનેકાન્તવાદ અને સાચી અપેક્ષાએ બોલાતું વિધાન સમ્યગ્ અનેકાન્તવાદ. સારાંશ એ છે કે બાંધેલા કર્મનાં ફળ ભોગવવાં પણ પડે, અને ન પણ ભોગવવાં પડે.

અનિકાચિત કર્મ અવશ્ય ભોગવવાં જ પડે, તે વિધાન મિથ્યા એકાન્તવાદ થશે. જો હાથીનો પગ પકડીને આંધળો માણસ કહે કે 'પગની અપેક્ષાએ હાથી થાંભલાં જેવો છે', તો તે સત્ય વિધાન છે, પણ 'પગની અપેક્ષાએ હાથી સૂપડા જેવો છે,' તેમ કહેશે તો મિથ્યા અનેકાન્તવાદ થશે. સાપેક્ષ વિધાન બધાં જ સત્ય હોય તેવું નથી, પણ સાપેક્ષ વિધાન સત્ય આધારિત હોય તે જ સમ્યગ્ અનેકાન્તવાદ. જેમ આ બધા આંધળા એકબીજાની વાત માનવા તૈયાર છે, કેમ કે તેઓ બધા સત્ય આધારિત સાપેક્ષપણે બોલે છે; તેથી એકબીજાની વાત વિચારવાની તેમની તૈયારી છે. આ સમ્યગ્ સાપેક્ષ વિધાનો હોવાથી સમ્યગ્ અનેકાન્તવાદ છે, અને આ જ વાત કર્મની ફીલોસોફીમાં પણ લાગુ પડે છે; જેમ કે નિકાચિત કર્મની અપેક્ષાએ ફળ અવશ્ય ભોગવવાં જ પડે, પરંતુ કોઈ એમ કહે કે અનિકાચિત કર્મની અપેક્ષાએ ફળ અવશ્ય ભોગવવાં પડે તો તે મિથ્યા અનેકાન્તવાદ છે.

"કર્મ બાંધ્યું એટલે કર્મનાં ફળ ભોગવવાં જ પડે, તેમાં લુપ-હોલ છે જ નહિ, કર્મમાં નિકાચિત કર્મ કે અનિકાચિત કર્મનો સવાલ જ નથી, કર્મ બાંધ્યું એટલે ભોગવવું જ પડે, તેમાં અંત છે જ નહિ, કોઇ નિયમો પણ છે જ નહિ" એવું કહેવામાં આવે તો તે વિધાન મિથ્યા એકાન્તવાદ છે. માટે બધે અપેક્ષાથી વિચારવાનું આવશે.

અમદાવાદમાં હીરાભાઈ ઠક્કર કર્મ ઉપર પ્રવચનો આપે છે. તેમને થયું કે જૈન કર્મવાદ જાણવા જેવો છે. માટે મને આવીને પૂછ્યું કે "કર્મ બાંધ્યા પછી માફી મળે ? જો માફી મળે તો

પછી કુદરતમાં ન્યાય નથી તેમ સ્થાપિત થાય. વળી જો બાંધેલું કર્મ ભોગવવું જ પડે તો તો જીવનું ભાવિ નક્કી થઈ જાય, તો પછી સાધનાની શું જરૂર ?" મેં કહ્યું કે "જૈન સિદ્ધાંત હમણાં બાજુમાં રાખો, પણ તમારા વૈદિક શાસ્ત્રમાં પાપનું પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે કે નહિ ? જો કર્મ બાંધ્યા પછી તેમાં ફેરફાર થવાનો અવકાશ જ ન હોય તો, જેણે પ્રાયશ્ચિત્ત બતાવ્યું તેઓ બેવકૂફ કહેવાય કે ડાહ્યા કહેવાય ? માટે 'કર્મનો કાયદો એકાન્તે અટલ છે, પાપ કર્યું એટલે કાયમી ગુનેગાર' તેવું નથી. ગુનો કર્યો પણ પછી પણ જો સુધરવાની તૈયારી હોય તો માફી અપાય છે, સજામાં હળવાશ કરાય છે. ગુનેગાર પણ પોતાની વર્તણૂક દ્વારા સજ્જનતા સ્થાપિત કરે છે. ધારો કે કોઈને જેલ થઈ હોય, પછી તેના પાંચ વર્ષના રીપોર્ટ જોઈને તમારે વ્યવહારમાં પણ સજામાં ફેરફાર કરવાનો થાય છે. તેમ દુર્જનને પણ સજ્જન બનવું હોય તો અવકાશ હોય છે અને કુદરતમાં ગુનાની માફી પણ મળે છે; માટે ધર્મની સાધના દ્વારા, પ્રાયશ્ચિત્ત દ્વારા વગર ભોગવે પાપ ખપાવી શકાય છે. જેમ કે જેને ભાવચારિત્ર પ્રાપ્ત થાય તો તેનાં અનંતા ભવોનાં પાપો એક દિવસમાં ખપે છે, પણ નિકાચિત કર્મ ક્ષપકશ્રેણી વગર ખપે નહીં.

**સભા :-** *પ્રાયશ્ચિત્તથી નિકાચિત કર્મ ખપે ?*

**સાહેબજી :-** પ્રાયશ્ચિત્તથી નિકાચિત કર્મ ન ખપે, પણ તેની સાથે રહેલાં અનિકાચિત કર્મો તૂટી જાય. એકલું નિકાચિત કર્મ નથી બંધાતું, સાથે અનિકાચિત કર્મો પણ બંધાય છે. જેમ બદમાશોની એક ટોળી હોય અને તેને તોડી નાંખો, તો તેનું જોર ઘટી જાય છે, તેની જેમ અનિકાચિત કર્મો તૂટી જવાથી નિકાચિત કર્મોનું બળ ઘટી જાય છે.

સાચું પ્રાયશ્ચિત્ત કરનારને કદાચ નિકાચિત કર્મ ન હટે તોપણ અશુભ અનુબંધ તૂટી જાય છે. તેથી પાપનો દોર તૂટી જાય છે, પછી પાપનું ફળ ભોગવતાં નવાં પાપોનું સર્જન નહિ થાય. નિકાચિત પાપો થઈ ગયાં હોય તો પણ પ્રાયશ્ચિત્ત કરવામાં લાભ જ છે. તમને બંધ-અનુબંધના મૂળભૂત સિદ્ધાંતો સ્પષ્ટ હોવા જોઈએ.

હવે મૂળ વાત. નિરપેક્ષપણે કાંઈ પણ બોલો તો અસત્ય વિધાન થઈ ગયું. સત્ય આધારિત તમારી દૃષ્ટિ રાખવી હોય તો સાપેક્ષતા તો રાખવી જ પડે. તીર્થંકર ભગવાનની વાણી સમ્યગ્ અનેકાન્તવાદથી જ ભરેલી છે. માટે જ્યાં સત્ય છે ત્યાં જ ધર્મ છે, નિરપેક્ષ બનો તો અસત્ય, ખોટી સાપેક્ષતા હશે તો પણ અસત્ય બની જશે. જેનું જ્ઞાન નિરપેક્ષ હશે તે સત્યથી વેગળું જ હશે. સાથે જ્યાં સાપેક્ષતા છે, પણ અપેક્ષા ઊંધી છે, ત્યાં પણ જ્ઞાન ઊંધું થશે. તે જ્ઞાનનું કોઈ જ મૂલ્ય નથી.

## હિંસામાં પાપ જ બંધાય એ વિધાન મિથ્યા એકાંતવાદ :

હવે, હિંસાથી પાપ બંધાય જ ? તો જવાબમાં હિંસાથી પાપ અપેક્ષાએ બંધાય અને અપેક્ષાએ ન બંધાય. તેમાં જો હિંસા કરતી વખતે અપ્રશસ્ત ભાવ હોય તો પાપ અવશ્ય બંધાય, અને પ્રશસ્ત ભાવ હોય તો પાપ ન બંધાય. પરંતુ એમને એમ નિરપેક્ષપણે બોલીએ કે હિંસા કરીએ એટલે પાપ જ, હિંસામાં કોઈ દિવસ પ્રભુનો ધર્મ હોય જ નહિ; આવું નિરપેક્ષ વિધાન મિથ્યા એકાન્તવાદ થશે. 'પાપ છે તે પાપ જ ગણાય, અધર્મનાં સાધન અધર્મનાં જ ગણાય' આ મિથ્યા એકાન્તવાદનાં વિધાનો છે, કેમ કે અપેક્ષાએ અધર્મનાં સાધનો પણ ધર્મનાં સાધન બની શકે છે અને ધર્મનાં સાધનો પણ અધર્મનાં સાધનો બની શકે છે.

## ગેરલાયક જીવને ધર્મનું સ્થાન પણ અધર્મનું સાધન છે :

વ્યવહારયનયની દૃષ્ટિએ દહેરાસર ધર્મનું સ્થાનક છે. ત્યાંના પવિત્ર વાતાવરણમાં આવી જીવો આરાધના કરે છે, શુભ ભાવો કરે છે, માટે તે આરાધનાનું સાધન છે. પણ ઘણા જીવો એવા હોય છે કે દહેરાસરમાં આવીને પણ ઘોર પાપ કરતા હોય છે. તો તેઓ માટે ધર્મનું સાધન અધર્મનું સાધન બની ગયું. ત્યાં આવી દ્વેષ, આશાતના કરે તો અધર્મનું સાધન બન્યું. જે બધા ટુરિસ્ટો આવે છે તેમને પણ પાપનું સાધન બને છે. તેઓ કઈ રીતે આવે છે ? આર્ટ-કલા જોવા તથા પોતાની ઇન્દ્રિયોને તૃપ્ત કરવા આવતા હોય છે. તેમને કાંઇ પરમાત્માના ગુણો સાથે, આરાધના સાથે લેવા દેવા ખરી ? તેથી તેઓને માટે પાપનું સાધન બનશે. તેથી બધાને દહેરાસર ધર્મનું સાધન બને તેવું એકાન્તે નથી. લાયક જીવોને અપેક્ષાએ દહેરાસર ધર્મનું સાધન અને ગેરલાયક જીવોને અપેક્ષાએ દહેરાસર અધર્મનું સાધન છે. અહીંયાં નિરપેક્ષપણે બોલો તો શું થાય ? ધર્મસ્થાનકો, તીર્થસ્થાનકો તે કાંઇ હરવા-ફરવા માટેનાં સ્થાનો છે ? કે તે ઉપાસનાનાં સ્થાનો છે ? અહીંયાં પવિત્ર વાતાવરણ મળે, ભાવોમાં પવિત્રતા આવે તે માટે ધર્મસ્થાનકો ઊભાં કર્યાં છે. તમારી ઇન્દ્રિયોને કંટાળો આવે એટલે મજા લેવા થોડાં બનાવ્યાં છે ? જો જૈન થઈને આબુ-દેલવાડાના દહેરાસરમાં કલાની દૃષ્ટિએ જાઓ અને ઇન્દ્રિયોને તૃપ્ત કરો, તો કેવી વાત કહેવાય ? ધર્મસ્થાનકોમાં કલાનો વિરોધ નથી, રાજાના રાજમહેલ કરતાં પણ દહેરાસરો આલીશાન બનાવવાં જોઈએ, પણ તેમાં દૃષ્ટિ શું હોય ?

તમે રાણકપુર જાઓ ત્યારે એમ થાય ખરું કે બનાવનારે આમાં કેટલું દ્રવ્ય તે વખતે વાપર્યું હશે ? પ્રભુ પ્રત્યે તેમની કેવી ભક્તિ હશે ? તેમાં તેમણે કેવાં તન-મન અને ધન રેડ્યાં હશે ? તેઓ પોતાના માટે મહેલો ન્હોતા બંધાવી શકતા ? વસ્તુપાળે પોતાના માટે આવો એક

પણ મહેલ બંધાવ્યો ન્હોતો, પણ પરમાત્માનાં મંદિરો જ ઉત્કૃષ્ટ બંધાવ્યાં હતાં. વસ્તુપાળે અબજો સુવર્ણમુદ્રાઓનું દાન આપ્યું હતું.તમે તો કહી દેશો કે તેમની પાસે અઢળક સંપત્તિ હશે માટે આટલું દાન આપ્યું હશે. તેમને વીરધવલના પુત્રે પૂછ્યું "તમારી સંપત્તિ કેટલી ?" તો તેઓ કહે છે કે "મને ખબર નથી. કાલે કહીશ" ઘરે જઈને તેઓએ હિસાબ કર્યો તો પાંચ લાખ સુવર્ણમુદ્રા હતી. દાન કેટલાનું ? અને મિલકત કેટલી ? જરા વિચાર કરજો. જેટલું આવતું જાય તેટલું તેઓ દાન આપતા જાય. કદી સંગ્રહનો વિચાર નહીં કરેલો. તેમણે જે રીતે ધર્મ કર્યો છે, તેમાં અખૂટ ધર્મશ્રદ્ધા એ જ તેમની તાકાત છે ! માટે તમે દર્શન કરતાં વિચારજો કે તેમની ભક્તિ કેવી હશે ! તેમાં કેવા પ્રાણ તેમણે રેડ્યા હશે ! ત્યાંની કલાનું આકર્ષણ ચિત્તના ભાવો વધારવા માટે છે. સંગીત તથા શિલ્પકલાને પરમાત્માની ભક્તિમાં વાપરવાની છૂટ છે. પરમાત્મામાં એકતાન બનવા માટેનાં તે સાધનો છે. માત્ર તમારી ઇન્દ્રિયોની તૃપ્તિ માટે ત્યાં જાઓ તો પાપ છે. વીતરાગતામાં એકતાન બનવા માટે સંગીત-નૃત્ય બધું કરવાની છૂટ છે. તમે તો આબુ જાઓ તો ભગવાન પાસે પાંચ મિનિટ બેસો અને કલાકૃતિ જોવા પાંચ કલાક કાઢો, તેવા છો.

## વ્યવહારનય - નિશ્ચયનય :

**સભા :-** *પાલીતાણાના પહાડ ઉપર ચંપલ પહેરીને જઈએ તો આશાતના થાય ?*

**સાહેબજી :-** હા, આશાતના થાય. ધર્મસ્થાનકો યોગ્ય વ્યવહારથી ધર્મનાં સ્થાનકો બને છે. પવિત્ર તીર્થ ઉપર અપવિત્ર વર્તન તે આશાતના જ છે. વ્યવહારનય ધર્મતીર્થોને ધર્મસ્થાનક જ કહેશે. જ્યારે નિશ્ચયનય કહેશે લાયક જીવની અપેક્ષાએ ધર્મસ્થાનક અને ગેરલાયક જીવની અપેક્ષાએ અધર્મસ્થાનક છે. ઘણા યોગ્ય જીવોને આ ધર્મ પામવાનું સાધન છે. તેથી વ્યવહારનય તેને ધર્મસ્થાનક જ કહે છે. જ્યારે નિશ્ચયનય કહે છે, "ધર્મસ્થાનક જ છે, તેવો નિયમ નથી." માટે સાપેક્ષતા આવી.

કર્મના સિદ્ધાંતો, આત્માના સિદ્ધાંતો, ધર્મના સિદ્ધાંતોમાં બધે જ અનેકાન્તવાદ લાગુ પડવાનો. અમુક જગાએ જ આ વાદ લાગુ પડે તેવો નિયમ નથી. માટે બધે અનેકાંતવાદ છે. નિશ્ચયનયથી જેટલાં પુણ્યબંધનાં સાધન છે, તે બધાં પાપબંધનાં સાધન પણ છે; જે નિર્જરાનાં સાધન છે, તે આશ્રવનાં પણ સાધન છે. નિશ્ચયનય કહેશે લગ્ન કરતાં કેવળજ્ઞાન થાય, તેમાં લગ્ન પણ નિર્જરાનું સાધન થયું. જ્યારે વ્યવહારનય કહેશે લગ્ન કરતાં કેટલા કેવળજ્ઞાન પામ્યા ? અને તેમાં પાપ બાંધનારા કેટલા જીવો ? લગ્ન કરતાં કાંઇ ધર્મના ભાવ હોય ? તો

પછી લગ્ન ક્યાંથી નિર્જરાનું સાધન બનશે? વ્યવહારનય કહેશે "તે તો પાપની જ ક્રિયા છે," જ્યારે નિશ્ચયનય કહેશે "લગ્ન એ પાપની જ ક્રિયા છે તેવું એકાન્તે નથી, અપેક્ષાએ તે ધર્મક્રિયા બની શકે છે."

તમે બોલો છો કે "આ મારું ઘર, મારા પૈસા, મારું કુટુંબ." અહીં જૂઠું બોલનારની વાત નથી, સજ્જન સાચા માણસની વાત છે. તમે કહેશો કે "આ મારો બંગલો, મારી મહેનતે મેં ઊભો કર્યો છે. ત્યારે વ્યવહારનય કહેશે કે સાચું, પણ નિશ્ચય નય કહેશે કે ભાઈ આ ખોટું છે. બંગલો કદી તમારો થઈ શકે ખરો? જડ ઉપર કદી ચેતનનો અધિકાર હોય? કારણ જડ વસ્તુ બધી જ પરાઈ છે. શરીર પણ તમારી મરજી મુજબ નથી ચાલતું, તો આ બંગલો તમારો ક્યાંથી? માટે તમે જૂઠું બોલો છો. માટે બન્ને નયની વ્યાખ્યા જુદી છે. અહીં વ્યવહારનય કહેશે કે કોઈકનું ઘર હોય અને તમે તેને મારું ઘર કહો તો ખોટું, પરંતુ તમારા પૈસાથી બંધાવ્યું હોય તેને તો મારું કહી શકો. આમ બન્ને નય સાચા છે. બન્નેની વાતમાં તથ્ય છે. પોતપોતાના દૃષ્ટિકોણથી સાચા છે. માટે સ્યાદ્વાદ આવ્યો અને તેની આ જ ખૂબી છે કે બન્ને જુદી દેખાતી વાતોનો તે સમન્વય કરી આપે છે.

નિશ્ચયનય કહેશે જડ વસ્તુ બધી પરાઈ છે, તેમાં મારું છે તેમ બોલાય જ નહિ. જો આમ એકલું માનીએ તો પરિસ્થિતિ શું થાય? તમે પૈસા લો તો પૂછે 'કેમ લીધા?' તો કહેશો કે 'મારા છે' માટે જ લીધા છે. પણ આગળ કહેશે કે તારા ક્યાંથી છે? હવે જો આ વખતે વ્યવહારનય નહીં સ્વીકારીએ તો ઘોર અવ્યવસ્થા થાય. નીતિથી કમાયેલા પૈસા તમે મારા કહો તો કાંઇ તે સદંતર ખોટું કહેવાય? પરંતુ અપેક્ષાએ સાચું છે. કોઈ કહેશે કે 'આ પાંચ લાખ મારા છે.' તો તમે તેને કેમ ખોટા કહી શકશો? હા તમે પાડોશીના પૈસાને કહો કે "મારા છે" તો તમે તેમાં અણહકનો દાવો કર્યો, માટે બરાબર કે તે તમારાં ન કહેવાય. માટે વ્યવહારનયથી તમારા પૈસા તમારા છે અને નિશ્ચયનયથી જડ અને ચેતન સ્વતંત્ર વસ્તુ છે, માટે તમે જડ ઉપર કેમ દાવો કરી શકો કે તે મારું છે? ભિન્ન દ્રવ્ય ઉપર અધિકાર ન હોય, માટે નિશ્ચયનયથી તમે કમાયેલા પૈસા પણ તમારા નથી. આમ આ વાત પણ સાચી છે.

નિશ્ચયનય પૂછશે 'મારા' શબ્દનો અર્થ શું? મારા આ પાંચ લાખ રૂપિયા નીતિથી મેં કમાયેલા છે; પણ માલિકીનો અર્થ શું? જે વસ્તુ ઉપર તમારું વર્ચસ્વ રાખી શકો અને વર્ચસ્વ રાખી તેમાંથી તમારી ઇચ્છા મુજબ સુખ મેળવી શકો, તેને ઇચ્છા મુજબ વાપરી શકો, તેનો ઇચ્છા મુજબ ભોગ કરી શકો, તો તે પોતાનું; એટલે જે વસ્તુનો કાબૂ તમારા હાથમાં હોય તે તમારી માલિકીની કહેવાય. અને વગર કાબૂએ પૈસા તમારી માલિકીના હોય તો આખી દુનિયાના પૈસા તમારા કેમ નથી? કોઈપણ જડ વસ્તુ ઉપર તમારો કાબૂ છે ખરો? જો શરીર

ઉપર તમારો કાબૂ હોય તો તમે મરો ખરા ? હટ્ટા-કટ્ટા થઈને જ ફરો ને ? તમારી ઇચ્છા મુજબ જ ખાઓ-પીઓ ને ? પણ હમણાં જો શરીર ના પાડે તો ખાધા વગર ચૂપચાપ બેસી જાઓ ને ? અને કદાચ ખાઈ પણ લીધું તો પચે ખરું ? ઝાડો પણ તમારી ઇચ્છા મુજબ ઊતરે છે ખરો ? તમારી ઇચ્છા મુજબ હાર્ટ-કીડની ચાલે છે ? ફેઇલ કરવાની ઇચ્છા ન હોય તો પણ ફેઇલ થઈ જાય છે ને ? માટે જે વસ્તુ ઉપર તમારો કાબૂ નથી તેને તમારી કેમ સ્થાપિત કરી શકો ? એટલા જ માટે જડ વસ્તુ ઉપર તમારું વર્ચસ્વ નથી, તેથી તેને સાચા અર્થમાં તમારી માલિકીનું કહી શકાતું નથી. માટે આ બધું મિથ્યા અભિમાન છે. જેના ઉપર તમે નિયંત્રણ રાખી શકતા નથી અને કહો કે આ મારું છે, તે કેમ મનાય ? અપેક્ષાએ નિશ્ચયનયની આ વાત સાચી છે. માટે બન્ને નયના અભિગમ સ્વીકારવા પડશે. નિશ્ચયનય કહેશે-તમારી જાતે, સ્વપરિબળથી, સ્વભુજાથી કમાયેલા પૈસાને મારા કહો તો તે પણ ખોટું છે. હું એટલે આત્મા, આત્માના ગુણ એ મારા. એ સિવાયનું બધું પરાયું. આ રીતે અધ્યાત્મમાં પણ સાપેક્ષતા જોડાય. માટે નિશ્ચયનય-વ્યવહારનય દ્વારા કઈ રીતે સાપેક્ષતા આવે તે બરાબર સમજો.

(૧) સમ્યગ્ અનેકાન્તવાદ (૨) સમ્યગ્ એકાન્તવાદ

(૧) મિથ્યા અનેકાન્તવાદ (૨) મિથ્યા એકાન્તવાદ

આ બરાબર સમજશો તો અધ્યાત્મની સાધનામાં, મોક્ષમાર્ગમાં આગળ વધી શકશો. તમારામાં સ્યાદ્વાદ દૃષ્ટિ આવી જશે તો તમે કદાગ્રહશૂન્ય બની જશો. પછી કોઈપણ વાત આવે તો સમ્યગ્ અપેક્ષાએ સ્વીકારતા થઈ જશો અને મિથ્યા અપેક્ષા હશે તો અસ્વીકારતા થઇ જશો. જો સ્યાદ્વાદ દૃષ્ટિ બરાબર કેળવશો તો તમે સમ્યગ્ રીતે સર્વ વિધાનોનું પરિશીલન કરી શકશો.

## દ્રવ્યપૂજા અને વસ્ત્રોપકરણ બાબતમાં સ્યાદ્વાદ :

જેમકે પૂજામાં. સાધુએ દ્રવ્યપૂજા કરવી વાજબી નથી. સાધુ દ્રવ્યપૂજા કરે તો તે તેને માટે અધર્મ છે. તેથી સાધુની ભૂમિકા માટે આ વિધાન સ્વીકારાય, પરંતુ શ્રાવક માટે તો તે ધર્મ બનશે. એટલે દ્રવ્યપૂજા સાધુની ભૂમિકાની અપેક્ષાએ અધર્મ બનશે અને સાધુને દ્રવ્યપૂજા કરવાનું મન થાય તો પણ તેને પાપ લાગે, તેને સાધુપણું છોડવું પડે, એટલે નીચલી ભૂમિકાએ આવવું પડે. માટે સાપેક્ષતાથી વિધાન આવશે, અને આ સમન્વયદૃષ્ટિ છે. જો દ્રવ્યપૂજાનું ખંડન શ્રાવકની અપેક્ષાએ કરીએ તો ખોટું છે અને દ્રવ્યપૂજા એકાન્તે ધર્મ છે તેમ કહેવાનું ચાલુ કરીએ તો પણ ખોટી વાત છે. માટે આપણે સ્થાનકવાસીની સાથે સંમત નથી. તેઓ તો એમ જ માને છે કે પૂજામાં હિંસા છે, માટે કરાય જ નહીં. ત્યાં સ્યાદ્વાદની દૃષ્ટિ નથી, માટે આપણી સંમતિ નથી.

* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

હવે વસ્ત્રની બાબતમાં, જેમકે દિગમ્બરો છે તેઓ શું માને છે ? દિગમ્બરો વસ્ત્રને પરિગ્રહ માને છે. માટે તેને જે ધારણ કરે તે સાધુ નહીં તેમ માને છે. આ વિધાન સાચું છે, પણ કઈ અપેક્ષાએ ? તે વિચારવાનું રહે. અમુક ભૂમિકાએ પહોંચેલા મહાત્માઓ માટે તે વિધાન છે. જેને આરાધના માટે વસ્ત્રની જરૂર નથી તેને માટે વસ્ત્ર પરિગ્રહ છે, પણ જેને સાધના કરવામાં વસ્ત્રની જરૂર છે તેને વસ્ત્ર પરિગ્રહ નથી, પણ ઉપકરણ છે; તેથી તેને માટે વસ્ત્રનો ત્યાગ કરવો અધર્મ છે. તીર્થંકરો દીક્ષા લે ત્યારે ઇન્દ્ર દેવદૂષ્ય મૂકે છે, તે વ્યવહાર તરીકે. જ્યાં સુધી તેમની પાસે રહ્યું ત્યાં સુધી બરાબર. પડી જાય તો તેઓ લે નહિ. પછી તેમની પાસે કોઇ વસ્ત્ર નહીં. પ્રભુ મહાવીરને એક વર્ષ અને એક મહિના સુધી વસ્ત્ર રહ્યું હતું. તે પછી જ સંપૂર્ણ નિર્વસ્ત્ર હતા અને તે તેમના માટે આચારધર્મ છે. અમુક પ્રકારના જિનકલ્પ આદિમાં રહેલા સાધુ પણ વસ્ત્ર ધારણ કરતા નથી, પણ આ ભૂમિકામાં પહોંચે ત્યારે વસ્ત્ર ધારણ કરવાનાં નથી અને ત્યાં જો વસ્ત્ર ધારણ કરે તો તેમને માટે અધર્મ થાય છે. પરંતુ અમારી આરાધનામાં વસ્ત્ર ઉપકરણ તરીકે ધર્મ છે. માખણરૂપ તત્ત્વને તારવવા માટે સ્યાદ્વાદ એ રવૈયા જેવો છે. આ દૃષ્ટિ ગમે ત્યાંથી તત્ત્વને છૂટું પાડી આપે છે, માટે રવૈયાની ઉપમા આપી છે.

**સભા :-** *સ્થાનકવાસી, દિગમ્બરો સ્યાદ્વાદને નથી માનતા ?*

**સાહેબજી :-** તેઓની અમુક વાતમાં એકાન્તવાદ આવે છે. પરંતુ અનેકાન્તવાદ બધે લાગુ પાડીએ તો જ કામનું. જેમકે દિગંબરો વસ્ત્રમાં ચારિત્રનો એકાંતે અભાવ માને છે. પરંતુ દ્રવ્યચારિત્ર એકાન્તે મોક્ષે જવાનું સાધન નથી, કારણ કે ભરત ચક્રવર્તી કેવળજ્ઞાનને પામ્યા ત્યારે ગૃહસ્થનાં કપડાંમાં હતા. ભાવને અને દ્રવ્યને એકાન્તે સંબંધ નથી. માટે દ્રવ્યચારિત્ર ન હોય તો પણ ભાવચારિત્ર આવી શકે. ગૃહસ્થનાં કપડાં ભાવચારિત્રરૂપ વિકાસનાં બાધક નથી. મહાપુરુષોએ તેમની સાથેની ચર્ચામાં કહ્યું કે આ ઠેકાણે તમે સ્યાદ્વાદને કેમ ભૂલી જાઓ છો ? એકાન્તે પકડી રાખો તો કેમ ચાલે ?

તેરાપંથી સંપ્રદાયની માન્યતા બાબતમાં પણ આવું જ છે. હિંસાથી થતા ધર્મને અમે પણ ખરાબ કહીએ, પણ તેમાં અપેક્ષા જોડવી પડે. સ્યાદ્વાદને તેઓએ અનર્થકારી રીતે અપનાવ્યો છે. તેરાપંથી કહેશે કે કૂતરાને રોટલા નાંખો તો તે ખાઈને તગડા થશે, પછી ઉંદર મારશે, બધાને હડપ કરશે. રોટલાના દાણામાં પણ કેટલા જીવો મર્યા ? માટે કેટલી હિંસા કરી ? તેથી કૂતરાને ખવરાવવું પાપ છે. આ તમારી વાત સાચી છે, માટે જ સાધુ કૂતરાને રોટલી નથી આપતા. કારણ કે સાધુની અપેક્ષાએ તે પાપ છે. પણ જે સાધુનો ધર્મ છે તે તમે ગૃહસ્થો

અપનાવો તો અધર્મ થશે. સાધુની ભૂમિકાએ જે ધર્મ છે તે બધે લગાડો તો તમે અનેકાન્તવાદ ભૂલી ગયા કહેવાશો. અહિંસક ભૂમિકામાં રહેલા માટે તે અધર્મ બને છે, હિંસાની ભૂમિકામાં રહેલા માટે ધર્મ બને છે.

**સભા :-** *તમે અનુમોદના કરો ખરા ?*

**સાહેબજી :-** તમારા માટે જે શ્રાવકધર્મ છે તે આચરો તો અમે અનુમોદના કરીએ, પણ અમે પોતે જાતે તે ધર્મ કરીએ નહીં અને કરાવીએ પણ નહિ. જગતમાં આરાધનાનો માર્ગ ચલાવવો હોય તો પોતાની ભૂમિકાથી નીચેની ભૂમિકાના ધર્મની અનુમોદના કરવી જોઈએ. એનાથી આરાધનામાર્ગ ટકી રહે છે. તીર્થંકરો પણ સાધુની આરાધનાની અનુમોદના કરે છે, શ્રાવક સારી આરાધના કરે તો તેનાં વખાણ કરે છે, અને અનુમોદનાથી જ મોક્ષમાર્ગ સ્થાપિત થાય છે, પ્રવાહ પણ તેનાથી જ ચાલે છે. માટે અનુમોદના ધર્મ છે. તમે શ્રાવકધર્મ બરાબર આચરો તો તેની સાધુ અનુમોદના કરી શકે છે. સાધુને આચરણરૂપે ભાવપૂજા હોય છે, પણ કોઈ શ્રાવક ભગવાનની આજ્ઞા મુજબ દ્રવ્યપૂજા, ભક્તિ, વિશેષ કરતો હોય તો અમને અનુમોદનાના ભાવ આવે. તમારી ભગવાનની આજ્ઞા સાથેની કોઈ પણ ક્રિયા, જેમકે પ્રભુનો પ્રક્ષાલ, પૂજા, આંગી કે પેઢીનો વહીવટ વગેરે હોય તો અનુમોદનાનો ભાવ અમને આવે; પણ તે હું કરું કે કરાવું તેવો ભાવ ન આવવો જોઈએ. અમે કહીએ કે તેની ભૂમિકામાં તે સારું કરે છે, અને તે ઉપબૃંહણા કરી કહેવાય, અને તેમાં દોષ નથી. તેના દ્વારા મોક્ષમાર્ગ સ્થાપિત કરાય છે.

જૈનધર્મમાં બધે અનેકાન્તમય દૃષ્ટિ જ છે. સ્થાનકવાસીઓ એકાન્તે ખોટા નથી. અમુક અપેક્ષાએ તેઓ સાચા છે. અમુક અપેક્ષાએ દિગમ્બરો-તેરાપંથી સાચા છે. બધે સંદર્ભ જોડવા પડે. પરંતુ તેમણે જે રીતે એપ્લીકેશન કર્યું તે ખોટું છે. પરંતુ તેમની વાતને ભૂમિકા પ્રમાણે સાપેક્ષ રીતે સમન્વય કરીને વિચારો તો બરાબર છે.

મૂર્તિપૂજા કરાય જ નહિ એ વાત અપેક્ષાએ સાચી, પણ જો તેમાં અપેક્ષા નહિ જોડો તો તમે સત્યથી વેગળા થઈ જશો. નિરપેક્ષ થઈ ગયા એટલે વાસ્તવિકતાથી વેગળા થઈ ગયા. દિગમ્બરો કહે કપડાં અડે તો કેવળજ્ઞાન ન થાય. શું કેવળજ્ઞાન થયા પછી કપડું તેમના પર આવીને પડે તો કેવળજ્ઞાન ભાગી જાય ? પરિગ્રહ તો મનમાં છે. જેના પર મમતા થાય તે પરિગ્રહ કહેવાય. શું મમતા વિના શરીર સાચવી શકાય ? તેઓ દીક્ષા પછી

શરીરને સાચવે છે કે નહિ ? માટે પ્રબળ મમતાનું સાધન શરીર સાથે રાખીને જો રાગ-દ્વેષ વગર જીવી શકતા હોય તો, વસ્ત્ર રાખીને મમતા વિના કેમ ન જીવી શકાય ? ખાવા-પીવામાં પણ રાગ-દ્વેષ નથી સંભવતો ? છતાં પોષણ ખાતર ખાવું-પીવું જરૂરી છે, માટે આહાર કરવામાં રાગ-દ્વેષ વગર રહી શકાય છે, તો પછી આરાધનાના સાધન વસ્ત્ર સાથે કેમ મમતા વિના ન રહી શકાય ?

**સભા :-** *તેઓ સ્ત્રીને અડવા દે છે ?*

**સાહેબજી :-** ભગવાન દીક્ષા અવસ્થામાં નિર્લેપ એવી અસંગ અનુષ્ઠાનની ભૂમિકામાં હોવાથી તેમને સ્ત્રીઓ સ્પર્શ કે આલિંગન આદિ કરે તો તેનો પ્રભુ નિષેધ કે પ્રતિકાર ન્હોતા કરતા, જેનું વર્ણન કલ્પસૂત્રમાં પ્રભુ મહાવીરસ્વામીના જીવનપ્રસંગમાં આવે છે. દિગમ્બરોએ તેમના સાધુઓને સીધી જિનકલ્પતુલ્ય ભૂમિકાના આચારનું અનુસરણ કરવાનું સ્વીકાર્યું હોવાથી સાધુને નિર્લેપ માન્યા. માટે તેમને સ્ત્રીઓ સ્પર્શ કરે તો કોઇ બાધ નથી તેવો વ્યવહાર સ્વીકાર્યો છે. પરંતુ તે તેમના વર્તમાન સાધુજીવનની ભૂમિકાની અપેક્ષાએ અનુચિત છે.

# ૭

તા. ૨૫-૦૯-૯૪, રવિવાર.

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને સર્વ દૃષ્ટિએ હિતકારી અનેકાન્તના બોધને પ્રાપ્ત કરાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ ભગવાનના શાસનનો મૂળભૂત પાયો આ સિદ્ધાંત છે, અને આ જ દૃષ્ટિનો વિશ્વમાં વિસ્તાર કરવા માટે તીર્થંકરો ઉત્તમ કક્ષાના લાયક જીવોને ત્રિપદી આપે છે અને તે પછી ગણધરો શાસ્ત્રોની રચના કરે છે. ત્રિપદી એ સ્યાદ્વાદરૂપ સિદ્ધાંતનો સાર છે. આખી તત્ત્વદૃષ્ટિને સંક્ષિપ્ત કરીને ત્રિપદીમાં મૂકવામાં આવી છે. પ્રભુની પહેલી દેશના નિષ્ફળ ગઇ પણ બીજી દેશનામાં ગૌતમ આદિ આવ્યા છે. તેમને પ્રભુએ જગતના સારભૂત આ ત્રણ વાક્યરૂપી ત્રિપદી આપી છે.

જેનો ઉત્કૃષ્ટ ક્ષયોપશમ હોય તે સર્વાંગી રીતે સ્યાદ્વાદનો બોધ કરી શકે છે. આગળ આપણે અનેકાન્તવાદના પારિભાષિક શબ્દો, તેની વ્યાખ્યા તથા વ્યવહારમાં સ્યાદ્વાદ કઇ રીતે ઘટે તેના દાખલાઓ વિચારી ગયા છીએ. સામાન્ય રીતે વ્યવહારમાં સાપેક્ષતા કેટલી ફેલાયેલી છે તે પણ જોઇ ગયા છીએ. ક્યાંય પણ અપેક્ષા જોડ્યા વગર તત્ત્વને સાચી રીતે પકડી શકાય તેમ નથી, તે આપણે જોયું.

## અધ્યાત્મના ક્ષેત્રમાં સ્યાદ્વાદની ઉપયોગિતા તથા જિનપૂજામાં અનેકાન્તવાદ:

હવે અધ્યાત્મના ક્ષેત્રમાં સ્યાદ્વાદની ઉપયોગિતા કઈ રીતે છે તે વિચારીશું. જેમ દોરી-ટેબલ-પાટલો વગેરે સર્વ વસ્તુના વ્યવહારમાં સાપેક્ષતા લેવી પડે છે, અને ન લો તો તેનાં વિધાનો અસત્ય બની જાય છે; તેમ આત્મકલ્યાણના માર્ગમાં પણ તેની ઘણી જ ઉપયોગિતા છે. આ ક્ષેત્રમાં તેની શું ઉપયોગિતા છે તે બરાબર સમજજો. આપણા શાસનમાં એકાન્ત નહિ પણ અનેકાન્તવાદ છે. તેના દ્વારા કેવા કેવા લાભો ઊભા થાય છે, તે જોવાના છે. પહેલાં આપણે દૈનિક આરાધનાની વાતમાં સ્યાદ્વાદને વિચારીએ છીએ. દા.ત. જિનપૂજા લઇએ.

શ્રાવકે પ્રતિદિન જિનપૂજા કરવાનું કર્તવ્ય છે. તે બાબતમાં સ્યાદ્વાદની દૃષ્ટિએ વિચારીએ તો શું આવે? જિનપૂજાને નહિ સમજનારા, નહિ માનનારા, વિરોધ કરનારાની શું દલીલ છે?

તેઓ એમ કહે છે કે પ્રભુનો આત્મા નિરંજન-નિરાકાર છે. હા, તેમની વાત પણ અપેક્ષાએ સાચી છે. કારણ કે મોક્ષમાં ગયા પછી ત્યાં રૂપ-રંગ-આકાર કાંઈ જ નથી. પૂર્ણ ચૈતન્યમય સ્વરૂપ પરમાત્મા છે. મૂર્તિ એટલે વ્યવહારિક રીતે બાવલું. માટે મૂર્તિની પૂજા કરો તો ખરા ભગવાન સાથે શું સંબંધ બેસે ? તમે જડ પ્રતિમાની પૂજા-ઉપાસના કરો તો તમારા આત્માનો શું વિકાસ થાય ? આ તર્ક પૂજાનો નિષેધ કરનારાઓનો છે. સાચા પરમાત્મા તો શુદ્ધ આત્માના ગુણસ્વરૂપ છે. પ્રભુને હૃદયમાં વસાવી તેમનું ધ્યાન કરવાથી પૂજા આવી જાય છે, પછી મંદિરમાં જવાની શું જરૂર ? આ તેમની દલીલો છે. હા, તે મૂળથી ખોટી નથી, પણ અપેક્ષાએ શાસ્ત્રમાં તેનો કેવો સમન્વય છે, તે જોવાનું છે.

તેઓ પૂછે છે કે પ્રભુનો આત્મા નિરંજન-નિરાકાર છે, તેને આકાર-રૂપ-રંગ નથી, સિદ્ધ ભગવાનનું મોક્ષમાં આ સ્વરૂપ છે; છતાં તે સ્વરૂપને મૂર્તિ, આકારરૂપે તમે કેમ સ્થાપિત કરો છો ? આત્મા સ્વયં ચેતન છે કે જડ છે ? તો પછી ચેતન એવા આત્માનો વિકાસ કરવા જડ એવી મૂર્તિની ઉપાસના કરવાની શું જરૂર છે ? આ વિધાનને તર્કથી વિચારશો તો ખબર પડશે. બધે સ્યાદ્વાદ દૃષ્ટિએ સમજો, અપેક્ષા યોગ્ય સ્થાને જોડો તો જ ખબર પડશે.

અધ્યાત્મના ક્ષેત્રે સ્યાદ્વાદનું કેવી રીતે સંયોજન થાય છે તે જોવાનું છે. અત્યારે તો જૈનોમાં પણ ઘણા મૂર્તિપૂજાને ખોટી કહે છે. નવા વિચારકોમાં આવું કહેનારા અને માનનારા ઘણા છે. પરમાત્મા હૃદયમાં છે, તો મંદિરમાં જવાની શું જરૂર ? 'આત્મા પરમાત્મા છે' આ બધી વાતો અપેક્ષાએ સાચી છે. પરંતુ આમાં એટલું જ જોવાનું રહે છે કે અપેક્ષા બરાબર જોડાય તો જ આ વાતો સત્ય બનશે, જો ઊંધી અપેક્ષા જોડાય તો અસત્ય થશે. હવે અપેક્ષા સાચી કઈ રીતે જોવાની ?

શ્રાવકે પ્રતિદિન પૂજા, દર્શન દ્વારા આત્મકલ્યાણ કરવું જોઈએ. સાધુએ પણ પ્રભુદર્શન-વંદન-ભક્તિથી ચૈત્યવંદન આદિ ભાવપૂજા કરવી જોઈએ તેવાં વિધાનો છે અને એ કર્યા સિવાય અમે પચ્ચકખાણ પણ ન પાળીએ. અમે પણ પ્રતિમાની ભક્તિ જીવનમાં કરીએ છીએ, પણ તમારા જેવી દ્રવ્યપૂજા કરતા નથી, ભાવપૂજા કરીએ છીએ. શ્રાવક કરતાં સાધુની ભૂમિકા ઊંચી હોવા છતાં પ્રભુદર્શનની જરૂરિયાત અમારે પણ છે, તો પછી તમારા માટે તો પ્રભુપૂજા-ભક્તિ અનિવાર્ય કહેવાશે. પ્રભુના મહાશ્રાવકો આનંદ, કામદેવ આદિ ત્રિકાળ પૂજા કરતા હતા, ભક્તિ-ઉપાસના કરતા હતા. તેમ જીરણ શેઠ, ભરત ચક્રવર્તી આદિ પણ ઉપાસના કરતા હતા. કુમારપાળ રાજા ૧૪૦૦ કોટ્યાધિપતિ શ્રાવકો સાથે બપોરે પૂજા કરવા નીકળતા હતા. સમકિત પામેલા, તત્ત્વને સમજેલા પણ દરરોજ પૂજા-દર્શન કરતા હતા અને તેઓ મૂર્તિનાં જ પૂજા-દર્શન-ભક્તિ કરતા હતા.

* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

તો આની સામે વિરોધ કરનારા કહે છે કે "આ મૂર્તિ તો જડ છે. પરમાત્મા ચેતન છે, નિરંજન-નિરાકાર છે. તો પછી ઉપાસના જડની હોય ? પરમાત્માનો આત્મા સાથે અભેદ કરવાનો છે, અને તેના દ્વારા સ્વયં પરમાત્મા બનવાનું છે, માટે આત્મામાં જ પ્રભુનું ધ્યાન કરો તો પરમાત્મદશા પમાય; પરંતુ ખાલી બહાર મૂર્તિની પૂજા કરવાથી શું વળશે ?" આવી દલીલો તેઓ કરે છે.

હવે આની સામે અમારી દલીલ છે કે, જેને જડની અસર છે તેને માટે જડ એવી પ્રતિમા નિયમા હિતકારી છે. હા, મૂર્તિપૂજા એકાન્તે જરૂરી છે તેવું શાસ્ત્ર નથી કહેતું, એટલે કે જેઓ જડના નિમિત્તથી મુક્ત છે, તેવા આત્માને જડ મૂર્તિની ભક્તિ-ઉપાસના-પૂજા-વંદનની જરૂર નથી; પરંતુ જડની અસર થતી હોય ત્યાં સુધી આ મૂર્તિની ઉપાસના જરૂરી છે. તમે ટી.વી.માં દૃશ્ય-ચિત્ર જુઓ છો તો તેની તમને અસર થાય છે કે નહીં ? તમે જડના નિમિત્તની અસરથી મુક્ત છો ખરા ? તમને ચોવીસે કલાક જડની અસર ચાલુ જ છે. જેમ મીઠાઈ જડ છે છતાં તેને જોવામાત્રથી મોંમાં પાણી છૂટે છે ને ? ટી.વી. પણ જડ છે, છતાં તેની માનસ ઉપર કેટલી અસર થાય છે ! પાંચે ઇન્દ્રિયોના બાહ્ય ભોગો જડ છે, છતાં તમને નિમિત્ત મળ્યું નથી ને તમારા ભાવો બદલાય છે. તમે આખેઆખા જડની અસર નીચે જ છો. જેના મન ઉપર વિકૃત નિમિત્તોની અસર થાય તેને નિર્વિકારી એવા આકારની (મૂર્તિની) અસર થશે જ. તેથી તેને નિર્વિકારી એવા આકારની (મૂર્તિની) ભક્તિ, ઉપાસના, વંદન નિયમા હિતકારી છે. પરંતુ ઊંચી ભૂમિકાએ પહોંચેલા મહાત્માઓને જડની અસર નથી, તેમને દર્શન-વંદન કરવાની જરૂર નથી: બાહુબલીજી બાર મહિના કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા ત્યારે શું દર્શન કરવા ગયા હતા ? તેઓ ચોવીસ કલાક ધ્યાનમાં હતા. તેમ શ્રીકૃષ્ણના ભાઈ બળદેવ જંગલમાં રહેતા. ગોચરી માટે જ ગામમાં આવે. શું તેઓ રોજ દર્શન-ચૈત્યવંદન કરતા હતા ? જંગલમાં દહેરાસર હોય તેવો નિયમ નથી. પરંતુ એમને કશાની જરૂર નથી. દીક્ષા લીધા પછી ઊંચી ભૂમિકામાં હોવાથી દર્શન-પૂજન-વંદન કરવાની જરૂર નથી. જે આત્માઓ બાહ્ય નિમિત્તોથી પર છે તેઓને અનુકૂળ-પ્રતિકૂળ દૃશ્યોથી કાંઈ થવાનું નથી. જો તમે પણ આ ભૂમિકામાં આવી ગયા હો, અને સર્વ વાતાવરણથી અનાસક્ત થઈ ગયા હો, તો તમારે પણ આ બધું કશું જ કરવાની જરૂર નથી. પરંતુ જ્યાં સુધી આ સ્તર નથી આવ્યું ત્યાં સુધી તો મૂર્તિનાં દર્શન, વંદન, પૂજન, ભક્તિ, ઉપાસના બધું જ કરવાની જરૂર છે. ભગવાન નિરાકાર છે પણ બુદ્ધિ સ્વયં નિરાકારને પકડી ન શકે ત્યાં સુધી તો, શુદ્ધ આકાર દ્વારા જ નિરાકાર એવા આત્મસ્વરૂપનું દર્શન કરવાનું છે. નિરાલંબન ધ્યાનમાં ગયેલા મહામુનિઓ દર્શન-પૂજન કરવા આવતા નથી. તમે પણ આ ધ્યાનમાં જતા હો તો તમારે પણ મૂર્તિનાં દર્શન-પૂજન-ભક્તિ-ઉપાસનાની આવશ્યકતા નથી.

**સભા :-** *લાલસાને ખલાસ કરી નાંખી હોય તેને તપની શી જરૂર ?*

**સાહેબજી :-** તમે નક્કી કઈ રીતે કરશો કે લાલસાને ખલાસ કરી નાંખી છે ? તમે કહેશો કે અમારામાં આસક્તિ નથી; હા, ભોગ ભોગવીએ છીએ, પણ લાલસા નથી; પરંતુ મને તમારી પરીક્ષા કરવા દેશો ? બોલવું બધું સહેલું છે. તમે જો લાલસા તોડી હોય તો તમને શાબાશી આપીએ. પરંતુ તમને કોઈ એક ટાંકણી ખોસે તો શું થાય ? તમને જો તમારા દેહની મમતા ન હોય તો અસર થાય ખરી ? તમને જો ખાવાની આસક્તિ તૂટી ગઈ હોય તો તમારા ભાણામાં બધી વસ્તુમાં થોડી થોડી લીમડાની ચટણી નાંખી દઈએ તો શું કરશો ?

અંદરમાં આ ગુણો પામ્યાનો પુરાવો શું ? તમે કહો એટલે માની લેવાનું ? તીર્થંકરને સાધનાકાળમાં જેવા ગુણો હતા તેવા ગુણો તમારામાં છે ? જેનામાં સંપૂર્ણ આસક્તિ નથી તે વીતરાગ કહેવાય, અને તેમને તપની જરૂર નથી. કેવળીને કર્મ હોય તો ખાય છે. તેમને તપનું કર્મ હોય તો તપ કરે. પરંતુ તેમને તપ કરવાની જરૂરિયાત નથી. પરંતુ હજુ તો અત્યારે તમારામાં આસક્તિના ઢગલા ખડકેલા છે.

લાલસા પણ કઈ લેવાની આવશે ? પાંચે ઇન્દ્રિયોના ભોગ-ઉપભોગની લાલસા લેવાની છે. બધા રાગનું મૂળ કેન્દ્ર શરીર છે. સૌથી વધારે લાલસા આ શરીર પર હોય છે. અત્યારે તમારા શરીરને કાંઈ થાય તો તમને અસર ખરી ? અત્યારે જે પ્લેગ રોગની વાત ચાલે છે તે સાંભળીને બધા કેવા ભડક્યા છે ? અને આ જો આપણે ત્યાં થાય તો શું થાય ? જેને મૃત્યુનો ભય નથી તેને જીવવાનો મોહ નથી, જેને જીવનમાં પ્રતિકૂળતા, અનુકૂળતા આવે તો પણ કાંઈ અસર ન થાય તેવા આત્માઓની આ બધી વાતો છે. માટે વ્યવહારુ બનો.

હવે આગળ. જિનપૂજા અપેક્ષાએ આવશ્યક છે, જિનપૂજા અપેક્ષાએ બિનજરૂરી છે. નિરાકારને તો નિરાકાર ધ્યાનથી જ પામી શકાય, આ વાત સાચી; પણ જે આ ભૂમિકાએ પહોંચ્યા નથી તેને તો પ્રતિદિન દર્શન-વંદન-ઉપાસના કરવાથી જ તેનું હિત થશે. અદશ્ય-અતિસૂક્ષ્મ એવા પરમાત્મતત્ત્વને આકારના ઢાંચામાં મૂકીને ઉપસ્થિત કરવાનું છે. આ રીતે પરમતત્ત્વને યાદ કરવા માટે મૂર્તિ જ મુખ્ય આલંબન છે. મૂર્તિ જેવું બીજું કોઈ અમોઘ સાધન નથી. જિનશાસનની મૂર્તિની આ વાત છે, જ્યારે અન્ય ધર્મોની મૂર્તિ કાંઇ નિર્વિકારિતાનું ભાન કરાવી શકે તેમ નથી. આપણા પ્રભુની મૂર્તિ તો નિરાકારનું સાકારપણે ધ્યાન કરવા ઉત્કૃષ્ટ આલંબન છે. તેથી અત્યારે આપણાથી આ ભૂમિકામાં તેનો ત્યાગ કરાય નહિ.

**સભા :-** *આવી પથ્થરની મૂર્તિથી ધ્યાન ધરી આત્મા પરમાત્મપદને પામી શકે ખરો ?*

**સાહેબજી :-** હા, ચોક્કસ પરમાત્મ સ્વરૂપને પામી શકાય. અનંતા અનંત આત્માઓ આ જ મૂર્તિના આલંબનથી પરમાત્મા બન્યા છે. હજુ અનંતા અનંત આત્માઓ આ જ મૂર્તિ દ્વારા પરમાત્મા બનશે અને બની રહ્યા છે. પરમાત્માનું સાચું ધ્યાન કરવા માટે આ જ સાધન છે. કાંઈ હોટલ, સિનેમા, થિએટરોમાં વીતરાગનું ધ્યાન થશે ? તમને ટી.વી. જોતાં વિકારી ભાવો કેમ થાય છે ? આલંબન વિકારી છે માટે. અત્યારે તમારું સ્તર શું છે ? તમે નિમિત્ત, વાતાવરણને પરવશ છો. આની સામે કોઇ નકારનો દાવો કરી શકે ખરો ? તમને જેવા વાતાવરણમાં મૂકીએ તેવા ભાવો તમને થાય છે. જો તમને વિકારી વાતાવરણમાં મૂકીએ તો તમારી હાલત શું થાય ? માટે જ ભગવાને આજ્ઞા કરી છે કે સારા વાતાવરણમાં રહેવું, સારાં આલંબનો લેવાં.

આ જગતમાં નિર્વિકારી એવા પરમાત્માનું ધ્યાન કરવા પ્રશમરસ ઝરતી મૂર્તિ જેવું બીજું કોઈ સારું આલંબન છે ? આપણે તો કલ્યાણ કરવા સાથે જ સંબંધ છે. પ્રશાંતતા, સૌમ્યતા, વિકારશૂન્યતા, ધીરગંભીરતા આંખો દ્વારા ઝરતાં લાગે, તેવી તેમની મુદ્રા છે, ભલે તે જડ હોય. તમે જે પ્રતિમા ભરાવો છો તેમાં ક્યાંય સીધા ભગવાન આવીને બેસી જાય છે તેવું શાસ્ત્રમાં કહ્યું નથી. મહાવીર પ્રભુ તો મોક્ષે ગયા છે. તેમનો આત્મા સિદ્ધશિલા પર છે.

**સભા :-** *તો પ્રાણપ્રતિષ્ઠા કેમ કરાવે છે ?*

**સાહેબજી :-** તે એક પ્રકારનો અધ્યારોપ છે. આપણા ધર્માચાર્યો પરમાત્મા સાથે સમાપત્તિ લઇને પોતાના જ આત્માની મૂર્તિમાં પ્રતિષ્ઠા કરે છે. તેમાં કાંઈ ભગવાનનો આત્મા સીધો ઊતરી આવતો નથી. આ બધી સુસંગત-તર્કબદ્ધ વાતો છે. તેમાં ભગવાનની ચેતના સ્થાપિત થતી નથી. તેઓ તો મોક્ષમાં જ રમે છે, મ્હાલે છે. તે કાંઈ દોડીને અહીં થોડા આવશે ! પણ આપણે મૂર્તિને સાક્ષાત્ ભગવાન માનીને પૂજીએ છીએ, તે આપણા હિત માટે પૂજીએ છીએ. અજુગતા વિચારો કરવાથી દોષ લાગે છે. મૂર્તિ પર કે તીર્થ પર આફત આવે ત્યારે રક્ષણ તમારે કરવાનું કે ભગવાન કરશે ? ભગવાનની ચેતના મૂર્તિમાં છે જ નહીં માટે તમારે જ કરવાનું છે.

**સભા :-** *દિલને મંદિર બનાવી તેમાં જ આપણે પ્રભુને સ્થાપિત કરીને ભજીએ તો ?*

**સાહેબજી :-** આ તમે જે બોલ્યા, તે વાત તો બહુ જ સરસ છે. પ્રતિષ્ઠા કરીને પ્રભુને પધરાવી દો. બરાબર. હવે હું તમને પૂછું કે મંદિર એટલે શું ? મંદિર એટલે પવિત્ર જગા. તેના

અણુએ અણુ પવિત્ર હોય. તેમાં કરાતી દરેક ક્રિયાના ભાવો પવિત્ર હોય. હવે તમારા મનમાં એક પણ અશુભ ભાવ નથી આવતો, તેવું તમે હૃદયપૂર્વક કહી શકશો ખરા ? મનમાં આવું પવિત્ર વાતાવરણ તૈયાર કર્યું છે ખરું ? કે પછી હૃદયમાં ચારે બાજુ ઉકરડો જ રાખ્યો છે ? આ તો તમારે ત્યાં પેલા મંદિરમાં જવું નથી, જવાનો કંટાળો છે, વાંધો છે, માટે આ વાક્ય સરસ રીતે ગોઠવી દીધું છે. આ બધી ઊઠાં ભણાવવાની વાતો છે. અમારા આ શબ્દો આકરા છે, પણ સો એ સો ટકા સાચા છે.

તમે જીવનમાં કહી શકશો કે અમારા પ્રાણ જાય તો પણ એક ખરાબ વિચાર આવતો નથી, એવું મન અમે કેળવ્યું છે ? ગમે તે નિમિત્ત આવે તો પણ ખરાબ વિચાર તો આવતો જ નથી ? માટે તમને જડની અસર નથી ને ? અને જો ગમે તેવા નિમિત્તમાં એક પણ ખરાબ ભાવ નથી આવતો તો પછી તો અમારી વાત જ આવી. અને આવા માણસે તો મંદિરમાં જવાની જરૂર નથી. શું અત્યારે તમે સંપૂર્ણ સમભાવમાં મગ્ન છો ? બધા વિષય-કષાયના ભાવોથી મુક્ત છો ? સંસારની એક પણ વિકૃતિ અડતી નથી ને ? જે જીવન્મુક્ત છે તે સ્વયં ભગવાન છે. તેનો આત્મા પરમાત્મા છે.

**સભા :-** *અંતરની વિશુદ્ધિ એટલે ધર્મ ?*

**સાહેબજી :-** અંતરની વિશુદ્ધિ લાવશો કઇ રીતે ? હૉટલમાં જશો એટલે આવશે ? કેશીનો રમતાં આવશે ? તમે કહેશો કે સાહેબ ! અમારે જે કરવું હોય તે કરીએ પણ મનથી ચોખ્ખા રહીએ છીએ. તમારે ખાવું-પીવું-હરવું-ફરવું બધું જ કરવાનું, પણ તેમાં અંતરથી અળગા રહેવાનું, તેવું તમારા જીવનમાં બને છે ખરું ? કે પછી આ તો આત્મવંચના છે ? તમે તમારા આત્માને જ ઠગો છો. તમે તમારા આત્માને પૂછો કે જે કરો છો તેની અસર છે કે નહીં ? મોટરમાં ફરનારને પૂછું કે ભાઈ તમને અત્યારે મોટરમાં ફરવા છતાં પણ આસક્તિ નથી ને ? અત્યારે તમને એક કલાક ઉનાળાના તાપમાં ઉઘાડા પગે ચલાવીએ તો ખબર પડે કે તમારી અનાસક્તિ કેવી છે.

**સભા :-** *સાહેબજી, આ હૉલમાં સાંજે-બપોરે નાટકો થાય છે, તો તેના પરમાણુની આપણા મન ઉપર અત્યારે અસર થાય ખરી ?*

**સાહેબજી :-** ચોક્કસ કરે. આ પવિત્ર સ્થાનો તો નથી જ. એટલા માટે તો ભૂતકાળમાં મહાજન (શ્રાવકો) મોટાં મોટાં ધર્મસ્થાનકો રાખતા હતા, કે જેનો પ્રસંગે ઉપયોગ કરી શકાય. પણ તમે ઉપાશ્રયો સાંકડા બનાવો છો, માટે આવા સ્થાનોમાં અમારે પ્રવચન આપવા આવવું

પડે છે. છતાં જ્યાં વાતાવરણ પવિત્ર નથી ત્યાં તમે ધર્મનું વાતાવરણ ઊભું કરો તો કાંઇ ધર્મ અપવિત્ર થવાનો નથી. ધર્મ કાંઈ અભડાય નહિ. લગ્નવાડીમાં ધર્મનું કામ થાય પણ દહેરાસર-ઉપાશ્રયમાં લગ્ન ન થાય. અપવિત્રતાથી વાસિત જગામાં પવિત્ર વસ્તુ થાય પણ પવિત્રમાં અપવિત્ર ન થાય.

**સભા :-** *ધર્મ નથી અભડાતો તો શું વાંધો ? ઉપાશ્રયો આપી શકાય ખરા ?*

**સાહેબજી :-** પરંતુ દહેરાસર-ઉપાશ્રયનું વાતાવરણ બગડે છે. ધર્મ તો શાશ્વત શુદ્ધ છે પણ ધર્મ કરવા આવવું છે તેને માટે ધર્મના સ્થાનનું શુદ્ધ વાતાવરણ જ ઉપયોગી છે. તેને બગાડાય નહિ ને ? ન છૂટકે આવાં સ્થાનોમાં (વાડીમાં) આવી ક્રિયાઓ થાય, કારણવશાત્ અપવાદથી વાડીઓ ધર્મ કરવા માટે ઉપયોગમાં લંઇ શકાય, તે શાસ્ત્રમાન્ય છે, કારણ કે ધર્મ અપવિત્ર વાતાવરણને પણ પવિત્ર બનાવવામાં સહાય કરે છે.

અત્યારે અમુક મોટા ઉપાશ્રયો છે. તેમાં તમારે બારે મહિના સાધુની જરૂર નથી. એટલા સાધુ પણ નથી, અને આવે તો પણ તમારે તો ઉપાશ્રયના એક ખૂણામાં પડ્યા રહે. પર્યુષણ પત્યાં એટલે તમારે કામ પત્યું ને ? મોટા મોટા ઉપાશ્રયો ખાલી રહે છે. તમારા આવા વિસ્તારમાં ઉપાશ્રયોની કિંમત કેટલી થાય ? અત્યારે તમારે ત્યાં નવા વિચારોવાળા બોલે છે કે 'આટલી મોટી મિલકત છે તો તેનો ઉપયોગ કરી પૈસા ઊભા કરીએ. સામાજિક રીતે તેનો ઉપયોગ કરીએ તો શું વાંધો ? આમ પણ આપણા જૈનોને લગ્ન કરવામાં ઘણાને જગાની અગવડ પડે છે, તો આ ઉપાશ્રયો આપીએ', અને હા, આવું ઘણા ઠેકાણે શરૂ પણ થયું છે. પણ તે ખોટું છે.

સામાજિક સત્કાર્યો પણ જો ધર્મસ્થાનકોમાં ન થાય તો પછી પાપના કામની તો વાત જ ક્યાંથી કરાય ? અમે એમ કહીએ કે કારણવશાત્ વાડીમાં ધર્મનું કામ થાય, એટલે કહેશે, 'આપણે પહેલા આને વાડી તરીકે બનાવીએ અને પછી ઉપાશ્રયના કામમાં લેવાની' આવા કુતર્કો વાપરીને જે કામ કરે છે તેઓને ખબર છે કે આમાં લાંબા ગાળે કેટલું નુકસાન થશે ?

હવે આગળ વિચારીએ. અમને સાધુને પણ નિમિત્તની અસર થઈ શકે છે. થાય જ તેવો એકાન્ત નથી. ખરાબ નિમિત્તમાં અમારે આવવું નહિ તેવી પ્રભુની અમને આજ્ઞા છે. માટે જ બ્રહ્મચર્યની નવ વાડ મૂકી ને ? શું કામ ? અમે એવા માણસો છીએ કે તરત જ વિકારો ઊભા થાય ? પણ અસર થવાની સંભાવના છે, માટે દૂર રહેવું તેવી આજ્ઞા છે. શું પાંચ રૂપિયાની નોટ પડી હશે, તો જોઈને અમારો લોભ જાગશે ? છતાં અમારે પૈસાને અડવાનું નહિ ને ? પછી તો પાસે રાખવાની વાત જ ક્યાં ? ક્યાંય પણ દરવાજા ખુલ્લા રાખ્યા નથી. માટે જ

આવા આચારો મૂક્યા છે. જે દિવસે અમને પણ નિમિત્તોની અસર ન થાય તેવી અમારી ભૂમિકા આવશે, ત્યાર પછી વાંધો નહિ. તે વખતના બધા આચાર જુદા હશે.

કોઇ સ્ત્રીને ખબર ન રહે ને જરા આગળ આવી જાય, તો અમે આઘા ખસી જઈએ અને કહીએ પણ ખરા કે જરા આઘા રહેજો. જ્યારે ઊંચી ભૂમિકાના સાધુને સ્ત્રી ભેટી જાય તો પણ વાંધો નહિ. માટે અમારે અશુભ નિમિત્તોથી દૂર રહેવાનું છે અને શુભ નિમિત્તોનાં આલંબનો લેવાનાં છે; તેથી જ મંદિરમાં સ્તુતિ-ભક્તિ કરવાની વાત કરી છે.

આપણે ત્યાં કલ્પસૂત્રમાં આવે છે કે પ્રભુ જ્યારે દીક્ષા લે છે, ત્યારે દેવતાઓ આવી પ્રભુના શરીરે વિલેપન કરે છે; જેની ખુશ્બુ છ-છ મહિના સુધી રહે છે. તે સુગંધથી આકર્ષાઈને ભમરાઓ આવે, યુવાન સ્ત્રીઓ પણ આવે અને પ્રભુનું આવું મોહક રૂપ જોઈને આકર્ષાઈને આલિંગન આદિ પણ આપે. ત્યારે પ્રભુ તો ધ્યાનમાં હોય. તેમને કાંઈ જ થાય નહિ. કારણ તેમની ભૂમિકા ઊંચી છે.

બીજું દૃષ્ટાંત રામાયણનું છે. રામ-લક્ષ્મણ-સીતા વનમાં ફરી રહ્યાં છે, ત્યારે ત્રણે જણાં જંગલમાં ફરતાં ફરતાં એક પહાડની નીચે તળેટીમાં પહોંચ્યાં છે. ત્યાં ઉપરનો કોલાહલ સાંભળે છે, તેથી કુતૂહલથી ઉપર ચઢે છે. ત્યાં બે મહાત્માઓ સાધના કરી રહ્યા છે. આ ત્રણે જણાએ વંદન કર્યું. ત્યાં કોલાહલનું કારણ ભક્તો આવેલા હતાં. અત્યારે બધા વિખરાઈ ગયા છે. હવે ત્યાં આ ત્રણ જણાં જ છે. તેમને થાય છે કે આવી સાધના કરનાર મહાત્માની ભક્તિ કરીએ. માટે લક્ષ્મણજીએ ત્યાં કાંકરા-કાંટા કાઢી ઉપર માટી પાથરી. રામચન્દ્રજી તેના ઉપર સુગંધી પાણી છાંટે છે. પછી સુંદર ફૂલો લાવી ત્યાંનું વાતાવરણ મઘમઘાટવાળું કરી દીધું. પછી આ બંને જણા વાજિંત્રો વગાડે છે અને સીતાજી ત્યાં નૃત્ય કરે છે. મહાત્મા અર્ધખુલ્લી આંખે ધ્યાન કરી રહ્યા છે. પણ તેમને આ વખતે કાંઈ થતું નથી. જ્યારે અમારી સામે સ્ત્રી નૃત્ય કરે તો અમારી શું મર્યાદા આવે ? કાં ખસી જવું પડે કાં તો નૃત્ય બંધ કરાવવું પડે. પરંતુ તેમને કાંઈ અસર થવાની નથી. કારણ કે તેઓ બધા નિમિત્તની અસરથી પર છે. તેઓની ભૂમિકા ઊંચી છે. તેઓ જડના આલંબનથી પર છે. જ્યારે આપણે સતત નિમિત્તની અસરથી દબાયેલા છીએ. માટે જ સારાં આલંબનો લેવાનાં છે. અને આપણા માટે અત્યારે સારામાં સારું આલંબન મૂર્તિ છે. વિશુદ્ધ આત્માના ચિંતન-મનન માટે તે સાધન બને છે. તેથી અપેક્ષાએ પરમાત્મા બનવા માટે આ મૂર્તિ અમોઘ સાધન છે. માટે આપણે પ્રતિદિન દર્શન-વંદન-પૂજન કરવાં જ જોઈએ.

**સભા :-** *આ કાળમાં ધર્મનું મૂળ સ્વરૂપ પકડવું મુશ્કેલ છે ?*

**સાહેબજી :-** કેમ ? તીર્થંકરે કહેલાં શાસ્ત્રો હાજર છે. પરમાત્માની આજ્ઞા મુજબ જીવનારા, ઉપદેશ આપનારા, ચારિત્ર પાળનારા હાજર છે. દહેરાસર, ઉપાશ્રયો, ધર્મનાં ધામો પણ હાજર છે. તો મૂળ સ્વરૂપે ધર્મ પકડવામાં ક્યાં વાંધો છે ? પણ તમારી નજર જ એવી હોય કે દહેરાસરમાં-ઉપાશ્રયમાં કોણ ખોટું કરે છે ? તે જ તમે શોધતા હો છો. દોષોને જ શોધવાની તમારી વૃત્તિ હોય તો શું થાય ? અત્યારે મૂળ સ્વરૂપે ધર્મ કરનારા હયાત છે. શાસન હજી જીવતું છે. પરંતુ જેને સમજવું ન હોય અને હલકાને જ પકડવું હોય, જેને સાચામાં રસ જ ન હોય, તે તો જ્યાં જશે ત્યાં ઊંધું જ શોધશે. હા, અમુક ટકા વર્ગ હોય છે જેને ધર્મની સાચી સમજ ન હોય માટે ભૂલ કરતા હોય છે, પણ આનાથી બધાને કાંઈ બાકાત ન કરાય. અત્યારે સાચો ધર્મ કરનારાં સાધુ-સાધ્વીઓ હયાત છે. તેઓનું જીવન જ તમને ધર્મનો પરિચય આપે તેવું હોય છે. માટે એકાંતે આવું ન બોલાય. હા, અત્યારે કલિકાળ છે. અત્યારે જૈન ધર્મની બોલબાલા છે કે અન્ય ધર્મોની બોલબાલા છે ? અત્યારે મિથ્યાધર્મો જ વધારે ફેલાયેલા છે. જૈન ધર્મ લઘુમતીમાં છે, પણ સાચો ધર્મ નથી તેમ તો ન જ કહેવાય. નેગેટીવ એંગલથી જોશો તો તમે જિંદગીમાં ધર્મ પામવાની રાહ જોતા જ રહી જશો. બાકી અત્યારે પણ ભગવાનની આજ્ઞા મુજબનો ધર્મ હયાત છે.

મૂળ મુદ્દા પર આવીએ. જિનપૂજામાં અનેકાંતવાદ સમજો. અપેક્ષાએ મૂર્તિપૂજા જરૂરી છે, અપેક્ષાએ મૂર્તિપૂજા બીનજરૂરી છે; માટે સાપેક્ષતા, સ્યાદ્વાદ થશે. પણ તેમાં એકાંતવાદ પકડશો તો શું થશે ? તેથી પ્રત્યેક પ્રવૃત્તિમાં સ્યાદ્વાદ દૃષ્ટિથી વિચારવાનું છે, નહિતર સત્યથી બહાર ફેંકાઈ જશો. હરેક ધર્મક્રિયા આ અપેક્ષાએ ઉચિત છે, આ ભૂમિકાએ ઉચિત છે; હરેક ધર્મક્રિયા આ અપેક્ષાએ અનુચિત છે, આ ભૂમિકાએ અનુચિત છે. શાસ્ત્રજ્ઞાન માટે પણ પૂ. આ. શ્રીહરિભદ્રસૂરિએ યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં ઉપસંહાર કરતાં લખ્યું છે કે આ ગ્રંથ ઉપયોગી કોને થશે ? આ ગ્રંથમાં યોગશાસ્ત્રોના માખણ તરીકે લખાણ છે. છતાં જે જીવો ઊંચી ભૂમિકામાં છે તેમને માટે ઉપયોગી નથી, કારણ કે જેમને શાસ્ત્રજ્ઞાનનું ફળ મળી ગયું છે તેમને માટે આ ગ્રંથ નિરુપયોગી છે, તેમને આનાથી લાભ નથી. આ જ્ઞાન મેળવીને જે સાધવાનું છે તે જેણે સાધી લીધું છે તેવા જીવોને આની ઉપયોગિતા નથી. યોગની સાતમી દૃષ્ટિમાં આવેલા જીવોને શાસ્ત્રાધ્યયનની જરૂર નથી, પછી ભલે તે ઓછું ભણેલો હોય પણ તેને શાસ્ત્રની જરૂર નથી.

**સભા :-** *માષતુષમુનિને ભણવાની જરૂર હતી ?*

**સાહેબજી :-** માષતુષમુનિને ભણવાની જરૂર હતી કે નહિ તેનો સંબંધ આની સાથે નથી. ખરેખર તો માષતુષમુનિને ભણવાની જરૂર હતી, પણ શક્તિના અભાવે તેઓ ભણી શક્યા નહોતા.

**સભા :-** *દીક્ષા પ્રસંગે, પ્રતિષ્ઠા, ચૈત્યપરિપાટિ આદિ પ્રસંગમાં જતાં મોડું થવાથી પૂજા રહી જાય તો શું કરવું ? જિનપૂજા કરવી કે આવા પ્રસંગોમાં જવું ?*

**સાહેબજી :-** બીજે ઠેકાણે પણ જ્યાં સગવડ મળે ત્યાં કરી લેવાની. સામાન્ય રીતે ઊંચા ધર્મના કાર્ય ખાતર નીચા ધર્મનો ભોગ અપાય, પણ નીચા ધર્મના કાર્ય ખાતર ઊંચા ધર્મનો ત્યાગ ન કરાય. નીચલી કક્ષાના અનુષ્ઠાનને ગૌણ કરી શકાય, પણ ઉપલા અનુષ્ઠાનને ગૌણ ન કરાય. પરંતુ કયા અવસરે કયું અનુષ્ઠાન ઊંચું અને કયું અનુષ્ઠાન ગૌણ કરી શકાય, તેની પાકી સમજ જોઈએ. અવસરે સામાન્ય ધર્મ પણ ઊંચો બની જાય છે. જેમ કે સ્વાધ્યાય અમારા માટે ખાસ કહ્યો છે, પણ સાધુની માંદગી વખતે વૈયાવચ્ચના અવસરે સ્વાધ્યાય કરવા બેસે તો શું ઉચિત ગણાય ? માટે અવસરે મુખ્ય ધર્મ ગૌણ બને છે. સામાયિક તમારે માટે ઊંચું અનુષ્ઠાન છે અને તેનાથી પૂજા નીચું અનુષ્ઠાન છે. પરંતુ પૂજાના અવસરે સામાયિક કરો તો ખોટું છે અને સામાયિકના સમયે પૂજા કરો તો દોષ છે. છ આવશ્યકમાં સામાયિક આવે છે, પરંતુ જે અવસરે જે ઉચિત હોય તે કરવાનું છે.

**સભા :-** *પૂજા સામે જિનવાણી છોડાય ?*

**સાહેબજી :-** પૂજા અને જિનવાણી બંને દૈનિક કર્તવ્ય છે. જે જિનવાણી સાંભળે છે તે જ શ્રાવક છે. માટે બંને આવશ્યક કર્તવ્યમાં આવશે. જિનપૂજા એ જિનવાણીમાં સાંભળેલ ઉપદેશનું આચરણ છે. જિનપૂજામાં ખરા ભાવ કેવી રીતે લાવવા ? તેની ખરી વિધિ શું છે ? કેવી રીતે આરાધનામાં આગળ વધવું ? તેનું ખરું સ્વરૂપ શું ? આ બધું જિનવાણીમાંથી મળશે અને પછી તેનું આચરણ જિનપૂજામાં થશે. પરંતુ પૂજાનો ખાલી અમલ કરે અને સમજે નહિ તો કેમ ચાલે ? માટે જિનવાણી પણ જરૂરી છે અને જિનપૂજા પણ જરૂરી છે. તમારે વ્યવહારમાં પણ ભણ્યા વગર ધંધો ન કરી શકાય ને ? અને ભણી-ગણીને ઘરે બેસી રહો તો ચાલે ખરું ? ભણ્યાનું ફળ તો વ્યવસાયથી જ મળશે ને ? પણ તેના માટે ભણતર પણ જરૂરી છે. માટે બેમાંથી એકને પણ કટ ઓફ ન કરાય. માટે બેઉ કરવાનાં આવે છે. પણ તેમાં સમય આગળપાછળ કરી શકાય છે.

આપણી પ્રત્યેક ધર્મની પ્રવૃત્તિમાં, આચારમાં, વિચારમાં અનેકાંતવાદ છે. અમુક ભૂમિકા પછી શાસ્ત્રનું અધ્યયન પણ નિરુપયોગી છે. પ્રભુ દીક્ષા લીધા પછી શાસ્ત્રનું એક પાનું પણ વાંચતા નથી. દીક્ષા વખતે વીર પ્રભુને ૧૧ અંગનું જ્ઞાન હતું. જેટલું ભણ્યા છે તેના કરતાં કઇ ગણું ભણવાનું બાકી છે. છતાં નવું કાંઇ ભણતા નથી. ભગવાન ત્યારે સાધક છે. છતાં તમે કહેશો કે એ તો ભગવાન છે, માટે તેમને અધ્યયનની જરૂર નથી. પરંતુ બીજાઓ પણ જે એ ભૂમિકાને પહોંચેલા સાધુઓ છે તેમને પણ અધ્યયન કરવાની જરૂર નથી, પરંતુ આપણા માટે શાસ્ત્ર-અધ્યયન જરૂરી છે. આમ, શાસ્ત્ર-અધ્યયન અપેક્ષાએ જરૂરી છે, શાસ્ત્ર-અધ્યયન અપેક્ષાએ બીનજરૂરી છે, પરંતુ આપણા માટે તો શાસ્ત્ર-અધ્યયન ખૂબ જ જરૂરી છે, હિતકારી છે.

અપેક્ષાએ શાસ્ત્ર-અધ્યયન હિતકારી છે, અપેક્ષાએ જિનપૂજા હિતકારી છે, તેમ અપેક્ષાએ પ્રતિક્રમણ હિતકારી છે. મહાત્માઓ ચારિત્ર પાળે પણ પ્રતિક્રમણ ન કરે તેવું પણ શાસ્ત્રમાં આવે છે ને ? પ્રભુ મહાવીરના શાસનમાં સાધુ જો સ્થવિરકલ્પી હોય તો પ્રતિક્રમણ તેમને નિયત હોય જ. સ્થવિરકલ્પ ન હોય તો નિયત પ્રતિક્રમણ કરે પણ ખરા અને ન પણ કરે. સ્થવિરકલ્પ અને જિનકલ્પ આમ બે ભેદ છે. જે ગચ્છમાં રહેતા હોય તે સ્થવિરકલ્પી સાધુ કહેવાય છે. જિનકલ્પી સમતાની ભૂમિકામાં રહેલા હોય છે. તેઓના આચાર-વિચાર ઊંચા હોય છે. ગચ્છની આજ્ઞામાં જીવનારાને પ્રતિક્રમણ નિયત હોય છે. માટે પ્રત્યેક ધર્મની ક્રિયામાં, આચારમાં, વિચારમાં, અનેકાંત વણાયેલો છે. આપણે છેલ્લે તો આત્મકલ્યાણ કરવાનું છે. જે અનુષ્ઠાનથી તમારા આત્માનું કલ્યાણ થાય તેવું અનુષ્ઠાન કરવાનું છે.

**સભા :-** *સામાયિકમાં અનેકાંતવાદ કઈ રીતે આવશે ?*

**સાહેબજી :-** સામાયિકની ક્રિયા માટે પૂછો છો કે તેના ભાવ માટે પૂછો છો ? મોક્ષમાં સામાયિકની ક્રિયા નથી પણ ભાવસામાયિક છે. સામાયિક, સમકિત વગેરે બધા શુદ્ધ ભાવના ગુણો છે. શુદ્ધ ભાવના ગુણોને મોક્ષમાં પણ છોડવાના નથી. મોક્ષમાં સાથે લઈને જવાના છે. ત્યાં બધા ગુણો શાશ્વતા રહેવાના છે. મોક્ષમાં સામાયિક પરાકાષ્ઠાનું છે. સિદ્ધ ભગવાન સદા સામાયિકમાં છે. તેમને બધા પાપોનો વિરામ છે. તેમનામાં સમતા છે કે વિષમતા છે ? મોક્ષમાં જતાં સાધન મૂકવાનાં હોય, પણ સાધ્ય મૂકવાનાં ન હોય. જ્યાં સુધી સાધ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી સાધન લેવાનાં છે. તેથી સાધનોમાં અનેકાંતવાદ આવશે.

ધર્મ માત્ર સાધન છે. મોક્ષને સાધ્ય કહ્યો છે. મોક્ષને છોડવાનો નથી. શાશ્વત કાળ જાળવવાનો છે. ધર્મ અનુષ્ઠાનો સાધન છે, તેથી તેમના સ્વીકાર અને ત્યાગમાં અનેકાંત આવશે.

* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

મોક્ષમાં પણ અનેકાંત છે, તે બીજી રીતે વિચારવાનો આવશે. અહીંયાં જુદી દૃષ્ટિએ અનેકાંત છે. ધર્મ અનુષ્ઠાનો એકાંતે કરવાનાં નથી, પણ અપેક્ષાએ કરવાનાં છે.

**સભા :-** *સિદ્ધાંતમાં ફેરફાર ન થાય, પણ સામાચારીમાં ફેરફાર થાય ?*

**સાહેબજી :-** પહેલાં સિદ્ધાંતનો તમે શું અર્થ કરો છો ? સામાચારી પણ આવશ્યક અનુષ્ઠાન છે. જો આચારનો અર્થ સિદ્ધાંતની બહાર કરશો તો પછી તમારા હિસાબે આચારમાત્ર સામાચારી બનશે. પણ આ અર્થ ખોટો છે. સિદ્ધાંતમાં ખાલી વાતો ન આવે, પરંતુ મૂળભૂત આચાર પણ અવશ્ય પાળવો એવો નિયમ સિદ્ધાંત અંતર્ગત સમાઈ જાય છે. ઉપરાંત આચારમાત્રને સામાચારી કહેશો તો તેમાં મૂળભૂત આચાર પણ ફેરફાર થઇ શકે તેવું નક્કી થશે. આ તો ઊંધું વેતરી નાખશો. મુનિનાં પાંચે મહાવ્રત છે તે સિદ્ધાંતમાં આવશે. તો સામાચારી કોને કહેવાશે ? દા.ત. અમુક વિસ્તારમાં સાપ, વીંછી હોય ત્યાં સાધુએ પાટ ઉપર જ સૂવું, પરંતુ નીચે સૂવું નહિ તેવો નિયમ કરે, અને એ જ વિસ્તારમાં લાંબા સમય સુધી વિચરનારો સમુદાય હોય તો, ઘણા કાળ પછી તે સમુદાયમાં આ પ્રથા સામાચારી પરંપરા જેવી બની જાય. એટલા માત્રથી બીજા વિસ્તારમાં વિચરનાર ગચ્છને એ સામાચારી સ્વીકારવાની કોઈ આવશ્યકતા નથી. માટે બધે બરાબર સમજવા પ્રયત્ન કરો, નહિતર ગોટાળા ઊભા કરશો.

**સભા :-** *સુરતમાં અત્યારે પ્લેગ છે. તેના કારણે સાધુ વિહાર કરી શકે ખરા ?*

**સાહેબજી :-** ત્યાં તો અપવાદમાર્ગ થયો, તેને સામાચારી ન કહેવાય. ચોમાસામાં વિહાર કરે તે આચારવિરુદ્ધ છે, પરંતુ કારણે કરે તે અપવાદમાર્ગ થશે. સાધુ પાટ પર ન સૂવે, અને ગચ્છની પરંપરાના કારણે સૂવે તો અપવાદ ન કહેવાય પણ સામાચારી કહેવાય.

**સભા :-** *મોક્ષમાં અનેકાંતવાદ કઈ રીતે ?*

**સાહેબજી :-** મોક્ષમાં સિદ્ધના સ્વરૂપમાં તેના ગુણોમાં અનેકાંતવાદ સમજવો છે, તો વિચારો કે કઈ રીતે સિદ્ધ ભગવંત અનંત સુખને પામેલા છે ? તો વર્તમાનની દૃષ્ટિએ અનંત સુખને પામેલા છે, પણ ભૂતકાળમાં તેઓ દુઃખી હતા, માટે ભૂતકાળની અપેક્ષાએ તેઓ દુઃખી હતા તેમ કહેવાશે. સિદ્ધ પરમાત્મા શાશ્વતા છે. દ્રવ્યમાત્ર શાશ્વત છે. તેઓનું પર્યાયરૂપે પરિવર્તન ચાલુ છે. મોક્ષમાં પણ પર્યાય બદલાય છે. છતાં તેમની કક્ષા તો એક જ રહેવાની છે, તે અસિદ્ધ નથી બનવાના. દા.ત. જ્ઞાનનો પર્યાય બદલાય છે. કારણ કે જ્ઞેય બદલાય તો જ્ઞાનનો પર્યાય

પણ બદલાય; અને જ્ઞાન બદલાય તો જ્ઞાનથી થતું આત્માનું સુખ પણ બદલાશે. ત્યાં પ્રતિક્ષણ પર્યાયો બદલાય છે. જ્ઞાન-દર્શન-ચારિત્રનું પણ આ રીતે પરિવર્તન થાય છે.

**સભા :-** *ત્યાં વૃદ્ધિ-હાનિ થાય ?*

**સાહેબજી :-** વૃદ્ધિ-હાનિ છે. ત્યાં સિદ્ધ પરમાત્મામાં અગુરુલઘુપર્યાયની ષટ્સ્થાન હાનિવૃદ્ધિ છે. આ સ્વરૂપ બહુ જ ગંભીર છે. મોક્ષમાં પદાર્થવિજ્ઞાનનું ચિંતન જટિલ છે. દ્રવ્યાનુયોગ ન ભણ્યા હોય તેને આ બધું સમજવું મુશ્કેલ છે. મોક્ષમાં અગુરુલઘુપર્યાયની વૃદ્ધિ-હાનિ થયા જ કરે છે. એક ક્ષણે હાનિ છે. બીજી ક્ષણે અસંખ્યગુણ હાનિ છે. વળી તેમાં ત્રીજી ક્ષણે વૃદ્ધિ થાય છે. આ સહજતાથી જ થાય છે. મોક્ષમાં અમુક વસ્તુ શાશ્વત સ્થિર પણ છે. એટલે કે મોક્ષમાં પણ ત્રિપદી છે. આખા જગતના સારરૂપે ત્રિપદી છે. મોક્ષમાં પ્રતિક્ષણ પર્યાય ઉત્પન્ન થાય છે અને નાશ થાય છે, પણ દ્રવ્યરૂપે આત્મા સ્થિર છે; માટે દ્રવ્ય-પર્યાયની અપેક્ષા જોડવાની છે.

સિદ્ધના જીવો ભોગ કઈ રીતે કરે છે ? પોતાના આત્માના ગુણોનો ભોગવટો કરે છે, પરંતુ જડ પદાર્થોનો ભોગવટો તેઓ નથી કરતા. તમે જડ પદાર્થોનો ભોગવટો કરો છો, ખાઓ છો, પીઓ છો, સુગંધ વગેરેનો ભોગવટો કરો છો; જ્યારે તેઓ ચેતનાનો ભોગવટો કરે છે. માટે ત્યાં અપેક્ષાએ ભોગ છે, અપેક્ષાએ અભોગ છે.

**સભા :-** *"કેવલી પન્નત્તો ધમ્મો" ધર્મ કેવળી આધારિત છે ? શાસ્ત્ર આધારિત નહિ ?*

**સાહેબજી :-** કેવલીએ કહેલાં વચન તે જ શાસ્ત્ર છે. માટે " કેવલી પન્નત્તો ધમ્મો" એ વાક્ય શાસ્ત્રને અપ્રમાણભૂત સ્થાપિત નથી કરતું, ઊલટું શાસ્ત્ર સ્વયં જ કેવળીપ્રજ્ઞપ્ત હોવાથી શાસ્ત્રમાં આલેખિત વાતોથી જ ધર્મ સિદ્ધ થશે.

**સભા :-** *શાસ્ત્રો તો હમણાં લખાયાં ને ?*

**સાહેબજી :-** પ્રભુ મહાવીરના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે શાસ્ત્રો લખાયાં છે.

**સભા :-** *શાસ્ત્રો લખ્યાં કોણે ?*

**સાહેબજી :-** શાસ્ત્રો લખ્યાં ગમે તેણે, શ્રુતકેવલીએ શાસ્ત્રો રચ્યાં છે. તેમાં જે તત્ત્વ છે તે પૂર્ણજ્ઞાનીએ કહ્યું છે, અને શબ્દદેહ ગણધરોએ આપ્યો છે, અને તેને જાળવવા ગ્રંથાલેખન

આચાર્યો આદિએ કર્યું છે. લખનારાએ પોતાની વાત કરી છે કે જ્ઞાનીઓએ કહેલી વાત કરી છે, તેની પરીક્ષા કરી શકાય છે. લખનારા પ્રામાણિક હતા તેનો પુરાવો એ છે કે તેમને જેટલું યાદ હતું તે લખ્યું છે, અને તેઓને જ્યાં વિસ્મૃતિ થઇ ત્યાં "તત્ત્વ કેવલીગમ્ય" લખ્યું છે. માટે આ જ તત્ત્વ છે, આ જ પરંપરાથી સાંભળવા મળ્યું છે, તેને જ સત્ય તરીકે સ્વીકારી લો એવો કોઇ આગ્રહ રાખ્યા વગર, જ્યાં તેઓ વચન નક્કી ન કરી શક્યા ત્યાં પ્રમાણિકતાથી લખ્યું કે 'તત્ત્વ કેવલીગમ્ય.' આ પ્રમાણિકતાની પરાકાષ્ઠા છે ને ! માટે ખોટી શંકા-કુશંકાઓ કર્યા વગર શાસ્ત્રો માટે તટસ્થ અભિપ્રાય બાંધો.

**સભા :-** *કેવળીને કેવળી જ ઓળખી શકે ?*

**સાહેબજી :-** કેવળીને કેવળી જ ઓળખી શકે તેમ જો એકાંતે હોય તો, કેવળી જ પૂર્ણ રીતે ભગવાનને ઓળખી શકે, અને પહેલાં ભગવાનને જે ઓળખીને સાધના કરે તે જ કેવલી બની શકે. એટલે આ તો વિરોધાભાસ ઊભો થયો. તેથી અહીંયાં પણ અનેકાંતવાદ લાવવો પડશે. કેવળજ્ઞાની અને શ્રુતજ્ઞાની સરખા નથી. શ્રુતજ્ઞાનીમાં અનંતુ અજ્ઞાન છે, છતાં તે કેવળીને શ્રુતજ્ઞાનથી ઓળખી શકે છે. હા, સંપૂર્ણ રીતે કેવળીને કેવળી ઓળખી શકે, પૂર્ણજ્ઞાનીને સ્વયં જે પૂર્ણ હોય તે જ પૂર્ણપણે ઓળખી શકે છે; શ્રુતકેવળી પણ પૂર્ણ રીતે ન ઓળખી શકે, પરંતુ આંશિક રીતે પૂર્ણ જ્ઞાનીને ઓળખી શકાય છે, પૂર્ણજ્ઞાનીનાં વચન પામી શકાય છે, માટે અપેક્ષા જોઈશે.

તેથી અપેક્ષાએ પ્રભુને ન ઓળખી શકીએ તે બરાબર. અપેક્ષાએ શ્રુતજ્ઞાની અને કેવળજ્ઞાની સરખા છે. ૧૪ પૂર્વધર ઉપદેશ આપતા હોય અને કેવળી ઉપદેશ આપતા હોય, તો બેઉની વાણીમાં શક્તિ સરખી હોય છે. તેથી નક્કી ન કરી શકાય કે આ ૧૪ પૂર્વધર છે કે કેવળી છે. બેઉ તમારા મનના ભાવ જાણીને કહી આપે છે, પૂર્વભવ-પરભવ બંને કહી આપી શકે છે. અહીંયાં શ્રુતના બળથી ઉપદેશ આપવાની અપેક્ષાએ બેઉ સરખા; પણ જ્ઞાનની અપેક્ષાએ જમીન-આસમાનનો તફાવત આવશે. માટે બધે અનેકાંતવાદ આવ્યો.

પૂ. આનંદઘનજીએ ગાયું કે "હે પ્રભુ ! સામાન્યથી પણ આપનું દર્શન દુર્લભ છે, તો પૂર્ણદર્શનની વાત જ ક્યાં કરવી ? એ તો તમારા જેવો જે થાય તે જ આપનાં દર્શન પૂર્ણતાથી કરી શકે. જે મિથ્યાત્વ મોહનીયમાં ઘેરાયેલો છે તે સામાન્યથી પણ આપનાં દર્શન ક્યાંથી કરી શકે ? જેમ આંધળો માણસ સૂર્યનું વર્ણન ન કરી શકે અને આંખવાળો પણ સંપૂર્ણ રીતે સૂર્યનું વર્ણન ન કરી શકે, એના માટે તો સૂર્ય પાસે જ જવું પડે. માટે મિથ્યાત્વી ક્યાંથી આપનાં દર્શન કરી શકે ? સમકિત આવ્યા પછી જ અંશથી પણ પ્રભુદર્શન કરી શકે છે અને પૂર્ણ રીતે તો આપનાં દર્શન કરવા આપના જેવા જ થવું પડે."

તમે બધા **"નમોસ્તુ વર્ધમાનાય"**માં બોલો છો **"પરોક્ષાય કુતીર્થિનામ્"**. મિથ્યાદૃષ્ટિ માટે ભગવાન પરોક્ષ છે, સમ્યગ્દૃષ્ટિ માટે પ્રત્યક્ષ છે. સાચાં દર્શન કરવાની લાયકાત, અધિકાર આ ભૂમિકાવાળાને જ છે. ગાઢ મિથ્યાત્વી રોજ પ્રભુપૂજા કરતો હોય તો પણ તેને ભગવાન પરોક્ષ છે. ગુણની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિને પ્રભુની ઓળખ નથી. સમકિતની ભૂમિકા આવી એને ગુણની ઓળખ આવી. માટે સમકિતીને ગુણની ઓળખ હોવાના કારણે તેને પ્રભુ પ્રત્યક્ષ છે. પરંતુ સમકિતની ભૂમિકા પણ અતિ દુર્લભ છે. જો આ નથી તો પ્રભુનાં સાચાં દર્શન ક્યાંથી થવાનાં ? અને સકળ વિશેષતાથી પૂર્ણ દર્શન તો ક્યાંથી થવાનાં ?

જેમ આંખનો આંધળો હોય અને તેને દારૂ પિવડાવ્યો હોય, તેવાને નશામાં લથડિયાં ખાતાં શું ઠેકાણાં રહેવાનાં ? તેમ જ્ઞાનાવરણીયનો અંધાપો છે, અજ્ઞાનનો અંધાપો છે અને મિથ્યાત્વરૂપી દારૂનો નશો ભર્યો છે, તેવાને આપનાં દર્શન કરવાં દુર્લભ જ છે. આવો આંધળો સૂર્યનું વર્ણન-દર્શન કેવી રીતે કરી શકે ? તે પૂનમની રાત્રીનું વર્ણન પણ કેવી રીતે કરી શકે ? માટે અમારા માટે આપનું દર્શન અને સ્વરૂપનું ચિંતન કરવાનું દુર્લભ છે.

તમે મંદિરમાં જઈને ભગવાનનાં દર્શન કરી આવો છો, તે તો બાહ્ય દર્શન છે. પ્રભુનાં આંતરિક દર્શન જુદાં છે. હાં, તમારો સમય થઈ ગયો છે, માટે રાખીએ.

## ૮

તા. ૦૨-૧૦-૯૪, રવિવાર.

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માએ જગતના જીવમાત્રને સમ્યક્ પ્રબોધ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરી છે.

મહાપુરુષોની દૃષ્ટિએ બીજા ધર્મોની પાસે સ્યાદ્વાદ નથી, માટે જ બધે ગૂંચવાડો ઊભો થાય છે; જ્યારે આપણે સ્યાદ્વાદના કારણે જ સાચાં તત્ત્વોને જાણી શકીએ છીએ. કોઈ પણ જીવને સ્વયં આરાધના કરવી હોય, તેણે પૂર્ણ સુખને મેળવવું હોય તો તેના માટે જવાબદાર તત્ત્વો કયાં, પાયાગત વાતો કંઈ, વગેરે જાણવું જરૂરી છે, અને તેના માટે સ્યાદ્વાદને સમજવો અતિ જરૂરી છે. તેના વગર મૂંઝવણ થશે. માટે જ ઇતર ધર્મવાળાને સ્યાદ્વાદ વગર સચોટ સમાધાન આપવામાં મુશ્કેલી થાય છે, જ્યારે આપણે આ જ કારણે સચોટ જવાબ-સમાધાન આપી શકીએ છીએ.

### અધ્યાત્મક્ષેત્રે સ્યાદ્વાદ. નિશ્ચયનય-વ્યવહારનયઃ ઉપાદાનવાદ-નિમિત્તવાદ. :

જેમ પુછાય કે અનંતકાળથી આપણે દુઃખમાં સબડીએ છીએ તેનું કારણ શું ? તો તેના જવાબ માટે આપણી પાસે અધ્યાત્મના ક્ષેત્રમાં નિશ્ચયનય અને વ્યવહારનય છે. દા.ત. આત્મા અનંત કાળથી દુઃખી કેમ છે ? સુખી ન થવાનું કારણ શું ? નિશ્ચયનય કહેશે કે આત્મા પોતે જ તેમાં કારણભૂત છે. તમારાં સુખ-દુઃખ તમારા હાથમાં જ છે. જે કાંઈ સુખ-દુઃખની જીવનમાં હારમાળા છે તે સ્વયંસર્જિત છે, કોઈ બીજાએ ઊભી કરેલ નથી; છતાં આપણે બીજાને નિમિત્ત માનીએ છીએ. જેમ કે ધંધામાં તમને તકલીફ આવે તો કહો કે ભાગીદાર લુચ્ચો છે. વળી કહે છે કે જીવનમાં સુખ કેવી રીતે રહે ? કારણ પત્ની કજિયાળી છે. જે નિમિત્તથી દુઃખ ઊભું થાય તેના પર જ જવાબદારી મૂકો છો ને ? ત્યારે નિશ્ચયનય કહેશે કે આ બધા અભિપ્રાય ખોટા છે. કોઈ પણ દુઃખને મન પર લેવું કે ન લેવું તે તમારા હાથની વાત છે. તમે અંદરથી તૈયાર રહો તો કોઈની તાકાત નથી કે તમને દુઃખી કરી શકે. આના માટે સારામાં સારું દૃષ્ટાંત ભગવાન મહાવીરનું આવે છે.

દીક્ષા લીધા પછી પ્રભુએ સાડા બાર વર્ષ સુધી ઘોર તપસ્યા કરી. તેમાં બાહ્ય પરિષહો ઘણા હતા, પરંતુ તેથી કાંઈ તેઓ દુઃખી નહોતા થયા, પૂરા સુખમાં મહાલતા હતા. સાચા

અર્થમાં ભગવાનને કોઈ દુઃખી કરી શક્યું છે ? તમારા દુઃખનું કારણ તમને તમારી અંદર દેખાવું જોઈએ. તમે તમારી નબળાઈના કારણે દુઃખી છો અને તમારી ગુણવત્તાના કારણે સુખી છો. તે માટે તમે બીજા કોઈને જવાબદાર ગણો તે તમારી ખોટી ભ્રમણા છે.

## દુઃખરસિક જીવ દુઃખનાં નિમિત્તોને જ ગ્રહણ કરે છે. :

નિશ્ચયનયથી આત્મકલ્યાણના માર્ગમાં તમારું કલ્યાણ-અકલ્યાણ, સુખ-દુઃખ, વિકાસ કે અધોગતિ કરવી તે તમારા હાથમાં છે; તેમ ધર્મ-અધર્મ પણ તમારા પુરુષાર્થ પર આધારિત છે. નિશ્ચયનય કહેશે કે નિમિત્તો નહિ પરંતુ તમારી જાત જ ગુનેગાર છે, માટે ઉપાદાનને સુધારો. જેમ વ્યવહારમાં પણ એક માણસ તમને ગાળ આપે, નિંદા કરે તે વખતે તેને ગ્રહણ કરવું કે ન કરવું તે તમારા હાથની વાત છે. મનની શાંતિ કોઈ બીજો ઊભી કરવા નહિ આવે. તમારી શાંતિ-અશાંતિ તમે જ ઊભી કરી શકો તેમ છો. નિશ્ચયનયથી આખું જગત દુઃખી એટલા માટે છે કે તેને દુઃખમાં જ રસ છે અને સુખની અરુચિ છે. આ દુઃખની રસિકતા ક્યાંથી આવી ? કારણ દુઃખ ગમે છે.

**સભા :-** *આ વિરોધી વિધાન લાગે છે.*

**સાહેબજી :-** પણ આ વાત જીવનમાં વાસ્તવિક છે. જેમ કે તમે સવારથી સાંજ સુધીમાં સુખનાં કેટલાં નિમિત્તોને ગ્રહણ કરો છો ? અને દુઃખનાં કેટલાં નિમિત્તોને વધાવો છો ? તમે તમારા જીવનમાં કોને વધારે મહત્ત્વ આપો છો ? જેમ આખા શરીરમાં એક આંગળી દાઝી હોય કે ગૂમડું થયું હોય તો જીવ ક્યાં ચોંટે છે ? તમારું ધ્યાન આખો દિવસ આખા શરીરમાં ક્યાં હોય ? બસ, તે જ જગા પર ને ? જેમ ફક્ત એક જ દાઢ દુઃખતી હોય, અને બાકીના બધા દાંત સારા હોય, તો પણ દાઢ દુઃખે છે તેનો વસવસો વધારે કે બાકીના દાંત સારા છે તેનો આનંદ વધારે હોય ? કોઈ તમારા મનમાં ઊંચુંનીચું કરવા આવતું નથી. આત્મામાં અશાંતિ સર્જવા કોઈ આવતું નથી. શાંતિ તમારા હાથમાં જ છે, તમારી મરજી ઉપર છે. અકળામણ તમે પોતે જ ઊભી કરો છો. નિમિત્ત દ્વારા અસર લેવી કે ના લેવી, તે તમારા હાથની વાત છે.

**સભા :-** *દીક્ષા લીધા પછી પ્રભુ રક્ષણની વ્યવસ્થા પોતે રાખીને જીવે છે ?*

**સાહેબજી :-** ના, ભગવાને પોતાના શરીરની લેશમાત્ર ચિંતા કરી નથી. નાનો માણસ પણ તેમને હેરાન કરે તો પણ તેમને શાંતિ હતી. કારણ કે અંદરથી તેમને કોઈ દુઃખી કરી શકે

તેમ નથી. જેમ કે ઈન્દ્રસામાનિક સંગમદેવે પ્રભુને ઘોર ઉપસર્ગ કર્યા છતાં પ્રભુને લગીરે દુઃખ ન થયું. કેમ ન થયું ? કારણ કે તેમને દુઃખ જોઈતું ન હતું અને તમને દુઃખ જોઈએ છે.

જેમ સવારથી સાંજ સુધી બિલાડી ઉંદરને તાકીને બેઠી હોય, તેમ તમે સંસારમાં દુઃખનાં નિમિત્તોને તાકીને બેઠા હો છો. જરાક કોઇ અણગમતું બોલે, ગાળ આપે, અપમાન કરે તે બધું કેટલું યાદ રાખો છો ? વર્ષો સુધી કોઇએ કરેલું અપમાન ભૂલશો નહીં; જ્યારે જીવનમાં કેટલાએ તમને આદર આપ્યો, સાચવ્યા, તે તમને યાદ રહે છે ? ના, તમારાં ધર્મપત્ની સાથે તમારું ધાર્યું ન થયું, તમારી માંગ પ્રમાણે તેણે કર્યું નહિ કે બે કડવાં વેણ કહ્યાં, તો તે તમે કેવું યાદ રાખો છો ? પણ તેણે તમને જિંદગીમાં કેવી રીતે સાચવ્યા, આજ દિવસ સુધી શું શું તમારી સરભરા કરી, તે તમે યાદ નથી રાખતા. તેને તમે ફરજ માનો છો. તમે દુઃખ પહેલાં યાદ કરો છો, તેને જ પકડી રાખો છો, તેને જ વાગોળો છો, અને તેનો સંગ્રહ કરો છો; એટલે કે દુઃખનાં જ નિમિત્તોને ઝીલો છો. આ બધી તો આત્માની વિકૃતિ છે. આત્માની આ અજ્ઞાનદશાની વિકૃતિથી જીવ દુઃખી થાય છે.

તમે નિમિત્તને જ મહત્ત્વ આપો છો તેના કરતાં જાતને મહત્ત્વ આપો. નિમિત્તો તો ગૌણ છે. જાતનું ઘડતર કર્યું હશે તો દુનિયા આખી તમને દુઃખી કે સુખી નહિ કરી શકે. કોઈની તાકાત નથી કે તમને માનસિક પીડા આપી શકે. માટે જ ભગવાન અંદરથી પૂર્ણ સુખને પામ્યા. કારણ કે તેઓ દુઃખ લેવા તૈયાર જ નહોતા, જ્યારે આપણને તો દુઃખ જ લેવું છે, સુખ જોઈતું નથી. જેમ કોઈ કહે "મારે દાઝવું નથી અને આગમાં હાથ નાંખ્યા કરે" તો તેને મૂર્ખો કે જૂઠાબોલો જ કહેવો પડે. જેમ કોઈ કહે, બફારો થાય છે એટલે હું ઠંડક માટે તડકામાં કે આગની ભઠ્ઠી પાસે બેસું, તો તેને તમે શું કહેશો ? અને તેના આવા વર્તનથી શું નક્કી થાય ? તે વાસ્તવિકમાં ઠંડક કે શીતળતાનો ઇચ્છુક નથી. તમે જ તમારા વર્તનથી શું પુરવાર કરો છો ? શું ઇચ્છો છો ? તમારું વલણ કઈ બાજુનું છે ? આખા દિવસમાં દુઃખનું જેટલીવાર નિમિત્ત મળે તેટલીવાર તેને ગ્રહણ કર્યા કરો છો; માટે જ તમે સુખના ઇચ્છુક નથી, પણ દુઃખના રસિયા છો. નિશ્ચયનયથી સુખ-દુઃખ એ આંતરિક ભાવ છે; તે ચેતનની અનુભૂતિનો જ ઇજારો છે. તમે સારા નિમિત્તની અસર લેશો તો સુખ અનાયાસે મળવાનું જ છે; પરંતુ તમે જીવનમાં ક્રોધનું નિમિત્ત પકડો છો અને ક્ષમાના નિમિત્તને અવગણો છો, માટે તમે પણ તડકાના રસિયા છો અને છાંયડાના રસિયા નથી તેમ કહી શકાય. તેથી તમારા કલ્યાણ કે અકલ્યાણમાં તમે જ જવાબદાર છો, તેમાં તમારી પ્રકૃતિ જ કારણ છે. ચારે ગતિમાં નવ્વાણું ટકા જીવોને પ્રકૃતિની જ વિકૃતિ છે. જેમ ઘરમાં બધું વ્યવસ્થિત હોય, છતાં છાપામાં કોઈ વસ્તુ સાથે સંબંધ ન હોય, તે વાંચીને તમને કેટલું ટેન્શન ઊભું થાય છે ? આવી પ્રકૃતિવાળો સુખી થઇ શકે ખરો ?

દુનિયાના ગમે તે છેડે તેને મૂકો તો પણ તે દુઃખી જ થવાનો. માટે સંસારના કોઈ પણ ક્ષેત્રમાં, અરે દેવલોકમાં દેવતાઓ સુધ્ધાં પણ, આના જ કારણે સુખી નથી.

**સભા :-** *તેમાં દેવતાઓને આસક્તિ કારણ છે ?*

**સાહેબજી :-** આસક્તિ હોય તેટલા માત્રથી ઉલ્કાપાત નથી મચતો. તેમને શારીરિક દૃષ્ટિએ રોગ, હાડમારી, ઘડપણ નથી, તેમ જ મનગમતાં વિમાનો-અપ્સરા આદિ મળ્યાં છે અને ભોગો ભોગવી શકે તેવું શરીર છે; છતાં પોતાનાથી ઊંચા દેવોની વસ્તુઓ જોઈને અંદર ઈર્ષા પેદા થાય છે, લાય લાગે છે. આ જ દેવલોકનું મોટું દુઃખ છે. છતાં આ દેવલોક પણ કાંઈ મફતમાં મળવાનો નથી. શાસ્ત્રમાં દેવલોકનાં વર્ણન અદ્ભુત રીતે આવે છે. સાંસારિક જીવોને આ વર્ણન સાંભળ્યા પછી અહીંયાં ચેન ન પડે તેવી ત્યાંની વાતો છે. અમુક દેવલોકનાં વર્ણન તો તમારી બુદ્ધિમાં પણ ન બેસે.

**સભા :-** *થોડું તો વર્ણન કરો ને.*

**સાહેબજી :-** ત્યાંનાં ભૌતિક સુખો કેવાં હોય તેની સમજણ તમને આવવાની નથી, કારણ તમારી બુદ્ધિ ખીલી નથી. માટે જ બાકીના દેવલોકથી અજાણ છો. નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર એ ઉત્કૃષ્ટ ભૌતિક સુખનાં સ્થાન છે. ઊંચા દેવલોક કેવા હોય ! ત્યાં પરાકાષ્ઠાનું ભૌતિક સુખ હોય છે. સામાન્ય જીવો ત્યાં જઈ શકતા નથી. ઊંચામાં ઊંચો ધર્મ કરેલા જીવો જ ત્યાં જઈ શકે છે. ત્યાં અસંખ્ય-અસંખ્ય વર્ષોનાં આયુષ્ય હોય છે. આખી જિંદગી તેઓ ત્યાં પથારીમાંથી ઊઠતા નથી, હરતાફરતા નથી, સુખશૈયામાં જ પડ્યા રહે છે. ખોરાકનો કોળિયો પણ તેમને લેવાનો હોતો નથી. આ સ્થિતિનું વર્ણન તમને મગજમાં બેસે તેમ છે ?

**સભા :-** *ધાંધલ-ધમાલ વગર સુખ ન મળે તેવું માનીએ છીએ.*

**સાહેબજી :-** પરસેવો પાડીને જ પૈસા મળે તેમાં મજા આવતી હોય તો, ઘણી મહેનત અને ધાંધલ-ધમાલ કરવી પડે ત્યારે જ ધનપ્રાપ્તિ થાય તેવી, હું તમને ટેકનીક બતાવું, તો તે તમને ગમશે ? ના, કેમ કે જીવનમાં વધુ પરસેવો પાડો તો વધુ સુખ મળે તેવું નથી. તમને વગર મહેનતે પૈસા કે મનગમતાં ભોગ-સુખ મળતાં હોય, તો મહેનત-મજૂરી કરવાનું તમે જરા પણ પસંદ કરો તેમ નથી. દા.ત. ૧૨ મહિનાની આવક વગર મહેનતે કોઇ ઘરે પહોંચાડે તો તમે બજારમાં જાઓ ખરા ? વગર મજૂરીએ બધું મળી જતું હોય તો તમે હાથ પણ હલાવો તેમ નથી. પરંતુ વર્તમાનમાં તમારી પ્રકૃતિમાં એવા વિકારો છે કે જેથી ઉચ્ચ દેવલોકના

દેવતાઓની જેમ તમે શાંત રહી શકો નહિ. જ્યારે તે દેવો પાંચે ઇન્દ્રિયોના ભોગો ભોગવવા માટે પરિશ્રમ કરતા નથી, છતાં પરાકાષ્ઠાનાં ભૌતિક સુખો ભોગવે છે. આ ઉચ્ચ કક્ષાના દેવો છે. જેમ તમને ઘરમાં કાશ્મીર દેખાડે તો કાશ્મીર જોવા ત્યાં જાવ ખરા ? પરંતુ તમને ઘેર બેઠાં બેઠાં ઉન્માદ કર્યા વગર ચેન પડે ખરું ? જો પ્રકૃતિમાં વિકાર હોય તો દેવલોકમાં પણ તમને ચેન ન પડે. માટે ઊંચા દેવલોકનાં ભૌતિક સુખો સમજવા બુદ્ધિ વિકસાવવી પડે.

હવે મૂળ મુદ્દા પર આવીએ. સ્વયં સુખી થવું હોય તો ખરાબ નિમિત્તોને ન પકડવાં, પણ જેને દુઃખના નિમિત્તની અસર છે તેને તો દુઃખ દુઃખ ને દુઃખ જ છે. બંગલામાં રહેનારા સુખી કે દુઃખી ? આમાં વ્યક્તિનો સ્વભાવ જ કારણભૂત છે. સુખ-દુઃખ સ્વયંસર્જિત છે. આપણે જ નિમિત્તને પકડીએ અને આપણે જ સુખી ને દુઃખી થઈએ છીએ. આ નિશ્ચયનયની વાત છે.

ત્યારે વ્યવહારનય કહેશે કે સુખદુઃખનાં કારણ બહાર જ છે. તે સંયોગોને સુખ-દુઃખનાં કારણ માને છે. તે બહારનાં નિમિત્તોને મહત્ત્વ આપે છે. સુખદુઃખની જવાબદારી તે બહારનાં નિમિત્તો પર મૂકે છે. અને આ વાત પણ ખોટી નથી. પરંતુ એકલા નિમિત્તને પણ કારણ ન માની શકાય. માટે બધે સ્યાદ્વાદ આવશે. સ્યાદ્વાદ પરસ્પર વિરોધી વાતોનો સમન્વય કરી આપે છે.

અપેક્ષાએ આત્મા સ્વયં પોતાના કારણે સુખી-દુઃખી છે, અપેક્ષાએ આત્મા નિમિત્તોથી સુખી-દુઃખી છે.

**સભા :-** *અમે અજ્ઞાન છીએ માટે દુઃખી છીએ.*

**સાહેબજી :-** વ્યવહારનય કહે છે અજ્ઞાનતા નિમિત્તથી ઊભી થાય છે, જ્યારે નિશ્ચયનય કહે છે અજ્ઞાનતા તમે જાતે જ ઊભી કરી છે. હવે શું કહેશો ? નિશ્ચયનય કહે છે કે કીડી કીડી જ કેમ બની ? કીડી પોતાના પુરુષાર્થથી જ કીડી બની છે. બીજા કોઈએ અજ્ઞાન આપ્યું નથી. આ રીતે બધે જ વ્યવહારનય, નિશ્ચયનય લાગુ પડશે. આ જ સુધી જીવે ઊંધો જ પુરુષાર્થ કર્યો છે. કર્મ પણ એણે જ ઊભાં કર્યાં છે. બધાં અનિષ્ટ કે કલ્યાણનું મૂળ કોણ ? તમે પોતે જ છો.

જડના બંધનમાં ફસાવું કે ન ફસાવું તે તમારા હાથની વાત છે, તેની અસર લેવી કે ન લેવી તે તમારા હાથની વાત છે. નિશ્ચયનય તો તમારી જ ચોટલી પકડશે. કર્મને તમે વળગો છો, કર્મ તમને વળગતું નથી. જડ પ્રત્યે રાગ-દ્વેષ થાય તેથી જ કર્મ બંધાય છે, નિર્મોહીને બંધ નથી. જીવમાત્રને રાગ-દ્વેષથી જ કર્મબંધ થાય છે. સમોહીને કર્મબંધ છે. મોહ છે ત્યાં સુધી કર્મનો બંધ ચાલુ છે. તમને જડનું આકર્ષણ છે માટે જ કર્મબંધ ચાલુ છે. તમને જડની જ ચિંતા છે, આત્મા જડને ભૂલ્યો નથી, માટે જ કર્મને વળગ્યો છે.

**સભા :-** *સરખા નિમિત્તથી દરેકને સરખી અસર થાય ?*

**સાહેબજી :-** ના, જેમ તમને કોઈએ ગાળ આપી, તો તે વખતે તમે દુઃખી થયા, ક્રોધ કર્યો, તેમાં તમારામાં અંદર રહેલી પ્રકૃતિની વિકૃતિ જ ક્રોધનું કારણ છે. બધાને નિમિત્તની અસર થવી જોઈએ તેમ નથી. તમારે નિમિત્તને પકડવું કે ન પકડવું તે તમારી મરજીની વાત છે. જો તમે અકળાવ નહિ, તો શાંત રહી શકો છો. સરખા નિમિત્તથી દરેકને સરખી અસર થાય તેવું નથી. મૂળમાં જ અજ્ઞાન છે.

નિશ્ચયનયની વાતની ગેરસમજ હશે તો તમે અધ્યાત્મના ક્ષેત્રમાં સાચો પુરુષાર્થ કરી શકશો નહિ કે જીવનમાં લક્ષ્યદૃષ્ટિ પામી શકશો નહિ. તમારી ખામી તમે જોઈ નહિ શકો તો સુધારી નહિ શકો; પણ એમ લાગે કે મારો આત્મા જ ખોટાં નિમિત્તોને પકડે છે, તો તમે સુધારવાનો પ્રયત્ન કરશો. જેમ સાચો બાહોશ વેપારી ધંધામાં નુકસાન કરે ત્યારે વિચારે કે મેં ધંધામાં ક્યાં ભૂલ કરી છે, અથવા બીજાએ કોઈએ ક્યાં ખોટી સલાહ આપેલી. દુનિયામાં ખોટી સલાહ આપનારા મળે, પણ તે સલાહ લેવી કે ન લેવી તે તો આપણે જ નક્કી કરવાનું છે. માટે નિશ્ચયનય કહે છે કે, આપણી ખામી પહેલાં જુઓ. જો ખોટી સલાહ તમે લેશો તો ખોટામાં ક્યાંય સલવાઈ જશો. તમે બીજાની સલાહ અપનાવી ત્યારે અક્કલ હતી કે નહિ ? ભૂલ કોણે કરી છે ? તમે નિમિત્તને પકડો છો માટે જ હેરાન થાઓ છો. આવું નિશ્ચયનય કહે છે. જેમ કૂતરું અજ્ઞાન છે માટે દુઃખી છે.

જીવમાત્ર સ્વપુરુષાર્થથી જ સુખ-દુઃખનો અધિકારી થાય છે. આત્મકલ્યાણ માટે નિશ્ચયનય જરૂરી છે. અપેક્ષાએ બંને નય જરૂરી છે. બંને નયનું મહત્ત્વ પોતપોતાની જગ્યાએ છે. ફક્ત નિશ્ચયનયનો દૃષ્ટિકોણ પણ ન પકડાય. જો નિમિત્તને છોડી દઈએ તો દેવ-ગુરુ-ધર્મની પૂજા, તેઓનું સાંનિધ્ય, સારાં આલંબનોનું મહત્ત્વ નહીં રહે. માટે બંને નય અપેક્ષાએ સમ્યક્ છે. જે ક્ષેત્રમાં જે રીતે ઉચિત તે રીતે અપેક્ષા જોડવાની છે.

અનેકાંતવાદમાંથી એકાંતવાદમાં જતા ન રહેવાય તેનું ધ્યાન રાખવાનું છે. જો આંધળો કહે પગની અપેક્ષાએ હાથી થાંભલા જેવો છે, તો તે અપેક્ષાએ સાચું જ છે; પણ કહે હાથી થાંભલા જેવો જ છે તો તે ખોટું. **માટે બંને નયનું આત્મકલ્યાણ માટે મહત્ત્વ છે. નિશ્ચયનય કહેશે ઉપાદાન એ જ આત્મકલ્યાણનું સાધન છે, વ્યવહારનય કહેશે નિમિત્ત એ જ આત્મકલ્યાણનું સાધન છે.** જેમ તમે બહાર નીકળ્યા અને સુંદર વિજાતીય સ્ત્રી તમને જોવા મળી, અને તમને વિકાર થયો; તમને મનમાં જે વિકાર થયો, તેમાં કારણ તમારું મન નબળું છે; મનમાં વાસના છે, માટે તમને વિકાર થયો. ખામી તમારા અંદરમાં જ છે. સ્ત્રીનું રૂપ

વિકારનું કારણ છે કે તમારું મન વિકારનું કારણ છે ? ત્યારે વ્યવહારનય નિમિત્તને વિકારનું કારણ માને છે, જ્યારે નિશ્ચયનય કહે છે, તમારા મનમાં જ વિકાર છે; આવી અસર મહાત્માઓને થતી નથી, કારણ તેમને મનની નબળાઈ નથી. દુનિયામાં ડગલે ને પગલે સંપત્તિ જોવા મળે છે. લોભિયાને સંપત્તિ જોતાં મનમાં લોભ જાગે છે, જ્યારે સાધુને સંપત્તિ જોતાં કશું થતું નથી. તેને તે ધૂળ ને ઢેફાં માને છે. માટે લોભ મનમાં જ છે. પાપ તમારા મનમાં જ છે.

**સભા :-** *કષાયો નીકળી જાય પછી વ્યવહારનય રહેતો નથી, પણ કષાયો કાઢવા કઈ રીતે ?*

**સાહેબજી :-** મનમાં નબળાઈ, વાસના, આસક્તિ, કામ, ક્રોધ, ઈર્ષાનાં બીજ પડ્યાં છે; માટે મનને શાંત રાખવા પહેલાં તો નિમિત્તોથી દૂર રહેવું જોઈએ. વગર નિમિત્તે વિકારો ઓછા થાય છે, આ પ્રત્યક્ષ અનુભવની વાત છે. વિકારવાળું મન શાંત રાખવા સિનેમા, થિએટર, વેશ્યાલયથી દૂર રહેવું જોઈએ. નિર્વિકારી બનવું હોય, વાસનાથી મુક્ત થવું હોય તો પવિત્ર વાતાવરણમાં જવું પડે. આમ, નિમિત્તો જવાબદાર છે વ્યવહારનયની દૃષ્ટિએ. બંને નયની વાતમાં તથ્ય છે. બંનેનો સમન્વય કરશો તો જીવનમાં સારી સાધના આવશે, માટે ડગલે ને પગલે સ્યાદ્વાદ એપ્લાય કરવો-જોડવો પડશે. અનેકાંતવાદની ફક્ત થીયોરીટીકલ (સૈદ્ધાંતિક) વાતો નથી, પણ જીવનમાં એપ્લાય કરવાની એને ઉપયોજવાની વાતો છે.

નિમિત્તોની અસર છે, તેમ વ્યવહારનય કહે છે. ભલભલા મહાત્માઓ નિમિત્તોથી પડ્યા છે. તેઓને પછાડવા-ચઢાવવાની તાકાત નિમિત્ત ધરાવે છે. જેમ તીર્થંકર ભગવાન મહાવીરના આત્માને પણ નયસારના ભવમાં સાધુ ભગવંતનું નિમિત્ત મળ્યું ત્યારે ધર્મ પામ્યા. તેઓના આત્માની, વર્ષો પહેલાં પણ, નિમિત્ત મળે તો ધર્મ પામે, એવી સ્થિતિ હતી. આત્મા લાયક હતો પણ તે પહેલાં સમકિત કેમ પ્રગટ્યું નહિ ? કારણ નિમિત્ત નહોતું મળ્યું માટે ને ? અને નિમિત્ત મળતાં જ સમકિત પામી ગયા. વગર નિમિત્તે કલ્યાણ કરનારા જૂજ કિસ્સાઓ છે. એટલે તે રાજમાર્ગ નથી. તમે જેને મેક-અપ રૂમ કહો જે આસક્તિનું કારણ છે, પણ તે ભરત ચક્રવર્તીને કેવળજ્ઞાનનું સાધન બન્યું. જે આસક્તિનું નિમિત્ત છે તેને આત્માએ યોગ્યતાથી વિરાગનું નિમિત્ત બનાવ્યું છે. જેના મનમાં વિરક્તિ છે તેના માટે બધાં સાધન વિરાગનાં છે. તેને સંસાર પણ વિરાગનું સાધન છે. દુનિયાના કોઈ ધર્મમાં સાચો સ્યાદ્વાદ નથી. જેનામાં આ દૃષ્ટિ છે તે વ્યક્તિ સત્યાસત્યનું સુંદર પૃથક્કરણ કરી શકે છે.

જીવનમાં ખરાબ વસ્તુનો ત્યાગ કરો, જીવનમાં સારી વસ્તુનો સ્વીકાર કરો એમ વ્યવહારનય કહે છે. ખાવાપીવામાં, મિત્રતામાં વગેરે બધામાં જ, વ્યવહારનય કહે છે કે સંયોગો, નિમિત્તો બદલો; પરંતુ આ વાતને એકાંતે પકડો તો મિથ્યાત્વી બનશો. ગૌતમસ્વામીને અહંકારે જ તાર્યા, એમ વ્યવહારનય કહેશે; જ્યારે સમવસરણમાં આવીને નમ્ર બન્યા, માટે જ તર્યા; તેમ અશુદ્ધ નિશ્ચયનય કહે છે. માટે બંનેનો સમન્વય કરવો પડે. બે પગે જ ચલાય. એકલું ઉપાદાન નથી, એકલું નિમિત્ત પણ નથી. આત્મકલ્યાણના માર્ગમાં સ્યાદ્વાદને કાર્યાન્વિત કરવાનો છે. નિમિત્તોનો પણ સંપૂર્ણ ઇન્કાર ન થઈ શકે. તીર્થંકરોના આત્માઓ, મહાત્માઓના આત્માઓ પણ અશુભ નિમિત્તોથી પડે છે અને શુભ નિમિત્તોથી ચઢે છે.

મેઘકુમારનું દૃષ્ટાંત આવે છે. તેમણે ઊછળતા વૈરાગ્યથી દીક્ષા લીધી છે, ત્યારે પ્રબળ વૈરાગ્ય છે. પણ રાત્રે તેઓનો સંથારો છેલ્લો રહેતાં, બધા મહાત્માઓના પગની ધૂળ તેના પર આવતાં ભાવમાં પલટો આવી ગયો. તેઓના ઉપાદાનમાં કાંઈ ખામી નથી, પણ નિમિત્ત મળતાં પલટો આવ્યો છે. પછી પ્રભુ હિતોપદેશરૂપે તેમને બે વાક્ય કહે છે અને ભાવ પલટાઈ ગયા. અહીંયાં વાક્યો જ નિમિત્ત બન્યાં છે. ભગવાને જો હિતોપદેશ ન આપ્યો હોત તો તે આત્મા ચારિત્રથી ભ્રષ્ટ થાત. આમ, બંને બાજુ સત્ય છે. માટે જ સ્યાદ્વાદ દૃષ્ટિથી વિરોધાભાસને સમજતાં શીખો અને તેને આત્મકલ્યાણનું સાધન બનાવો.

## ૯

તા. ૦૯-૧૦-૯૪, રવિવાર, ચોપાટી.

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રની અનંતકાળની પૂર્ણ સુખની તમન્નાને પરિપૂર્ણ કરવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ જીવમાત્રની અંતરની અભિલાષા જો કોઈ હોય તો તે પૂર્ણ સુખને પામવું તે જ છે. પછી ભલે જીવને બોલતાં આવડે કે ન આવડે, પણ પરાકાષ્ઠાનાં સુખને તે ઝંખે છે. તે પામવા માટે અનેકાન્તવાદની દૃષ્ટિને રાજમાર્ગ તરીકે બતાવી છે.

હવે આપણો આત્મા પૂર્ણ સુખની ઇચ્છા ધરાવે છે, છતાં તે કેમ પામ્યો નથી ? અનંતકાળથી તેને દુઃખ જોઈતું નથી, છતાં તેમાં જ કેમ સબડે છે ? ઇચ્છા મુજબ દુઃખ નથી ટળતું અને ઇચ્છા મુજબ સુખ નથી મળતું, આમાં કારણ શું ? જૈન શાસનને પૂછવામાં આવે તો સ્યાદ્વાદની દૃષ્ટિએ બે જવાબ આપશે. તેમાં નિશ્ચયનય જુદું કારણ આપશે અને વ્યવહારનય જુદું કારણ આપશે. વ્યવહારનય કહેશે, જીવે ધર્મનાં આલંબનો લીધાં નથી, આચર્યાં નથી, માટે જ જીવ કર્મના ફંદામાં ફસાયો છે અને તેથી જ જીવ દુઃખી છે. ત્યારે નિશ્ચયનય કહેશે, આત્માએ જોઈએ તેવો અંદરમાં પુરુષાર્થ કર્યો નથી. નિશ્ચયનયની નજર ઉપાદાન પર હોય છે, વ્યવહારનયની નજર નિમિત્ત પર હોય છે. આપણા શાસ્ત્રમાં નિમિત્તની જવાબદારી વ્યવહારનય મૂલવી આપે છે, ઉપાદાનની જવાબદારી નિશ્ચયનય મૂલવી આપે છે. આત્માનું સારું થયું કે ખરાબ થયું તેમાં આત્મા જ જવાબદાર છે. વિકાસ કરવા માટે કે પતન થવા માટે જવાબદારી પોતાની જ છે. માટે તે બધે ઉપાદાનને લક્ષ્યમાં લઈને વાત કરશે.

### નિમિત્તોનો જબરદસ્ત પ્રભાવ :

વ્યવહારનય કહેશે આત્મા સારો હોય પણ નિમિત્ત ન મળે તો કલ્યાણ ક્યાંથી થાય ? તે નિમિત્તવાદના સમર્થનમાં દલીલો આપશે. એવા ઘણા આત્માઓ લાયક છે કે તેમને સારાં આલંબન મળે, સદ્ગુરુનો યોગ મળે તો તેઓ ચઢી જાય. જેમ આર્દ્રકુમાર, ભવોભવની સાધના કરીને આવેલો જીવ હતો, પરંતુ સાથે ભૂતકાળમાં કાંઈક વિરાધના કરેલ, માટે અનાર્ય દેશમાં જન્મેલા હતા. આઠ વર્ષની ઉંમરે દીક્ષા લઈને આરાધના કરી શકે તેવું તેમનું ઉપાદાન હતું,

પણ યુવાન થયા ત્યાં સુધી ધર્મ શું, આત્મકલ્યાણનો માર્ગ શું, તેનો કાંઈ જ ખ્યાલ તેમને ન્હોતો. કારણ વાતાવરણ વિપરીત હતું. તેમને નિમિત્ત ન્હોતું મળ્યું. તીર્થંકરના આત્મા પણ નિમિત્ત કે આલંબન વગર તીર્થંકરનામકર્મ નથી બાંધી શકતા. ધના સાર્થવાહની લાયકાત ઘણી હતી, પણ ઘણાં વર્ષો સુધી તેમને ધર્મ ન મળ્યો, માટે ત્યાં સુધી તેમનાં વર્ષો એળે ગયાં. ગમે તેટલો લાયક આત્મા પણ જો સારાં નિમિત્ત ન પામે તો પરિવર્તન નથી લાવી શકતા. નેમિનાથજીના ભાઈ રહનેમિને એક જ નિમિત્ત મળ્યું ને મન ચંચળ થયું ને ? રાજીમતીને નિર્વસ્ત્ર જોતાં તરત જ મન ચંચળ થયું. આ નિમિત્ત ન મળત તો આત્મસાધનામાં મગ્ન જ રહે તેવા હતા. આથી નિમિત્તની અસર કેવી છે તે વિચારજો.

આજના જમાનાવાદની અસર તળે આવેલા લોકો બોલે છે કે વાતાવરણ-નિમિત્તો મહત્ત્વનાં નથી, અંતરમાં હોય તેમ થાય; પણ તે ખોટું છે. તમારાં કુટુંબોમાં પહેરવેશ, રહેણીકરણી ખૂબ જ બગડી રહ્યાં છે. જો તમારે સાત્ત્વિક બનવું હોય તો ખરાબ વાતાવરણથી દૂર રહેવું જ જોઈએ. અમારે સાધુઓએ પણ ખરાબ નિમિત્તોથી દૂર રહેવું જોઇએ. અમારા માટે અત્યારે નવા તૈયાર થયેલાં લોકો શું કહે છે કે "આ એક પલાયનવાદ છે. ઘરબાર છોડીને, સ્ત્રીથી દૂર રહીને બ્રહ્મચર્ય પાળવું તેમાં શું મોટી વાત છે ? પરંતુ આવા સંસારના રંગીલા વાતાવરણમાં રહીને બ્રહ્મચર્ય પાળવું તે મોટી વાત છે. માટે આ બધા ભાગેડુવૃત્તિવાળા છે. આ પલાયનવાદ છે." અન્ય કેટલાક સંતો પણ ઉપદેશમાં કહે છે, "પવિત્ર બનવા, બ્રહ્મચર્ય પાળવા ઘરબાર છોડવાની જરૂર નથી." જો આ નિયમ સ્વીકારે તો શું સંત બની શકાય ખરું ? તમારો શું અભિપ્રાય છે ? નક્કી ન બની શકાય ને ?

વ્યવહારનય સામે દલીલ કરે છે કે, નિમિત્ત તમારી સામે આવે અને અસર ન થાય તે અશક્ય વસ્તુ છે. તમારે સાપને હાથમાં લઈને સાપના ડંખથી દૂર રહેવું સહેલું છે, કે તેનાથી દૂર રહીને ડંખથી દૂર રહેવું વધારે સહેલું ને સારું છે ? પરંતુ તમારે હિસાબે સાપને હાથમાં રાખીને, તે કરડે નહિ તે રીતે રહેવું, તેમાં ખરી નીડરતા છે. હકીકતમાં દૂર રહીને સાપના ડંખથી દૂર રહેવું સહેલું છે; પરંતુ સાપને ખોળામાં રાખી તેના ડંખથી દૂર રહેવું દુષ્કર છે. તેમ ઝેર ખાઈને અસરથી બચવું સહેલું, કે ખાધા વગર તેની અસરથી દૂર રહેવું સહેલું ? પણ ઝેર એ તો નિમિત્ત છે, મરવું તો કર્મ પર આધારિત છે એમ માની ઝેરવાળી વસ્તુના અખતરા કરવા તેને મોંમાં મૂકો ખરા ? ન મૂકો, તો કહે કે તું ડરપોક છે. તો તમે કહેશો તું અખતરા કર, તું અનુભવ કર, અમારે નથી કરવો. આ બધાં પણ નિમિત્તો છે. છતાં ત્યાં તમે નિમિત્તોને કેટલું મહત્ત્વ આપો છો ? એવો નિયમ નથી કે સાપ હાથમાં લો એટલે કરડે જ. જેમ મદારી સાપને હાથમાં લે છે ને ? છતાં પણ તમે અખતરા કરો છો ખરા ? કારણ ત્યાં તમારી ત્રેવડ

નથી. માટે જ સહેલો ઉપાય છે કે નિમિત્તોથી દૂર રહીને બ્રહ્મચર્ય પાળવું. જેનામાં ક્ષમતા નથી આવી તેવા જો પેલા વિકલ્પોમાં જાય તો ઘણું જોખમ છે. માટે વ્યવહારનયે સંયોગો, નિમિત્તોથી જીવનનું ઘડતર થાય છે; કલ્યાણ-અકલ્યાણ, સુખ-દુઃખ બધું તેના આધારે થાય છે.

મહાપુરુષો પણ સારા નિમિત્તના પ્રભાવે જ ચડ્યા છે અને મહાપુરુષો પડ્યા તો પણ ખરાબ નિમિત્તોથી પડ્યા છે. શાલિભદ્ર પાસે શું પહેલેથી કાંઈ વૈરાગ્યની લાયકાત ન્હોતી? શ્રેણિક ઘરે આવ્યા ત્યારે જ લાયકાત પેદા થઈ? ના, તેવું નથી. પરંતુ આટલા દિવસ સુધી તેમને નિમિત્ત ન્હોતું મળ્યું, માટે જ સંસારના ભોગવિલાસમાં ખૂંપેલા હતા. તેમ રામચન્દ્રજી પણ લાયક હતા, છતાં લક્ષ્મણજીનું મૃત્યુ થયું ને જે અસર થઈ તેવી અસર પહેલાં ન્હોતી. તેવી જ રીતે અનાથીમુનિ પણ ઘરમાં હતા ત્યારે પણ તેઓ લાયક તો હતા જ, છતાં માંદા પડ્યા અને આ નિમિત્ત મળતાં ચોટ લાગી અને જે અસર થઈ તેમાં કારણ આ નિમિત્ત છે. જો રોગ ન આવ્યો હોત તો રાજપાટ ભોગવતા રહ્યા હોત. આવા આવા આત્માઓને પણ અસર નિમિત્તોએ જ કરી, માટે ખાલી ઉપાદાન પકડીને બેસી રહો તો શું કહેવાય?

સ્યાદ્વાદનો દૃષ્ટિકોણ જાણ્યો પણ તેને એપ્લાય ન કરો તો શું થાય? આત્માની શુદ્ધિ-અશુદ્ધિ શેને આભારી છે? એકલા નિમિત્ત કે એકલા ઉપાદાનનું પૂંછડું ન પકડાય. સ્યાદ્વાદ વગર જીવ સાધના કરવા નીકળે તો પણ ભૂલો જ પડે. માટે સ્યાદ્વાદ આત્મકલ્યાણના માર્ગમાં અનિવાર્ય છે. આરાધનામાં આગળ વધવું હોય તો ખાલી ઉપાદાનથી ચાલે? ખાલી નિમિત્તથી ચાલે? કે બેઉનો સમન્વય કરવો પડશે? જીવનમાં બેઉ દૃષ્ટિકોણ સ્થિર કરવા પડશે.

હવે તમે કહેશો કે કોઈ ગમે તેવાં કપડાં પહેરે પણ મનમાં જો વિકાર નથી તો શું થવાનું? તમારું મન વિકારી છે માટે જ તમારી ત્યાં નજર જાય છે.

**સભા :-** *આમાં રજનીશ શું કહે છે કે, મર્યાદા રાખી છે માટે જ વિકારો વધ્યા છે. તેના પર તેમણે પુસ્તકો પણ લખ્યાં છે.*

**સાહેબજી :-** તમારા જેવા વાંચવાવાળા હોય તો શું થાય? તેમણે લખવામાં તો શું બાકી રાખ્યું છે? કોઈ માણસ સિદ્ધાંત શું સ્થાપે છે તે જોવાનું, તેનું મૂલ્યાંકન કરવાનું; તે ધર્મના પ્રણેતા કેવા હતા તે પછી વાત, પણ તેમણે સિદ્ધાંત શું સ્થાપ્યો તે જોવાનું.

**સભા :-** *ભોગમાંથી યોગમાં અવાય?*

**સાહેબજી :-** આખો સંસાર અનંતકાળથી ભોગ ભોગવે છે, તો પછી આમનો સિદ્ધાંત ત્યાં લગાડીએ તો બધા ક્યારના યોગી થઈ ગયા હોત. પરંતુ તેવું નથી. સમજુ અને જ્ઞાની હોય

તે જ યોગી બની શકે છે. માટે ભોગને યોગનું સાધન મનાય નહિ. નહિતર અત્યાર સુધીમાં તો બધા ભોગી યોગી થઈ ગયા હોય.

**સભા :-** *ભોગ ભોગવેલા હોય તો યોગમાં સ્થિર થાય; સ્થૂલિભદ્રની જેમ.*

**સાહેબજી :-** તો પછી નેમિનાથ પ્રભુજીને શું કહેશો ? ભોગ ભોગવ્યા વગર તેઓ યોગમાં સ્થિર થયા ને ?

**સભા :-** *સ્થૂલિભદ્રજીનું તો ૮૪ ચોવીસી સુધી નામ ગવાશે.*

**સાહેબજી :-** તો પછી તેને કારણે તમારા હિસાબે તો નેમિનાથ પ્રભુજીનું બ્રહ્મચર્ય નીચું ને ? પરંતુ બ્રહ્મચર્યની દૃષ્ટિએ મુક્તિ પામેલા બધાનાં ઉત્કૃષ્ટ બ્રહ્મચર્ય કહેવાય. સ્થૂલિભદ્રજી જેવો કિસ્સો ૮૪ ચોવીસી સુધી બનવાનો નથી, તેમના જેવા વિપરીત સંયોગોમાં રહીને કામવિજેતા ૮૪ ચોવીસી સુધીમાં કોઈ થવાના નથી. પરંતુ ત્યાં સુધીમાં બીજા ઘણા જીવો મોક્ષે જશે; અને વીતરાગ બનતાં પહેલાં તમામ વિકારોને નિર્મૂળ કરવા પડે છે, માટે તે બધા જીવો ઉત્કૃષ્ટ ચારિત્ર પાળશે, અને અંતરથી સ્થૂલિભદ્રજી જેવું ઉત્કૃષ્ટ બ્રહ્મચર્ય પામશે. પરંતુ તમને તો ૮૪ ચોવીસીની નામના સાંભળતાં મોઢું ભરાઈ ગયું છે. ૮૪ ચોવીસી સુધી આ કિસ્સો બનવાનો નથી, માટે આ વાત છે. પરંતુ બ્રહ્મચર્યની દૃષ્ટિએ બધાનાં ઉત્કૃષ્ટ બ્રહ્મચર્ય છે, માટે ભોગ ભોગવેલો હોય તો જ યોગમાં સ્થિર રહે તેવું નથી.

કાદવમાં પડ્યા પછી કાદવમાંથી બહાર નીકળવા કરતાં પહેલેથી જ કાદવમાં ન જવું તે વધારે સારું છે. પણ હું તમને એમ પૂછું કે તમે વ્યવહારનય સ્વીકારો છો ખરા ? અને જો સ્વીકારતા હો તો તમે જ્યાં જ્યાં મર્યાદા, આહાર, વિહાર, વાતાવરણ બધામાં ચૂક્યા છો તેનાથી તમને નુકસાન થઈ રહ્યું છે, તેવું માનો છો ? વ્યવહારનયની તો બધી અનુભવસિદ્ધ વાતો છે. આજે તમે એક માણસને નિમિત્ત આપો તો શું થાય ? અને નિમિત્ત ન આપો તો શું થાય ? તે વિચારજો.

## પ્રદેશી રાજા - નિમિત્તથી એકાવતારી થયા :

આપણે પ્રદેશી રાજાને વિચારીએ. તેઓ એક નંબરના નાસ્તિક છે. દેવ-ગુરુ-ધર્મની ઠેકડી ઉડાડે તેવા છે. પરંતુ કેશી ગણધરનો સંયોગ થયો અને શું થયું ? તેમનો સંયોગ કરાવનાર તેમના મંત્રી છે. જે સમ્યગ્દૃષ્ટિ શ્રાવક છે. તેમને ખબર છે કે રાજાને ધર્મ સાથે

બારમો ચન્દ્રમા છે. પરંતુ તેઓ જાણે છે કે રાજા હૃદયથી દુર્જન નથી, તેમનામાં લાયકાત છે. માટે વિચારે છે કે આમને ધર્મ પમાડવો કઈ રીતે ? મંત્રીને ચિંતા થાય છે કે તેઓ આમ તો દેવ-ગુરુ-ધર્મની ઉપેક્ષાવાળા છે, માટે જો તેઓ ધર્મ નહિ પામે તો મરીને નરકે જશે. આ ચિંતાથી તેઓ કેશી ગણધરને વંદન કરવા ગયા ત્યારે બધી હકીકત કહે છે કે, આપના પરિચયમાં આવે તો જ કામ થાય. માટે આપ એ બાજુ વિહાર કરીને પધારો તો બધું ગોઠવાય. તેઓને ઉચિત લાગ્યું, માટે તેઓ એ બાજુ પધાર્યા. તેઓ લોકને ઉપદેશ-દેશના આપે છે. પરંતુ રાજાને ગુરુ પાસે લઈ જવા કઈ રીતે ? સીધા લઈ જવાય તેમ નથી. પરંતુ પછીથી બુદ્ધિ લડાવી તેઓને લઈ જાય છે અને એક દેશના સાંભળીને તેઓમાં પરિવર્તન આવ્યું. તેથી તેઓ બારવ્રતધારી શ્રાવક થયા. તેમને દીક્ષા લેવી હતી પણ અંતરાયના કારણે તેઓ દીક્ષા ન લઈ શક્યા. પત્નીએ ઝેર આપેલું. મરીને વૈમાનિક દેવ થયા. ત્યાં પ્રભુભક્તિ-ઉપાસના કરે છે અને પછી બીજા ભવમાંથી મોક્ષે જશે, એટલે એકાવતારી થયા. આમ, કેટલાય નાસ્તિકોને નિમિત્ત મળતાં પામી ગયા. નિમિત્તો કેવાં કામો કરે છે તે વિચારજો.

## નિમિત્તોથી સંસ્કારોની જાગ્રતિ :

**સભા :-** *પૂર્વભવના સંસ્કારથી ન થાય ?*

**સાહેબજી :-** ચાલો પૂર્વભવના સંસ્કારો લઈએ, પણ તેના પહેલાં, તેના પહેલાં, તેના પહેલાં શું ? ક્યાંક તો નિમિત્ત આવશે જ. માટે તમારા ઘરની બંધબેસતી વાતો જોડી ના દો. જેમ **ધના સાર્થવાહ** બોધિબીજ પામ્યા તેમાંય કહો કે પૂર્વભવના સંસ્કાર છે ? પરંતુ ખરો ભવ તો આ પહેલો જ છે. સંસ્કાર તો ક્યાંથી આવે ? જે જનમ જન્મનો સાધક છે તેમાં પૂરક તરીકે સંસ્કાર કામ કરે છે. ગમે તેવા સારા સંસ્કાર હોય પણ જો નિમિત્ત ન મળે તો રખડતા રહે છે. આ બાબતમાં "ઉપમિતિ ભવપ્રપંચ કથા"માં **વિમલકુમાર** નામના રાજકુમારની વાત છે, કે જે પૂર્વભવમાં સંયમ પાળીને આવેલા છે. દેવ થઈને પછી મરીને રાજકુમાર થયા છે. જે સમ્રાટને ત્યાં જન્મ્યા છે, ત્યાં ધર્મના સંસ્કાર કે વિશિષ્ટ વાતાવરણ નથી. જૈન ધર્મનો કોઈ પરિચય નથી. એમના ધર્મના પણ આચારવિચાર નથી. આવા વાતાવરણમાં રહેલા છતાં રાજકુમારમાં દુષ્ટતા, વિકારો કે ઉન્માદ નથી. આટલા વૈભવમાં પણ તેઓ શાંત છે, છતાં તેમનામાં ધર્મનો કોઇ ભાવ નથી. અત્યારે તમારે ત્યાં યુવાનોને સંસ્કારમાં રાખવા તમને કેટલું મુશ્કેલ પડે છે ? ખરુંને ? જ્યારે આ રાજકુમાર રંગરાગના વાતાવરણમાં પણ સ્વભાવથી જ સંસ્કારી છે. હવે આ રાજકુમારે એક વખત જંગલમાં જિનમંદિર જોયું. ત્યાં દર્શન કરવા ગયા.

વીતરાગની મૂર્તિ જોતાં અસર થઈ. ધારી-ધારીને જોતાં ઊહાપોહ થયો. જેથી જાતિસ્મરણજ્ઞાન થયું અને સંસ્કાર જાગ્રત થયા. આટલા વખત સુધી સંસ્કાર આઇડલ(સુષુપ્ત) પડ્યા રહ્યા, નિમિત્ત મળતાં સમકિતને પામ્યા.

તેમ **શ્રેયાંસકુમાર** પણ સંસ્કારવાળા જીવ છે. આગલા ભવમાં તપ-ત્યાગ-સમકિતની આરાધના કરી છે. પ્રભુ ઋષભદેવ સાથે દીક્ષા લઇ, સંયમ પાળી, આરાધના કરી, મરી, સર્વાર્થસિદ્ધમાં જઈ આવેલા જીવ છે. અહીંયાં શ્રેયાંસકુમાર તરીકે જન્મ્યા પછી પણ લાખ્ખો વર્ષ ગયાં ત્યાં સુધી સંસ્કારે શું કામ કર્યું ? પણ શ્રેયાંસકુમારે એક વખત પ્રભુને ગોચરી લેવા જતાં જોયા. ભગવાન ઋષભદેવ તેમના દાદાના દાદા છે. તેમને ચારિત્ર અવસ્થામાં પહેલી વખત જોયા છે. ભગવાનની ચાલ-મુદ્રા-હાવભાવ-ક્રિયારૂપે વર્તન જોતાં ઊહાપોહ થાય છે. ગૃહસ્થની ચાલ કરતાં સાધુની ચાલ; હાવભાવ જુદા પડે અને આ તો તીર્થંકર છે. તેમની તો બધી આચરણામાં પરાકાષ્ઠા જ હોય. તેથી જ શ્રેયાંસકુમારને ઊહાપોહ થાય છે. એટલે નિમિત્ત મળતાં સંસ્કાર જાગ્રત થાય છે. માટે કહેવું પડે કે નિમિત્ત વગર લાયકાત એળે જાય છે. આરાધક બનવા માટે નિમિત્તને પકડવાં જ પડે. નિમિત્તને જો તમે માનતા હો તો તમારી વિચારસરણી આખી જુદી જ હોય. તમે વાસના-વિકારોને તોડવા માટે જીવનમાં ડગલે-પગલે મર્યાદાને પાળવાનો આગ્રહ રાખ્યો છે ખરો ? આ યુગમાં તો જો તમે મર્યાદાનો આગ્રહ રાખો તો તમે જુનવાણી કહેવાઓ અને જો તમે મર્યાદાને તોડો તો સુધરેલા-ફોરવર્ડ કહેવાઓ; માટે તમે નિમિત્તવાદનો અસ્વીકાર જ કર્યો છે ને ? હું તો માનું છું કે ૮૦% તમે નિમિત્તવાદી છો જ નહીં !

**સભા :-** *નિમિત્ત સાધન છે, માટે ગૌણ છે.*

**સાહેબજી :-** નિમિત્ત અપેક્ષાએ સાધન છે અને ઉપાદાન પણ અપેક્ષાએ સાધન છે, બેઉનું ફળ તે સાધ્ય છે. અને જો આ બેઉને છોડી દો તો શું લટકતાં મોક્ષે જશો ? સાધન અપનાવ્યા વગર કેવી રીતે મોક્ષે જશો ? નિમિત્તને જીવનમાં જરા પણ ગૌણ ન કરાય અને જે તેને જીવનમાંથી કાઢી મૂકે છે, તેઓ તો માર્ગ ભૂલેલા છે. તમે સ્યાદ્વાદને નથી પકડતા માટે બેઉ ક્ષેત્રમાં ભૂલ કરો છો. નિમિત્તવાદને જીવનમાં ઠાંસીને ભરવા જેવો છે, પણ સાથે ઉપાદાનને ભૂલી જઈએ તે પણ ન ચાલે.

સ્થૂલિભદ્ર- સનતકુમાર-રામચન્દ્રજી તથા તીર્થંકર જેવા આત્માઓ પણ સારા નિમિત્તથી ચઢ્યા છે અને આવા આત્માઓને પણ ખરાબ નિમિત્તોની ખરાબ અસર થાય છે. જો આટલા ઉત્તમ આત્માઓ પણ ખરાબ નિમિત્તોથી પડી શકતા હોય તો આપણી તો શું વાત ? માટે સારાં-ખરાબ નિમિત્તોને ઓછું મહત્ત્વ આપી અવગણના ન કરાય.

**સભા :-** *ચારિત્રમાં નિમિત્ત જોઈશે ?*

**સાહેબજી :-** પ્રત્યેક ધર્મ પામવા નિમિત્ત જોઈશે. વિકાસ કરવા, શ્રદ્ધા કેળવવા, બધામાં નિમિત્ત જોઈશે.

વ્યાખ્યાન એ શું છે ? નિમિત્ત જ છે. તમે ઉપદેશ ગ્રહણ કરવાના નામથી આવો છો કે એમ ને એમ આવો છો ? ઉપદેશ એ આલંબન છે. પરંતુ તમે તેની અસર ન લો તો શું થાય ? કેવલ નિશ્ચયવાદી મોઢા-માથા વગરના છે, પણ સાથે તમે એકલા વ્યવહારનયને પકડો તો પણ અમે ના કહીશું. સ્યાદ્વાદ એ તમામ અપેક્ષાઓથી તમામ વિરોધી વાતોનો સમન્વય છે. એકાન્તવાદીને પૂછો કે "ઉપાદાનનું શું મહત્ત્વ ? નિમિત્તનું શું મહત્ત્વ ?" પરંતુ તેઓ અપેક્ષા લગાડ્યા વગર નહિ સ્થાપિત કરી શકે. જ્યારે આપણે સ્યાદ્વાદથી પરસ્પર સમન્વય કરી શકીએ.

શાસ્ત્રમાં પ્રદેશી રાજાનું દૃષ્ટાંત આવે છે તે આપણે જોયું. ભૂતકાળનો નાસ્તિક એવો તે રાજા પણ નિમિત્તથી જીવનમાં ટર્નીંગ પૉઇન્ટ પામીને આગળ વધી ગયાનો આ દાખલો છે, એટલે સુધી કે તેઓ સારા મહાત્મા બન્યા છે. જ્યારે ઉપાદાનવાદી કહેશે કે આત્મા જો લાયક હોય તો બધું થઈ જાય, પછી તેને નિમિત્ત કે આલંબનની શી જરૂર ? આજ સુધી સારાં નિમિત્તો આત્માને અનંતીવાર મળ્યાં છે. આ મનુષ્યભવ-ધર્મ-જૈનશાસન અનંતીવાર જીવ પામ્યો છે. અરે તીર્થંકરનો મેળાપ પણ થયો છે. તેઓ સમવસરણમાં ચતુર્મુખે દેશના આપે ત્યારે આપણે અનંતીવાર ત્યાં જઈ આવ્યા છીએ. હવે આના જેવું ઉત્તમ આલંબન બીજું કયું હોઈ શકે ? છતાં પણ એળે ગયું ને ? માટે વગર લાયકાતે કોઈ તરવાનું નથી. ગમે તેટલાં સારાં નિમિત્તોનો ગંજ ખડકો તો પણ કાંઈ નહિ. ગેરલાયકને પહાડ જેટલાં નિમિત્તો મળે તો પણ કાંઈ થાય નહિ. માટે મહત્ત્વ ઉપાદાનનું જ છે. જેના આત્મામાં વિકારો નથી તેને ગમે તેવાં નિમિત્તો મળે તો પણ કાંઈ થતું નથી. આમ જુઓ તો બેઉ નય સાચા છે. સ્યાદ્વાદ બન્નેને સાચા કરી આપે છે.

હવે અહીંયાં એક વ્યક્તિ બેઠી છે. તેને એક જણ કહે કે 'આ જ્ઞાની છે', બીજો કહે કે 'આ અજ્ઞાની છે'; એક કહે કે ગાંડો છે, બીજો કહે ડાહ્યો છે. હવે તમે અહીંયાં જો અપેક્ષા ન જોડો તો બેઉનાં કથન અસત્ય થઇ જાય, પરંતુ જો અપેક્ષા જોડો તો બેઉનાં કથન સાચાં ઠરે. માટે સ્યાદ્વાદ આવ્યો. અને દુનિયા સ્યાદ્વાદને નથી પકડતી માટે જ બધે મૂંઝાય છે. સ્યાદ્વાદ ફકત આત્મકલ્યાણમાં જ નહિ પણ બધાં ક્ષેત્રમાં લાગુ પડશે.

વ્યવહારનય કહે છે કે તમે સુખી છો તો તમારું પુણ્ય, નિમિત્તો સારાં છે માટે; ત્યારે નિશ્ચયનય કહેશે તમારા આત્મામાં સુખી થવાની લાયકાત છે, એને અનુરૂપ ગુણસંપત્તિ કે

પુરુષાર્થ છે, માટે તમે સુખી છો. બેઉના અભિપ્રાયો એક નથી થવાના, સામસામા જ રહેવાના છે, છતાં પણ સત્ય છે; અને એ જ જૈન શાસનની ખૂબી છે. માટે દરેક ક્ષેત્રમાં સ્યાદ્વાદ એપ્લાય કરવાનો છે.

શુભ નિમિત્તોથી જીવો ચઢ્યા છે; જેવાં કે દેવ-ગુરુ-ધર્મના આલંબનોથી. અને આ વાત સાચી છે કે આ શાસનને પામીને અનંતા તરી ગયા છે, તે રીતે આ શાસનને પામીને અનંતા ડૂબ્યા પણ છે. તેથી નિશ્ચયનય આત્માની ગેરલાયકાત કે લાયકાતને મુખ્ય કારણ માને છે, જ્યારે વ્યવહારનય માને છે કે તમને શાસનરૂપ નિમિત્ત મળ્યું, પરંતુ તેને તમે પકડ્યું નહિ, પણ અવગણ્યું. એટલે કે શુભ નિમિત્તની અવગણના કરી અને અશુભ નિમિત્તને પકડ્યું માટે ડૂબ્યા.

નિશ્ચયનય કહેશે આ શાસન પામીને જેટલા ચઢ્યા તેના કરતાં અનંતા ડૂબ્યા છે. ડૂબેલા પાછા ઉપર આવીને આ શાસનને પામીને ફરીવાર ડૂબી શકે છે, કારણ કે ભવચક્રમાં અનેકવાર શાસનને પામેલા તેની જ આશાતના કરીને ડૂબી શકે છે, પરંતુ જે તર્યા છે તે પાછા સંસારમાં આવવાના નથી. દુનિયામાં મંદિરો છે, સાધુસંતો છે. તેઓની આશાતના કરીને, ઉપેક્ષા કરીને ડૂબનારા કેટલાય છે. તેઓની નિંદા કરનારા બોલે છે કે "સાધુસંસ્થા સમાજને બોજારૂપ છે, ખાઇ પીને તેઓ પડ્યા રહે છે, પોતે મહેનત કરે નહિ અને બીજાના પૈસે તગડા થાય છે." આમ, સંતોની નિંદા કરીને પાછા ડૂબે છે.

**સભા :-** *નિમિત્તોથી આત્મા તરી શકે તેવું એકાંતે કહી શકાય ?*

**સાહેબજી :-** નવ્વાણુ પોઇન્ટ નવ્વાણુ ટકા એ વિધાન કરી શકાય. આજ દિવસ સુધીમાં જેટલા ચઢ્યા છે, તેમાં નવ્વાણુ ટકા જીવો શુભ નિમિત્તોથી જ ચઢ્યા છે. બેઠાં બેઠાં ચિંતન કરીને આપમેળે ધર્મ સૂઝ્યો હોય તેવા ઓછા હોય છે, જેમ કે મરુદેવા માતા. હા, એટલું ખરું કે કોઈકને નજીવું નિમિત્ત કે કોઈકને મોટું નિમિત્ત મળ્યું હોય, પણ રાજમાર્ગ તો આ જ છે. જેમ માલપાણી ખાવાં તે વિકારનું સાધન છે, પરંતુ કોઈકને વિકાર ન થાય તે તેની લાયકાત ઉપર છે. માટે વ્યવહારનયને સામે રાખીને આ વિધાન છે. નિશ્ચયનય કહે છે, જો ભાવ સારા હોય તો ખરાબ કર્મ બંધાતું નથી. દહેરાસર જાઓ પણ જો ભાવ સારા ન હોય તો કોઈ અર્થ નથી, ભાવ સારા હશે તો ઘરે ગંગા છે. વ્યવહારનય કહેશે ઘેર બેઠાં કેટલું મન સારું રહેશે ? માટે બેઉ નય સાચા છે. બન્નેને બન્નેની અપેક્ષાથી વિચારાય.

ઘણા કોલેજિયનો પૂછે કે ઘેર બેઠાં ભગવાનને યાદ કરીએ તો શું યાદ કર્યા ન કહેવાય ? સામે પૂછીએ કે તમને જેના પ્રત્યે પ્રેમ હોય તેનું મોં જોવાનું મન થાય કે નહિ ? ન જુઓ ત્યાં

સુધી ચેન પડે ખરું ? ખરેખર જો પ્રેમ હોય તો મન થયા વગર રહે જ નહિ, તેમ જો દેરાસર જવાનું મન ન થાય તો તેમાં તમારી શ્રદ્ધાની ખામી છે. ક્રિયા એ તો અંદરમાં રહેલા ભાવની અભિવ્યક્તિ છે. આ રીતે વ્યવહારનય અને નિશ્ચયનયની દલીલો સમજો તો સાચો સમન્વય થતો જાય. આખા જૈન શાસનની વ્યવસ્થા આ જ શૈલી ઉપર છે. તેનો પાયો આ જ છે. આના ઉપર જ આખી ઇમારત ચણાયેલી છે. વ્યવહારનય કહે છે એક ભગવાનની પૂજા કરતાં જે લાભ છે, તેના કરતાં તમે દસ ભગવાનની પૂજા કરો તો વધારે લાભ છે. જ્યારે નિશ્ચયનય કહે છે એક ભગવાનની પૂજા કરી એટલે બધા અરિહંતની પૂજા તેમાં આવી ગઈ, માટે સરખું ફળ છે. અહીં પણ પોતપોતાની અપેક્ષાથી બેય સાચાં છે.

**સભા :-** *પાર્શ્વનાથ ભગવાનને 'પાર્શ્વ પુરુષાદાનીય' કહેવાય ?*

**સાહેબજી :-** હા, પાર્શ્વ પુરુષાદાનીય તે તો વિશેષણ છે. પુણ્યની અપેક્ષાએ, આદેય નામકર્મની અપેક્ષાએ તેમ કહેવાય છે. બાકી પાર્શ્વનાથ ભગવાન અને મહાવીર પ્રભુના ગુણમાં કોઇ ફેર નથી. બેઉને અરિહંત તરીકે પૂજવાના છે.

હવે નિશ્ચયનય કહેશે, ભગવાનના એક અંગે તિલક કર્યું તેમાં જો ભાવ સારો હશે તો નવે અંગે પૂજા કર્યાનો લાભ છે. એક ફૂલ ચઢાવો અને સો ફૂલ ચઢાવો, પણ જો બહુમાન સરખું હશે તો બધે લાભ સરખો છે, અહીંયાં સંખ્યાની ગણતરી નથી. જ્યારે વ્યવહારનય કહેશે, 'એક ફૂલ ચઢાવો, દસ ફૂલ ચઢાવો, ૧૦૦, ૧૦૦૦ ફૂલ ચઢાવો, તેમાં જેમ ફૂલ વધારે ચઢાવો તેમ વધારે લાભ મળશે.' હવે તમારે આ બેમાંથી શું પકડવું છે ?

**સભા :-** *એકથી પતતું હોય તો ૧૦૦ ફૂલ શું કામ ચઢાવવાં ?*

**સાહેબજી :-** બસ, તો જમતી વખતે તમારા ભાણામાં એક વાનગી મુકાવીએ અને તે પણ જરાક જ. તમારે ત્યાં લગ્ન હોય તો પાંચ માણસ આવે તો ઉલ્લાસ કે ૫૦૦૦ આવે તો વધારે ઉલ્લાસ ?

વ્યવહારનય તો અલ્પ સંખ્યાથી અલ્પ ભાવ, અધિક સંખ્યામાં અધિક ભાવ માને છે. પ્રભુને એક ફૂલ ચઢાવો ને જે ભાવ આવે છે તે કરતાં ૧૦૦૦ ફુલ ચઢાવો તો વધારે ભાવ આવે છે, જેથી લાભ પણ વધારે થાય છે.

**સભા :-** કુમારપાળે તો પાંચ જ ફૂલ ચઢાવ્યાં ને ઘણો લાભ મેળવ્યો.

**સાહેબજી :-** કુમારપાળે પાંચ ફૂલ નહિ પરંતુ પાંચ કોડીનાં ફૂલ ચઢાવ્યાં હતાં. ત્યાં

શક્તિનો સવાલ છે, સંખ્યાનો સવાલ નથી. તેમની પાસે પાંચ કોડીના દાનની જ શક્તિ હતી. બાકી તેમની પાસે શક્તિ હોય તો વિપુલ સંખ્યામાં ચઢાવવાની ભાવના હતી.

બેઉ નયો સામસામા તર્કો કરે છે. એક કહે એકમાં લાભ છે, બીજો કહે ૧૦૦માં વધારે લાભ છે.

**સભા :-** *નિશ્ચયનયને લક્ષમાં રાખીને વ્યવહાર કરવાનો છે ?*

**સાહેબજી :-** એમ નહિ, નિશ્ચયનયને લક્ષમાં રાખવાનો અને વ્યવહારનયને પણ લક્ષમાં રાખવાનો. નિશ્ચયનયનું સાધન વ્યવહાર છે, તેમ બોલો તો મંજૂર છે; વ્યવહાર દ્વારા નિશ્ચય પામી શકાય છે. નિશ્ચયનયની દૃષ્ટિને આદર્શ તરીકે લક્ષમાં રાખવાની અને વ્યવહારનયનું જ આચરણ કરવાનું છે, આ ખોટું અર્થઘટન છે. મોક્ષ પામવામાં નિશ્ચયનય સાધન છે, વ્યવહારનય પણ સાધન છે. આંતરિક આચરણરૂપે નિશ્ચયનયનું સ્થાન હૃદયમાં છે, બાહ્ય આચરણમાં વ્યવહારનયનું સ્થાન છે, માટે બેઉ નયને આચરણમાં લેવાના છે. એક નયને આંતરિક દૃષ્ટિએ, બીજા નયને બાહ્ય દૃષ્ટિએ આચરણમાં સ્વીકારવાનો છે. વ્યવહારનય ક્રિયાને માને છે, નિશ્ચયનય ભાવને માને છે. માટે બન્નેને પહેલેથી જ સાથે જ પકડવાના છે. જુદી જુદી ભૂમિકા પ્રમાણે વ્યવહારનયને બાહ્ય ક્રિયારૂપે સ્વીકારવાનો છે. જો તમે તમારી ભૂમિકા પ્રમાણે તેને ન પકડો તો દોષ લાગે.

ઉપાદાનવાદ-નિમિત્તવાદને તમે જેટલા સમજી શકો તે પ્રમાણે તે આત્મકલ્યાણમાં ખૂબ જ ઉપયોગી થશે. આત્મકલ્યાણ કરવા માટે પ્રારંભથી છેલ્લે સુધી તે બંનેને પકડી રાખવાની વાત છે. બેઉમાંથી એકને પકડો અને બીજાને ન પકડો તો મુશ્કેલી થાય. ૧૩મા ગુણસ્થાનકમાં કેવળી પણ નિશ્ચયનય, વ્યવહારનય નથી મૂકતા. મોક્ષમાર્ગની પહેલી ભૂમિકાથી માંડીને છેલ્લી ભૂમિકા સુધી આ બેઉ વાદ લેવાના છે, માટે આ મહાવાદ છે.

નિશ્ચયનય કહે છે ખાલી કપડાં બદલી લેવાથી સાધુ થવાતું હશે ? જ્યારે વ્યવહારનય કહે છે, કપડાં બદલે છે અને આચાર પાળે છે માટે નક્કી સાધુપણું કહેવાશે. નિશ્ચયનય કહેશે ભાવ જોઈશે. અહીં બેઉ નય પોતપોતાની અપેક્ષાએ સાચા છે, ખાલી એકને જ સત્ય ન કહેવાય.

# ૧૦

**આસો વદ- ૪, તા. ૨૩-૧૦-૯૪, રવિવાર, ચોપાટી.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને આત્મકલ્યાણની સાધના માટે અનિવાર્ય એવા તત્ત્વજ્ઞાનનો પ્રબોધ કરનારા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ સંસારસાગર તરીને આત્મકલ્યાણ કરવું હોય, તેણે તત્ત્વજ્ઞાનના પાયારૂપે અનેકાન્તવાદને સ્વીકારવાનો છે. અનેકાન્તવાદને ન સ્વીકારે, અથવા સ્યાદ્વાદને દૃષ્ટિરૂપે ન સ્થાપિત કરે તો તત્ત્વજ્ઞાનનો પાયો ઊડી જાય છે. કારણ કે બધા તત્ત્વજ્ઞાનમાં પાયારૂપે સ્યાદ્વાદ સ્વીકાર્યો છે. તેના વગર સાચું તત્ત્વજ્ઞાન સ્થાપિત કરી શકાય નહિ. જેને અધ્યાત્મના માર્ગે જવું છે તેને ખાલી આચારની જરૂર છે તેમ નથી, પણ સ્યાદ્વાદની સમજ-રુચિ પણ જરૂરી છે. કોઈપણ પ્રવૃત્તિમાં સ્યાદ્વાદ ન સ્વીકારીએ તો ચાલે નહિ.

## દેહ-આત્મા-કર્મ-મોક્ષમાં સ્યાદ્વાદદૃષ્ટિ :

દા.ત. આત્મકલ્યાણ કરીને મોક્ષે જવું છે, તો કોઇ પૂછે કે મોક્ષે કેમ જવું છે ? તો આત્મા છે અને તેને સુખી કરવો છે માટે મોક્ષે જવું છે. હવે તમે આત્માને દેહથી જુદો માનો છો કે ભેગો માનો છો ? અને જો એક જ હોય તો તમે સાધના કોના માટે કરશો ? કારણ દેહને તો અહીંયાં ખાક કરીને જવાનું છે. તો પછી બન્ને એક હોવાના કારણે દેહ સાથે આત્મા પણ બળી જશે, મરી જશે, પછી મોક્ષ કોનો કરવાનો ?

વળી જો આત્મા દેહથી જુદો જ છે, તો તમે મોક્ષે કોને મોકલવાના ? કારણ જો ભેગો હોય તો તેને છૂટો પાડવાનો સવાલ આવે ને ? છૂટો જ છે તો પછી સાધનાની શી જરૂર ? એટલે એકાન્તે દેહ-આત્મા એક છે, તો પણ મોક્ષસાધનાની જરૂર નથી; અને એકાંતે દેહ-આત્મા જુદા છે, તો પણ મોક્ષસાધનાની જરૂર નથી. તેથી તમે અનેકાન્તવાદ જોડો તો જ આત્મકલ્યાણની સાધના કરવાની જરૂરીયાત ઊભી થાય. સ્યાદ્વાદ સ્વીકારો તો જ ગોટાળા ન થાય.

જો આત્મા દેહથી જુદો હોય તો ધર્મ કરવાની જરૂર નથી અને જો જુદો ન હોય તો પણ ધર્મ કરવાની જરૂર નથી. તમારે ધર્મ કરીને શું મેળવવું છે ? મોક્ષે જવું છે. એટલે દેહથી

આત્માને જુદો ઉપલબ્ધ કરવાનો. હવે જો આત્મા દેહથી જુદો જ હોય તો સાધનાની શી જરૂર છે? અને એક છે તો દેહ સાથે આત્મા પણ મરી જશે, તો પછી સાધના કોના માટે કરશો? માટે ખાલી આત્મા માનવાથી આત્મકલ્યાણની સાધના સુસંગત થતી નથી; પણ સાથે સ્યાદ્વાદ સ્વીકારો કે દેહ-આત્મા અપેક્ષાએ એક પણ છે અને અપેક્ષાએ જુદા પણ છે, તો જ આત્મકલ્યાણની સાધના બંધબેસતી થાય. તે જ રીતે કર્મ માનીએ તો પણ તે કર્મ આત્મા સાથે એકરૂપ થયેલું છે કે આત્માથી સર્વથા અળગું છે? જો અહીં પણ કર્મ આત્મા સાથે એકાંતે એકરૂપ થયેલું માનીએ, તો સાધના કરવાની કોઇ જરૂરત નથી; કારણ કે સર્વથા એકરૂપ કર્મ ગમે તેટલી સાધના કરો તો પણ આત્માથી કદી વિખૂટું પડી શકે જ નહીં; અને જો આત્મા સર્વથા કર્મથી અળગો હોય, તો પણ સાધનાની શી જરૂર છે? કારણ કે વગર સાધનાએ જ આત્મા તો કર્મથી સર્વથાં અલગ હોવાથી નિર્મળ જ છે. માટે કર્મબંધના સ્વીકારમાં પણ સ્યાદ્વાદનો સિદ્ધાંત આવશ્યક છે.

વ્યવહારની ભાષામાં આત્મા કર્મને પરતંત્ર છે. પણ જો એકાન્તે પરતંત્ર છે, તો મોક્ષની સાધનાની જરૂર નથી. કારણ કે એકાન્તે આત્મા કર્મને પરતંત્ર છે, તો કર્મ રાખશે તેમ રહેવું પડશે, તેથી આત્મકલ્યાણ માટે પુરુષાર્થની જરૂર નથી. પણ જો એમ કહેશો કે આત્મા એકાન્તે કર્મથી સ્વતંત્ર છે, એટલે આત્મા પરાધીન નથી, તેને કર્મનું બંધન નથી, તો પણ પુરુષાર્થ કરવાની જરૂર નથી.

**સભા :-** *એકાન્તે જ્ઞાનમય આત્માને આવરણ ક્યાંથી લાગ્યું?*

**સાહેબજી :-** અત્યારે આત્મા એકાન્તે જ્ઞાનમય ક્યાં છે? અત્યારે તો આત્મા અજ્ઞાનમય છે. પરંતુ અપેક્ષાએ આત્મા જ્ઞાનમય છે, અપેક્ષાએ આત્મા અજ્ઞાનમય છે. માટે બધે અનેકાન્ત છે.

જૈન ફિલોસોફીને સમજે તો સ્યાદ્વાદ વગર એક ડગલું પણ ભરાય નહિ. જેમ કે વ્યવહારનયની અપેક્ષાએ કર્મબંધ છે, નિશ્ચયનયની અપેક્ષાએ કર્મબંધ નથી. આનું રહસ્ય શું? દા.ત. એક કપડું છે. જે સફેદ હતું. ધૂળ લાગી એટલે તે મેલું થઈ ગયું. ત્યારે વ્યવહારનય કહેશે કપડું મેલું થઈ ગયું. કારણ કે ધૂળરૂપી મેલ લાગ્યો છે. ધોળું હતું ને મેલું થયું છે. અર્થાત્ તેના ઉપર મેલરૂપી બંધન લાગ્યું છે. ત્યારે નિશ્ચયનય કહેશે કપડું ને વળી મેલું? મેલ એટલે ધૂળનાં રજકણો-ગંદકીનાં દ્રવ્યો. શું એ દ્રવ્યો કપડાની અંદર પેસી ગયાં છે? કપડું એટલે તો તાંતણાનો જથ્થો ને? મેલનાં દ્રવ્યો શું તાંતણામાં પેસી ગયાં? કે પછી

તાંતણાનાં રજકણો મેલમાં ગયાં ? ના, એ તો એકબીજાની ખાલી નજીક આવ્યાં છે, પડખે આવ્યાં છે. તો પછી તમને ભ્રમ થયો કે કપડું મેલું છે. ખરેખર તો મેલ અને કપડું બન્ને જુદાં છે. જો જુદાં ન હોય અને એક થઈ ગયાં હોય તો ઘણી મહેનત કરશો, સાબુ લગાડશો તો પણ જુદાં નહિ થાય.

તેમ કર્મનાં રજકણો આત્મામાં ગયાં નથી, ખાલી બાજુમાં આવીને રહ્યાં છે, સહઅવસ્થાન છે, એકબીજાથી જુદાં જ છે, ફક્ત નજીક આવીને રહ્યાં છે, કાંઈ આત્માને ચોંટ્યાં નથી; માટે કર્મબંધનનો સવાલ જ નથી. નિશ્ચયનયની વાત પણ સાચી છે. કર્મ જો આત્માને મૂળથી ચોંટી ગયું હોય તો લાખ ઉપાયે પણ છૂટે નહિ. માટે ડગલે ને પગલે સ્યાદ્વાદ આવશે.

હવે જો આત્મા એકાન્તે કર્મને પરતંત્ર છે એમ માનો, તો સાધનાની જરૂર નથી; અને એકાન્તે આત્માને સ્વતંત્ર માનો, તો પણ સાધનાની જરૂર નથી.

અહીં એકાન્તવાદીને પૂછીએ કે આત્મા એકાન્તે કર્મને પરતંત્ર છે ? તો ધર્મઆરાધનાની નિરર્થકતા છે, અને એકાન્તે સ્વતંત્ર બોલો તો પણ ધર્મઆરાધનાની ઉપયોગિતા નથી. માટે એકાન્તે માનનારને સાધનાની જરૂર રહેતી નથી. તેથી અપેક્ષાએ સ્વતંત્ર છે, અપેક્ષાએ પરતંત્ર છે, એવો અનેકાન્તવાદ લેવો જ પડશે. નહિતર પાયા વિનાના મિનારા ચણવાની વાતો થશે; જે મૂર્ખાઓની વાતો કહેવાશે.

જો આત્મા સ્વભાવથી જ કર્મને પરતંત્ર હોય તો તેને છૂટવાની ચિંતા નિરર્થક છે અને જો આત્મા એકાંતે સ્વતંત્ર હોય તો પણ છૂટવાની ચિંતા કરવાની જરૂર નથી. માટે અપેક્ષાએ બોલવું પડે.

**સભા :-** *ધર્મનું અસ્તિત્વ હોય ત્યાં કર્મ શું કરી શકે ?*

**સાહેબજી :-** પૂર્ણધર્મનું અસ્તિત્વ કે આંશિક ધર્મનું અસ્તિત્વ ? જ્યાં પૂર્ણધર્મનું અસ્તિત્વ છે ત્યાં તો કર્મની મજાલ નથી કે કાંઇ અસર પહોંચાડી શકે. પણ તે તો મોક્ષમાં જ છે. અહીંયાં તો આંશિક ધર્મ જ છે. માટે તેટલા પ્રમાણમાં કર્મની અસર પણ છે. અહીં પૂર્ણ શબ્દ લગાડવા પણ અપેક્ષા જોઈશે.

જૈનશાસનમાં જેટલા આચાર-આદર્શો છે તેનો પાયો સ્યાદ્વાદ સિદ્ધાંત છે. જેમ જીવનમાં આદર્શ તરીકે હિંસા છોડી અહિંસક બનવું જોઈએ, ક્ષમાશીલ બની ક્રોધનો ત્યાગ કરવો જોઈએ. એટલે ક્ષમા અને અહિંસાને આદર્શ તરીકે બતાવ્યા.

* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

## ધર્મપરીક્ષાના ત્રણ માપદંડ અને ત્રીજા માપદંડમાં સ્યાદ્વાદ દૃષ્ટિ :-

ધર્મની પરીક્ષા માટેના ત્રણ ક્રમિક માપદંડો છે. પ્રથમ માપદંડ છે આદર્શો. જે ધર્મ અનુયાયીવર્ગને ઊંચા અને પવિત્ર આદર્શોની પ્રેરણા આપે છે, તે ધર્મ પ્રથમ પરીક્ષામાં પાસ ગણાય છે. દુનિયાના ઘણા ધર્મો આ પ્રથમ પરીક્ષામાં જ સંપૂર્ણ નાપાસ કે અર્ધ નાપાસ થાય છે. દા.ત. પશ્ચિમના ધર્મો, કે જે ઉપાસક વર્ગને હેવન કે જન્નતમાં મળતાં ભૌતિક ભોગવિલાસ કે વાસનાપૂર્તિના અંતિમ લક્ષ્યથી જ સદાચારો પાળવાની પ્રેરણા કરે છે. વૈદિકધર્મ પણ ઘણે ઠેકાણે સ્વર્ગ વગેરેના લક્ષ્યબિંદુથી જ હિંસક યજ્ઞ-યાગ આદિ અનુષ્ઠાનોનો ઉપદેશ આપે છે, જેમાં આદર્શોનો જ વિપર્યાસ છે. જ્યારે જૈન ધર્મમાં કેવળ આધ્યાત્મિક લક્ષ્યબિંદુ હોવાથી નિર્વિકારી આત્માનંદને પામવાના આદર્શથી જ સદાચાર અને સદ્‌ગુણપાલનની પ્રેરણા છે. તેથી સાચા સાધકોને ઉન્નત આદર્શો પૂરા પાડવામાં જૈનધર્મ અણિશુદ્ધ સફળ છે.

ધર્મપરીક્ષા માટેનો બીજો માપદંડ છે, આચારસંહિતા. જે ધર્મ આદર્શોને અનુરૂપ આચારમાર્ગનો ઉપદેશ આપે છે તે ધર્મ બીજી પરીક્ષામાં પાસ છે. જેમ કે પૂર્ણ અહિંસા કે પૂર્ણ સત્ય સ્વરૂપ મોક્ષના આદર્શને પામવા વર્તમાન જીવનમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ હિંસાના નિવારણપૂર્વકની અહિંસક આચારસંહિતાનું માર્ગદર્શન જૈનધર્મ આપે છે, જ્યારે કેટલાક ધર્મો હિંસાપોષક અને અહિંસાવિરોધી આચારસંહિતાની પ્રેરણા આપે છે. તો તે આદર્શવિરુદ્ધ આચારસંહિતાને ફેલાવનારા હોવાથી બીજી પરીક્ષામાં નાપાસ છે. દુનિયાના લગભગ તમામ ધર્મો આ બીજી પરીક્ષામાં શતપ્રતિશત સફળ તો થતા જ નથી, પરંતુ અમુક ધર્મો અમુક ટકા જ સફળ થાય છે.

જ્યારે ધર્મપરીક્ષા માટેનો ત્રીજો માપદંડ તો સૌથી ઉત્કટ છે. કોઇ પણ ધર્મને સંપૂર્ણ અણિશુદ્ધ સ્થાપિત કરવા માટેની આ કડકમાં કડક કસોટી છે, અને તે છે તેના સિદ્ધાંતો. જે ધર્મના સિદ્ધાંતો આદર્શ અને આચારસંહિતાને પીઠબળ પૂરું પાડનારા ન હોય તો તે ધર્મ આ ત્રીજી પરીક્ષામાં નાપાસ ગણાય છે. દા.ત. કોઇપણ ધર્મ ગમે તેટલો પવિત્ર અહિંસાનો આદર્શ ઉપસાવે અને તેને સંપૂર્ણ મેચ થાય-સંગત થાય તેવી અહિંસક જીવનપદ્ધતિવાળી આચારસંહિતા દર્શાવે, છતાં તે ધર્મના સિદ્ધાંતો હિંસા કે અહિંસાની પદાર્થ વિજ્ઞાનની દૃષ્ટિએ સાચી વ્યાખ્યા જ સ્થાપિત ન કરી શકે, તે ધર્મ સૈદ્ધાંતિક દૃષ્ટિએ ધર્મપરીક્ષાના આ ત્રીજા માપદંડમાં નિષ્ફળ સમજવો.

ધર્મપરીક્ષા માટેના આ ત્રણે માપદંડ વૈશ્વિક સ્તરના(યુનિવર્સલ સ્ટાન્ડર્ડ) છે, તેમ કોઇના વ્યક્તિગત ધોરણો પર રચાયેલા નથી; માટે કોઇપણ તટસ્થ વિદ્વાન માણસ તેને નકારી શકે તેમ નથી.

હવે આ ત્રીજા માપદંડથી જ ધર્મનું મૂલ્યાંકન કરતી વખતે સ્યાદ્વાદ સિદ્ધાંતની સાચી કિંમત સમજાય છે. કારણ કે સૈદ્ધાંતિક દૃષ્ટિએ હિંસા શું અને અહિંસા શું તે જ જો નક્કી ન થાય તો તમે અહિંસા પાળો કે ન પાળો તેનો કોઈ મતલબ નથી. નરી બેવકૂફી સિવાય કાંઈ નથી.

સિદ્ધાંતની દૃષ્ટિએ વિચારીએ તો જો એકાન્તવાદ માનશો તો હિંસા એટલે શું ? જીવ મારવો એટલે હિંસા. હવે આત્મા મરે કે આત્મા અમર ? જો એકાન્તે આત્મા અમર હોય તો પછી હિંસા કોની ? માટે હિંસા માનવા માટે પણ અનેકાન્તવાદ લાવવો પડશે. એકાન્તવાદમાં હિંસાની સાચી વ્યાખ્યા જ નક્કી નથી થતી, તો પછી આચાર પાળો કે ન પાળો કોઈ મતલબ નથી. આ તો પાયા વિનાની જ વાતો થાય છે. માટે બધે વિચારી સ્યાદ્વાદ લગાડવો પડશે.

હજી વધુ વિચારો કે જીવ મર્યો એટલે શું ? એકાંતવાદમાં એનો આત્મા તો જેવો છે તેવો જ રહે છે. જો તેમાં કાંઈ ફેરફાર ન થાય તો પછી મર્યો એટલે શું ? કે ન મર્યો તોય શું ? સરખું જ છે, એટલે અહિંસા બિનજરૂરી બને છે. વળી જો ખરેખર આત્મા મર્યો એમ કહીએ તો પછી તેનો પરલોક છે જ નહિ, તો પછી અહિંસાની શું જરૂર ? હિંસાના ત્યાગની જરૂર શું ? માટે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આત્મા મરતો નથી, અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ આત્મા મરે છે; આમ માનો તો હિંસા-અહિંસાની વ્યાખ્યા તાત્ત્વિક બને. માટે બધે જ અપેક્ષા આવશે. આત્મા છે તેવો જ રહેતો હોય, મરતો ન હોય તો મારનાર મારતો નથી અને મરનાર મરતો નથી તો તો પછી નાસ્તિકોને મઝા પડી જાય. માટે અપેક્ષા લેવી જ પડશે.

એકાન્તે આત્મા મરે છે તેમ બોલો તો પછી શું થાય ? બેફામ હિંસા થાય ને ? તમને માર્યા પછી જો તેનું ફળ મળવાનું નથી તો પછી મારવામાં શું વાંધો ? તમે મર્યા એટલે કામ પૂરું થયું. એટલે એકાન્તે મૃત્યુને માનો તો હિંસા-અહિંસાનો સવાલ જ નથી અને જો એકાન્તે મૃત્યુ નથી તેમ માનો તો પણ હિંસા-અહિંસાનો સવાલ નથી આવતો. માટે આત્મા અપેક્ષાએ મરે છે, તેથી હિંસાનું પાપ છે; અને અપેક્ષાએ આત્મા નથી મરતો, માટે અહિંસા સ્વરૂપ ધર્મ છે. બધે તત્ત્વદૃષ્ટિ આવશે. આ બધું નહીં સમજો તો તમને આત્મકલ્યાણની આરાધના કરવામાં સ્પષ્ટતા નહીં આવે.

જૈનધર્મ સિવાય દુનિયાનો કોઈપણ ધર્મ તેમની પાસે સ્યાદ્વાદ નામનો સિદ્ધાંત ન હોવાથી ધર્મપરીક્ષા માટેની આ ત્રીજી કસોટીમાં એક ટકો પણ માર્ક મેળવી શકે તેમ નથી. માટે પૂ. શ્રીહરિભદ્રસૂરિ વગેરે પૂર્વાચાર્યોએ લખ્યું છે કે, **આદર્શો અને આચારસંહિતાને અનુરૂપ સિદ્ધાંતો દર્શાવવામાં દુનિયાના તમામ ધર્મો સંપૂર્ણ નિષ્ફળ ગયા છે, જે વાત તેમણે તર્કપૂર્વક દાવા સાથે પોતાના સાહિત્યમાં વિવરણ કરી છે; અને તે વાંચતાં અમારું પણ મસ્તક જૈનશાસન પ્રત્યે અપાર અહોભાવથી ઝૂકી જાય છે.**

### આત્મા બળવાન કે કર્મ બળવાન ? :

હવે પ્રસંગે ઘણા બોલે છે કે કર્મ ચઢી બેઠું છે, કર્મ કરાવે તેમ કરીએ છીએ; તો તે બાબતમાં પણ જેમ આત્મા સ્વતંત્ર છે, પરતંત્ર છે તે વિચાર્યું, તેવી રીતે જ આત્મા બળવાન કે કર્મ બળવાન તે વિચારવું.

**સભા :-** *સૌ સૌના સ્થાને બળવાન.*

**સાહેબજી :-** અમુક અવસ્થામાં આત્મા બળવાન, અમુક અવસ્થામાં કર્મ બળવાન. માટે મારી વાત જ આવી. અપેક્ષાએ કર્મ બળવાન, અપેક્ષાએ આત્મા બળવાન. આમાં સાચું શું ? તો બેઉ સાચા છે. જો કર્મ જ બળવાન માનો તો બળિયા સામે માથું ભિડાવવાનું શું કામ ? કારણ સંઘર્ષ કરવાથી માર જ પડશે. તો પછી શાંતિથી કર્મ રાખે તેમ જ રહેવાનું. માટે એકાન્તે કર્મને બળવાન માનો તો કર્મની સામે માથું નહિ ઊંચકવાનું તેમ નક્કી થાય. જેમ ઊભો થા, બેસી જા; એવી કર્મ જે આજ્ઞા કરે તે કંઠપૂતળીની જેમ સ્વીકારવાની, કર્મ જેમ રાખે તેમ રહેવાનું; અને આમ, જો કર્મની સામે સંઘર્ષ જ નથી કરવાનો તો પછી ધર્મની જરૂર જ શું ?

ધર્મસાધના શું કામ બતાવી છે ? ધર્મ એ આપણને કર્મની ચુંગાલમાંથી-પરતંત્રતામાંથી છોડાવવા માંગે છે. પરંતુ જો કર્મ જ બળવાન હોય તો પછી પુરુષાર્થ કરવાનો ક્યાં રહે છે ? વળી જો એકાન્તે આત્મા બળવાન છે અને કર્મ નબળું જ છે, તો પછી કર્મની પરવા કરવાની શું જરૂર છે ? પછી તો તમારું ધાર્યું જ કરવાનું ને ? હમણાં હું તમને કહું કે આકાશમાં ઊડો, તો શું તમે ઊડી શકશો ? કે નીચે પડશો ? કારણ કે તમારા આત્મામાં આકાશમાં ઊડવાની શક્તિ હોવા છતાં તેને કર્મે રુંધેલી છે અને તે કર્મ તોડવા માટે હાલમાં તમારો આત્મા નબળો છે. જેમ નેપોલિયનની ડાયરીમાં અશક્ય જેવો શબ્દ નહોતો, પણ છેલ્લે તેને કેવી ખબર પડી છે ? છેલ્લે તેને જેલના સળિયા પાછળ કૂતરાના મોંએ મરવાનું થયું છે. તેની આવી સ્થિતિ કર્મની પ્રબળતાના કારણે જ આવી. માટે મારા માટે કંઈ અશક્ય નથી તેવી રાઈ ભરીને જો જીવો તો ન ચાલે. જીવનમાં કર્મ પણ અસર કરે છે. બધે તમે સફળ થઇ શકતા નથી, તેથી ઘણી બાબતમાં કર્મ બળવાન છે અને તમે નબળા છો, તે હકીકત છે; અને ઘણી બાબતમાં તમે સબળા છો અને કર્મ નબળાં છે, આ પણ હકીકત છે. માટે સ્યાદ્વાદ સ્વીકારવો પડશે, અને તો જ ધર્મસાધના લેખે લાગશે.

**આત્મા-કર્મ-પુણ્ય-પાપ-પરલોક આ બધું માન્ય રાખવું હોય તો અનેકાન્તવાદ માનવો જ પડશે. આધ્યાત્મિક ક્ષેત્રમાં અનેકાન્તવાદને ન સમજે તેને સાચા પુરુષાર્થની દિશા મળતી**

**નથી.** એકાન્તે કર્મને બળવાન માનનારને આરાધના શું કામ કરવાની તેનો કોઈ જવાબ રહેશે નહિ અને એકાન્તે આત્મા બળવાન માનનારને પણ સાધના કરવાની જરૂરીયાત રહેતી નથી, તેથી સાધના નકામી જશે. માટે બધે અપેક્ષા આવશે.

નવ તત્ત્વમાંનું એકે તત્ત્વ એવું નથી કે જેમાં સ્યાદ્વાદ વણેલો ન હોય. કોઈપણ વ્યાખ્યા, વિવેચન બધામાં સ્યાદ્વાદદષ્ટિ જોઈએ જ. જૈન શાસનના આચાર, સિદ્ધાંત, વિચાર, પ્રવૃત્તિ બધામાં સ્યાદ્વાદ આવશે. જો તેને કાઢી લેશો તો બધો સાર નીકળી જશે. જેમ દેહમાંથી પ્રાણ નીકળી જાય પછી દેહની શું કિમત ? ઘરના માણસો પણ રાખે ખરા ? પ્રાણ છે ત્યાં સુધી જ તેની કિંમત છે, તમારા માટે કે બીજાના માટે. તે જ રીતે સ્યાદ્વાદ એ જૈન શાસનનું હાર્દ છે. સ્યાદ્વાદ અપ્રતિમ સિદ્ધાંત છે, જેની તોલે કોઈ ન આવે. આનાથી જ જૈન શાસન લોકોત્તર શાસન છે. આ સ્યાદ્વાદ ન હોત તો શાસનની અદ્વિતીયતા સ્થાપિત ન થાત. તમને તીર્થંકરના ઉપકારની અદ્વિતીયતાનો આના દ્વારા ખ્યાલ આવે છે ? આ સિદ્ધાંતની મહાપુરુષોએ ગૌરવ સાથે બે મોઢે પ્રશંસા કરી છે. હું શરૂઆતમાં જે શ્લોક બોલું છું, તે સ્યાદ્વાદની સ્તુતિનો અધિકાર છે. તેમાં સ્યાદ્વાદની જુદા જુદા પાસાથી સ્તુતિ કરી છે, કઈ કઈ રીતે તેની લોકોત્તરતા, તેની આગવી ખૂબીઓ આદિ બધું જ ગહન રીતે ગૂંથ્યું છે. આવા જ્ઞાનીને (પૂ.આ. શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજીને) પણ સ્યાદ્વાદનું ગૌરવ હતું. તેમાં મૂળ કારણ સિદ્ધાંત જ એવો છે. અમે પણ મહાવ્રતો પાળીએ, તમે પણ દહેરાસર-ઉપાશ્રયે જાઓ, બધી જ આરાધનાની પ્રવૃત્તિ કરો, પણ તેનો અર્થ ક્યાં રહે ? આત્મા-મોક્ષ-પરલોક-પુણ્ય-પાપ-કર્મ બધું જ માનો તો જ અર્થ રહે છે. અને તેને માનવા માટે અનેકાન્તવાદ સ્વીકારવો જ પડે, નહિતર ફોતરાં ખાંડવા જેવું કામ થશે.

**સભા :-** *સ્યાદ્વાદ અનાદિથી છે ?*

**સાહેબજી :-** અનાદિથી છે, પણ જાણો નહિ તો શું લાભ ? જેમ બધા રોગની દવા જેવી જડીબુટ્ટીઓ જંગલમાં છે, પણ તમારો રોગ મટે ક્યારે ? તમે જાણીને જંગલમાંથી જડીબુટ્ટીઓ લાવીને ઉપચાર કરો તો જ મટે ને ?

**સભા :-** *ભગવાન ક્યાં સ્યાદ્વાદના સર્જક છે ? તેમણે તો ખાલી સ્યાદ્વાદના સિદ્ધાંતનું દર્શન જ કરાવ્યું છે ને ?*

**સાહેબજી :-** અમે ક્યાં કહીએ છીએ કે તેઓ સ્યાદ્વાદના સર્જક છે ? બોધ કરાવવો તે પણ કાંઈ ઓછો ઉપકાર છે ! તે મહાન ઉપકાર છે. તમારી વર્તમાન દુનિયામાં વિજ્ઞાન ક્ષેત્રે

પણ જે વિશ્વમાં છે તે જ જણાવે છે ને ? આવિષ્કાર એટલે નવસર્જન છે કે અજ્ઞાતનું જ્ઞાન કરાવવું તે છે ? વિજ્ઞાને નવું સર્જન ક્યારેય કર્યું છે ? જે છે તેની જાણકારી નહોતી તે જાણકારી જ આપી છે ને ? છતાં તેની બોલબાલા થાય છે.

તમારી સામાન્ય ભૌતિક તુચ્છ વસ્તુઓમાં કોઇ વૈજ્ઞાનિક જરા નવી ટેકનીક શોધી કાઢે એટલે અબજો રૂપિયા કમાઈ જાય છે ને ? આમાં નવું કાંઈ ન હોય પણ લોકો જેનાથી અજાણ હતા તેવી વસ્તુને જણાવી છે. જ્યારે આ તો વગર પ્રયોગે, વગર લેબોરેટરીએ, વગર ખર્ચે, અને કોઈ વળતરની આશા વગર ત્રણ લોકનું તત્ત્વજ્ઞાન બતાવે છે. તમારી એકપણ શોધ મફતમાં મળે છે ? તો પછી આમના ઉપકારની તોલે કોણ આવે ? તમને સર્જનની જ કિંમત છે ? જ્ઞાનની કિંમત જ નથી ? સાચું માર્ગદર્શન આપવું તે પણ ઘણું મુશ્કેલ છે. જેમ કે તમે જન્મ્યા ત્યારથી તમને જમાડી-ખવડાવી-પીવડાવી મોટા કર્યા અને બધું શીખવાડ્યું, પણ તેની તમને કિંમત કેટલી છે ? જો તમને જંગલમાં મૂકી દીધા હોત અને કહેત કે તમારી જાતે જ બધી કળા શોધી, તૈયાર થઈ, ખાઈ પીને મોટા થજો તો શું થાત ? આ સંસારનું જ્ઞાન પણ તીર્થંકરોએ જ આપ્યું છે ને ? માટે તેઓના ઉપકારની તોલે કોઈનો ઉપકાર નથી.

વર્તમાન દુનિયામાં પણ સૌથી મોંઘી વસ્તુ માર્ગદર્શન છે. તમારા વ્યવહારક્ષેત્રમાં પણ સામાન્ય જાણકારી માટે કરોડો રૂપિયા ચૂકવો છો ને ? ડૉક્ટર બનેલો પણ એની એક જ લાઇનમાં માસ્ટર હોય, છતાં તેની તમારે ત્યાં બોલબાલા કેટલી છે ? એક ઓપરેશનના લાખો રૂપિયા પડાવે છે અને તમે પણ લાઇનમાં ઊભા રહી નિષ્ણાત ડૉક્ટરોને હોંશે હોંશે ચૂકવો છો. તેમ વકીલ-ઝવેરી કોઈ પણ હોય, પણ તેની માસ્ટરી ક્યાં સુધી ? છતાં તમારે મન તેનું મહત્ત્વ કેટલું બધું ? આ તો તમારા ભૌતિક ક્ષેત્રમાં માર્ગદર્શનની આટલી બોલબાલા કરો છો, જ્યારે તીર્થંકર ભગવાન તો ભવોભવનું માર્ગદર્શન બતાવે છે; તમે કઈ રીતે પરમાનંદને પામી શકો, તેનો આખો રાજમાર્ગ ખુલ્લો મૂકે છે; હવે આ ઉપકારની તોલે કોઈનો ઉપકાર આવે ખરો ?

આ તો તમારું માથું કેવું તૈયાર થયું છે કે તમે સો રૂપિયાની નોટ મૂકો અને સલાહ મળે તો જ તમને તે સલાહની કિંમત લાગે. આ ક્ષેત્રમાં એમ ને એમ મળે છે, માટે જ કિંમત નથી ને ? અને માથાકૂટ લાગે છે. પરંતુ જો પૈસા ચૂકવીને મેળવવાનું હોત તો જ તમને કિંમત જણાત. જેમ ગામડાના માણસને કોઈ વસ્તુની હીરા દ્વારા કિંમત બતાવો તો તેને મગજમાં નહિ બેસે, પણ જો ગોળના રવાની કિંમતથી બતાવો તો મગજમાં બેસી જશે. તેમ તમે બધે પૈસાથી લિલામ થાઓ તેવા છો.

હવે મૂળ મુદ્દા પર આવીએ. આત્મા પરતંત્ર કે સ્વતંત્ર ? તેનો જવાબ અન્યધર્મી આપશે તે ખોટો આવશે. કારણ સ્યાદ્વાદ તેમની પાસે નથી. જેમ કે બૌદ્ધ-વૈદિક વગેરે પણ આત્માને

માને છે. તેમને પૂછીએ કે આત્મા બળવાન ? તો કહેશે હા, આત્મા બળવાન છે. હવે જો આત્મા બળવાન છે તો પછી કર્મના પંજામાં તે ફસાયો કઈ રીતે ? અને જો કહે કે આત્મા નબળો, તો પછી આત્મા કર્મના પંજામાંથી છૂટશે કઇ રીતે ? આ બધાનો તેઓ જવાબ આપી શકશે નહિ. તમે પણ વ્યવહારમાં જીવો છો કેમ ? કારણ તમે એકાન્તવાદી નથી. પણ ધર્મમાં તમારે ગડમથલ બહુ જ છે કે કર્મ હશે તેવું થશે, અમે પરવશ છીએ, કર્મને આધીન છીએ, અને આ એકાન્તે માની લીધું છે. માટે જ સાધનામાં આગળ નથી વધી શકતા.

**સભા :-** *પણ સાધનાથી કલ્યાણ કરી લઈએ તો પુણ્યની શી જરૂર ?*

**સાહેબજી :-** તમારો આત્મા નબળો છે, તેથી તેને સહાય માટે પુણ્યકર્મની જરૂર છે. સબળા એવા આત્માને પુણ્યકર્મની જરૂર નથી, પણ આત્મા સંપૂર્ણ સબળો તો મોક્ષમાં જ થશે. એટલે અત્યારે સાધના કરવા પુણ્યકર્મની જરૂર છે. હું ચેતન તરીકે સ્વતંત્ર છું, માટે સાધનાવિષયક પુરુષાર્થ કરવાનો છે; તેમ પરતંત્ર પણ છું, તેથી સાધનામાં આગળ વધવા પુણ્યકર્મ આદિની સહાય પણ જોઈશે. એટલે સ્યાદ્વાદ આવ્યો.

આત્મા મૂળથી કાંઈ નબળો નથી, પણ અપેક્ષાએ નબળો છે. આત્માની કેટલી સ્વતંત્રતા છે, ક્યાં પુરુષાર્થ કરવાનો છે, તેનો ખ્યાલ હોય; અને જ્યાં આત્માની પરતંત્રતા છે, ત્યાં પણ તેને ખબર પડે તો તે પ્રમાણમાં તે પુરુષાર્થ કરી શકે; આ માટે સ્યાદ્વાદની સમજ પહેલી જોઈશે. બધે સ્યાદ્વાદ દૃષ્ટિથી વિચારવાનું છે.

**સભા :-** *હવે વિચારીને કરશું.*

**સાહેબજી :-** આટલો સમય નથી કર્યું, તેનું કારણ શું ?

**સભા :-** *અત્યાર સુધી સમજણ નહોતી.*

**સાહેબજી :-** જો અનેકાન્તવાદને સમજો તો તત્ત્વને વિચારતા થવાય અને તેના ઉપર ઊહાપોહ કરો એટલે સૂક્ષ્મ તત્ત્વને પણ પકડી શકો.

સામાચારી પ્રકરણગ્રંથમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજે સામાયિકમાં પણ સ્યાદ્વાદ બતાવ્યો છે. સામાયિકમાં સાત નય બતાવ્યા છે. પૂજામાં પણ બધા નયો બતાવ્યા છે. અરે, એટલે સુધી કે અહિંસાની વ્યાખ્યામાં પણ સાત નયો બતાવ્યા છે. હિંસા કોની, અહિંસા કોની, હિંસાની વ્યાખ્યા શું, અહિંસાની વ્યાખ્યા શું, વગેરે બતાવ્યું છે.

**સભા :-** *આટલું ઝીણું ઝીણું ક્યાં મગજમાં બેસે ?*

**સાહેબજી :-** જો તમારે તેનો સ્વાદ લેવો હોય તો ઝીણું તો સમજવું જ પડે. જેમ ઉંમરલાયક વ્યક્તિ હોય, જેને દાંત ન હોવાના કારણે મમરાવીને જ ખાય, તેને સ્વાદ કેવો આવે ? અધકચરો જ આવે ને ? માટે પૂરો સ્વાદ લેવો હોય તો ચાવવું જ પડે. તેમ જો સમજવાની શક્તિ હોય તો આનો સ્વાદ લેવા આ કરવું જ પડે. જેમ જેમ તમે ઊહાપોહ દ્વારા સૂક્ષ્મ તત્ત્વને પકડતા જશો, તેમ અનેરો સ્વાદ આવશે.

## નૈગમનયથી હિંસા :

**સભા :-** *સાહેબજી ! હિંસા-અહિંસા સાત નયથી બતાવી છે તો એક નયથી તો થોડું સમજાવો.*

**સાહેબજી :-** આપણે નૈગમનયથી વિચારીએ તો હિંસા કોની ? જીવની કે અજીવની ? તો તે કહેશે જીવની જ હિંસા થાય તેવું નથી, અજીવની પણ હિંસા થાય છે. એવી કોઈ વસ્તુ નથી કે જેની હિંસા ન થાય. જડ અને ચેતન બન્નેની હિંસા શક્ય છે.

**સભા :-** *કેવી રીતે થાય ?*

**સાહેબજી :-** તમને રસ્તે ચાલતાં ટેબલ ભટકાય તો ટેબલ પર ગુસ્સો કેવો આવે ? ટેબલને પછાડો ને ? હાથમાં આવે તો ઠોકી પણ દો ને ? પછી ભલે તમને વાગે. પણ ત્યારે ગુસ્સો તો આવ્યો ને ? જેમ નાનો છોકરો રિસાયો હોય ત્યારે ટેબલ તોડી પણ નાંખે ને ? ત્યારે ભાવથી અજીવહિંસા થઇ કહેવાય.

**સભા :-** *હિંસા તો આ વખતે પોતાની થઈ ને ?*

**સાહેબજી :-** આ વિધાનમાં નિશ્ચયનય આવ્યો. જ્યારે નૈગમનયથી સજીવ-નિર્જીવ બધાની હિંસા માની છે. પોતાને જે પણ આડું આવે તેની ઉપર આવેશ આવશે, તમને પથરો વાગે તો પથરાને પણ પછાડશો ને ? કૂતરાને તમે લાકડી મારો તો તે લાકડીને બચકાં ભરે છે. તેના પર ગુસ્સો આવે છે ત્યારે તેની હિંસા કરવાનો, તેનો નાશ કરવાનો જ ભાવ હોય છે.

**સભા :-** *આમાં તો ઈરાદા વગરની હિંસા આવશે ને ?*

**સાહેબજી :-** તમારે ત્યાં અત્યારે પૂતળાદહન કરે છે, તે શું ઈરાદા વગર કરે છે ? નાનાં

છોકરાં પણ વિફરે તેટલી વાર રમકડાં તોડી નાંખતાં હોય છે. માટે વગર ઈરાદે થાય તેવું નથી. પૂતળાને બાળો તો પાપ લાગે, પણ તે વખતે જો તે વ્યક્તિ હાથમાં આવે તો શું કરો ? તેનો નાશ કરવાની, ખેદાન-મેદાન કરી નાંખવાની, ઈરાદાપૂર્વકની હિંસા હોય છે. માટે જડ કે ચેતન બન્નેની હિંસામાં પાપ લાગે છે. તેથી નૈગમનય જડ-ચેતન બંનેની હિંસા માને છે.

હવે એકાન્તે અજીવની હિંસા માનો તો ખોટી વાત છે, પણ અપેક્ષાએ અજીવની હિંસા માનો તો બરાબર છે. કેમ કે જેને જીવન નથી તેને તો મરવાનો સવાલ જ ક્યાં આવે ? માટે બધે બધા નયથી વિચાર કરો તો કાન પકડવા પડે તેવું તત્ત્વ છે. બધે તર્કો આપેલા છે. તમને મળેલ ધર્મમાં કેટલું ભર્યું છે ! દુનિયામાં ક્યાંય આવી ચર્ચાવિચારણા નથી. ક્યાંય નયવાદ-સ્યાદ્વાદ નથી બતાવ્યો.

**સભા :-** *અન્ય દર્શન પણ કેવળજ્ઞાનને માને છે ?*

**સાહેબજી :-** હા, કેવળજ્ઞાન માનવું જુદી વસ્તુ છે. પણ તેને પૂછો કે દેહ અને આત્મા એક કે જુદા ? તો જવાબ આપી શકશે ખરા ? ગોટાળા જ કરશે.

તેઓ કેવળજ્ઞાન માને, પણ તેમને પૂછો કે તમે પૂર્ણજ્ઞાન માનો છો ? કે અપૂર્ણ જ્ઞાન? અપ્રતિપાતિ જ્ઞાન છે કે પ્રતિપાતિ જ્ઞાન છે ? આ બધું સાપેક્ષતાથી વિચારવું પડશે.

આત્મા અજ્ઞાની કે જ્ઞાની ? જો જ્ઞાની છે તો પછી જ્ઞાનીને જ્ઞાન મેળવવાનું જ ક્યાં રહ્યું? અને જો આત્મા અજ્ઞાની છે તેમ કહેશો, તો તે ડોબો જ છે, તો પછી તેને જ્ઞાન ક્યાંથી આવવાનું? તે કેવી રીતે જ્ઞાન મેળવી શકવાનો ? માટે બધે સ્યાદ્વાદ લગાડવો પડશે. જ્યારે અન્યદર્શન પાસે આ દૃષ્ટિકોણ જ નથી.

પરમ શાંતિ માટે મોક્ષ મેળવવાનો છે. પણ પહેલો સિદ્ધાંત શું ? વગર સ્યાદ્વાદે મોક્ષે જવાની જરૂરિયાત જ ઊભી થતી નથી. એટલે બધે કેન્દ્રબિંદુ તરીકે સ્યાદ્વાદ જ આવશે. આ તમારા મગજમાં ઠસી જવું જોઈએ. પરંતુ આખો સ્યાદ્વાદ આમાં આવી ગયો છે તેમ સમજતા નહિ. આ સિદ્ધાંત બહુ જ ગહન છે, સર્વવ્યાપી છે. અદ્ભુત વાતો આમાં સમાયેલી છે. આ તો તેના પરિચયની વાતો જ હજુ કરી છે. પરંતુ આમાં પણ જો ઊહાપોહ કરશો તો આગળ ઘણું જાણવાનું મન થશે. સ્યાદ્વાદની વાતો તો વર્ષો સુધી બોલવા બેસીએ તો પણ તત્ત્વ ખૂટે તેમ નથી. ફીલોસોફીની દૃષ્ટિએ જૈનશાસનનું આ તત્ત્વ બધાથી જુદું પડે છે. તેને સમજવા ઘણી બુદ્ધિ-મહેનત, ઊહાપોહ જોઈએ. જેટલો રસ વિશેષ કેળવશો તેટલો ઊહાપોહ કરી સ્યાદ્વાદને પકડી શકશો.

મોટા ભાગે અત્યારે આ સ્યાદ્વાદ પર જે લખાય છે, ભણાવાય છે, તેમાં ગોટાળા જ હોય છે. કારણ કે જૈન ધર્મના સ્યાદ્વાદની એક ટકો પણ જાણકારી તેઓને હોતી નથી. દુનિયામાં ક્યાંય જોવા ન મળે તેવો આ સિદ્ધાંત છે. તેનો મહિમા અપાર છે. તેમાં ઘણી જ ગહન વાતો સમાયેલી છે. આપણે તેમાંથી શરૂઆતની વાતો પર વિચાર કરી ગયા છીએ.

નિમિત્ત-ઉપાદાનમાંથી એકલું નિમિત્ત સ્વીકારો તો શું વાંધો ? શું મુશ્કેલી ? એકલું ઉપાદન સ્વીકારો તો શું વાંધો, શું મુશ્કલી ? બન્નેનો સમન્વય ન કરો તો શું થાય ? વ્યવહારિક દૃષ્ટિએ સ્યાદ્વાદની ઉપયોગિતા શું ? જરૂરિયાત શું ? આધ્યાત્મિક દૃષ્ટિએ સ્યાદ્વાદની ઉપયોગિતા શું ? જરૂરિયાત શું ? આ બધું સમજવું ખૂબ હિતકારી છે.

# ૧૧

આસો વદ - ૧૦, તા ૩૦-૧૦-૯૪, રવિવાર, ચોપાટી.

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને સ્યાદ્વાદરૂપી મહામહિમાવંત સિદ્ધાંતને દર્શાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જિનવાણી કે તેમાં વ્યાપેલું તત્ત્વ કે તેનો મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત જો કોઇ હોય તો તે આ સ્યાદ્વાદ જ છે. તીર્થંકરનું એકે વચન એવું નથી કે જે સ્યાદ્વાદમય ન હોય. પ્રભુની તમામ આજ્ઞાઓ યથાર્થ રીતે ગ્રહણ કરવાનું સાધન સ્યાદ્વાદની સમજણ જ છે. જો આ વાદને બરાબર સમજી શકીએ, તો જિનવચનને આપણે યોગ્ય ન્યાય આપી શકીએ.

## જ્ઞાન-ક્રિયામાં સ્યાદ્વાદ : ક્રિયાનય :

આત્મકલ્યાણ કરવા માટે આ સિદ્ધાંત અનિવાર્ય છે. આરાધના માટેના ઉપાયોમાં-યોગોમાં પહેલો પુરુષાર્થ શેનો કરવાનો છે ? જ્ઞાન એ મોક્ષનું સાધન છે, ક્રિયા પણ મોક્ષનું સાધન છે. છતાં જ્ઞાનનું મહત્ત્વ વધારે કે ક્રિયાનું મહત્ત્વ વધારે ?

**સભા :-** *જ્ઞાન હોય તો ક્રિયા બરાબર થાય.*

**સાહેબજી :-** આમાં સ્યાદ્વાદ આવશે. વ્યવહારનય કહે છે, જ્ઞાન-જ્ઞાન શું કરો છો ? તમે ગમે તેટલાં થોથાં ભણીને ઊંધા વળી જશો, પણ ક્રિયા કર્યા વગર રતીભાર લાભ નથી. નિશ્ચયનય કહે છે, ક્રિયા અત્યાર સુધી ઘણી કરી, પણ વગર જ્ઞાને તે બધી ફોક(નિષ્ફળ) થઈ. બંને નય આવ્યા, એટલે અનેકાન્તવાદ આવશે.

**સભા :-** *"જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં કરે કર્મનો છેહ"*

**સાહેબજી :-** અહીંયાં પણ અનેકાન્તવાદ સમાયેલો છે. અપેક્ષાએ ક્રિયાનું મહત્ત્વ છે, અપેક્ષાએ જ્ઞાનનું મહત્ત્વ છે. અપેક્ષાએ ક્રિયા આત્મકલ્યાણનું સાધન છે, અપેક્ષાએ જ્ઞાન આત્મકલ્યાણનું સાધન છે.

**સભા :-** *જ્ઞાન વગર ક્રિયાનું મહત્ત્વ શું ?*

**સાહેબજી :-** એકને પણ નિરપેક્ષપણે પકડે તે જિનશાસનની બહાર છે.

**સભા :-** *ક્રિયા કરવા માટે પણ વિધિ માટેનું જ્ઞાન તો જોઈએ ને ? એટલે જ્ઞાનની જરૂર તો પડવાની ને ?*

**સાહેબજી :-** વિધિનું જ્ઞાન ન જાણતી હોય તે વ્યક્તિ જો જે જાણનાર છે તેની સલાહ મુજબ ચાલે, તો પણ કામ કરી શકે છે. એમાં એક સ્વભાવ એ જોઈએ કે "મારે સમ્યક્ ક્રિયા કરવી છે." જો આ નિર્ણય હોય તો ચોક્કસ ફળ મળે છે. માટે વ્યવહારનયની વાત પણ ખોટી નથી.

મારે તો એટલું કહેવું છે કે ક્રિયાથી ફળ કે જ્ઞાનથી ફળ ? તમને ખોરાક, પાણી, ખાવાપીવાનું બધું જ જ્ઞાન આપીએ, પણ પછી તમારે તેની કોઈ ક્રિયા કરવાની નહિ, તો શું ફળ મળી જશે ? ગ્રંથોના ગ્રંથો ભરાય તેટલી અમે જાણકારી આપીએ, પણ પછી શું ? જીવનના કોઈપણ ક્ષેત્રમાં ક્રિયાથી ફળ કે જ્ઞાનથી ફળ ?

નાનુ બાળક જન્મ્યું ત્યારે દૂધના ગુણધર્મની તેને ખબર હતી ? દૂધમાં શક્તિ છે, પોષક તત્ત્વો છે તે શું તે જાણતો હતો ? છતાં તેણે દૂધ પીધું માટે જ જીવ્યો ને ? જો તેનું તે જ્ઞાન મેળવવા રહ્યો હોત તો શું થાત ?

**સભા :-** *ભણે તો વધારે સારું ને ?*

**સાહેબજી :-** તેની ના નથી, ભલે કોઈ ભણે. પણ વગર જ્ઞાને ક્રિયા કરે તો ફળ મળે કે નહિ ? ઊલટું, જ્ઞાન હોય અને જો ક્રિયા ન કરે તો ફળ ન મળે, પણ જો ક્રિયા કરે અને જ્ઞાન ન હોય તો પણ ફળ મળે છે.

**સભા :-** *પણ અલ્પફળ મળે ને ?*

**સાહેબજી :-** જ્ઞાન વગર દૂધ પીધું તોય પૂરું ફળ મળ્યું ને ? જ્ઞાન વગર પણ શ્રદ્ધા સાથે, વિધિપૂર્વક ક્રિયા કરે તો લાભ છે, આમ વ્યવહારનય કહે છે. જેમ તમે ડૉક્ટર પાસેથી દવા લાવો છો, પછી તમે તેને પદ્ધતિસર ખાઓ તો સાજા થઈ જાઓ છો ને ? દવા પેટમાં જઈને શું કરશે તેની તમને ખબર છે ? દવામાં શું શું દ્રવ્યો છે, તેની પણ તમને ખબર છે ? છતાં તમે સાજા થઈ જાઓ છો ને ? તેને બદલે દવાનું તમે બધું જ્ઞાન મેળવી આવો, પણ દવા ન લો તો ફળ મળે ખરું ?

**સભા :-** *આ દૃષ્ટાંત બરાબર છે.*

**સાહેબજી :-** આ તો તમારી ઘરની બાબતમાં છે, પણ ધર્મના ક્ષેત્રમાં પણ વ્યવહારનયને ગોઠવવો પડે. અત્યારે ઘણા બોલે છે કે ગાડરિયા પ્રવાહની માફક ધર્મ કરાય છે, તો શું ફળ મળે ? પણ આવું બોલનારને વ્યવહારનયની દલીલો ખબર છે ખરી ? વ્યવહારનય તો કહેશે કે જ્ઞાન તો ભાડૂતી પણ મળી શકે છે, જેનાથી કામ થઈ શકે છે; જ્યારે આચરણ તો જાતે જ કરવું પડે છે, માટે ફળ મેળવવા ક્રિયા કરવી જ પડે છે.

**સભા :-** *તો પછી આત્મકલ્યાણ કરવું હોય તો તેમાં ક્રિયાનું જ મહત્ત્વ છે ? ક્રિયા એ જ ખરો ધર્મ છે ?*

**સાહેબજી :-** વ્યવહારનયની અપેક્ષાએ એમ જરૂર કહી શકાય છે. આમાં તમારો વ્યવહારનય શબ્દ ઊડી ગયો છે. તમે એવા નિશ્ચયવાદી તૈયાર થઈ ગયા છો કે બધે તમે અનેકાન્તના બદલે એકાન્તવાદમાં ઘૂસી ગયા છો. સમ્યક્ ક્રિયાનું કેટલું સચોટ ફળ મળે છે ! જેમ ભૂખ્યો માણસ તેને જો ખોરાકની જાણકારી હશે, પણ પછી ખાશે તો જ તેને તૃપ્તિ અને પોષણ મળશે ને ? કેમ, તમારા હિસાબે તો આ બરાબર ને ? પણ ઊલટાનું જ્ઞાન ગમે તેટલું હશે છતાં ખાવાની ક્રિયા નહિ કરે તો તૃપ્તિ અને પોષણ મળશે ખરાં ? તેથી વ્યવહારનયે ક્રિયા એ જ ખરો ધર્મ છે.

અત્યારે ઘણા બોલે છે કે મોક્ષ શું છે ? મોક્ષમાં સુખ શું છે ? તે બધાની જાણકારી નથી તો પછી ક્રિયા કરવાથી શું ફળ મળે ?

**સભા :-** *પણ લક્ષ્ય જોઈએ ને ?*

**સાહેબજી :-** દિલ્હી જવાનું લક્ષ્ય બાંધીને ઘરે બેઠો રહે તો શું તે દિલ્હી પહોંચશે ખરો ? હકીકતમાં ચાલે તો પહોંચે કે લક્ષ્ય રાખે તો પહોંચે ?

**સભા :-** *પણ લક્ષ્ય તો જોઈએ જ ને ?*

**સાહેબજી :-** લક્ષ્ય બાંધો તો હું ક્યાં ના પાડું છું. પણ જો લક્ષ્ય ન બાંધ્યું હોય છતાં સીધા રસ્તે ચાલે તો પહોંચે ને ? પણ લક્ષ્ય બાંધીને બેઠો રહે તો પહોંચે ખરો ? તમે ખરા જ્ઞાનવાદી થઈ ગયા છો, પણ પાછું ભણવું તો નથી. વ્યવહારનયની એકપણ દલીલ ખોટી નથી. જ્ઞાનને

આત્મકલ્યાણનું સાધન કહ્યું છે, પણ તમે તેમાં ક્રિયાને રદબાતલ કરો છો જે યોગ્ય નથી. અમે એમ નથી કહેતા કે જ્ઞાન નકામું જ છે. અમે પ્રસંગે જ્ઞાનની વાત પણ કરીએ છીએ. હું તમને અત્યારે માત્ર ક્રિયાનું કેટલું મહત્ત્વ છે તે સમજાવું છું. વ્યવહારનયથી આત્મકલ્યાણ ક્રિયાથી જ સિદ્ધ થાય.

**સભા :-** *અમે સામાયિક કરીએ પણ તેના માટેનું જ્ઞાન ન હોય તો શું ફળ મળે ?*

**સાહેબજી :-** સામાયિક જે રીતે બતાવ્યું છે તે રીતે તમે જો કરો, તો ભલે તેનું જ્ઞાન ન હોય તો પણ તેનું ફળ ચોક્કસ મળશે. ડૉક્ટર જે પ્રમાણે દવા લેવાનું કહે છે તે પ્રમાણે ખાશો, તો ચોક્કસ સાજા થશો; તેમ વિધિપૂર્વકની ક્રિયા જોઈએ. તેનાથી ચોક્કસ આત્મકલ્યાણ થશે તેમ વ્યવહારનય કહે છે.

**સભા :-** *ડૉક્ટરે જે કીધું તેટલું તો જ્ઞાન જોઈએ ને ?*

**સાહેબજી :-** એટલું મેળવ્યા પછી પણ જો દવા લેવાની ક્રિયા ન કરો તો સાજા થવાય ? ક્રિયા પણ વિધિપૂર્વકની ન કરો તો સાજા ન થવાય. જેમ સવારના લેવાની દવા સાંજે લો, સાંજની સવારે લો, ખાધા પહેલાં લેવાની દવા ખાધા પછી લો અને ખાધા પછી લેવાની દવા ખાધા પહેલાં લો, તો સાજા ન થવાય.

જ્ઞાન તો ભાડૂતી પણ મળી શકે છે, પણ ક્રિયા કર્યા વગર તો સાજા ન જ થવાય. વકીલની સલાહ મુજબ કેસને ચલાવો તો મૂર્ખા પણ કેસ જીતી જાય ને ? કેસ ચલાવવાની ક્રિયા કરવી પડે. પણ પછી ભલે તે કાયદાનો જાણકાર ન હોય તો પણ કેસ જીતી જાય. તમારે સંસારમાં બધે ક્રિયાનું ફળ માનવું છે, પણ અહીંયાં જ તમારે નથી માનવું. ક્રિયાનું મહત્ત્વ નથી પણ જ્ઞાનથી જ ખરું ફળ મળે છે આવું તમે માનો, તો અપેક્ષાએ વ્યવહારનય તમે જીવનમાં સ્વીકાર્યો નથી એમ કહેવું પડશે. વ્યવહારનય કહે છે જ્ઞાન જ્ઞાન શું કરો છો ? અજ્ઞાની પણ કેટલાય તરી ગયા છે અને જ્ઞાનને મેળવીને પણ કેટલાય ડૂબી ગયા છે. જેમ અભવિ પણ ઘણાં શાસ્ત્રો ભણે છે, છતાં આત્મકલ્યાણના માર્ગમાં એકડો પણ નથી માંડી શકતો.

**સભા :-** *એનું કારણ શું ?*

**સાહેબજી :-** એ (અભવિ) સાચી ક્રિયા નથી કરતો માટે. વ્યવહારનય એવું નથી કહેતો કે ઉટપટાંગ ક્રિયા કરો તો પણ ફળ મળે. ક્રિયા જેમતેમ કરવાથી ફળ ન મળે, તો એકલા જ્ઞાનથી પણ ફળ નથી મળવાનું.

**સભા :-** *માષતુષમુનિ વગર જ્ઞાને તરી ગયા ને ?*

**સાહેબજી :-** એટલે જ વ્યવહારનય કહે છે કે અજ્ઞાની તરી ગયા છે. આત્મકલ્યાણના માર્ગમાં ક્રિયાથી ફળ મળે છે. માત્ર જ્ઞાનથી ફળ મળ્યું હોય તેવો એક પણ દાખલો નથી. માટે જેને પણ પ્રગતિ કરવી હોય તેણે ક્રિયાને ગૌણ કરાય નહિ. તમારા જીવનમાં જેટલી ક્રિયા વધારે તેટલો ધર્મ વધારે થયો કહેવાય અને ધર્મ વધારે તો ફળની પ્રાપ્તિ પણ વધારે થાય.

**સભા :-** *સંસારમાં પણ એવું જ છે ?*

**સાહેબજી :-** હા, ચોક્કસ. તમે બધી લાઇનનું જ્ઞાન મેળવી લો અને ઘરે બેસી રહો તો ફળ મળે ખરું ? જેમ અબૂઝ વેપારી છે, તે જાણકારની સલાહ મુજબ લેવેચ કરે છે તો કરોડો કમાય છે. માટે જ કહું છું કે ભાડૂતી જ્ઞાન મળશે, પણ ભાડૂતી ક્રિયા તો નહિ જ ચાલે; તેથી જેને આરાધના કરવી હોય તેણે ક્રિયા કરવી જ પડે. તેમ સંસારમાં પણ ક્રિયા કર્યા વગર ફળની પ્રાપ્તિ નથી. જેટલી ક્રિયા વધારે તેટલું ફળ વધારે. વ્યવહારનય કહે છે કે ક્રિયાથી જ ફળ મળે છે, તેના માટે જ પુરુષાર્થ કરવાનો છે. આચાર વગરના કોરા જ્ઞાનથી કાંઈ થશે નહિ. તીર્થંકર ભગવાનના શાસનમાં જેટલી પણ આરાધના છે તે તમે વિધિપૂર્વક આચરો તો ચોક્કસ આગળ વધી શકો છો, પરંતુ મનફાવે તેવી ક્રિયા પણ ન ચાલે.

જેમ રસોઈ કરવી હોય તો મસાલાની પેટમાં શું અસર થશે, તે ભલે તમે ન જાણતા હો, પણ જો વિધિપૂર્વક રસોઈ બનાવો તો રસોઈ સરસ બનશે. આમ તો તમે મસાલાના ગુણધર્મ પણ જાણતા નથી, જ્યારે બીજા ભાઈને આ બધાના ગુણધર્મો પર ગ્રંથોના ગ્રંથો ભરાય તેટલું જ્ઞાન હોય, પણ જો તેની રસોઈ કરવાની ક્રિયા બરાબર ન હોય, તો તેની બનાવેલી રસોઈ મોંમાં જાય ખરી ? તમારે ત્યાં વ્યવહારમાં પણ થીઅરી કરતાં પ્રેક્ટીકલનું વધારે મહત્ત્વ છે. વ્યવહાર એ આચાર છે. તમારી પાસે ગમે તેટલી જાણકારી હોય પણ ક્રિયા જો બરાબર નથી તો ફળ મેળવી શકતા નથી. વેપારમાં સાચો સોદો કર્યો તો ફળ મળવાનું છે. સમ્યક્ક્રિયા કરી અને ફળ ન મળે તેવું જગતમાં ક્યારેય બનતું નથી. તેથી વ્યવહારનય તો ક્રિયાને જ મહત્ત્વ આપે છે.

**સભા :-** *શાલિભદ્ર ક્યાં ક્રિયા કરવા ગયા હતા ?*

**સાહેબજી :-** આગલા ભવની વાત કરો છો ને ?

**સભા :-** *હા.*

**સાહેબજી :-** દાન કર્યું એ ક્રિયા જ કરી છે ને. દાન કોને કહેવાય તે ખાલી સાંભળ્યું જ નહીં, પણ તેમણે દાન કર્યું, તેથી જ ફળ મળ્યું છે. ખાલી વાતો જ કરી હોત તો ફળ ન મળત. લક્ષ્યની વાતો કરનારને પૂછો કે લક્ષ્ય બાંધ્યા વગર પણ બોરીવલીની ટ્રેનમાં બેસે તો બોરીવલી પહોંચે કે નહિ ? એક વખત અમારે વિહારમાં અમે જ્યાં હતા ત્યાં બાજુમાં કાનજીસ્વામીનો મોટો વર્ગ હતો. ત્યાં તેઓ બધા જિજ્ઞાસાથી ભેગા થયા પછી પૂછ્યું કે "પહેલાં લક્ષ્ય બાંધવું પડે, સમ્યગ્ લક્ષ્ય જ જોઇએ, લક્ષ્ય વગરની ક્રિયા શું કામની ?"

ત્યારે મેં કહ્યું કે કોઈ માણસ લક્ષ્ય બાંધ્યા વગર ભૂલથી પણ સાચા રસ્તે ચઢી ગયો અને ચાલ્યા કરે તો સાચા ઠેકાણે પહોંચે કે નહિ ? અને એની સામે લક્ષ્ય બાંધે પણ પછી ચાલે નહિ અને પડ્યો રહે તો શું તે પહોંચે ખરો ?

**સભા :-** *મોક્ષનું લક્ષ્ય તો બાંધવું જોઈએ ને ?*

**સાહેબજી :-** મોક્ષનું લક્ષ્ય બાંધવું તેની અમે ક્યાં ના પાડીએ છીએ ? પણ ખાલી લક્ષ્ય બાંધીને બેસી રહે તો શું કામનું ? પરંતુ લક્ષ્ય વગર પણ સાચી ક્રિયા કરશે તો પહોંચશે.

માનસિક, વાચિક કે કાયિક ક્રિયા તો કરવી જ પડે છે. તમાચો મારો એટલે કાયિક ક્રિયા કરી કહેવાય, ગાળ દીધી એટલે વાચિક ક્રિયા કરી કહેવાય અને ક્યાંય પણ કોઈને માટે પરેશાન કરવાની ભાવના કરી તે માનસિક ક્રિયા કહેવાય. આ જગતમાં કયાંય પણ સક્રિય થઈને પ્રવૃત્તિ કરે તો જ ફળ મળે છે. જેમ કપડાં ધોવાનું ગમે તેટલું જ્ઞાન હોય, પણ ક્રિયા ન કરે તો કપડાં ચોખ્ખાં થશે ? જ્યારે ગામડાની બાઈ જ્ઞાન વગર એમ ને એમ પ્રવૃત્તિ કરશે તો પણ ફળ મળશે ને ? કારણ તેણે કપડાં ધોવાની ક્રિયા કરી છે. માટે તમે આ બધાં તત્ત્વો નહિ સમજો તો કાંઈ થવાનું નથી. અત્યારે ઘણો વર્ગ એવું બોલનાર છે કે, બધા અત્યારે ગાડરિયા પ્રવાહની માફક ધાર્મિક ક્રિયા કરે છે. સમજણ વગર કરેલી આવી ક્રિયાથી શું લાભ થવાનો છે ? જો જ્ઞાન વગર રતીભાર લાભ ન થવાનો હોય તો અમે કાલે જ બધું બંધ કરાવી દઈએ; પણ તેવું નથી.

**સભા :-** *તો પછી સ્વાધ્યાય કેમ કરવાનું કહે છે ?*

**સાહેબજી :-** સ્વાધ્યાય એ પણ એક ક્રિયા જ છે. વ્યવહારનય કહેશે જ્ઞાન મેળવવા પણ ક્રિયા કરવી જ પડશે. આ દલીલ તેની સાચી છે. જેમ છોકરો સ્કૂલમાં જાય છે, આવે છે, એનાં એ જ થોથાં, એ જ મકાન, એ જ સ્કૂલમાં જાય છે, ત્યાં કહેલી વાતો વિચારે છે.

એ બધું શું છે ? ક્રિયા જ છે ને ? જ્ઞાન માટે પણ પહેલાં ક્રિયા કરવી પડશે. કોઈ પણ વસ્તુનું ફળ મેળવવું હોય તો તેનું સાધન ક્રિયા જ છે. તમારે ફળ જોઈએ છે કે ખાલી વાતો જ કરવી છે ?

**સભા :-** *માટે જ પહેલાં આચાર, પછી ઉપદેશ.*

**સાહેબજી :-** વ્યવહારનયની પણ બધી વાતો વજૂદવાળી છે. ભલે ધર્મના ક્ષેત્રમાં જ્ઞાન નથી, સમજણ ઓછી છે, લક્ષ્ય પણ સ્પષ્ટ નથી; પણ જો વિધિપૂર્વકની ક્રિયા કરશે તો કલ્યાણ નક્કી છે. પણ જે વ્યક્તિ ગમે તેટલું જાણે-વિચારે -થોથાંનાં થોથાં ઉથલાવી દે, ભણીને પારંગત થાય પણ જો ક્રિયા ન કરે તો રતીભાર ફળ નથી મળતું. મગજમાં આ બધી વાતો ઊતરે છે ?

**સભા :-** *અત્યાર સુધી નહોતી ઊતરતી.*

**સાહેબજી :-** એટલે તમે તીર્થંકરના શાસનનો, સ્યાદ્વાદનો સ્વાદ મેળવતા નહોતા. તમને ઉપવાસ માટેનું જ્ઞાન ન હોય તો પણ તમે અમારી પાસે પચ્ચક્ખાણ લેવા આવો તો અમે આપીએ છીએ. શું જ્ઞાન હોય તો જ તે પચ્ચક્ખાણ લે ? અમે પચ્ચક્ખાણમાં શું બોલીએ છીએ તેની તમને સમજણ છે ? કે પછી તે વખતે મારા મોં સામે જ જોતા હો છો ? હું તે વખતે શાની પ્રતિજ્ઞા આપું છું તેનું જ્ઞાન હોય છે ? જો જ્ઞાન વગર ફળ ન મળતું હોય તો મારે કહેવું પડે કે પહેલાં ભણો, પછી પચ્ચક્ખાણ લેવા આવજો. એમ ને એમ ઉપવાસ કરીને રતીભાર લાભ ન મળે, તો શું એવા ફળ વગરના ઉપવાસ કરાવવામાં અમે રાજી છીએ ? જો પચ્ચક્ખાણ અનુસાર ક્રિયા કરે તો ફળ મળે છે. તેથી વ્યવહારનયનું વિધાન સત્ય છે.

**સભા :-** *"પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા" તે કેવી રીતે ?*

**સાહેબજી :-** "પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા" તે કયા નયનું વિધાન છે ? આ વ્યવહારનયનું વિધાન નથી. માટે જ બધે સ્યાદ્વાદ આવશે.

કોઈ પૂછે કે જ્ઞાનથી મોક્ષ છે ? કે ક્રિયાથી મોક્ષ છે ? જ્ઞાન પહેલું કે ક્રિયા પહેલી ? જ્ઞાનનું ફળ મોક્ષ છે ? કે ક્રિયાનું ફળ મોક્ષ છે ? ત્યારે એમ કહી શકાય કે અપેક્ષાએ ક્રિયાથી મોક્ષ છે, અપેક્ષાએ જ્ઞાનથી મોક્ષ છે. એટલે સ્યાદ્વાદ આવશે.

વ્યવહારનય કહે છે, કોઈ આત્મા ક્રિયા વગર મોક્ષે જવાનો નથી, ત્યારે નિશ્ચયનય કહે છે વગર જ્ઞાને કોઈનો મોક્ષ થયો નથી. અહીં બંનેની અપેક્ષાઓ સમજવી પડે.

**સભા :-** *મરુદેવા માતાએ ક્યાં ક્રિયા કરી હતી ?*

**સાહેબજી :-** હું સામે પૂછું છું કે મરુદેવા માતાએ ક્યાં જ્ઞાન પણ મેળવ્યું હતું ? શું એમ ને એમ મફતમાં મોક્ષ થઈ ગયો છે ?

**સભા :-** *શું આ બની શકે ?*

**સાહેબજી :-** ના, કાંઈ ન બની શકે. તેમણે પણ ક્રિયા કરી છે. "આ સંસારનું સ્વરૂપ આ જ છે, કોઈ કોઈનું નથી. ઋષભ જેવો દિકરો, જેના ગુણોનું વર્ણન ન થઇ શકે તેવું છે, છતાં તેણે મારા એક દિવસ પણ ખબરઅંતર પૂછ્યા નથી, તો પછી બીજાની તો શું વાત ?" આમ વિચારતાં વિચારતાં તેમને સત્ય સમજાયું. તેથી તેમણે મોહ છોડ્યો. એટલે આ ક્રિયા તેમણે કરી ને ? ખાલી વાતો નથી કરી, અમલમાં મૂક્યું છે. રાગ ખરાબ છે માટે મોહ છોડ્યો. સૌથી વધારે રાગ તેમને ઋષભદેવ પર છે. પરંતુ તેઓ ખાલી આ સ્વરૂપને જાણીને બેસી રહ્યાં હોત તો કાંઈ થાત ? પણ ક્રિયા ચાલુ કરી દીધી છે.

**સભા :-** *તેમની આ માનસિક ક્રિયા હતી માટે દેખાઈ નહિ ?*

**સાહેબજી :-** કાયાથી તમે ક્રિયા કરો તો જ ક્રિયા કરી કહેવાય ? મનથી ક્રિયા શું ન કરાય ? મનથી તમે નમસ્કાર કરો છો ને ?

એક વખત પૂ.સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજ સાહેબ તેમના શિષ્યપરિવાર સાથે જઈ રહ્યા છે. ત્યાં યોગાનુયોગ રાજા વિક્રમાદિત્ય પણ જઈ રહ્યો છે. તેને જૈન ધર્મનો પરિચય નથી, પરંતુ મહાકાલના પરમ ભક્ત છે. મહાકાલ શિવલિંગ કહેવાય છે, તેના તેઓ અનુયાયી છે. પરંતુ રાજા તરીકે બધી વાતો તેમની પાસે આવતી હોય છે. માટે તેમને ખબર છે કે જૈનો "અમારા ભગવાન સર્વજ્ઞ છે, અમે બધા સર્વજ્ઞના વારસ છીએ, અને અમારો ધર્મ પૂર્ણ જ્ઞાનીએ સ્થાપેલો છે." તેમ દાવો કરે છે. આવું તેમને જાણમાં હોવાથી થયું કે હું આમની પરીક્ષા કરું, કે જૈનો સર્વજ્ઞના ખરા પુત્રો છે કે નહિ ?

રાજા પોતે અંબાડી પર છે. ત્યાં બેઠા બેઠા પોતે આચાર્ય ભગવંતને મનથી નમસ્કાર કરે છે, માથું પણ ઝુકાવતા નથી અને હાથ પણ જોડતા નથી, કોઈ જાતના નમસ્કારના હાવભાવ બતાવતા નથી. સંકલ્પરૂપે નમસ્કાર કર્યો છે, ત્યારે પૂ. શ્રીસિદ્ધસેન દિવાકરસૂરિએ હાથ ઊંચો કરીને ધર્મલાભ આપ્યો.

**સભા :-** *જ્ઞાન થયું ?*

**સાહેબજી :-** તેઓ દશપૂર્વધર શ્રુતકેવળી છે. તેથી તેઓને રાજાના માનસિક સંકલ્પનો ખ્યાલ આવી ગયો છે, એટલે તરત જ ધર્મલાભના આશીર્વાદ આપ્યા છે. ત્યારે રાજા પૂછે છે કે "મેં વંદનની ક્રિયા કરી નથી, છતાં આશીર્વાદ કેમ આપ્યા ?" ત્યારે તેમણે કહ્યું કે, "તમે માનસિક ક્રિયા કરી છે માટે આશીર્વાદ આપ્યા છે." ત્યારે રાજાને લાગ્યું કે "ખરેખર આ સર્વજ્ઞપુત્ર છે." માટે મનથી પણ ક્રિયા કરી શકાય છે. ઊંઘમાં આખું ગામ ફરી આવો છો ને? માટે માનસિક ક્રિયા પણ થઈ શકે છે.

વ્યવહારનયનું સૂત્ર છે કે "ક્રિયાથી જ ફળ છે." ક્રિયા કરશો તો જ નક્કી ફળ મળશે. માટે આત્મકલ્યાણમાં આગળ વધવું હોય તો ક્રિયાને જ આચરવી જોઈએ.

**સભા :-** *બાહ્યક્રિયા કરીને આંતરક્રિયામાં આવવું જોઈએ ?*

**સાહેબજી :-** બાહ્યક્રિયા કરી ત્યારે ફળ આવ્યું છે. માટે બાહ્યક્રિયા કરવાથી ફળ આવે છે તેવો સિદ્ધાંત નક્કી કરવો પડે. અત્યારે બાહ્યક્રિયાના કેટલા ભેદ, તેમાં કયો ભેદ પકડવાનો, તેની વાતો નથી; પરંતુ ક્રિયા વગર આત્મકલ્યાણમાં આગળ વધી શકાતું નથી, તે નક્કી કરવાનું છે.

આ ક્ષેત્રમાં આવનાર ગમે તેટલો અજ્ઞાની કે અબૂઝ હોય, પણ અમે તેને આરાધનાની ક્રિયા બતાવીએ છીએ. કેવળ ક્રિયા સમ્યક્ જોઈએ, મિથ્યા ક્રિયા ન ચાલે. જેમ ડૉક્ટર કહે કે આ પ્રમાણે દવા લેવાની અને તમે ગમે તેમ લો તો ચાલે ખરું ? એક ગોળીથી સારું લાગે તો કાંઈ ૨૫ ગોળી ન લેવાય અને લો તો સાજા થવાના બદલે માંદા જ પડો ને ? ત્યારે ડૉક્ટરની કોઈ જવાબદારી ખરી ? સમ્યગ્ ક્રિયા કરનાર અજ્ઞાની હોય તો પણ ફળ મળે છે. માટે જ અમે ધર્મના ક્ષેત્રમાં કોઈ આરાધના કરવા આવે તો ક્રિયા બતાવીએ છીએ, અને કહીએ છીએ કે જો આ રીતે કરશો તો નક્કી આગળ વધાશે.

એક એક નયવાદને સાચી અપેક્ષાએ પકડો. આ બધી વાત સાચી છે તેને ખોટી કહેવી તે બુદ્ધિનો બગાડ છે. માટે અજ્ઞાની પણ ઉપવાસ, પ્રતિક્રમણ, પૂજા, સામાયિક જો વિધિપૂર્વક કરે તો લાભ જ છે. તેમાં જેટલી અવિધિ હોય તેટલો દોષ છે, પરંતુ તમે એમ કહો કે આ તો છાર ઉપર લીંપણ બરાબર છે, તો તે વાત ખોટી છે. કારણ કે જો વિધિ મુજબની ક્રિયા હોય તો છાર ઉપર લીંપણ થવાનું નથી.

હું તમને પૂછું છું કે તમે આરાધના કરવા માટે હાલમાં શું પકડ્યું છે ?

**સભા :-** *ક્રિયા ચાલુ છે.*

**સાહેબજી :-** તમે કેટલી ક્રિયા કરો છો ? અને કેટલી ક્રિયા કરી શકો તેમ છો ? બે સમય પ્રતિક્રમણ કરી શકો તેમ છો, છતાં તમે કરો છો ખરા ? તમને બધાને આ કાળમાં ક્રિયાનો રસ કેટલો ઘટ્યો છે ? તત્ત્વની વાતમાં હજુ પાંચ-સાત જણા પણ આવે, પરંતુ ક્રિયા કરવાની વાત આવે તો પાંચેય ભાગી જશે ને ? તમે આચારને ધર્મમાં અનિવાર્યપણે માનો છો ? જો તે માનતા હો તો પ્રસંગે ક્રિયા વગર ચાલે ખરું ? અત્યારે લહેરથી જીવો છો ને ? હું જાહેરાત કરું કે પ્રતિક્રમણ કરવા આવવાનું છે, તો કેટલા આવે ?

**સભા :-** *બે જણા પણ આવે તો ઘણું છે. એ બધામાં રસ નથી.*

**સાહેબજી :-** તમે જ તમારો માપદંડ કાઢ્યો ? તમને એમ છે કે બધું જાણ્યું એટલે બસ. તેમાં જ ધર્મ આવી ગયો. તમે ધર્મમાં ક્રિયાને મહત્ત્વ આપ્યું જ નથી. પણ સંસારમાં ક્રિયાને મહત્ત્વ ન આપો તો તમારે ચાલે ? પરંતુ અહીંયાં ધર્મના ક્ષેત્રમાં આ સિદ્ધાંત તમને ગળે નથી ઊતરતો. અહીંયાં આ ક્ષેત્રમાં એક કલાક અને ત્યાં સંસારમાં ૨૩ કલાક આપો છો.

**સભા :-** *ના સાહેબ, અમારી જવાબદારી છે માટે ત્યાં વધારે ક્રિયા છે.*

**સાહેબજી :-** ના, તમને ત્યાં વધારે રસ છે માટે ત્યાં બધું કરો છો. તમે તો આખી દુનિયાની જવાબદારી લઈ લો તેમ છો. અત્યારે તમારે એવી જવાબદારી નથી કે ૨૩ કલાક ત્યાં આપવા પડે, પરંતુ તમને ધર્મના ક્ષેત્રમાં રસ નથી. બાકી વ્યવહારનયની વાત સો ટકા સાચી છે. નાના બાળકથી માંડીને વયોવૃદ્ધ સુધી કોઈને પણ આત્મકલ્યાણ કરવું હોય તો તેને તરવા માટે આરાધનાનો જે માર્ગ છે, તે કહ્યા મુજબ વિધિપૂર્વક કરો તો ચોક્કસ લાભ છે. ચિંતા કરવાની જરૂર નથી. અમે તેને ગાડરિયો પ્રવાહ કે અંધશ્રદ્ધા કહેતા નથી.

અમે વ્યવહારનય સ્વીકારીએ છીએ માટે અપેક્ષાએ ક્રિયાને ધર્મમાં પહેલું સ્થાન આપીએ છીએ. તેની બધી દલીલો સાંભળવા જેવી છે. વ્યવહારનય કહેશે, ચારિત્ર પાળ્યા વગર કોણ મોક્ષે ગયું છે ? ચારિત્ર પાળવું એ ક્રિયા જ છે. વગર ચારિત્રે મોક્ષ થતો નથી. પહેલાં પણ ક્રિયા છે અને પછી પણ ક્રિયા છે. આત્મકલ્યાણના માર્ગમાં છેલ્લે સુધી ક્રિયા છે. કેવળજ્ઞાનીને પણ યોગનિરોધ કર્યા વગર મોક્ષ થતો નથી. ૧૩મા ગુણસ્થાનકમાંથી ૧૪મા ગુણસ્થાનકમાં જવા માટે મન-વચન-કાયાનો નિરોધ કરવો પડે છે, તે પણ ક્રિયા જ છે. માટે છેલ્લે સુધી ક્રિયા કરવી પડે છે. એવું એક પણ ગુણસ્થાનક નથી કે જેમાં ક્રિયા ન હોય. દરેક ગુણસ્થાનક પામવા માટે

ક્રિયારૂપી પુરુષાર્થ કરવો પડે છે. ક્રિયા એ આત્મકલ્યાણ કરવા માટે અવિચલ સાધન છે. તમે આ વ્યવહારની વાતોને ખોટી ઠેરવી શકો તેમ હો તો અમને દલીલો આપો.

**સભા :-** *તૈયાર ભાણું ખાવા મળે છે ને ?*

**સાહેબજી :-** છતાં ખાવાની ક્રિયા હાથથી કરી ને ? જેમ રસોઈ તૈયાર જોઈતી હોય તો રસોઈ બનાવવાની ક્રિયા કરવી પડે, તેમ જેને ખાવું હોય તેણે ખાવાની ક્રિયા કરવી પડે. જેનું ફળ જોઈતું હોય તેને તેની ક્રિયા કરવી પડે.

જેમ હોટલમાં ધંધો કરવા માલ બનાવવો પડે ને ? તેને તેના માટે વાનગીરૂપી ફળ જોઈતું હોય તો તેને રસોઈ બનાવવાની ક્રિયા કરવી પડે. તેમ પેટ ભરવું હોય તો તેને ખાવાની ક્રિયા કરવી પડે છે. રસોઈ બનાવવાનું જ્ઞાન ન હોય તો પણ ખાઓ તો તમારું પેટ ભરાય ને? પરંતુ રસોઈનું જ્ઞાન હોય પણ જો ખાય નહિ તો પેટ ભરાય ખરું ? માટે જે ફળ જોઈતું હોય તેની ક્રિયા કરવી પડે છે. ક્રિયાવાદ જબરદસ્ત વાદ છે. તેની દલીલો જબ્બર છે. તે તેના દ્વારા સત્ય સિદ્ધાંતની સ્થાપના કરે છે, જે મોક્ષમાર્ગમાં આદિથી અંત સુધી ફેલાયેલો છે.

**સભા :-** *જે ક્રિયા કરવી હોય તેનું બધું જાણીએ પછી ક્રિયા કરીએ તો બરાબર ને ?*

**સાહેબજી :-** પ્રતિક્રમણનાં બધાં સૂત્રોના અર્થ-ભાવાર્થ બધું જ જાણી લઈ પછી જ પ્રતિક્રમણ કરું, આવું હશે તો મરતાં સુધી તમે પ્રતિક્રમણ કર્યા વગરના રહેશો. સંસારમાં બધે પહેલાં ક્રિયાને મહત્ત્વ આપો છો. જો જ્ઞાનને પહેલું મહત્ત્વ આપ્યું હોત તો ક્યારનાય મરી ગયા હોત. જન્મ્યા ત્યારે ખાવું શું તેનું ભાન હતું ? પરંતુ જરૂર પડી ને ખાઈ લીધું ત્યારે જીવ્યા ને? કપડાં પણ શું કામ પહેરવાં ? તે કેવી રીતે બને છે ? તેના ગુણધર્મો શું ? આ બધું જ્ઞાન મેળવ્યા પછી કપડાં પહેર્યાં હોત તો કયારના ઠંડીમાં થીજી ગયા હોત. પરંતુ આજ દિવસ સુધી ક્રિયાથી જ જીવ્યા છો. તમે જો બધે માથું મારવાનું ચાલુ કર્યું હોત તો જીવી શકત ખરા ? જેમ ઝેર નથી ખાતા માટે બચ્યા છો ને ? પણ પહેલાં ઝેર કેવું છે તે જાણવું છે ? તેના અખતરા કરવા છે ? આ બધી પ્રક્રિયા કર્યા પછી જ હું ઝેર ન ખાઉં તો બચું ? તમે જીવનમાં ડગલે ને પગલે શું રાખ્યું છે ?

ઘણા કહે છે આ બધું અંધશ્રદ્ધાથી છે, ગાડરિયો પ્રવાહ છે. પણ તમે સંસારમાં શું રાખ્યું છે ? સંસારમાં આ નિયમ લગાડશો તો ખાઈ પી શકશો ખરા ? તમે ટ્રેનમાં પણ નહીં બેસી શકો. એન્જિનિયર થશો પછી ટ્રેનમાં બેસશો, કે એમ ને એમ બેસશો તો પણ પહોંચશો ? વગર જ્ઞાને પણ જીવનમાં ઘણા લાભ મેળવાય છે, જિવાય છે. માત્ર શરત એટલી કે ક્રિયા પદ્ધતિસરની જોઈએ. આટલું સમજાવ્યા પછી હવે તમારા મગજમાંથી કચરો નીકળવો જોઈએ. ધર્મના ક્ષેત્રમાં મન ફાવે તેવા સિદ્ધાંતો લઈને આવો છો.

**સભા :-** *આવું બધું ઠસી ગયું છે.*

**સાહેબજી :-** છાપાં-મેગેઝિનો એટલાં બધાં વાંચો છો કે આવો કચરો જ મગજમાં ભરાય. કોઈ સાધુએ એમ કહ્યું કે વગર જ્ઞાને ક્રિયા નકામી ? અને જો કોઈ સાધુ એવું કહે તો તે ઓછું ભણેલો છે.

**સભા :-** *જ્ઞાન વગર ક્રિયા શુષ્ક છે.*

**સાહેબજી :-** બરફીના ગુણધર્મો ન જાણો અને ખાઓ તો શું સ્વાદ ન આવે ? બરફીના માસ્ટર બનો તો જ તેનો સ્વાદ આવે ? બરફીના માસ્ટરને જે સ્વાદ આવે તે શું ગામડિયો ખાય તો તેને સ્વાદ ન આવે ? અજ્ઞાની પણ જો વિધિપૂર્વકની ક્રિયા કરે તો ચોક્કસ સ્વાદ આવે. અજ્ઞાની પણ જો ચારિત્ર પાળે તો ફળ મળવાનું છે. જેમ જાણ્યા વગર ઝેર ખાઓ તો પીડા એટલી થાય, અને જાણીને ખાઓ તો પણ એટલી જ પીડા થાય. જાણીબૂજીને ઝેર ન ખાઓ તો પણ બચો અને વગર જાણે પણ ઝેર ન ખાઓ તો બચો ને ? માટે સર્વત્ર ક્રિયા સાથે ફળ છે. જે ધર્મના ક્ષેત્રમાં ક્રિયાને ભૂલે છે તેને પાયાના સિદ્ધાંતોની સમજ નથી, અને એકલો જ્ઞાનવાદ પકડે તો પણ તેને સિદ્ધાંતોની સમજ નથી. આ બધી કાન પકડાવે તેવી વાતો છે. તમે જ્ઞાનના નામથી ક્રિયાને કેમ ઉડાડી દો છો ?

બરફીનું જ્ઞાન નહિ હોય અને ખાય તો ફળ નહિ મળે, તે વાત ખોટી છે. તેનું જ્ઞાન હોય અને ખાય તો પણ ફળ મળશે. જ્ઞાનને અમે નકામું નથી કહેતા. ડૉક્ટર પોતે પણ દવા ખાય તો સાજો થાય છે ને ? માટે જ્ઞાન મેળવો તો વાંધો નથી, પણ ફળ તો ક્રિયાથી જ મળશે. જે આત્મા ક્રિયાના માર્ગે ચઢ્યો તેનું આત્મકલ્યાણ નક્કી છે. ક્રિયાને ગૌણ કરવાની નથી, પણ અતિશય મહત્ત્વ આપવાની જરૂર છે. તમે તમારી રીતે વિચારજો. હોમવર્ક કરશો તો વધારે સારું સમજાશે. અત્યારે આરાધના કરનાર વર્ગને ગેરસમજ ઘણી છે. માટે વ્યવહારનયની પણ વાતો વિચારવા જેવી છે. આ દૃષ્ટિકોણને ભૂલવા જેવો નથી. નહિતર એકાંગી થશો. પરંતુ સાથે એકલી ક્રિયા પણ પકડવાની નથી. તેની દલીલો આગળ આપીશું.

જ્ઞાની ચારિત્ર લે તો લાભ મળે. વગર જ્ઞાને પણ ચારિત્ર લઈને સારું પાળે તો લાભ મળે છે. જેમ માષતુષમુનિને બે શબ્દ પણ યાદ રહેતા નથી. આ મહારાજની બુદ્ધિ આપણા બધા કરતાં ઓછી ને ? તમે આવાં દસ વાક્યોને ગોખી આપો ને ? તેમની બુદ્ધિ- સમજણ ઓછી હતી, છતાં ચારિત્ર સરસ પાળ્યું, તો તેમનું કલ્યાણ થઈ ગયું ને ?

જેમ જાણીને ભીંત સાથે માથું ભટકાવો તો વાગે, અને વગર જાણે માથું ભટકાય તો વાગે નહિ ?

**સભા :-** *જોરથી વાગે.*

**સાહેબજી :-** ના, તેવો એકાન્ત નથી. જેટલી ક્રિયા ઓછીવત્તી તેના ઉપર ઓછું-વધારે ફળ મળશે. ફળનો સીધો સંબંધ ક્રિયા સાથે છે કે જ્ઞાન સાથે છે ? એક ઉદાહરણ લાવો કે વગર ક્રિયાએ ફળ છે. ચૂલામાં જાણીબૂજીને હાથ નાંખો તો જ દાઝો ? અને વગર જાણે હાથ નાંખો તો ન દાઝો ?

**સભા :-** *જયણાથી ચાલે તો પાપ ઓછું લાગે ?*

**સાહેબજી :-** જયણાની ક્રિયા કરો તો પુણ્ય બંધાય છે. શુભ ક્રિયા શુભ ફળ આપે છે. અજયણાથી ચાલો તો પાપ બંધાય છે. જેને ધર્મમાં ક્રિયા નથી ફાવતી તેને ધર્મ નથી ફાવતો. હવે તમારે કઈ કક્ષામાં બેસવું છે ?

**સભા :-** *જાણકારી મેળવો, ધ્યાન ધ્યાવો, ભાવના ભાવો.*

**સાહેબજી :-** આવું વ્યવહારનય ક્યાં કહે છે ? આ નિશ્ચયનય કહે છે. જ્યાં જે નય હોય ત્યાં તેને પકડવો પડે છે. નિશ્ચયનયની દલીલો આગળ આવશે, જે આપણે આવતા વખતે લઈશું.

આ વ્યવહારનયથી ક્રિયાની સમજ છે. જ્યારે નિશ્ચયનય તો જ્ઞાનથી જ મોક્ષ છે એમ કહે છે. જૈન શાસન નયવાદથી ભરપૂર છે. નિશ્ચયનય પણ ખોટો નથી. બધા નયો પોતપોતાની દલીલો કરશે. છેલ્લે સિદ્ધાંત બેસાડ્યો કે એકલા જ્ઞાનથી મોક્ષ નથી, એકલી ક્રિયાથી પણ મોક્ષ નથી; મિથ્યાક્રિયા, મિથ્યાજ્ઞાન પણ આત્મકલ્યાણનું સાધન નથી. માટે જ લખ્યું ને કે **'सम्यग् ज्ञानक्रियाभ्याम् मोक्षः'** પણ તેમાં પ્રશ્ન થશે કે પહેલું જ્ઞાન કે પહેલી ક્રિયા ? આ બધાના જવાબો આગળ આવશે. તમે સ્યાદ્વાદમાં આગળ વધશો તો બધી સ્પષ્ટતા થઈ જશે.

જ્યાં જ્ઞાન પકડવાનું હોય ત્યાં ક્રિયા પકડો તો ભૂલો છો, તેમ જ્યાં ક્રિયા પકડવાની હોય ત્યાં જ્ઞાન પકડો તો ભૂલો છો. માટે બરાબર સંદર્ભથી મોક્ષનો રાજમાર્ગ પકડવાની વાત છે. જીવનમાં સ્યાદ્વાદની દૃષ્ટિ નથી માટે જ કુટાઓ છો.

**સભા :-** *આના ઉપર જ આવતી વખતે થોડું લેજો.*

**સાહેબજી :-** આમ તો આગળ આપણે નિશ્ચયનયની દલીલો લેવી છે. કારણ હવે આપણી પાસે ઓછો સમય છે. પણ જોઈશું, થોડું વિવેચન આવતી વખતે વિચારી લઈશું.

## ૧૨

**કારતક સુદ - ૪, તા. ૬-૧૧-૯૪, રવિવાર, ચોપાટી.**

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને અનેકાન્તદષ્ટિથી વ્યાપ્ત એવા આરાધનાના માર્ગને ઘોષિત કરનારા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દષ્ટિએ જેને પણ આત્મકલ્યાણનો માર્ગ પકડવો હોય તેણે સ્યાદ્વાદ સિદ્ધાંત પકડવો અનિવાર્ય છે. તેનાથી જ સાચો આત્મકલ્યાણનો માર્ગ નિશ્ચિત થઈ શકે છે. અન્ય ધર્મો તેમના અનુયાયીઓને માર્ગ બતાવતા હોય છે, પણ તેને સ્પષ્ટ રીતે સમજાવવા માટે તેમની પાસે સ્યાદ્વાદ કે નયવાદ નથી.

તેઓને કોઈ પૂછે કે આત્માનું શ્રેય કરવામાં ઈશ્વરકૃપા કારણ છે કે સાધના કારણ છે? જો તેઓ એમ કહે કે આત્માનું શ્રેય કરવામાં ઈશ્વરકૃપા જ કારણ છે, તો પછી તેઓને એમ પૂછીએ કે તો સાધના કરવાની શું જરૂર? અને જો એમ કહે કે સાધના કારણ છે, તો પછી ઈશ્વરકૃપાની શું જરૂર? જો ભગવત્કૃપા વગર ઉદ્ધાર થતો હોય, તો એકલા પુરુષાર્થથી કામ ચાલી જાય. પણ ક્યારેય એવું બનતું નથી. માટે સ્યાદ્વાદ મૂકવો જ પડે. અપેક્ષાએ આત્મકલ્યાણ માટે ઈશ્વરકૃપા કારણ છે, અપેક્ષાએ સાધના કારણ છે.

ભાગ્યથી વિકાસ કે પુરુષાર્થથી વિકાસ? તેમાં પણ એકાન્તવાદી જવાબ નહિ આપી શકે. કોઈ પણ ગુણનો વિકાસ કરવા માટે તે ગુણનું જ્ઞાન આવશ્યક છે અને તે ગુણની સાધક ક્રિયાનું પણ મહત્ત્વ છે. એટલે પ્રશ્ન એ થશે કે જ્ઞાન પહેલું જરૂરી કે ક્રિયા પહેલી જરૂરી? જ્ઞાન અને ક્રિયા આ બન્નેમાં વધારે મહત્ત્વ કોનું? પ્રથમ આવશ્યકતા જ્ઞાનની કે ક્રિયાની? સ્યાદ્વાદથી વિચારવાનું આવશે.

### ક્રિયાનય : મોક્ષમાર્ગમાં શરૂઆતથી અંત સુધી ક્રિયા અનિવાર્ય છે :

હવે વ્યવહારનય તો ક્રિયાને-આચારને મોક્ષનું સાધન કહે છે, જ્ઞાનને મોક્ષનું સાધન નથી કહેતો. આજ સુધી મોક્ષે ગયા છે તે બધાએ ક્રિયાનું જ આલંબન લીધું છે. માટે પ્રથમ આપનાવવા લાયક ક્રિયા જ છે, આમ વ્યવહારનય કહે છે; અને આ વાત આપણે આગળ

જોઈ ગયા કે, ડગલે ને પગલે ફળસિદ્ધિ મેળવવી હોય તેને ક્રિયા જ સાધન છે, તેના વગર આત્મકલ્યાણ થઈ શકતું નથી. વગર ક્રિયાએ ફળસિદ્ધિ પમાતી નથી. નાનામાં નાની વસ્તુમાં જેમ કે ચોખ્ખાં કપડાં, ભોજન કે ધનપ્રાપ્તિ, બધામાં ક્રિયા વગર સિદ્ધિ મળતી નથી. જેમ ખોરાકનું જ્ઞાન હોય તેટલા માત્રથી પેટ ભરાઈ જતું નથી, ખાવાની ક્રિયા કરો તો જ સ્વાદ મળે અને પેટ ભરાય. જેમ કેરીનું ભલે તમને જ્ઞાન નથી પણ મોમાં મૂકશો તો સ્વાદ મળશે. ભલે જ્ઞાન ન હોય પણ ક્રિયા કરવાથી સ્વાદ તો આવશે. ફળ માટે ક્રિયાની જ જરૂર છે.આરોગ્યના નિયમો ન પાળવાથી ડૉક્ટર પણ માંદા પડે છે ને ? એની સામે જ્ઞાન મેળવ્યા વગર કોઈ માણસ સારા ડૉક્ટરની સલાહ લઈને આરોગ્યના નિયમો પાળે તો સાજો રહે ને ? માટે વગર જ્ઞાને ક્રિયા કરો તો ફળ મળે, પણ ક્રિયા વગર જ્ઞાન ગમે તેટલું હોય તો પણ ફળ મળે નહિ. તમારે વ્યવહારમાં ડગલે ને પગલે ફળ જોઈતું હોય તો આચારને અપનાવવો પડે.

**સભા :-** *પણ ક્રિયા કરતાં જ્ઞાન જોઈશે ને ?*

**સાહેબજી :-** ના, ગામડામાં ઘણા એવા અબૂઝ હોય છે કે જેમણે પહેલવાન કેવી રીતે બનાય તેનું જ્ઞાન મેળવ્યું નથી. તેઓ કાંઇ બોડી બિલ્ડરનું સાયન્સ ભણ્યા નથી હોતાં, છતાં શ્રમ કરીને કેવા તગડા રહેતા હોય છે ! તેમ નાનો ટેણિયો હોય તેને રોગનું જ્ઞાન હોય ? છતાં માએ દવા પાઈ, તો સાજો થઈ ગયો ને ? જો તે વખતે તે જ્ઞાન મેળવવા રહ્યો હોત તો મરી જાત ને ? તમે જન્મ્યા ત્યારથી પહેલી ક્રિયા જ કરી છે. ક્રિયાના પ્રતાપે જ જીવ્યા છો. શું ખવાય તેની ખબર નહોતી, છતાં ખાવાનું ચાલુ રાખ્યું માટે જીવતા રહ્યા ને ? માટે બધે ક્રિયાથી આગળ વધ્યા છો. જો ક્રિયાને નેવે મૂકીને જ્ઞાનનું પૂંછડું પકડ્યું હોત તો ત્રિશંકુની જેમ રહ્યા હોત. તમારા ભાણામાં જે પણ વાનગી આવે છે તેની શું અસરો, તેના શું ગુણધર્મો એ બધાનું જ્ઞાન મેળવ્યા પછી જ ખાવું, એવું વિચારશો તો તમે ક્યારે ખાઈ શકશો ? માટે તમે બધે ક્રિયાથી જ ચલાવો છો. જો પહેલાં જ્ઞાનને મૂક્યું હોત તો વિકાસ સાધી શક્ત નહિ. વ્યવહારનયને સ્વીકાર્યા સિવાય સત્યને પકડી ન શકાય. જૈન શાસનનો એકે નય એવો નથી કે જેની ઉપેક્ષા કરીને તમે સામાન્ય વ્યવહારુ જીવનમાર્ગમાં પણ સમ્યક્ ફળને પ્રાપ્ત કરી શકો.

જેમ કપડાં કઈ રીતે બને ? તેના ગુણધર્મો શું ? તેના ફાયદા શું ? તે બધું જાણ્યા પછી જ પહેરવાનું નક્કી કરો તો ક્યારના ઠંડીમાં મરી ગયા હોત. નાનપણમાં માએ પહેરાવ્યું તે પહેરી લીધું ને ? કે જ્ઞાન મેળવવા રહ્યા ? ફળ મેળવવાનું સીધું સાધન ક્રિયા છે, જ્ઞાન પ્રધાન સાધન

નથી. જ્ઞાન પછી મળશે તો ચાલશે, વહેલું-મોડું મળશે તો ચાલશે. આ જ નિયમ સંસારમાં છે. સંસારમાં ક્રિયા-આચાર પ્રધાન છે, જ્ઞાન પ્રધાન નથી. જ્ઞાન ગૌણ છે. તમારી જીવનશૈલી આ રીતે જ ચાલે છે. T.V. જોતાં આ T.V. શું ચીજ છે ? તે કેવી રીતે બન્યું ? તેના લાભ-નુક્સાન શું ? તે બધું જાણીને જોવા બેસો છો ? તમે બધે જ્ઞાનની પરવા કરી છે ?

**સભા :-** *શાસ્ત્રમાં તો "પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા" કહી છે.*

**સાહેબજી :-** શાસ્ત્રમાં આપેલ આ સૂત્ર અહીંયાં નહિ લાગુ પડે. વ્યવહારનય ના પાડશે. તે તો કહેશે **"आचारः प्रथमो धर्मः."** જૈન શાસનમાં સ્યાદ્વાદ હોવાના કારણે જે નયની વાત આવે ત્યારે તેની સચોટ દલીલો હોય જ. જો પ્રથમ જ્ઞાન અને પછી દયા કરવાની આવે તો શું થાય ? શાના માટે દયા પાળવાની છે તે બાળકને ખબર નથી. છતાં આપણે નાનપણથી દયા કરવાનું શિખવાડીએ છીએ. પહેલાં જ્ઞાન પછી અહિંસા કહેનાર નિશ્ચયનયની તો આખી વાત જ જુદી છે. પહેલાં વ્યવહારનય મગજમાં બરાબર ઠસી જવો જોઈએ. અત્યારે ઘણો વર્ગ એમ બોલે છે કે ધર્મના ક્ષેત્રમાં લોકો વિચારીને સમજણપૂર્વક ધર્મક્રિયા કરતા નથી, ખાલી ગાડરિયો પ્રવાહ છે. તેમની દૃષ્ટિએ જ્ઞાન વગરની ક્રિયાની કોઈ કિંમત નથી. તેમણે જો આ સિદ્ધાંત બાંધવો હોય તો સંસારમાં પણ પ્રથમ જ્ઞાન મેળવવું પડે, પછી ક્રિયા કરવી પડે.

નાનપણમાં ઝાડે ગયા ત્યારે વિચાર કરીને ગયાં હતા ? તે વખતે દરેક ક્રિયામાં જ્ઞાન વગર ફળ મેળવી લીધું. પછી મોટા થયા ત્યારે ખબર પડી કે કબજિયાત થાય ત્યારે શું નુકસાન થાય. પણ તે પહેલાં તો ક્રિયા કરી લીધી અને ફળ મેળવી લીધું. બધા ક્ષેત્રમાં આ જ આવશે. માટે વગર સમજે પણ ક્રિયા કરે તો ફળ મળે છે.

વૈજ્ઞાનિકો પણ ઘણે ઠેકાણે સમજ્યા વગર ક્રિયા કરતા હોય છે અને ફળ મેળવતા હોય છે. તેઓને તેમના ક્ષેત્રમાં જ્ઞાન હોય પણ બીજા ક્ષેત્રમાં જ્ઞાન નથી હોતું, છતાં પણ ખાય છે, પીએ છે, મોટરમાં બેસે છે. આ ક્રિયા કરતાં પહેલાં તેઓની પાસે બધું જ્ઞાન હોતું નથી. જો તમારો સિદ્ધાંત માનીએ તો ટ્રેનમાં બેસતાં પહેલાં ટ્રેન વિષે બધું જ્ઞાન જોઈએ. શું ખાતરી કે ટ્રેન તમારે જ્યાં જવું છે ત્યાં પહોંચાડવાની શક્તિ ધરાવે છે કે નહીં ? તે નક્કી કરીને પછી બેસો છો ? પરંતુ ક્રિયાનું ફળ પ્રત્યક્ષ છે. પિતાની આંગળી પકડીને નાનું બાળક ટ્રેનમાં બેસે તો દિલ્હી પહોંચે ને ? ક્રિયાનું બધે પ્રત્યક્ષ ફળ છે. ધર્મના ક્ષેત્રમાં વિધિ મુજબની ક્રિયા કરીએ તો ચોક્કસ ફળ મળે છે. તેથી

જ્ઞાન વગર ક્રિયા કરો તો ફળ ન જ મળે તેવું બોલે તે મિથ્યાદૃષ્ટિ છે. માટે ધર્મના ક્ષેત્રમાં ફળ જોઈતું હોય તો ક્રિયા મુકાય નહીં. જે આત્મા ક્રિયાને આત્મકલ્યાણ માટે અનિવાર્ય સમજતો નથી તે આત્મા ભીંત ભૂલે છે. કોરા નિશ્ચયવાદી પાયાવિહીન ચિંતન કરનારા છે. પહેલાં વ્યવહારનયનો પાકે પાયે સ્વીકાર કરવાનો છે. મોક્ષમાર્ગમાં શરૂઆતથી અંત સુધી ક્રિયા છે. દરેક ભૂમિકામાં વિકાસ કરવા માટે ક્રિયા જરૂરી છે.

જ્ઞાન-જ્ઞાનની ફક્ત વાતો કરો છો. પૂર્ણજ્ઞાન પામી ગયા પછી પણ કેવલીનો મોક્ષ ન થયો. કારણ કે હજી કર્મ ખપાવવાની ક્રિયા નથી કરી. ચાર કર્મને ખપાવવા યોગનિરોધની ક્રિયા બાકી છે. માટે જ્ઞાન આવ્યા છતાં હજી ફળ નથી મળ્યું, કારણ આચરણ હજી બાકી છે. જેટલી ક્રિયા બાકી છે, તેટલું આચરણ બાકી જ છે. માટે કોઈ પણ ગુણ પામવો હોય તો ક્રિયા કરવી જરૂરી છે.

**સભા :-** *ગાયને પાણી પીવડાવવું હતું તો ડોશીએ ગાયને પાણીમાં ડુબાડી. અહીંયાં શું કહેવાશે ?*

**સાહેબજી :-** આ તો તેણે મનફાવે તેવી ક્રિયા કરી કહેવાય. જો પાણી પિવડાવવાની ક્રિયા બરાબર ગોઠવી હોત તો આ પ્રશ્ન ન આવત. પણ તેણે તો પાણી પિવડાવવાને બદલે ડુબાડવાની ક્રિયા કરી છે. માટે સાચી ક્રિયા નથી કરી.

**સભા :-** *અજ્ઞાનતાને કારણે આમ થયું ?*

**સાહેબજી :-** ના, ક્રિયા જ ખોટી કરી. ભલે અબૂઝ હોય પણ ક્રિયા જો સાચી કરી હોત તો ફળ મળત. વ્યવહારનય એવું નથી કહેતો કે તમે ખોટી ક્રિયા કરો અને તમને સાચું ફળ મળે. માટે મારો કહેવાનો મુદ્દો સમજો. જ્ઞાન વગર પણ સાચી ક્રિયા કરો તો ફળ મળે જ. જેમ તમે માંદા પડો ત્યારે ડૉક્ટરના કહ્યા મુજબ દવા પદ્ધતિસર કરો તો સાજા થઈ જાઓ ને ?

**સભા :-** *સાચી ક્રિયા કઈ તે પણ જાણવું તો પડે ને ?*

**સાહેબજી :-** તમે બેભાન હો અને દવા મોંમાં મૂકે તો સાજા થાઓ કે નહિ ? ભાડૂતી જ્ઞાન મળે છે તો પણ કલ્યાણ થઈ જાય છે. માટે ક્રિયા કરતાં પહેલાં જ્ઞાનની એકાન્તે જરૂર નથી. ગુરુનિશ્રાએ આરાધના કરો એવું અમે કહીએ છીએ. ક્રિયા કેવી રીતે કરવી તેનું અમે

માર્ગદર્શન આપીએ છીએ. પણ ધર્મ અનુષ્ઠાનનું પરિપૂર્ણ જ્ઞાન તે કાંઈ ન જાણ્યું હોય તો પણ ફળ મળે છે. ક્રિયા કરનાર, વગર જ્ઞાને આરાધના કરે છે અને ફળ મેળવે છે. ઉપવાસનું પચ્ચક્ખાણ લેતાં પહેલાં તે માટેનું બધું જ્ઞાન મેળવીને પછી પચ્ચક્ખાણ લો છો ? અજ્ઞાની આત્માની પાસે પણ અમે તપ-ત્યાગ-સંયમ કરાવીએ છીએ. અમારી પાસે કોઈપણ આવે તો કહીએ કે આત્મકલ્યાણ માટે ધર્મ કરો. તેના માટે દર્શન-પૂજા-તપ-ત્યાગ-સંયમ બધું બતાવીએ છીએ. પરંતુ સામાયિક શું, પૂજા શું, વીતરાગનું સ્વરૂપ શું, આ બધામાં પહેલાં તત્ત્વ જાણી લો, પછી જ ક્રિયા કરો, તો તેમાં જ તેની આખી જિંદગી પૂરી થઈ જાય, અને ધર્મ કરવાનો અભરાઈ ઉપર જ રહે. માટે જ્ઞાનવાદીને પૂછું છું કે મર્યા પછી ધર્મ કરવાનો છે ? જ્ઞાન વગરની ક્રિયા ફોગટ હોય તો તમે શું નવરા છો કે તમને ગોંધી રાખવા અમે ક્રિયા કરાવીએ છીએ ? જો અમારા કહ્યા પ્રમાણે ક્રિયા કરશો તો ચોક્કસ લાભ મળશે જ. પરંતુ ક્રિયા કરવામાં જો અવળચંડાઈ કરો તો એમાં અમારી જવાબદારી નથી. ભગવાનની આજ્ઞા મુજબ ક્રિયા કરો તો નક્કી ફળ મળે છે.

**સભા :-** *આવું તો આજે જ સાંભળવા મળ્યું.*

**સાહેબજી :-** પરંતુ આ બધું શાસ્ત્રમાં છે જ. ભલે તમે ઓછું જાણતા હો, પણ જ્ઞાનીના કહ્યા પ્રમાણે ક્રિયા કરશો તો ફળ મળશે. પણ જ્ઞાન નથી તો ક્રિયા શું કામની તેવું મનાય નહિ.

**સભા :-** *તમે જે ક્રિયા કરાવો છો તે તમારા જ્ઞાનના આધારે ક્રિયા કરાવાય છે.*

**સાહેબજી :-** હા, પણ શું મારું જ્ઞાન તમારામાં પેસી જાય છે ? તમે ડૉક્ટરના જ્ઞાનના કારણે જ દવા લઈને સાજા થાઓ છો ને ? માર્ગદર્શનમાં ક્યાંય મારું જ્ઞાન તમારામાં આવી ગયું ? તમે મારા માર્ગદર્શન પ્રમાણે માત્ર ક્રિયા કરી છે. તેને જ્ઞાન મળી ગયું તેમ ના કહેવાય. નહિતર મારું જ્ઞાન તમારામાં સંક્રાન્ત થઈ ગયું કહેવાય. દર્દી જ્ઞાન વગર ક્રિયા કરે છે. દા.ત. સારો ડૉક્ટર છે. તેને તેના વિષયમાં 'એ' ગ્રેડનું જ્ઞાન છે. રાષ્ટ્રીય સ્તરે તેની આખી જિંદગીની કારકિર્દી છે. એવા ડૉક્ટરની દવા લેનાર દર્દી આખી જિંદગી ડોબો રહ્યો અને ડૉક્ટર એવો ને એવો જ્ઞાની રહ્યો. તેના માર્ગદર્શન મુજબ સારવાર કરવાથી દર્દી કાંઈ ડૉક્ટર બની જતો નથી. અહીંયાં પેશન્ટે જ્ઞાન મેળવ્યું છે કે ક્રિયા કરી છે ? ફક્ત ક્રિયા કરી છે અને ફળ મેળવ્યું છે. આ પ્રત્યક્ષ વસ્તુ છે. માર્ગદર્શનમાં સીધું જ્ઞાનનું આદાનપ્રદાન

નથી. માર્ગદર્શન એ સાચી ક્રિયાનું અનુસરણ છે. આનાથી જ્ઞાનને વધુ મહત્ત્વ નથી મળતું. **"आचारः प्रथमो धर्मः"** એમ વ્યવહારનય કહે છે.

પહેલાં ક્રિયા કરતાં કરતાં પછી જ્ઞાન મેળવતા જવાય છે. ધર્મના ક્ષેત્રમાં કોઈ આવે તો અમે કાંઈ સીધા તેમને શાસ્ત્ર ગોખવા બેસાડીએ છીએ ? કહીએ કે તું દર્શન કર, વંદન કર, પૂજા-ભક્તિ કર. આનાથી જો કોઈ ક્યારેક સદ્‌ગુરુ પાસે આવતો રહેશે તો જ્ઞાન પામી શકશે. જ્ઞાન જોઈતું હોય તો પણ પહેલાં ક્રિયા કરવી પડે છે. સ્કૂલમાં જાઓ છો, ટયુશન લો છો, આ બધી ક્રિયા જ કરો છો ને ? ઘરે બેઠાં જ્ઞાન મળશે ? માટે જ્ઞાનના ક્ષેત્રમાં પણ પહેલી બોલબાલા ક્રિયાની જ છે. ડૉક્ટરનું જ્ઞાન લેવા માટે પણ ભણવારૂપ ક્રિયા કરવી પડે છે. માટે મગજમાંથી ઊંધો તમારો કચરો કાઢી નાંખો. ધર્મનો પાયો જ ક્રિયા છે. વ્યવહારનય પાસે સર્વત્ર ક્રિયામાર્ગને સ્થાપિત કરી શકીએ તેવી સચોટ દલીલો છે.

## જ્ઞાન-ક્રિયામાં સ્યાદ્વાદ : જ્ઞાનનય :

હવે તેની સામે નિશ્ચયનય કહેશે આ વાત ખોટી છે. ખરેખર ક્રિયાનું મહત્ત્વ નહિ, જ્ઞાનનું મહત્ત્વ છે. આત્મકલ્યાણના માર્ગમાં જ્ઞાનથી જ ઉદ્ધાર થાય છે. મોક્ષ પણ જ્ઞાનથી જ થાય છે. અજ્ઞાની કદી તર્યો નથી, તરવાનો નથી. માટે જ્ઞાની બન્યા વગર છૂટકો નથી. નિશ્ચયનયની દલીલો સાભળવા જેવી છે, અપેક્ષાએ નિશ્ચયનય પણ સાચો છે.

વ્યવહારનય કહે છે ક્રિયા એ જ આત્મકલ્યાણનું સાધન છે, નિશ્ચયનય કહે છે જ્ઞાન એ જ આત્મકલ્યાણનું સાધન છે. નિશ્ચયનય કહેશે ક્રિયા કરી કરીને ઊંધા વળી ગયા છતાં પણ તર્યા નથી. અનંતીવાર ધર્મની આરાધના કરી પણ સાચું જ્ઞાન નહોતું, માટે જ સંસારમાં રખડીએ છીએ. સંસારના ક્ષેત્રમાં પણ વગર જ્ઞાને ક્રિયા કરો તો શું થાય ? દા.ત. કપડાં ધોતાં ન આવડતું હોય અને ધોવા બેસાડે તો શું કરે ? કપડાં જ ફાડી નાંખે ને ? વગર જ્ઞાને ક્રિયા કરવા જાય તો શું થાય ? તેવી રીતે રસોઈ બનાવવાની બધી સામગ્રી, સગવડ આપો અને કહો કે રસોઈ બનાવી નાંખ. પણ જો રસોઈ બનાવતાં ન આવડતું હોય તો શું બનાવે? કદી ન ચાખી હોય તેવી વાનગી નવી બનાવે ને ? જેમ ધંધામાં સમજણ ન હોય તો મૂડી ખોઈ નાખે કે કમાઈને ઘરે આવે ? માટે વગર જ્ઞાને ચાલે ખરું ?

જ્ઞાન વગરની ક્રિયા વિપરીત ફળ આપે છે. પરંતુ ખરી ક્રિયા કરવી હોય, સાચું ફળ મેળવવું હોય તો જ્ઞાન વગર ચાલે નહિ. અજ્ઞાનથી ક્રિયા કરીને ભવો એળે ગયા

હોય એવા સેંકડો દાખલા છે. બેસે છે મગજમાં ? હજી આગળ વધીને નિશ્ચયનય દલીલ કરશે કે મોક્ષ એ જ્ઞાનની જ પરાકાષ્ઠા છે. જ્ઞાનનો પૂર્ણ વિકાસ તેનું નામ જ મોક્ષ. વગર ક્રિયાએ જ્ઞાનીઓ મોક્ષે પહોંચી ગયા છે. કેવળજ્ઞાનીનો મોક્ષ હજી કેમ નથી થયો, કારણ હજી જ્ઞાન અધૂરું છે. તેમને આત્માનો પૂર્ણ અનુભવ કરવાનો હજી બાકી છે. કેવળીને જ્ઞાન જ ખૂટ્યું છે. જો જ્ઞાન હોય તો વગર ક્રિયાએ આગળ વધાય છે. તમારા સંસારના ક્ષેત્રમાં પણ મેનેજરો ચેમ્બરમાં બેસી રહે અને બુદ્ધિ વાપરીને બીજા પાસે ક્રિયા કરાવે અને ફળ પોતે મેળવી લે છે. માટે જ્ઞાન પામ્યા વગર ઠેકાણું નહિ પડે. મજૂરો ક્રિયા વધારે કરે છે. પટાવાળા વગેરે પણ સવારથી સાંજ સુધી મજૂરી કરે છે. ડૉક્ટરો, નિષ્ણાતો ઓફિસમાં બેસીને મગજ દોડાવે છે અને ફળ બુદ્ધિથી મેળવે છે. મગજ કસનારને ફળ વધારે મળે છે, સાંજ સુધીમાં ૨૫,૫૦ હજાર મેળવી લે છે, જ્યારે મજૂરી કરનારને શું મળે છે ?

**સભા :-** *મગજ દોડાવીને ફળ મેળવે તેમાં પણ માનસિક ક્રિયા તો આવી ને ?*

**સાહેબજી :-** માનસિક ક્રિયાને ક્રિયા કહેતા હો તો નિશ્ચયનય કહેશે કે માનસિક ક્રિયા એ જ્ઞાન છે. મનનો વ્યાપાર એ જ જ્ઞાન છે. ફળ જ્ઞાનથી મળ્યું છે, ક્રિયાથી ફળ મેળવવાની વાત નથી.

**સભા :-** *અહીંયાં પુણ્ય કામ કરી જાય ?*

**સાહેબજી :-** પુણ્ય તમારું ઘેર ગયું. અત્યારે પુણ્યની વાત નથી. જ્ઞાન-ક્રિયામાં ફળદાયી કોણ ? પુણ્ય જડ છે. વગર જ્ઞાને પુણ્યે કામ કર્યું હોય એવો દાખલો આપો. ફક્ત ભૌતિક ક્ષેત્રમાં જ જ્ઞાનની બોલબાલા છે તેવું નથી, ધાર્મિક ક્ષેત્રમાં પણ જ્ઞાનની બોલબાલા છે. ધર્મ અને જ્ઞાનને અભેદ છે. જેમ જ્ઞાનનો વિકાસ તેમ ધર્મની વૃદ્ધિ થતી જાય છે. જ્ઞાનથી જ આગળના ફળની પ્રાપ્તિ થાય છે. પ્રતિક્રમણ વર્ષો સુધી કર્યા કરો પણ તેમાં જે ભાવો છે તે સ્વયં જ્ઞાન છે. ભાવ વગરની ક્રિયા ફળદાયી નથી થવાની. તમને બેમાંથી કોની દલીલ ખોટી લાગે છે ? જ્ઞાન પણ મેળવ્યા વગર ન ચાલે.

**સભા :-** *જ્ઞાન-ક્રિયા સિક્કાની બે બાજુ છે.*

**સાહેબજી :-** હા, એમ બોલવું હોય તો સમન્વય કરો તો જ બોલી શકાય. એક નયથી ન જ બોલી શકાય.

## સમ્યગ્ જ્ઞાનક્રિયાથી મોક્ષ :

**સભા :-** *ज्ञानक्रियाभ्याम् मोक्षः*

**સાહેબજી :-** આ અધૂરું સૂત્ર છે. એવા કેટલાય આત્મા જ્ઞાન-ક્રિયાને અપનાવ્યા છતાં ઠનઠન ગોપાલ રહ્યા. જેમ વેપાર માટે તેની જાણકારી માટે ઘણી ઉથલપાથલ કરી. ત્યાં વેપારમાં પણ ઘણું ઘણું કર્યું, છતાં એમના એમ રહ્યા. કાંઈ ફાયદો ન થયો.

**સભા :-** *सम्यग् ज्ञानक्रियाभ्याम् मोक्षः*

**સાહેબજી :-** હા, એમ બોલવું જોઈએ. મિથ્યાજ્ઞાન અને મિથ્યાક્રિયા મળે તો હવા ખાતા રહો. પરંતુ બંને સમ્યક્ લાવો તો ૧૦૦% ફળ મળે. તમારા જીવનમાં જેટલા ટકા સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ક્રિયા છે, તેટલા ટકા ફળ મળે છે. સમ્યક્ જ્ઞાન પણ એકલું નહિ અને સમ્યક્ ક્રિયા પણ એકલી નહિ. આપણે એકાંગી નથી બનવું. સર્વાંગી બનવું તે જ અનેકાન્તનું લક્ષણ છે. સમ્યક્ ક્રિયા કરતા જાઓ અને સમ્યક્ જ્ઞાનપ્રાપ્તિનો પુરુષાર્થ પણ જારી રાખો, તો જ સાચો વિકાસ થશે.

આરાધના કરવા આવનાર એકલું ક્રિયાનું પૂંછડું પકડે તે ન ચાલે. કોઈ કહે કે, "તમે કહેશો તેમ આખી જિંદગી આચાર પાળીશ" તો પણ તેનું કલ્યાણ નહિ થાય અને બીજો કહેશે "મને બધું તત્ત્વ સમજાવી દો, પછી ક્રિયા કરું" તો મરતાં સુધી ક્રિયા નથી કરી શકવાનો. આત્મકલ્યાણના માર્ગમાં વિકાસ કરવા માટે બન્ને સ્વીકારવાના છે. શ્રાવકે પ્રતિદિન દર્શન, પૂજા, વ્યાખ્યાન શ્રવણ, તપ-ત્યાગ આદિ કરવાં જોઈએ. એ કરો તો આરાધના છે; પણ તેના માટે બધું જાણ્યા પછી કરું તેવો ભાવ નહિ રાખવાનો, પણ ક્રિયા કરતા જવાનું અને સાથે સાથે બધી ક્રિયાનું જ્ઞાન, તત્ત્વ, સમજણ મેળવતા જવાનું.

ભગવાનની પૂજા શું કામ કરવાની ? વીતરાગતા શું છે ? તે જાણવાની પણ જરૂર છે. પણ આ બધું જાણો ત્યાં સુધી ક્રિયા કરવાની રાહ જોવાની નથી, પરંતુ શરૂઆતથી જ ક્રિયા કરતા રહીને સાથે જ્ઞાન વધારવું જોઈએ, નહિતર એકાંગી કહેવાશો. ક્રિયા કરવાની આવે અને

સૂગ ચડે તો પણ તે એકાંગી છે. આવો મોટો વર્ગ છે. પ્રભુદર્શન-પૂજા કરનાર છે, તેમને પ્રભુને જાણવાની જરૂર નથી લાગતી. ઘણા તપ કરનારને પણ એમ જ લાગે છે કે તપથી અમારાં બધાં કર્મ ખપી જશે. એકાંત ક્રિયાવાદીને સમજણ સાથે લેવાદેવા નથી. તેમણે તો ક્રિયા કરી એટલે ધર્મ થઈ ગયો અને ક્રિયા કરી એટલે ફળ મળી જવાનું છે, તેમ જ માની લીધું છે.

**સભા :-** *પાણી ઢોળીએ અને દરરોજ 'एगिंदिया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया' બોલીએ છીએ તેનો મતલબ શું ?*

**સાહેબજી :-** આ બોલે અને જીવન વ્યવહારમાં પાણી ઢોળે તો શું તે નાલાયક થઈ જાય ? ભગવાનના શ્રાવક પાણી ઢોળવામાં ઉપયોગ રાખે જ, માટે એમ ન બોલાય. જેવું જ્ઞાન આવ્યું અને તરત આચરણમાં આવે, તે નિશ્ચયનયની વાત છે. માટે તમે નિશ્ચયવાદી થઈ ગયા એમ કહેવાય. સમજણ આવ્યા પછી જો ત્યાગ ન થયો, તો એટલા માત્રથી વ્યક્તિને ગેરલાયક જો ગણતા હો, તો સમ્યક્‌દૃષ્ટિ શ્રાવક અને ભાવસાધુ પણ નાલાયક ઠરશે. કેમ કે આવા આત્માઓ પણ જીવનમાં જેટલું સમજે છે, તેટલું પૂર્ણપણે જીવનમાં આચરી શકતા નથી. માટે આમાં વ્યવહારનય અને નિશ્ચયનય બન્ને લાગુ પડશે.

નિશ્ચયનય કહેશે જ્ઞાનનું ફળ શું ? તો 'આચરણ'. વ્યવહારનય કહેશે જ્ઞાનનું ફળ શું ? તો 'શ્રદ્ધા'. શ્રદ્ધા ન આવે તેવું જ્ઞાન ફોગટ છે, તેમ વ્યવહારનય કહેશે; અને આચરણ ન આવે તો જ્ઞાન બોજારૂપ છે, તેમ નિશ્ચયનય કહેશે; અને તમે જો નિશ્ચયનયની વાત પકડો તો સમ્યક્‌દૃષ્ટિ પણ નાલાયક ઠરશે; અને ગૌતમ સ્વામી જેવા પણ નાલાયક થઈ જશે. ગૌતમ સ્વામી શું નહોતા જાણતા કે રાગ ખરાબ છે ? તેમની પાસે ૧૪ પૂર્વનું જ્ઞાન છે.

**સભા :-** *શું તેમને આવરણ નડ્યું છે ?*

**સાહેબજી :-** ના, તેમને પોતાને ખબર છે કે કષાયના ત્યાગથી મુક્તિ છે, કષાયના સેવનથી મુક્તિ નથી. જ્ઞાન ઘણું છે, પણ અમલમાં નથી. રાગ ખરાબ છે તે તેઓ જાણે છે છતાં પ્રભુ પ્રત્યેનો રાગ છોડતા નથી, તો શું એમનું જ્ઞાન ખરાબ ? માટે નિશ્ચયનય એકલો ન પકડો. શું તમારે બધાને ડીગ્રેડ કરવા છે ? જો આચરણ વગરનું જ્ઞાન ફોગટ હોય તો દીક્ષા લીધી અને પછી કેવળજ્ઞાન ન થયું તો ત્યાં સુધીનું જ્ઞાન ફોગટ છે તેમ કહેવાશે. ભગવાનને કષાય છોડતાં

૧૨॥ વર્ષ લાગ્યાં. માટે એકાંગી નિશ્ચયવાદી નહિ થવાનું. જ્ઞાન જો તમારામાં સાચી શ્રદ્ધા જગાડે તો તે સાચું જ્ઞાન છે, હિતકારી છે, આત્મકલ્યાણનું સાધન છે.

**વ્યવહારનય કહેશે ज्ञानस्य फलं श्रद्धा, નિશ્ચયનય કહેશે ज्ञानस्य फलं विरतिः.**

આ જીવ છે તેમ જાણ્યું તો તેમાં શ્રદ્ધા થવી જોઈએ. વનસ્પતિમાં જીવ છે તેમ જાણ્યું, પણ તેનું ફળ શું ? ઝાડને તોડતાં જો કંઈ હૃદયમાં અસર ન થાય તો એ જાણ્યાની કિંમત શું ? શ્રદ્ધા ખોટું કામ કરતાં ખચકાટ પેદા કરે, અને સાચું કામ કરવાની પ્રેરણા કરે; અહિતકારી પ્રત્યે સૂગ કરે, અને હિતકારી પ્રત્યે રુચિ કરે. 'એગિંદિયા, બેઈંદિયા' રોજ બોલે પણ પાણી ઢોળતાં જો ખચકાટ ન થાય, તો તેના જ્ઞાનની કિંમત નથી; અને જો પાણી વાપરતાં અફસોસ થતો હોય તો શ્રદ્ધા છે. જ્ઞાનના ફળમાં નિશ્ચયનય અને વ્યવહારનય બન્ને આવે છે. જગતમાં કોઈ વાત એવી નથી કે જેમાં નિશ્ચયનય અને વ્યવહારનય એપ્લાય ન કરી શકાય. માત્ર બન્નેના ઍંગલ જુદા છે, છતાં બન્ને સત્ય છે. અને બંને યોગ્ય રીતે એપ્લાય કરવાના છે.

'નવકાર'માં પણ એકલો વ્યવહારનય નથી, એકલો નિશ્ચયનય નથી. એમાં જો એકલા વ્યવહારનયને મૂકો તો મુશ્કેલી થાય અને નિશ્ચયનય પણ જો એકલો મૂકો તો મુશ્કેલી થાય. 'નવકાર'માં રહેલા પંચપરમેષ્ઠી પણ વ્યવહારનય અને નિશ્ચયનયના સમન્વયથી પૂજ્ય છે. નિશ્ચયનયથી 'આત્મા સો પરમાત્મા' તો પછી પંચપરમેષ્ઠીને પૂજવાની શું જરૂર ? કીડી-કૂતરા-બિલાડી બધાને પગે લાગો. કારણ બધા શિવ છે. જો બધા પરમાત્મા, તો અમુકને જ પગે લાગવાનો ભેદ કેમ થયો ? ભેદ કેમ રાખ્યો ? અરિહંતને શું કામ પગે લાગવાનું ? ત્યારે વ્યવહારનય કહેશે, ઘણા આત્મા અત્યારે ગુંડા બદમાશ છે, દુરાત્મા છે. આત્મા ભલે હોય, પણ દુરાત્મા હોય તેને પગે ન લગાય. ગુણો વગર નમસ્કાર ન થાય. એટલે જેને ગુણ પ્રગટ્યા છે તે જ પૂજ્ય, બીજા નહિ. વ્યવહારનય કહેશે કે સાધુનાં કપડાં હોય તેટલા માત્રથી તેમને પગે લગાય છે, ત્યારે નિશ્ચયનય કહેશે કે ફકત કપડાંવાળો નહિ પણ ભાવસાધુ જોઈએ. તેથી ધર્મ વ્યવહારનય અને નિશ્ચયનયો બંનેથી છે. બધે અનેકાન્તવાદ ભરેલો છે. વ્યવહારનય કહેશે, પ્રથમ ક્રિયા પછી જ્ઞાન; નિશ્ચયનયથી પહેલું જ્ઞાન પછી ક્રિયા. વ્યવહારનયથી ક્રિયા મોક્ષનું સાધન છે, નિશ્ચયનયથી જ્ઞાન મોક્ષનું સાધન છે. બેઠું મગજમાં ? આ

બન્નેને અપનાવ્યા વગર મોક્ષમાર્ગમાં ચઢી ન શકાય. ખાલી ક્રિયાનું પૂંછડું પકડો તો ન ચાલે અને ખાલી જ્ઞાનનું પૂંછડું પકડો તો પણ ન ચાલે.

આ રીતે આત્મકલ્યાણના માર્ગમાં પણ પ્રતિપદ અનેકાન્તવાદનો સમન્વય અનિવાર્ય અને અબાધિત છે. તીર્થંકરોના શાસનમાં સર્વનયની અપેક્ષાઓથી સમન્વિત તત્ત્વમાર્ગ એ જ આધાર છે. સ્યાદ્વાદની વ્યાપકતા અને વિશાળતા સર્વતોમુખી હોવાથી, એવું નહિ સમજવું કે આટલા વિવેચનમાં સ્યાદ્વાદનો બોધ સમગ્રતાથી સમાવેશ થાય છે. આ તો પ્રાથમિક પરિચય આપવા પૂરતો પ્રયત્ન છે કે જે દ્વારા શ્રોતાઓને જિનશાસનની અદ્વિતીયતા અને અમાપ ગંભીરતાનો આછો ખ્યાલ આવે.

## સમાપ્ત

| ગીતાર્થ ગંગા થી પ્રકાશિત ગ્રંથો | વિવેચક |
|---|---|
| યોગવિંશિકા શબ્દશઃ વિવચેન | પ્રવીણભાઈ મોતા |
| અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | પ્રવીણભાઈ મોતા |
| શ્રાવકના બારવ્રતોનાં વિકલ્પો | યુગભૂષણવિજયજી મ.સા. |
| યોગદૃષ્ટિ સમુચ્ચય | યુગભૂષણવિજયજી મ.સા. |
| સદ્ગતિ તમારા હાથમાં ! | યુગભૂષણવિજયજી મ.સા. |
| કર્મવાદ કર્ણિકા | યુગભૂષણવિજયજી મ.સા. |
| દર્શનાચાર | યુગભૂષણવિજયજી મ.સા. |
| શાસનસ્થાપના | યુગભૂષણવિજયજી મ.સા. |
| અનેકાન્તવાદ | યુગભૂષણવિજયજી મ.સા. |
| પ્રશ્નોત્તરી | યુગભૂષણવિજયજી મ.સા. |
| ચિત્તવૃત્તિ | યુગભૂષણવિજયજી મ.સા. |
| ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | યુગભૂપ્રાણવિજયજી મ.સા. |
| આશ્રવ અને અનુબંધ | સ્વ. મોહજિતવિજયજી મ.સા. |
| મનોવિજય અને આત્મશુદ્ધિ | યુગભૂષણવિજયજી મ.સા. |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | યુગભૂષણવિજયજી મ.સા. |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | પ્રવીણભાઈ મોતા |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | પ્રવીણભાઈ મોતા |
| આરાધક વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | પ્રવીણભાઈ મોતા |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | પ્રવીણભાઈ મોતા |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | પ્રવીણભાઈ મોતા |
| ભાવધર્મ (પ્રણિધાન) | યુગભૂષણવિજયજી મ.સા. |

## પ.પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.નાં વ્યાખ્યાનનાં પુસ્તકો

(૧) ચાલો ! મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ

(૨) મનોવિજ્ઞાન

(૩) અનુકંપાદાન

(૪) સુપાત્રદાન

(૫) યોગવિંશિકા ભાગ-૧

(૬) યોગવિંશિકા ભાગ-૨

| | ગીતાર્થ ગંગાના પ્રકાશિત ગ્રંથો | વિવેચક |
|---|---|---|
| (૧) | યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | પંડિત પ્રવિણભાઈ મોતા |
| (૨) | અધ્યાત્મ ઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | પંડિત પ્રવિણભાઈ મોતા |
| (૩) | શ્રાવકનાં બારવ્રતોનાં વિકલ્પો | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૪) | યોગદ્રષ્ટિ સમુચ્ચય | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૫) | સદ્ગતિ તમારા હાથમાં ! | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૬) | કર્મવાદ કર્ણિકા | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૭) | દર્શનાચાર | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૮) | શાસન સ્થાપના | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૯) | અનેકાન્તવાદ | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૧૦) | પ્રશ્નોત્તરી | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૧૧) | ચિત્તવૃત્તિ | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |


: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈનમરચન્ટ સોસાયટી, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭

ફોન : ૬૬૦ ૪૯ ૧૧

: મુદ્રક :

સૂર્યા ઑફસેટ

આંબલીગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮.